પ્રમથેશ ગ્રંથાવલિ : ૧

નીલકંઠનું બાણ

શ્રી ચુનીલાલ વ. શાહ

પ્રેમશૌર્ય ગ્રંથાવલિ : ૧

નીલકંઠનું બાણ

[ઐતિહાસિક નવલકથા]

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

ગાંડીવ સાહિત્ય મંદિર : સુરત

પ્રકાશક :
નટવર મૂ. વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી–
હવાડિયો ચકલો, સુરત

આવૃત્તિ પહેલી
વિ. સં. ૨૦૦૦
ઇસિવી સન ૧૯૪૪

કિંમત રૂ. ૩॥

મુદ્રક :
સુરેશચંદ્ર પોપટલાલ પરીખ
શ્રી 'ડાયમંડ જ્યુબિલી' પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ રોડ–અમદાવાદ.

મધ્યવર્તી સ્વર

(૧)

એમ મનાય છે કે શેક્સપિયરનાં ઐતિહાસિક નાટકોમાંથી ઈંગ્લાંડના લોકો ઇતિહાસનું શિક્ષણ મેળવતા. માર્લબરો અને ચેથામ જેવા રાજકીય મુત્સદ્દીઓ સ્વીકારે છે કે ઈંગ્લાંડના ઇતિહાસનું જ્ઞાન મેળવવાનું તેમનું પહેલું સાધન શેક્સપિયરનાં ઐતિહાસિક નાટકો હતાં. સ્કૉટની ઐતિહાસિક નવલકથાઓ પણ ઇતિહાસકથનોને સારી પેઠે વળગી રહે છે, ઇતિહાસને સજીવન કરી આપે છે અને કેટલેક અંશે એ ઇતિહાસશિક્ષણનું સાધન બને છે, જોકે તેની બધી નવલકથાઓ સાચી રીતે ઐતિહાસિક હોવાનું વિવેચકો માન્ય રાખતા નથી. તેની સુપ્રસિદ્ધ નવલકથા 'આઇવેનહો'માં જ મધ્યકાળનું ઐતિહાસિક વાતાવરણ સદોષ છે અને તેથી એક રીતે ઇતિહાસનું ખોટું શિક્ષણ મળે છે એવી ફરિયાદ ઉઠાવવામાં આવે છે.

પરન્તુ ઇતિહાસનું શિક્ષણ આપવું એ હેતુ ઐતિહાસિક નાટકોનો અને નવલકથાઓનો હોય એ વાત અદ્યતન વિવેચકોને માન્ય નથી. ટ્રૅવેલિયન કહે છે તેમ "ઐતિહાસિક નવલકથા એ ભૂતકાળને સજીવ બનાવી આપવા માટે છે, ભૂતકાળના બનાવોને સજીવ બનાવવા માટે નથી, અને તેથી તે ઇતિહાસ નથી." કવિવર રવીંદ્રનાથ ટાગોર પણ એ જ પ્રશ્ન ઉપસ્થિત કરે છે: "ઇતિહાસ વાંચવો કે 'આઇવેન-હો' વાંચવી? જવાબ સરળ છે: બન્ને વાંચો. સત્યને માટે ઇતિહાસ વાંચો, આનંદને માટે 'આઇવેનહો' વાંચો. કદાચ ખોટું શીખી જવાય એ ભયથી જો તમારી જાતને કાવ્યરસથી વંચિત રાખશો તો સ્વભાવ સુકાઇને ક્ષીણ થઈ જવાનો સંભવ છે. જો કાવ્યમાં ખોટું શિખાય તો ઇતિહાસમાં તેનું સંશોધન કરી લેવું રહ્યું. પરંતુ જે વ્યક્તિ ઇતિહાસ વાંચવાનો સુયોગ ન મેળવે અને માત્ર કાવ્ય જ વાંચ્યે રાખે તે ખરેખર હતભાગ્ય છે; અને જે વ્યક્તિ કાવ્ય વાંચવાનો અવસર ન પામે પરંતુ ઇતિહાસ જ વાંચ્યે રાખે,

તો ખરેખર તેનું ભાગ્ય તેથીએ મંદ છે.” એટલે ઇતિહાસશિક્ષણની દષ્ટિએ ઐતિહાસિક નવલકથાની કસોટી કરવી એ ભૂલ છે. ઇતિહાસ શીખવા માટે ઇતિહાસગ્રંથો વાંચવા જોઇએ. ઉપલબ્ધ ઇતિહાસની સાથે બૃહદ્ ઇતિહાસનાં વાસ્તવિક સત્યોને વણી લેતી કથા એ ઐતિહાસિક નવલકથા છે; તેનો એકંદર ધ્વનિ કેવળ મનોરંજન કરતાં જીવનદષ્ટિએ ઉપકારક હોય તો વધારે સારું

આ જ દષ્ટિપૂર્વક ‘ગુજરાતીમાં ઐતિહાસિક નવલકથા’ એ વિષય પરના વ્યાખ્યાનમાં (ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના અનુ-સ્નાતક વર્ગ તરફની વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા) મેં કહેલું: “જો ઐતિહાસિક નવલકથાનું પ્રયોજન ભૂતકાળના ઇતિહાસમાંથી જનતાને કોઈ ને કોઈ પ્રેરણા આપવાનું જ હોય અને કેવળ ભૂતકાળની ભવ્યતામાં રાચી મનોરંજન કરીને અટકી જવાનું ન હોય તો પ્રત્યેક નવલકથામાં મધ્યવર્તી સ્વરનો ઉઠાવ વાચકનાં માનસચક્ષુઓની સમીપે તરી રહે એટલી નિષ્પત્તિ તો તેણે કરી આપવી જ જોઇએ.”

(૨)

ગુજરાતના ઇતિહાસની નવલકથાઓ માટે સોલંકી વંશના પ્રતાપી રાજકારણે, ભવ્ય પરાક્રમોએ અને તેજસ્વી પાત્રોએ અનેક વસ્તુઓ પૂરાં પાડયાં છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું આગળ વધતું સંશોધન અને તેનો થઇ રહેલો અભ્યાસ એ કાળના વાતા-વરણની રજૂઆતમાં સારી પેઠે ઉપકારક બન્યાં છે. એ વંશના ઇતિહાસને ક્રમબદ્ધ રીતે નવલકથામાળામાં ગૂંથી લેવાના હેતુપુરઃસર પણ કેટલીક ઐતિહાસિક નવલકથાઓ એક–બીજીના અનુસંધાનરૂપે લખાઈ છે. અમુક રાજવંશના ઇતિહાસને નવલકથામાળામાં ગૂંથી લેવાના અને એ રીતે ક્રમબદ્ધ ઇતિહાસનું શિક્ષણ આપવાના ધ્યેય-પૂર્વકનું આલેખન પ્રેરણાદાયક થઈ પડવા સંબંધે હું સંશયગ્રસ્ત છું.

એ જ કારણે ગુજરાતના ઇતિહાસની મારી નવલકથાઓ ક્રમબદ્ધ રીતે લખાઈ નથી, જોકે કોઈ કોઈ નવલકથાનાં બીજ તેની પૂર્વેની

નવલકથામાં રહેલાં છે ખરાં. પ્રત્યેક નવલકથામાં ઇતિહાસની પીઠિકા ઉપર એવી કથા આલેખાય કે જેમાં ઇતિહાસથી અવિરુદ્ધ એવો મધ્યવર્તી સ્વર હોય અને તેની આસપાસ ઘૂમતાં પાત્રો સજીવ બનીને એ સ્વરને સ્ફુટ કરી રહેલાં હોય, એવા ધ્યેયપૂર્વક સોલંકી વંશના ઇતિહાસની કેટલીક નવલકથાઓ મેં લખી છે. એ લેખનનો ક્રમ આ પ્રમાણે છે: (૧) 'સોમનાથનું શિવલિંગ', (૨) 'પાટણની પડતીનો પ્રારંભ', (૩) 'ગુજરાતની ગર્જના', (૪) 'મૂળરાજ સોલંકી', (૫) 'કર્મયોગી રાજેશ્વર', (૬) 'રાજહત્યા' અને (૭) આ નવલકથા–'નીલકંઠનું બાણ.'

આ બધી નવલકથાઓને જો ઇતિહાસના ક્રમાનુસાર ગોઠવીએ તો મૂળરાજ (પૂર્વ જીવન અને ઉત્તર જીવન), ચામુંડ, ભીમદેવ, કુમારપાળ, અજયપાળ અને ભીમદેવ બીજો, એટલા રાજાઓના રાજત્વકાળ તેમાં સમાઈ જાય છે, જોકે એ દરેક રાજાનો સમગ્ર ઇતિહાસ તેમાં વણાઈ જતો નથી; પરન્તુ સોલંકી વંશની સમગ્ર રાજાવલિના કેટલાક રાજાઓ તેમાં રહી જાય છે. એ બધાય રાજાઓને હું નવલકથાઓમાં ગૂંથી લઉં એવી ક્રમબદ્ધતાની અભિલાષા મારા ચિત્તમાં કોઈ વાર જાગી નથી. જે ધ્વનિ, જે સંદેશ, જે પ્રેરણાનું દર્શન તે–તે નવલકથાને માટે મને જ્યારે થયું, ત્યારે તેને કથાદ્વારા સ્ફુટ કરવાની ઇચ્છા થઈ અને તેમાંથી પ્રત્યેક નવલકથા જન્મી. આ કારણે દરેક નવલકથા તેમાંના પૃથક્‌પૃથક્ મધ્યવર્તી સ્વરને કારણે એક–બીજીથી સ્વતંત્ર જ રહી છે.

(૩)

'નીલકંઠનું બાણ' આજે પ્રસિદ્ધ થાય છે, પરંતુ તેનાં બીજ ચિત્તપ્રદેશમાં તો ઊગ્યાં હતાં ૧૯૧૫ માં, જે વખતે 'મૂળરાજ સોલંકી' નવલકથા લખાતી હતી. ત્યારપછી વીસ વર્ષે લખાયલી મૂળરાજના ઉત્તર જીવનની નવલકથા 'કર્મયોગી રાજેશ્વર'નાં બીજ અસ્ફુટ રીતે 'મૂળરાજ સોલંકી'માં હતાં અને 'નીલકંઠનું બાણ'નાં

બીજા 'કર્મયોગી રાજેશ્વર'માં છે, જે વાચકો સહેલાઈથી જોઈ–સમજી શકે તેમ છે; પરન્તુ દરેકનો મધ્યવર્તી સ્વર તો સ્વતંત્ર અને ભિન્ન ભિન્ન જ છે. સંકલનાબદ્ધ ઇતિહાસ ગૂંથી લેવાનો હેતુ નહિ હોવાથી એક નવલકથાનાં કોઈ પાત્રો બીજી નવલકથામાં આવતાં હોવા છતાં તેમનું આલેખન તે–તે નવલકથાનાં સ્વતંત્ર વ્યક્તિત્વની અને કલાતત્ત્વની દૃષ્ટિથી જ કરેલું છે.

ચામુંડના ઇતિહાસની કથા આલેખવા માટે ઐતિહાસિક પાત્રો જોઈતાં હોય તો ઘણુંય મળી શકે તેમ છે, કારણકે તાજેતરનાં સંશોધનોથી સોલંકી વંશના ઇતિહાસનું ઠીક–ઠીક ખેડાણ થયું છે; પરંતુ કથાસંદર્ભને સ્ફુટ કરવામાં સહાયક ન થાય એવાં ઐતિહાસિક પાત્રોનો ખડકલો આવી નવલકથા માટે ઉપયોગી નથી, એટલે ખપ પૂરતાં પાત્રો ઉપર જ ન્યૂનાધિક તેજ–છાયા પ્રસારી છે અને તેમને કથામાં ગૂંથ્યાં છે.

મૂળરાજના ઉત્તર જીવનની નવલકથાનું નામ 'કર્મયોગી રાજેશ્વર' રાખેલું, તેવી રીતે ચામુંડના ઉત્તર જીવનની આ નવલકથાનું નામ તેના લેખનના આરંભસમયે તો 'ત્યાગવ્રતી ચામુંડ' ધારેલું. ચામુંડ ગુર્જરેશ્વર થયા પછીના તેના જીવનને લગતા જે કાંઈ થોડા પ્રસંગો ઇતિહાસમાંથી ઉપલબ્ધ થાય છે તેમાં દેખાઈ આવતા તેના ગુણ-દોષોના તારતમ્ય જેવું તેનું ઉત્તર જીવન હતું; એટલે આખા જીવનના ઇતર પ્રસંગોને છોડી દઇને ઉત્તર જીવનનો એક સમુચિત કાળખંડ તારવી લઈ, તે દ્વારા ચામુંડના વ્યક્તિત્વને નિરખવું અને એ વ્યક્તિત્વમાં અસ્ફુટ રહેલો મનોવૈજ્ઞાનિક સંદેશ સ્ફુટ કરવો, એ હેતુ 'નીલકંઠનું બાણ' માટે ચિત્તમાં ધારણ કરેલો : તે કેટલો સફળ થયો છે તે વાચકો જ જોઈ લે એ ઠીક છે.

ગિરધરનગર–શાહીબાગ
અમદાવાદ
તા. ૧૦–૯–૧૯૪૪

ચુનીલાલ વર્ધમાન શાહ

" Each human being has two sides, appropriate to history and fiction. All that is observable in a man – that is to say, his actions and such of his spiritual existence, fall into the domain of History. But his romanceful or romantic side includes the pure passions, that is to say, the dreams, joys, sorrows and self-communings, which politeness or shame prevent him from mentioning; and to express this side of human nature is one of the chief functions of the novel. What is fictitious in a novel is not so much the story as the method by which thought develops into action, a method which never occurs into daily life."

Allain

અનુક્રમણિકા

પ્રથમ ખંડ

દ્વિતીય ખંડ

નીલકંઠનું બાણ

પ્રથમ ખંડ

પ્રકરણ ૧

નીલકંઠની નૃત્યપૂજાનું ઋણ

(૧)

મૂળરાજદેવ સોલંકીએ સૌરાષ્ટ્ર ઉપર ચઢાઈ કરી અને જ્યારે જાત્રાળુઓના પીડક ગ્રહરિપુને હરાવી સૌરાષ્ટ્રમાં પોતાની આણ વર્તાવી, ત્યારે તેણે સોમનાથ મહાદેવના મંદિરમાં પહોંચીને એ દિવ્ય જ્યોતિર્લિંગની પૂજા પહેલી જ વાર કરી હતી. સોમનાથના શિવાલયના અધિષ્ઠાતા વૃદ્ધ નંદાચાર્યે તે વખતે મૂળરાજને પ્રસન્ન ભાવે શંકરનું

એક નીલવર્ણું બાણુ અર્પણ કર્યું હતું. નંદાચાર્યને પોતાના ગુરુ પાસેથી અને તેમને પણ પોતાના ગુરુ પાસેથી, એમ ઉત્તરોત્તર એ બાણુ પ્રાપ્ત થયા કર્યું હતું. તે બાણુને પોતાના નિવાસગૃહમાં રાખીને આચાર્ય રોજ તેની પૂજા કરતા.

અત્યંત પ્રભાવશાળી અને ચમત્કારિક, વિરલ અને દુષ્પ્રાપ્ય, રત્ન જેવા નિર્મળ, આમ્રફળના કદના અને શંકુ આકારવાળા એ બાણુનું દર્શન કરતાં જ કોઇનું પણ મન પ્રસન્ન થયા વિના રહેતું નહિ. તે તેજોરાશિ બાણુમાં જ્યારે પ્રકટેલા દીવાઓનું પ્રતિબિંબ પડતું ત્યારે એવો ભાસ થતો કે જાણે ભગવાન નીલકંઠ પોતાના કરદંડમાં અસંખ્ય દીપિકાઓ ધારણ કરીને નૃત્ય કરી રહ્યા છે. બાણુની અલૌકિકતાની અનેક અદ્દ્ભુત વાતો લોકોમાં પ્રચલિત હતી.

જેવા પ્રસન્ન ભાવે નંદાચાર્યે એ બાણુ મૂળરાજને અર્પણ કર્યું હતું તેવા જ ભક્તિભાવે મૂળરાજે તે ગ્રહણ કર્યું હતું. પાટણમાં આવ્યા પછી રાજગઢમાં જ એક વિશાળ શિવાલય બંધાવી તેમાં તે પધરાવ્યું હતું. મૂળરાજ રોજ તેની પૂજા કરતો અને પ્રત્યેક માસની શિવરાત્રિએ જે કોઇ શિવાલય પાસે આવીને બેસે તેને, પૂજા કરીને બહાર નીકળતાં જ, પોતે પાંચ–પાંચ દ્રમ્મનું દાન કરતો.

એ નીલકંઠ મહાદેવને જે પ્રાસાદમાં મૂળરાજે પધરાવ્યા હતા તેનું નામ મૂલેશ્વર મહાદેવનો પ્રાસાદ એવું રાખવામાં આવ્યું હતું, પરન્તુ લોકો તો સામાન્ય રીતે એને નીલકંઠ મહાદેવના મંદિરને નામે ઓળખતા. લોકો માનતા કે એ નીલવર્ણા અલૌકિક બાણુની પધરામણી પાટણમાં થઇ અને મૂળરાજદેવે તેને મંદિરમાં પધરાવ્યું ત્યારથી ગુર્જરેશ્વરના રાજ્યનો વિસ્તાર વધતો ચાલ્યો હતો અને પ્રજા ઉત્તરોત્તર સમૃદ્ધિમંત થઇ હતી.

મૂળરાજના મૃત્યુ પછી તેના પુત્ર ગુર્જરેશ્વર ચામુંડરાજે પણ પૂજાનો અને દાનનો એ જ ક્રમ ચાલુ રાખ્યો હતો. રાજકુટુંબને માટે જ બંધાવેલું એ મંદિર હતું, એટલે ઇતર જનો ત્યાં આવી શકતા નહિ,

પરન્તુ શિવરાત્રિને દિવસે જે કોઇ આવવા ઇચ્છે તે આવી શકતું અને રાત્રે થતી મહાપૂજાનાં દર્શન પણ કરી શકતું.

સૂર્યોદય થયા પૂર્વે સ્નાન કરીને ચામુંડ મહાદેવની પૂજા માટે મંદિરમાં જતો અને દ્વાર બંધ કરી પૂજા કરતો, સ્તોત્ર ગાતો, ધ્યાન ધરતો અને પછી બહાર નીકળતો. પહેલાં તો એની પૂજા એકાદ ઘડીમાં પતી જતી, પરન્તુ મહારાણી પલ્લવીદેવીનું અવસાન થયું ત્યારથી–દોઢેક વર્ષથી તેનું હૃદય એટલું ભક્તિભરિત બન્યું હતું કે તેને પૂજામાંથી ઊઠીને બહાર નીકળતાં કોઇ કોઇ વાર દસ–બાર ઘડી પણ વીતી જતી. આમ રાજાના હૃદયમાં ખીલતી જતી ધર્મ-રતિની અસરથી તેના જીવનમાં અને દિનચર્યામાં પણ પલટો થએલો જોઇ શકાતો હતો. ગુજરાતની અંદર અને ગુજરાતની બહાર તેની ભક્તિની પ્રશંસા થતી.

(૨)

આજે પોષ માસની શિવરાત્રિ હતી એટલે દાનનો દિવસ હતો. ચામુંડે પૂજા કરીને દ્વાર ઉઘાડ્યાં ત્યારે દોઢેક પ્રહર દિવસ ચડી ગયો હતો. પ્રાંગણમાં પાંચસો જેટલા યાચકો હારબંધ બેઠા હતા. તેઓમાં વૃદ્ધો, અપંગો, અભ્યાગતો, સાધુઓ, કાપડીઓ અને દીન સ્ત્રી–પુરુષો હતાં. મહારાજ બહાર નીકળતાં જ તેઓ બધાં ઊભાં થઇ ગયાં.

રાજપુરોહિત લલ્લશર્મા આઠ–દસ થાળ ભરીને દ્રમ્મ સાથે હાજર રહ્યો હતો. થાળ ઊંચકીને તે ચામુંડની સાથે સાથે પગથિયાં ઊતરતો ચાલ્યો અને છેલ્લે પગથિયે જઇને થોભ્યો. એક પછી એક યાચકો આવતા ગયા, ચામુંડ નમ્ર ભાવે મસ્તકને નીચું રાખી દરેકને મૂઠી ભરીભરીને દ્રમ્મ આપતો ગયો અને એમ લોકો દાન લેતા, આશીર્વાદ આપતા, ‘નીલકંઠ મહાદેવની જય’, ‘મૂળરાજદેવની જય’, ‘ચામુંડદેવ મહારાજની જય’ એવા ઘોષ કરતા પ્રાંગણમાંથી વિદાય થવા લાગ્યા.

એક બીજાની પીઠ પાછળ હાર બાંધીને આવતા યાચકોમાં એક તરુણીને આવેલી જોતાં જ પહેલાં લલ્લશર્માને આશ્ચર્ય થયું; અને પછી સુવર્ણકંકણોથી શોભતા હસ્તોની બદ્ધાંજલિ પોતાની સમીપે કરાયલી જોઇને આશ્ચર્ય પામતા ચામુંડે એ સ્ત્રીના વદન પર દૃષ્ટિપાત કર્યો.

તે નહોતી અપંગ, નહોતી વૃદ્ધ, નહોતી દેખાતી દીન. વીસથી વધુ વર્ષની તેની વય લાગતી નહોતી. તેનાં મૂલ્યવાન વસ્ત્રાલંકારની સુંદરતાને ઝાંખી પાડે તેટલી સુંદરતા તેના વદનમંડળ પર વિરાજતી હતી. તેનો દેહ ચંદનની સુગંધથી મઘમઘી રહ્યો હતો. શામાટે તે યાચક બનીને આવી હતી? અને યાચક તરીકે પણ હથેળી ધરવાને બદલે તેણે હાથ કેમ જોડયા હતા? ચામુંડ ક્ષણભર ચમકી ગયો અને તેની દ્રમ્મભરેલી મૂઠી સ્થિર થઇ ગઇ.

તત્ક્ષણ ચામુંડે દૃષ્ટિને નીચી ઢાળી દીધી. તે સ્ત્રી હોય કે પુરુષ, યુવાન હોય કે વૃદ્ધ, સુંદર હોય કે અપંગ, દીન હોય કે ધનિક, તે જોવાની પોતાને શી જરૂર હતી? તે યાચકોની સાથે ઊભી હતી, યાચકોને દાન આપવા પોતે આવીને ઊભો હતો: તો તેને દાન આપીને વિદાય કરવી એ જ પોતાનો ધર્મ હતો.

ચામુંડે દ્રમ્મભરેલી મૂઠી લંબાવી એટલે તે સ્ત્રી બોલી: "મહારાજ! હું દાન લેવા નથી આવી; માત્ર આપને એક વિનંતિ કરવાને આવી છું."

ચામુંડે દૃષ્ટિને નીચી જ ઢાળી રાખીને જવાબ આપ્યો: "તો બાઇ! વિનંતિ કરવા આવવા માટેનું આ સ્થાન નથી. રાજગઢમાં મને કયાં મળી શકાશે તે દ્વારપાળને પૂછતાં તુરત માલૂમ પડી આવશે."

"મહારાજ!" અત્યંત નમ્ર ભાવે બાઇ બોલી: "આજ દસ દિવસથી હું આપના દર્શન માટે રખડું છું પણ મને કોઇ આપની સમક્ષ આવવા દેતું નથી. રાજગઢમાં હું આવી હતી, પણ દ્વારપાળે કહ્યું કે તમે મહારાજને મળી શકાશે નહિ. પછી હું મહામંત્રી માધવ ભટજીને મળી તો તેમણે કહ્યું કે મહારાજનો સમય સેવાપૂજામાં

અને રાજકાજમાં એટલો બધો જાય છે કે તમને મળવાનું શકય નથી."

"નવાઇની વાત છે!" ચામુંડે ઉદ્‌ગાર કાઢયો.

બાઇ બોલીઃ "હું યુવરાજ વલ્લભરાજની પાસે પણ ગઇ હતી; તેમણે કહ્યું કે તમે ફોઇબાને વાત કરો, એટલે પછી હું તેમની પાસે ગઇ."

"અને વાવિણી બહેને–વાચિનીદેવીએ મને મળવાનો આ માર્ગ તમને બતાવ્યો, ખરું ને?"

"હા, મહારાજ!"

ચામુંડ નીચું વદન ઢાળી રાખીને જ ઊભો રહ્યો. જાણે તે કાંઇ ઊંડા વિચારમાં પડી ગયો હોય, તેમ કપાળ પર આંટણ પડવા લાગ્યાં અને વદન પરની રેખાઓ ચલવિચલ થવા લાગી. તેણે સહેજ ઉત્તમ સ્વરે કહ્યુંઃ "ઠીક, બાઇ! તમે બાજુએ ઊભાં રહો; આ કામ પતે એટલે પછી તમે મારી સાથે જ આવજો."

બાઇ પ્રસન્ન થઇ અને ચડપ કરતી બાજુએ ખસીને પાછળ આવતા યાચકોની હારનો માર્ગ મોકળો કરતી દૂર ઊભી રહી.

(૩)

દાનનું કાર્ય પૂરું થયું, એટલે આગળ ચામુંડ, પાછળ લલ્લશર્મા અને તેની પાછળ એ બાઇ એમ ત્રણે જણાં મંદિરનું પ્રાંગણ વીંધીને રાજમહાલયના પ્રાંગણમાં આવ્યાં. અનેક આંખો એ નવતર બાઇ તરફ તાકી રહી. દ્વારપાળ બાઇને રોકવા જતો હતો, પરન્તુ લલ્લશર્માની ઇશારતથી તે આગળ વધી શકયો નહિ.

પત્થરની સીઢી ચડતાં સામેથી સુભટ તેજસિંગ સીઢી ઊતરતો દેખાયો. એ જ ચામુંડની બહેન વાવિણીનો પતિ. તેણે જોયું કે શિવરાત્રિનું દાન આપ્યા પછી ચામુંડના વદન પર જે પ્રસન્નતા વસતી તે આજે નહોતી. તેને મહારાજના કપાળ પર ઊપસી આવેલી રેખાઓમાં રોષ ભાસ્યો. સીઢીની બાજુ પર ખસીને તે ઊભો રહ્યો.

ચામુંડ ઉપર ચડતાં તેજસિંગ પાસે આવ્યો એટલે તેણે કહ્યું: " તેજસિંગજી ! જરા ઉપર ચાલો."

એ સ્વરમાં પણ તેજસિંગને રોષ ઘુંટાતો ભાસ્યો.

લલ્લશર્મા, તેજસિંગ અને તરુણી મહારાજની બેઠકના ખંડમાં જઈને ઊભાં અને ચામુંડ વસ્ત્રાગાર તરફ વળ્યો. થોડી વારમાં વસ્ત્રો બદલીને તે એ ખંડમાં આવ્યો અને ખંડની વચ્ચે ઝૂલતા હિંડોળા પર બેઠો. પોતાની સમીપે પેલી બાઈને જોતાં તેણે વદનને નીચું ઢાળ્યું.

તત્ક્ષણ તેજસિંગ સામે જોઈને ચામુંડ બોલ્યો : " તેજસિંગજી ! આ બાઈ કહે છે તે સાંભળો."

" તે કોણ છે ? શું કહે છે ?" તેજસિંગે કાંઈક દબાયલે અવાજે પૂછ્યું. તેને ભય હતો કે કદાચ પોતે જ મહારાજના કોઈ અપરાધમાં આવ્યો હોય.

" તે ગમે તે હોય, પણ તે કહે છે કે તેને કોઈએ મને મળવા આવવા ન દીધી. દ્વારપાળે ના કહી, મહામંત્રીએ ના કહી, વલ્લભે પણ બરાબર જવાબ આપ્યો નહિ અને વાવિણી બહેન પાસે તે ગઈ ત્યારે છેવટે તેણે સૂચના કરવાથી તે મને અત્યારે દાન લેવા આવનારા યાચકોની સાથે સાથે મળી. મને સમજાતું નથી કે વસતીને મને મળવા દેવા સામે આવો પ્રતિબંધ શામાટે મુકાય છે !"

" એમ શાથી બન્યું તેની પછી આપણે તપાસ કરીશું, મહારાજ ! પણ એ બાઈને આપનું કામ શું છે ? હે બાઈ ! તમે કોણ છો ? અહીંનાં તો તમે નથી, ગુજરાતનાં પણ નથી લાગતાં; તમે કયે દેશથી આવો છો ?"

" હું અવંતીથી આવું છું, મહારાજ ! મલ્લિકાદેવી મારું નામ."

" તમને મહારાજનું શું કામ છે ?" તેજસિંગે પૂછ્યું.

" મહારાજને હું એક વિનંતિ કરવા આવી છું. હું ઉજ્જયિનીના મહાકાળેશ્વરની નર્તિકા છું. મહારાજ મને પિછાણતા હશે."

ચામુંડે ચમકીને નર્તિકા સામે ક્ષણ–બે ક્ષણ જોઇ રહીને ડોકું હલાવી નકાર સૂચવ્યો, અને તત્ક્ષણ પોતાની દૃષ્ટિને પાછી ખેંચી લીધી.

મલ્લિકા બોલી : “મહારાજ ! બારેક વર્ષ પહેલાંની વાત છે. આપ જયારે મહાશિવરાત્રિની પૂજાપ્રસંગે રુદ્રમહાલયમાં પધારેલા, ત્યારે એક નર્તિકાએ ભગવાન ચંદ્રમૌલીશ્વરની સમીપે નૃત્ય કરેલું, આપે તે જોઇને તેની પ્રશંસા કરેલી, અને...”

ચામુંડ મલ્લિકાની સામે જોતાં વચમાં બોલી ઊઠયો : “અને તેની સાથે એક બાલિકા હતી તે જ તું ?”

મલ્લિકાના વદનમાંથી પ્રસન્નતાદર્શક સ્મિત સ્ફુર્યું અને તે બોલી : “હા મહારાજ ! તે જ હું ! હવે આપે મને પિછાણી ખરી. તે નર્તિકા મારી માતા હતી.”

“હાં...આં...આં ! બરાબર યાદ આવ્યું.”

“આપે મારી માતાને પાટણમાં આવીને ભગવાન નીલકંઠની સમીપે નૃત્યપૂજા માટે આમંત્રણ આપેલું, પણ તેણે કહેલું કે હું બીજી કોઈ વાર આવીશ, તે પણ આપને યાદ હશે.”

“હા, હા, પણ તે પછી ન જ આવી. ઘણી વાર તે મને સાંભરેલી, પણ હવે તેને બદલે તું એ ઋણ પૂરું કરવા આવી છે કે શું ?”

“હા મહારાજ, એમ જ છે. મારી માતા તો બિચારી ત્રણેક વર્ષ પહેલાં મૃત્યુ પામી.”

ચામુંડના દિલમાં અનુકંપા ઊપજી. તે બોલ્યો : “અરર ! તેની વય તો કાંઈ વધારે નહોતી.”

“વય તો વધારે નહોતી જ, પણ મૃત્યુ પહેલાં બે વર્ષથી તેણે જાણે જીવનની માયા જ મૂકી દીધી હોય તેમ ખૂબ–ખૂબ તપશ્ચર્યા કરવા માંડી હતી. તે રાતદિવસ મંદિરમાં જ બેસી રહેતી અને ભગવાન મહાકાળનાં સાક્ષાત્ દર્શન કરવાને તલસતી. તે ઉપવાસ

ઉપર ઉપવાસ કરતી અને કોઈ વાર ખાતી તો માત્ર એક જ અન્ન ખાઈને ચલાવતી. પણ પછી તો મહાકાળેશ્વરના મંદિરમાં રહ્યે રહ્યે ભગવાનની કૃપા નહિ થાય એમ માનીને તે હિમાલય ભણી ચાલી નીકળી. પહાડમાં ભમતાં ભમતાં છેવટે તે માનસરોવરે પહોંચી અને ત્યાં ભગવાન રુદ્રે તેને દર્શન આપ્યાં. ભગવાને તેને કહ્યું કે તું પાછી જા અને નર્મદાકાંઠે એક તાપસીઓનો મઠ છે ત્યાં રહીને મારું ધ્યાન ધર્યા કર, ત્યાંથી હું તને કૈલાસમાં બોલાવી લઈશ; એટલે તે ત્યાંથી પાછી ફરીને મઠમાં જઈને રહી. તે વખતે તેના શરીરનું હાડપિંજર રહ્યું હતું, વાળ ખરી પડ્યા હતા, અકાળે વૃદ્ધાવસ્થા આવી ગઈ હતી; પરન્તુ ભગવાનનાં દર્શન થવાથી તે એટલી પ્રસન્ન થઈ હતી કે તેના મ્હોં પર અલૌકિક તેજ વિરાજતું હતું. થોડા દિવસ પછી એક વાર એ મઠમાં જ ભગવાનનું ધ્યાન ધરતી તે બેઠી હતી અને 'શિવોઽહં શિવોઽહં' નો ઉચ્ચાર કર્યા કરતી હતી, ત્યાં તે એકાએક ઢળી પડી ! ભગવાને તેને પોતાની સેવામાં બોલાવી લીધી, મહારાજ !"

"ધન્ય છે, ધન્ય છે એ જીવનને, ધન્ય છે એ તપશ્ચર્યાને, ધન્ય છે એ આત્માને !" ચામુંડ હાથ જોડીને ઊંચી દૃષ્ટિ કરતો બોલ્યો; જાણે પોતાને પણ એ ધન્ય જીવનની પ્રાપ્તિ થાય એવો આકાંક્ષાભાવ તેના વદન પર પથરાઈ ગયો.

"મહારાજ ! મૃત્યુ પૂર્વે તેણે મને આ ઋણની વાત કહી રાખેલી એટલે હું તેની પૂર્તિ માટે અહીં આવી છું."

"તથાસ્તુ. આજે શિવરાત્રિ છે અને રાત્રે તારી નૃત્યપૂજા ભગવાન નીલકંઠ પ્રસન્નતાથી સ્વીકારશે."

"ભગવાનની અને આપની કૃપા ! મને સંતોષ થયો. હવે હું જઉં મહારાજ ?" મલ્લિકાએ હાથ જોડી વિદાય માંગી.

"રહે, તું એટલે દૂરથી આવી છે, આટલા દિવસથી પાટણમાં છે, તો રહી છે ક્યાં ?"

"હું રહી છું ત્રિપુરુષપ્રસાદની ધર્મશાળામાં. ત્યાં ઠીક સગવડ છે."

"ત્યારે ત્યાં વૈજલ્લદેવ મહારાજનો તને પરિચય થયો હશે. તેમને કહ્યું હોત તોએ તેમણે મારો મેળાપ વહેલો કરાવી આપ્યો હોત."

"તેમનેય મેં કહેલું મહારાજ! પણ તેમણે તો એમ કહ્યું કે નીલકંઠ મહાદેવના મંદિરમાં કોઇ વાર નૃત્યપૂજા થતી જ નથી; તેને બદલે તું ત્રિપુરુષપ્રસાદમાં પૂજા કરીશ તોય ઋણમુક્ત થઇશ."

"કેવી આ વાત છે!" ચામુંડના વદન ઉપર પાછો રોષ પ્રકટ્યો અને તે વિચારમાં પડી ગયો, જાણે ધ્યાનમાં લીન બની ગયો હોય.

(૪)

જ્યારે 'શિવોહં' ઉદ્‌ગાર સાથે ચામુંડની વિચારતંદ્રા પૂરી થઈ ત્યારે તેણે જોયું કે ખંડમાં પોતે એકલો જ હતો; મલ્લિકાદેવી, લલ્લશર્મા કે તેજસિંગ ત્યાં નહોતા.

આજે શિવરાત્રિનો ઉપવાસ હતો એટલે ચામુંડને ભોજન કરવાનું નહોતું. તેણે હિંડોળા પરથી ઊઠીને ખંડમાં આમથી તેમ ઘૂમવા માંડ્યું. તેને એક જ વિચાર થયા કરતો હતો કે ઉજ્જન જેટલે દૂરથી નૃત્યપૂજા નિમિત્તે આવેલી મલ્લિકાને પોતાને મળવા આવવા દેતાં અટકાવવામાં કેમ આવી? મહામંત્રીએ તેને ઉડાઉ જવાબ કેમ આપ્યો? વૈજલ્લદેવે પણ તેને અહીં નહિ આવવા દેવામાં સાથ કેમ કર્યો? આ બધાંએ માંહોમાંહે કાંઇ બેત ગોઠવીને પોતાને અંધારામાં ગોંધી રાખવાનું કાવતરું તો નથી કર્યું?

એટલામાં મહામંત્રી માધવ ભટ્ટ જ ત્યાં આવી પહોંચ્યા. ત્રિપુંડ્રથી શોભતા વિશાળ કપાળવાળા, ઊંડી ઊતરેલી પણ તેજસ્વી આંખોવાળા, સુદીર્ઘ બાહુ અને પાતળી દેહદષ્ટિવાળા તે પાંસઠેક

વર્ષની વયના વૃદ્ધ પુરુષ હતા. પ્રતાપ તો તેમની તેજસ્વી આંખો જ દાખવતી, બાકી વદન પરની રેખારેખાએ નમ્રતા નીતરતી હતી.

માધવ ભટ્ટ પહેલાં મૂળરાજદેવના મિત્ર હતા અને તીર્થ-સ્થાનોની વ્યવસ્થાનો ભાર ઉપાડનાર એક સામાન્ય મંત્રી હતા; પરંતુ તેમની દીર્ઘ દૃષ્ટિ અને સેવાભાવથી આકર્ષાઇને ચામુંડે તેમને પાછળથી મહામંત્રી બનાવ્યા હતા તથા કન્હેશ્વર નામનું એક ગામ અર્પણ કર્યું હતું. માધવ ભટ્ટ કેવળ મહામંત્રી જ નહોતા; મૂળરાજના મૃત્યુ પછી તે ચામુંડ ઉપર પિતૃવત્ વાત્સલ્ય રાખનાર હિતૈષી હતા અને ચામુંડ પણ તેમને પૂજ્ય ગુરુ સમાન માનતો. પિતા અને ગુરુ એ બેઉના ગુણો માધવ ભટ્ટમાં હતા.

તેમને આવેલા જોતાં જ ચામુંડ બોલ્યો: "આવો ભટજી! હું હમણાં તમને જ સંભારતો હતો."

"શી આજ્ઞા છે મહારાજ?"

"આજ્ઞા તો કાંઇ નથી, પણ મારે તમને થોડું પૂછવું છે. હમણાં એક નર્તિકા અહીં આવી હતી, તે કહેતી હતી કે તેને મને મળવા દેવામાં તમે અટકાયત કરી હતી."

"એ સાચી વાત છે, દેવ! તે નર્તિકા હશે, મને તે વારાંગના જેવી લાગી; પરંતુ એવી સ્ત્રીઓ આપની પાસે આવે અને આપની પૂજા–ભક્તિ–તપશ્ચર્યામાં વિઘ્નરૂપ બને તે આપને નહિ ગમે એમ મને લાગ્યું એટલે મેં તેમ કર્યું."

"તમે એક ભૂલ કરો છો, મહામંત્રી! એ નર્તિકા ઠેઠ ઉજ્જનથી આવી છે, મૂલેશ્વર મહાદેવના પ્રાસાદમાં નૃત્યપૂજા કરવાનું પોતાની માતાનું ઋણ ઉતારવા આવી છે, તેને તમે પરભારી પાછી કાઢો, એ તે સારું કહેવાય?" રોષને દબાવીને ચામુંડે મહામંત્રીને વિનય-પૂર્વક ઠપકો આપવા માંડ્યો.

"તે ઉજ્જનથી આવી હોવાનું તેણે મને કહેલું પણ કોઇ

જાતની ઋણમુક્તિ માટે પોતે આવી છે એવું તેણે મને નહોતું કહ્યું; પરન્તુ મહારાજ ! આપ ધ્યાનમાં, ભક્તિમાં અને સંયમસિદ્ધિમાં એટલા દત્તચિત્ત રહો છો કે આપને આ નર્તિકા વિઘ્નરૂપ બનશે એમ મને લાગ્યું હતું. મનઃસંયમ માટે, ચિત્તની એકાગ્રતા માટે, તપશ્ચર્યાની સિદ્ધિ માટે, આત્મસાધના માટે આપ રાતદિવસ કેટલું મથ્યા કરો છો તે હું નથી જાણતો ? એમાં આવી નર્તિકાનાં નૃત્ય કે ગાન ખરેખર વિઘ્નરૂપ જ બને, એમ હું જ નહિ, પણ વીરાચાર્ય મહારાજ અને વૈજલ્લદેવ પણ માને છે; પછી ભલે એવાં નૃત્ય-ગાન ભક્તિ કે પૂજા નિમિત્તે થતાં હોય."

ચામુંડની આંખો માધવ ભટ્ટના વદન ઉપર સ્થિર રહીને તેજ વહાવવા લાગી. તેને હવે સમજાયું કે એક જૈન સાધુ, એક બ્રહ્મચારી અને એક રાજ્યવહીવટનો ભાર વહન કરનાર મહામંત્રી, એ ત્રણેએ મળીને આ એક કાવતરું જ કર્યું હતું, અને એ કાવતરું પણ કેવું ? ભગવાન રુદ્રની પૂજા માટે નૃત્ય કરવા ઇચ્છતી બિચારી નર્તિકાને પાટણમાંથી પાછી હાંકી કાઢવા જેવું, એક ભક્તિભાવથી ભરેલા હૃદયને નિરાશ કરવા જેવું. કોઇની ભક્તિમાં આમ અંતરાય ઊભો કરનારાઓની ખબર ગુર્જરેશ્વરે વેળાસર લેવી જ જોઇએ, નહિતો એ લોકો પિતાએ સ્થાપેલાં દેવમંદિરોને વેરાન બનાવી મૂકે, પૂજા-ભક્તિની પરંપરાનો નાશ કરી નાંખે, લોકો નાસ્તિક બની જાય, ગુજરાતમાં ચોરોનું રાજ્ય ચાલતું હતું ત્યાં ધર્મરાજ્ય ચલાવનાર મૂળરાજદેવની કીર્તિ ઉપર મેશ ભૂંસી વાળે......

ચામુંડ તપી જતો બોલ્યોઃ "કેવી વાત કરો છો તમે મહામંત્રી ! આ નૃત્યગાન શું રંગરાગનાં કે મોજવિલાસનાં છે કે તેથી મારા તપ-સંયમમાં વિઘ્ન ઊભું થવાનું તમે બધા માનો છો ? હૃદયમાં ભક્તિભાવ ઉદ્રિક્ત થાય છે, મન ઉલ્લાસથી આંદોલિત થાય છે, આત્મા અને પરમાત્માની એકરૂપતાનો ચિત્તમાં સાક્ષાત્કાર થાય છે, ત્યારે મનુષ્યનાં અંગોપાંગ આનંદના આવેશમાં આપોઆપ નાચવા

લાગે છે : ભક્તિભાવનો એ ઉદ્રેક તમે કોઇ વાર અનુભવ્યો હોય એમ નથી લાગતું, અને તેથી જ તમે આમ કહેતા લાગો છો."

"સાચી વાત છે, મહારાજ!" મહામંત્રીએ નમ્ર ભાવે ઉત્તર આપ્યો: "મહારાજ મૂળરાજદેવ પણ આવું જ કહેતા."

"તો પછી તમે આ બિચારી નર્તિકાના ભક્તિભાવના પૂરની આડે બંધ કેમ બાંધ્યો ?" મહામંત્રીના મૌનને તેમના દોષસ્વીકાર રૂપે સ્વીકારી લઇને ચામુંડ બોલ્યો: "અને હવે સાંભળી લ્યો, હું તમારો બીજો ભ્રમ પણ ભાગું. ગુજરાતમાં અનેક ધર્મતીર્થોના અને ધર્મરાજ્યના સ્થાપક એવા મૂળરાજદેવનો હું પુત્ર છું, સોલંકી રાજવંશનો હું રામ છું; એ રામની એક સીતા હતી, એ સીતાનો હું રામ છું. સીતા ગઇ, મને ત્રણ પુત્રરત્નો આપીને ગઇ; ભલે ગઇ, પણ તેની ચિતામાં જ મેં મારા મનોવિકારને ભસ્મીભૂત કર્યો છે અને હવે એક આત્મકલ્યાણ વિના આ જીવનમાં બીજી કોઇ ઝંખના રહી નથી. તે વખતે તમે માનો કે આવી સુંદર–યુવાન નર્તિકા મારી સામે આવીને ઊભી રહેશે તો મારું મન ચલિત થઇ જશે, એ વીરાચાર્ય માને કે કોઇ સ્ત્રીના દર્શન–સ્પર્શનથી જ મારું બ્રહ્મચર્ય વ્રત ખંડિત થઇ જશે, એ વૈજલ્લદેવ માને કે રાજવંશી વિલાસમાં રચ્યા-પચ્યા રહેવા છતાં અને નૃત્યાંગનાઓનાં નૃત્યોનું દર્શન કરવા છતાં બ્રહ્મચર્યને અખંડ રાખવા માટેનું મનોબળ તો એક પોતાને જ વર્યું છે અને મારા જેવાનું તે ગજું જ નથી, તો તમે બધાય ભ્રમ સેવો છો! કામદહન કરનાર ભગવાન ત્ર્યંબકેશ્વર મારા પર પ્રસન્ન છે, તેની ભક્તિ કરવાના અને મનઃસંયમ જાળવવાના બળ માટે હું રોજરોજ તેની સ્તુતિ કરું છું, તે મને બળ આપે છે, તે જ મારા ચિત્તમાં વસીને તેની સ્થિરતા જાળવે છે, ચિત્ત ચલવિચલ થતાં 'શિવોઽહં'નો ઉદ્‌ગાર માત્ર કાઢું છું કે તુરત ભગવાન હાજર થઇ ચિત્તની સ્થિરતા સ્થાપે છે અને સમાધિદશાનો અનુભવ કરાવે છે. તમે માનો છો તેવો દુર્બળ ચામુંડ ન હોય. વીરાચાર્ય કે વૈજલ્લદેવ

પોતાના મનોબળને, ચારિત્ર્યબળને, આત્મબળને અદ્વિતીય માનતા હોય તો તેમને કહેજો કે ચામુંડ સોલંકી પણ તમારી પંક્તિમાં બેસે તેવો છે. પછી ભલે તે સાધુનો સ્વાંગ ન પહેરતો હોય, પણ જરિયાની વસ્ત્રને ધારણ કરતો હોય, ભલે તે મઠવાસી બ્રહ્મચારી ન હોય પણ અનેક ભોગવિલાસની વચ્ચે મહેલમાં વસતો રાજા હોય!"

આ સાંભળીને મહામંત્રીને ખૂબ પસ્તાવો થયો હોય, તેમ તેમણે હાથ જોડીને નમ્ર ભાવે કહ્યું: "ક્ષમા કરજો મહારાજ! અનિચ્છાએ હું આપના ક્રોધને પાત્ર બન્યો છું......"

"નહિ, નહિ, ભટજી! હું આ ક્રોધ કરતો નથી, તમને ઠપકો પણ આપતો નથી..." ચામુંડ મંદ હસીને બોલ્યો: "ક્રોધનો અગ્નિ તપશ્ચર્યાને બાળી નાંખે છે...મારે તો હવે કામ, ક્રોધ, દ્વેષ, એ બધાં અકર્તવ્ય જ છે."

"ત્યારે હવે મને જવાની આજ્ઞા છે? અત્યારે તેજસિંગજીના કહેવાથી હું આપને મળવા આવેલો."

ચામુંડે પ્રસન્નતાથી કહ્યું: "એમ કે? એ નર્તિકાની વાત તેમણે સાંભળેલી, એથી જ તેમણે તમને અહીં મોકલ્યા હશે. તમે આવ્યા તો ઠીક થયું. તમારા મનના સંશયનું નિવારણ થયું. હવે ખુશીથી જાઓ, મહામંત્રી! શિવોઽહં શિવોઽહં નિજાનંદરૂપઃ"

પ્રકરણ ૨

તપસ્વી ચામુંડ

(૧)

મહામંત્રી ગયા અને ચામુંડ એકલો પડ્યો. તેને હવે સંતોષ થયો કે પોતે મહામંત્રી અને બીજાઓના મનમાં રહેલા ભ્રમને વિદારી નાંખ્યો. મહામંત્રી તો ખૂબ પસ્તાઇને ગયા હતા તે તેણે

જોયું હતું. પોતે ભલે રાતદિવસ પ્રભુભક્તિમાં, સેવા-પૂજામાં, ધ્યાન-ચિંતનમાં મગ્ન રહેતો હોય, પરંતુ પોતે રાજા તરીકે પણ સતત જાગ્રત રહે છે, રાજકર્મચારીઓનાં મનસ્વી કાર્યોની ખબર લે છે, કોઇને અન્યાય કે ઉપેક્ષા થવા દેતો નથી, એટલું તો અત્યારે મહા-મંત્રીના મનમાં ઠસાવી શકયો હતો : એથી પણ તેને સંતોષ થયો.

ગુજરાતના રાજાને પદે બિરાજવા છતાં ચામુંડે અત્યારે જે એક તપસ્વીના સરખું જીવન ગાળવા માંડયું હતું, તેમાં પોતે પિતાના જીવનનું જ અનુકરણ કરીને ભૂતકાળનાં પાપોનું પ્રક્ષાલન કરી રહ્યો હતો એમાં તેને શંકા નહોતી.

ચામુંડ ઉપવાસો કરતો, કાષ્ટની શય્યા પર માત્ર એક કામળી પાથરીને સૂતો, તમોગુણી આહાર કરતો નહિ અને રાજકાર્યમાંથી નવરો પડતાં તે ધ્યાનમાં-તત્ત્વચિંતનમાં સમય ગાળતો. સર્વ પ્રકારના રાજસ ભોગવિલાસને તેણે ત્યજ્યા હતા. તે સ્ત્રીના સૌંદર્યને ઊંચી આંખે જોતો નહિ અને અકસ્માત એવું સૌંદર્ય નિરખી જવાય તો આંખો નીચી ઢાળીને વિકારના આક્રમણનું દ્વાર બંધ કરી દેતો. નિજ દેહના સૌંદર્યને પણ તે બ્રહ્મચારી વૈજલ્લદેવને પગલે ચાલીને દર્પણમાં જોતો નહિ; દર્પણને તે દર્પનું કારણ માનતો અને દર્પને તે આત્માના અકલ્યાણનું મૂળ માનતો; તેથી પોતાના નિવાસના, બેઠકના કે શય્યાના ખંડોમાં તેણે દર્પણોને રહેવા દીધાં નહોતાં. એટલું છતાં તે સમજતો હતો કે પોતે રાજા હતો; રાજાધર્મનો ત્યાગ પોતાથી ન કરાય, નહિતો પોતે પોતાના કર્તવ્યકર્મથી ભ્રષ્ટ થઇને પોતાની પ્રજાનું તેમ જ પોતાના આત્માનું અકલ્યાણ કરનારો બને.

રાણી પલ્લવીદેવીનું મૃત્યુ થયું, ત્યારથી તેના ચિત્તમાં આવો વૈરાગ્ય જાગ્યો હતો, અને ત્યારથી તે દેહદમનને તથા મનઃસંયમને માર્ગે ચડ્યો હતો.

તે પૂર્વે પોતે કેવો તરંગી, ગર્વિષ્ટ અને વિલાસી હતો, તે કોઇ કોઇ વાર ચામુંડને સાંભરતું હતું. જ્યારે એવાં સ્મરણો જાગતાં,

ભૂતકાળનાં પોતાનાં ચિત્રવિચિત્ર કાર્યોનાં દશ્યોને સ્મૃતિ તેની સૂક્ષ્મ દૃષ્ટિ સમીપે ખડાં કરતી, ત્યારે પોતે એવાં કાર્યો કેમ કર્યાં હશે, એવા વિચારથી તે આશ્ચર્યચકિત થતો, એ કાર્યોની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનિષ્ટતાને સમજવા તે મથન કરતો, છેવટે પશ્ચાત્તાપના જળથી એ પાપોનું પ્રક્ષાલન કરતો અને ભગવાનને પ્રાર્થતોઃ "હે ત્રિપુરારિ! મને તું પિતાના જેવું–રાજસંન્યાસી સમું પવિત્ર જીવન જીવવાનું બળ આપ!"

આત્મા પ્રતિનો સંન્યાસી–ધર્મ અને પ્રજા પ્રતિનો રાજા–ધર્મ, એ બેઉ ધર્મો એકી સાથે બજાવવાનું કાર્ય ખરેખર દુઃશક્ય છે એમ આજના અનુભવ ઉપરથી ચામુંડને લાગ્યું. એક ધર્મ બજાવવા જતાં બીજો ધર્મ ભૂલી જવાય, એ કેવું સ્વાભાવિક હતું! પોતે સંન્યાસી–ધર્મમાં દત્તચિત્ત બન્યો, તો મહામંત્રી અને બીજા બધા માનવા લાગી ગયા કે જાણે પોતે રાજા મટી ગયો અને તેઓ પોતે જ રાજા જેવા બનીને અનધિકારે અધિકાર વાપરવા લાગી ગયા! તે પૂર્વે જ્યારે પોતે કેવળ રાજા–ધર્મમાં જ રત રહેતો હતો, ત્યારે આત્મા પ્રતિનો ધર્મ શું છે તે જાણવા છતાં તેમાં ચિત્ત બરાબર ચોંટતું નહોતું. પણ હવે તો પોતાને બેઉ ધર્મ એકી સાથે બજાવવાના હતા, નહિતો એ બેઉ દ્વારેથી પાપ–અધર્મ–અન્યાય પેસી જવાનો પૂરો સંભવ હતો.

આ વિચારોના પ્રવાહમાં ચામુંડને પોતાનો ભૂતકાળ યાદ આવવા લાગ્યો. ભૂતકાળમાં તેણે કેટલાંક સારાં તો કેટલાંક નઠારાં કાર્યો પણ કર્યાં હતાં. તેણે ચંદ્રનાથ અને વાચિનીશ્વરનાં દેવમંદિરો બંધાવ્યાં હતાં, તેણે બ્રાહ્મણોને અને તીર્થસ્થાનોને ભૂમિદાન કર્યાં હતાં, તેણે જલાશયો બંધાવ્યાં હતાં, તેણે મૂલેશ્વર મહાદેવની પૂજા અને દાનની પ્રણાલી ચાલુ રાખી હતી.

પરંતુ એવાં કાર્યોનું સ્મરણ તો નિરુપયોગી હતું. તેથી ચિત્તમાં અહંકાર જાગ્રત થતો હતો એમ ચામુંડે ઘણી વાર અનુભવ્યું હતું.

સત્કાર્યનો પણ અહંકાર તો પાપનું મૂળ જ બને છે એમ *કંથાધારી મહારાજ ઘણી વાર કહેતા. આથી ભૂતકાળનાં એવાં કાર્યોનું સ્મરણ ચિત્તમાં જાગે તો ચામુંડ તેને યત્નપૂર્વક હાંકી કાઢવા મથન કરતો, અને પાપોનાં પ્રાયશ્ચિત્ત રૂપ પશ્ચાત્તાપને જ ચિત્તમાં જ્વલંત રાખવાને ભૂતકાળનાં અનિષ્ટ કાર્યોને સંભારીસંભારીને તે તેની પ્રત્યેની ઘૃણા-તિરસ્કારને કેળવતો.

મન કેવું વિલક્ષણ હોય છે! અહંકારને ચિત્તમાં સ્થાન ન આપવા માટે ચામુંડ સતત જાગ્રત રહેતો હતો, છતાં થોડો સમય પૂર્વે જ મહામંત્રી સમીપે પોતે સીતાના પતિ રામના નામનો ઉપયોગ કરીને અહંકારયુક્ત વચનો ઉચ્ચાર્યાં હતાં! એ યાદ આવતાં ચામુંડ ચમક્યો અને તેણે નિઃશ્વાસ નાંખ્યો: "શાન્તમ્ પાપમ્! શાન્તમ્ પાપમ્!"

(૨)

તે ક્ષણે સીતાસમી રાણી પલ્લવીદેવીનું સ્મરણ ચામુંડના ચિત્તમાં આગળ વધ્યું: "રાણી ખરેખર શીલવતી સીતા હતી. સીતા જેવો જ તેનો મારા પર પ્રેમ હતો, સીતાની પેઠે જ તે મારી સેવા કરતી અને મારો પડ્યો બોલ ઊંચકી લેતી; પરંતુ હું કેવો દુર્ભાગી હોઈશ કે તેનો મારી પ્રતિજ્ઞા પર વિશ્વાસ નહોતો!"

ચામુંડને પોતાની પ્રતિજ્ઞાનો પૂર્વ પ્રસંગ સાંભર્યો.

પલ્લવીને ચામુંડ પરણ્યો, ત્યારપછી થોડા વખતે લાટની અધૂરી રહેલી જીત પૂરી કરીને તે પાટણમાં પાછો ફર્યો, તે વખતે મૂળરાજે રાજમુકુટ ચામુંડને મસ્તકે ધારણ કરાવી પોતે શ્રીસ્થળમાં નિવાસ કરવાનો નિશ્ચય કર્યો હતો. રાણી પલ્લવીને તે વખતે શોક થએલો કે પોતાનો પતિ હવે રાજા થશે, એટલે રાજનીતિ પોતાની શોક્ય થશે; પરંતુ એ શાણી રાણીએ તે સમયે પતિને કહેલું: "સ્વધર્મના પાલનમાંથી મારે ખાતર તમે ભ્રષ્ટ થાઓ એવું હું ઇચ્છતી નથી.

---

* મૂળરાજનો સંન્યાસી ગુરુ.

પિતાજીની આજ્ઞા અમાન્ય કરીને તેમનો ભાર નહિ ઉપાડવાનું હું તમને કહી શકતી નથી. રાજનીતિરૂપી શોક્યને હું સંયમપુર્વક વેઠી લઈશ."

ચામુંડે કહેલું: "પલ્લવી! તારા શાણપણને હું શાથી વધાવું?"

પલ્લવીએ કહેલું: "માત્ર એક વચનથી: મારા જીવનમાં તમારે બીજી સ્ત્રી પરણવી નહિ."

ત્યારે ચામુંડે જવાબ આપેલો: "ઓહ! એ વચનમાં વિશેષ શું છે? તે તો હું તને આપું છું જ, પરંતુ વિશેષમાં હું એવી પ્રતિજ્ઞા લઉં છું કે મારા મૃત્યુ પૂર્વે તારું મૃત્યુ થાય, તોપણ હું બીજી સ્ત્રી પરણવાનો નથી."

એ જ પ્રતિજ્ઞાને ચામુંડે રાણી પલ્લવીના મૃત્યુસમયે પાછી યાદ કરીને કહ્યું હતું: "રાણી! તું જરાએ અસંતુષ્ટ ન રહીશ. એ પ્રતિજ્ઞા હું જરૂર પાળીશ; આજે અડતાળીશ વર્ષની પ્રૌઢ વયે હું ફરીથી પરણું જ નહિ—પરણવાની ઇચ્છા પણ ન કરું, છતાં મારી પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા જ છે."

પણ પતિના એ વચન અને એ પ્રતિજ્ઞા પર રાણીને વિશ્વાસ આવ્યો નહોતો.

ચામુંડની વિચારમાળા આગળ વધી: "એ વચન છતાં રાણીને એવી જ ચિંતા થતી હતી કે હું પ્રતિજ્ઞા નહિ પાળું, ફરીથી પરણીશ, વળી નવી રાણીને બાળકો થશે, બેઉના છોકરાઓ માંહોમાંહે લડશે, તેથી રાજકુટુંબનું અને ગુજરાતના રાજ્યનું અકલ્યાણ થશે, અને એમ અનેક તર્કો ઉપર તર્કો કરીને માંદગીને બિછાને તે તરફડ્યા જ કરતી હતી. તેનો એ તરફડાટ ત્યારે જ શમ્યો કે જ્યારે તેના બિછાનાની સમીપે જ ગુરુદેવ વીરાચાર્યે આવીને તેના સાંભળતાં મને પચ્ચખ્ખાણ આપ્યાં કે મારે નવી સ્ત્રી પરણવી નહિ, ત્યારે જ રાણીને સંતોષ થયો, ત્યારે જ તેણે માન્યું કે હવે હું ખરેખર નહિ

પરણું, અને ત્યારે જ તેના પ્રાણપંખીએ દેહપિંજરમાંથી મુક્તિ મેળવી...

"અહોહો! ત્રીસ–ત્રીસ વર્ષ જીવનસહચારમાં ગાળ્યાં, પણ રાણીને મારી પ્રતીતિ ન આવી! કેવું એ દુર્ભાગ્ય!...હું કોઇ અધમ આત્મા હોઈશ...તે બિચારીનો કશો દોષ નહોતો...મારા આત્માની શુદ્ધિ કરવાનું સૂચન જ તેણે મને એ રીતે કાં ન કર્યું હોય?"

(૩)

વચન પરના વિશ્વાસ ઉપરથી વચનનું મૂલ્ય આંકતુંઆંકતું ચામુંડનું મન મહાકાળેશ્વરની નર્તિકા શિવાદેવી અને તેની પુત્રી મલ્લિકાદેવી તરફ વળ્યું.

"શિવાદેવીએ બાર વર્ષે નીલકંઠના મંદિરમાં નૃત્યપૂજાનું ઋણ ઉતારવા પોતાની પુત્રીને મોકલી અને એ રીતે વચન પાળ્યું. પોતે મૃત્યુ પામી પણ વચન કાંઈ મૃત્યુ પામે છે? કેવી એ નર્તિકા અને કેવી એ માતાનું ઋણ અદા કરવા આવેલી આ મલ્લિકા!"

ચામુંડ મનમાં એ માતાપુત્રીને પ્રશંસી રહ્યો. રુદ્રમહાલયમાં બાર વર્ષ પૂર્વે નૃત્ય કરી રહેલી શિવા તે ક્ષણે તેના સ્મૃતિપટ પર આવીને ઊભી.

શિવા સુંદર હતી, યૌવનમદથી ઊભરાતી હતી, તેનો થનથનાટ અસાધારણ હતો. તે 'ઉમાનૃત્ય' ને પોતાનાં લલિત અંગોપાંગના અભિનયમાં ઉતારતી હતી, જાણે હિમાલયમાં ભગવાન શંકરને પ્રસન્ન કરવાને ખરેખર મથી રહી હોય.

તે વખતે પોતાને જે પ્રસન્નતા ઊપજેલી તે પણ અત્યારે ચામુંડને સાંભરી: "શિવા તે વખતે ખરેખરી હિમતનયા જ લાગતી હતી. કેવું લહેરાતું હતું તેના મસ્તક પરનું મયૂરપિચ્છ! તેના ઝાંઝરનો અને કટિ પર બાંધેલા ઘૂઘરાનો રણકાર, તથા તે વખતની નાની મલ્લિકાના હાથમાંની ખંજરીનો નાદ એક બીજામાં બરાબર

ભળી જતાં હતાં. શૃંગ તથા મૃદંગના નાદ એવો ભાસ કરાવતાં હતાં કે જાણે કૈલાસમાં જ નૃત્ય ચાલી રહ્યું હોય! શિવાનું એ એક નૃત્ય જોયું પણ તૃપ્તિ થઈ નહિ, ઊલટી ભૂખ જાગી. એ જ શિવા એવાં બીજાં નૃત્યો કરે એવી અભિલાષા ઊપજી, તેને પાટણ આવવા કહ્યું, પણ તેણે જવાબ આપ્યો કે પછીથી કોઇ વાર આવીશ. મહાકાળેશ્વરની નર્તિકા તો માનિની જ હોય ને!... પણ ના, તે માનિની નહોતી એમ હવે લાગે છે...તેની આજ્ઞાથી જ આ મલ્લિકા આવી છે માતાનું વચન પાળવા...શિવા એકવચની હતી તેમાં તો શંકા નહિ.

"આ મલ્લિકા પણ હવે તો તેની માતા જેવી જ સુંદર, બરાબર તેના જેવાં જ મ્હોં–નાક–આંખોવાળી, તેના જેટલી જ ઊંચી લાગે છે. જો વયે પાંચેક વર્ષ મોટી હોય તો બાર વર્ષ પર જોએલી શિવા જ લાગે! કેવી નિર્મળ ને ચપળ છે તેની બદામાકૃતિની આંખો, કેવો મધુર તેના ઓઠમાંથી નીકળતો શબ્દ, કેવી નાળ પરનાં બીડાયલા કમળ સરખી તેની હસ્તાંજલિ, અને કેવો તેના વદન પરનો નમ્ર–સ્નિગ્ધ ભાવ! આજે તે નૃત્ય કરશે ત્યારનો વળી તેનો રંગ..."

જાણે ઓચિંતો વિજળીનો આંચકો લાગ્યો હોય તેમ તેની વિચારમાળા એકદમ થોભી ગઈ. તેનું મન બળવા લાગ્યું: "અરરર!...વિકાર જાગે છે શું?...દૃષ્ટિ સમીપે નહિ હોવા છતાં હું કેવળ સૌંદર્યનું દર્શન કરું છું; શિવ, શિવ, શિવ! શાન્તમ્ પાપમ્, પ્રભો!"

(૪)

અનિષ્ટ દિશા તરફ ખેંચાઈ જતી દૃષ્ટિને ચામુંડ આંખને નીચી ઢાળીને બીજે માર્ગે વાળતો, તેમ અત્યારે તેણે યત્ન કરીને મનને બીજી દિશાએ વાળ્યું.

પૂર્વ વિચારધારાને કુંઠિત કરવા ચામુંડે મહાકાળેશ્વરનું સ્મરણ કર્યું. એ સ્મરણમાંથી તત્કાલીન માળવનરેશ સિંધુરાજ તેના ચિત્ત-પ્રદેશમાં આવીને ઊભો.

સિંધુરાજ ઉપર ચામુંડે થોડાં વર્ષો પૂર્વે વિજય મેળવ્યો હતો. ચામુંડની સેંકડો હાથીની સેનાની વાત સાંભળીને જ સિંધુરાજ લડાઇ કર્યા વિના યુદ્ધભૂમિમાંથી પાછો નાસી ગયો હતો એ તેને યાદ આવ્યું; પણ તત્ક્ષણ ચામુંડ જાગ્રત થઇ ગયો; રખેને એ વિજયનું સ્મરણ પાછું ચિત્તમાં અહંકાર જગાડે એવો તેને ભય લાગ્યો. તે ક્ષણે તેને પોતાનો વિજયસમયનો ગર્વ યાદ આવ્યો અને તેનું મન પસ્તાવાથી બળવા લાગ્યું.

એ વિજય પછી ચામુંડે સિંધુરાજ ઉપર એક શ્લોક લખી મોકલ્યો હતો: " હે * અંધ ! તું મારું હાથીદળ તો કયાંથી જોઇ શકયો હોય? પણ તું મારા હાથીઓની તીવ્ર મદગંધથી ભયભીત થઇને યુદ્ધ-ભૂમિમાંથી નાસી ગયો, તે તારી ગંધશક્તિની હું સ્તુતિ કરું છું."

એ શ્લોક અત્યારે સંભારીને ચામુંડે પોતાના મનને કહ્યું: " હે ચામુંડ ! આવા ગર્વના વેણે એ બિચારા અંધ રાજાને કેવું કષ્ટ પમાડયું હશે તેનો ખ્યાલ કર ! તે વખતે તું પોતે જ વિજયના ગર્વથી અંધ થયો હતો એમાં શંકા નથી...હે સિંધુરાજ ! હું તારી ક્ષમા યાચું છું ! મારી તે સમયની દુષ્ટતા માટે તું......"

" મહારાજ, મહારાજ !" એ ઓચિંતા સ્વરે ચામુંડની વિચાર-ધારાને અટકાવી દીધી.

" અહીં આવ, બેટા !"

સેવકની આંગળી પકડીને ચાલતો આઠેક વર્ષની વયનો ભીમ દાદાને જોતાં જ આંગળી છોડીને દોડી આવતો બોલ્યો: " મહારાજ ! હું આજ તમારી સાથે નાચ જોવા આવીશ."

" ભલે બેટા ! પણ મધરાત સુધી તું જાગીશ ?"

---

* સિંધુરાજ અંધ હતો.

"નાચ સવાર સુધી ચાલે તો હું સવાર સુધી જાગું !"

"તને નાચ જ જોવો ગમે છે, અને ભગવાનની પૂજા થતી હોય તે જોવાનું નથી ગમતું ?"

ચામુંડે નિઃશ્વાસ નાંખ્યો. નૃત્યપૂજાનું દર્શન અને ભગવાનની ભક્તિ વચ્ચેનું વિશાળ અંતર તે વખતે તેના ધ્યાનમાં આવીને ઊભું. ભીમ તો બાળક હતો, પરંતુ ભક્તિની અપેક્ષાએ કેટલાં બધાં માનવીઓ તેના જેવાં જ બાળક હતાં !

"હવે જા, બેટા ! રાત્રે તને મંદિરમાં લઇ જઇશ, હોં ! સામંત ! ભીમને સુંદર વાગો પહેરાવજે !"

"પણ મહારાજ ! સામંતને પૂછોને, તે પેલો સોનાનો કાન કેમ પહેરતો નથી ?"

સામંતને હસવું આવ્યું; પણ ચામુંડે સામંતના તૂટી ગએલા કાન સામે દષ્ટિપાત કર્યો અને તેના અંતરમાં ગ્લાનિ ઊપજી.

બેએક વર્ષ ઉપર એક વાર આંબાવાડિયામાં ચામુંડ અને ભીમ ફરવા ગએલા. સામંત સાથે હતો. ભીમ નાનકડા ધનુષ્ય ઉપર તીર ચડાવીચડાવીને નાનીનાની કેરીઓનાં લૂમખાં વીંધી નીચે પાડતો હતો અને ચામુંડ પૌત્રની તિરંદાજીથી આનંદચકિત થતો હતો. તે વખતે ચામુંડને એક તરંગ સૂઝ્યો. તેણે કેરીનું એક નાનું લૂમખું સામંતના કાનની બૂટના વેહમાં પરોવ્યું અને પછી ભીમને તે લૂમખું વીંધવા કહ્યું. ચામુંડને મન કુતૂહલ હતું, ભીમને મન રમત હતી; સામંત બિચારો સેવક હતો. તે વખતે ભીમના તીરથી કેરીના લૂમખાની સાથે સામંતનો કાન પણ તૂટીને નીચે પડ્યો અને બિચારો સામંત બૂચો થઇ ગયો.

એ કાન ગુમાવવાના બદલામાં પાછળથી ચામુંડે તેને સોનાનો કાન કરાવી આપ્યો, પરંતુ એ કાન કાંઇ થોડો જ પહેરાય છે ! એ તો કાન ગુમાવ્યા બદલની બક્ષીસ માત્ર હતી.

કુતૂહલવૃત્તિ, તરંગી મનોદશા અને નિર્દયતાથી ભરેલું એ કૃત્ય અત્યારે ચામુંડને સાંભરી આવતાં નવા પશ્ચાત્તાપની આગમાં તે પોતાના હૃદયને તપાવી રહ્યો. સામંતના બૂચા કાનનું દર્શન તેને એ કૃત્યનું વધુ ને વધુ સ્મરણ કરાવતું હતું, અને બે વર્ષ પૂર્વેના બાલિશ મનોદશાવાળા ચામુંડ ઉપર તેને ઘૃણા ઊપજાવતું હતું.

"બેટા ભીમ!" ચામુંડે ભીમને બરડે હાથ ફેરવતાં કહ્યું: "સામંતને એ સોનાનો કાન મેં પહેરવા નથી આપ્યો; મારી એ વખતની પામરતાનું એક સંભારણું મેં તેને આપ્યું છે. તેને એ કાન પહેરવાનો આગ્રહ તું ન કરીશ; માત્ર એટલું જ કહેજે કે તારા રાજાને તું ક્ષમા કરજે અને એ પામરતાનો નાશ કરવાનું બળ ભગવાન રુદ્ર તેને આપે તે માટે પ્રભુને પ્રાર્થના કરજે."

એટલું બોલતાં ચામુંડની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં; સામંત સમજી ગયો કે એ તપસ્વી રાજાના હૃદયમાં દુઃખનો ડૂમો ભરાવા લાગ્યો છે, એટલે તે તુરત ભીમનું બાવડું ઝાલીને તેને ખંડમાંથી બહાર લેતો ચાલ્યો ગયો.

પ્રકરણ ૩

નૃત્યમાં ભંગ

(૧)

રાત્રે નીલકંઠનું શિવાલય અને રાજમહાલયની પાછળનું શિવાલયનું વિશાળ આંગણું દીપમાળાથી પ્રકાશી ઊઠ્યાં. શિવાલયનો ગર્ભાગાર ચાંદીની લટકતી દીપિકાઓમાં બળતા સેંકડો દીપકોથી ઝળહળી ઊઠ્યો અને ફૂલનાં તોરણોથી શોભી રહ્યો.

દરેક માસની શિવરાત્રિએ નીલકંઠ મહાદેવની મહાપૂજા થતી, ત્યારે વધુ નહિ તો લાખેક બીલીપત્રો ચડતાં અને અખંડ રુદ્રી થતી.

બસો–પાંચસો શ્રદ્ધાળુઓ પૂજાનું દર્શન કરવા આવતા. આજે તો અવંતીના મહાકાળેશ્વરની નર્તિકાની નૃત્યપૂજા હતી. લોકોનાં ટોળે ટોળાં આવતાં હતાં, શિવાલયના આંગણામાં ઠલવાતાં હતાં અને મોડેથી આવનારાંઓને ઊભા રહેવાની પણ જગ્યા નહિ મળી શકે તેમ જોઇને કેટલાક નાસીપાસ થઇ પાછા ફરતા હતા.

લોકો બહુ વહેલા આવીને બેઠેલા, એટલે જ્યારે મહારાજ ચામુંડરાજ, તેમના કુમારો–વલ્લભરાજ, દુર્લભરાજ અને મૃત્યુ પામેલા નાગરાજનો બાલપુત્ર ભીમદેવ, કુમારોની રાણીઓ, વગેરે રાજકુટુંબ આવ્યું, તેજસિંગ અને વાવિણીદેવી આવ્યાં, બ્રહ્મચારી વૈજલ્લદેવ આવ્યા, મહામંત્રી માધવ ભટજી, બીજા મંત્રીઓ, તેમના સહચરો આવ્યા, પ્રતિષ્ઠિત તથા આસ્થાશીલ નાગરિકો આવ્યા, અને છેવટે મલ્લિકાદેવી પોતાના સાજસમાજ સાથે શિવાલયમાં આવી, ત્યારે માત્ર પ્રહર રાત્રિ જ વીતી હતી, છતાં લોકોને બહુ મોડું થઈ ગએલું લાગ્યું.

ચામુંડે ચોમેર દૃષ્ટિ ફેરવી અને જોયું કે આજે તો શિવાલયનો ગર્ભાગાર અને પ્રાંગણ બેઉ નાનાં પડે છે. નીલકંઠ મહાદેવની મહા-પૂજાને આજે મલ્લિકાએ વિખ્યાત કરી જાણીને ચામુંડ પ્રસન્ન થયો.

મહારાજ આવ્યા એટલે ચોમેર વ્યાપેલો કોલાહલ ઓછો થયો. બ્રાહ્મણોનો રુદ્રીનો ઘોષ કોલાહલમાં ડૂબી જતો હતો તે હવે કાંઇક શ્રવણગોચર થવા લાગ્યો.

બહુ વાર થઇ નહિ અને આરતી શરુ થઇ. મંદિરમાં ટાંગેલી સઘળી ઘંટાઓ અને નગારખાનું ગાજી ઊઠ્યાં. આરતી પૂરી થઇ–ન થઇ અને તુરત ઘંટારવને બદલે પ્રત્યેક મુખમાંથી સ્ફુરતું શિવસ્તુતિનું ગાન તથા હાથના તાલોટા મંદિરને ભરી દેવા લાગ્યાં.

નમામીશમીશાનનિર્વાણરૂપમ્,
વિભું વ્યાપકં બ્રહ્મવેદસ્વરૂપમ્;
અજં નિર્ગુણં નિર્વિકલ્પં નિરીહમ્
ચિદાકાશમાકાશવાસં ભજેહમ્.....

ચામુંડે જોયું કે એ શિવસ્તુતિના ગાનમાં મલ્લિકાના રૂપાળા મ્હોંનો પણ સાથ હતો.

આરતી, સ્તુતિ, એ બધું આજે રોજ કરતાં કાંઇક ત્વરાથી પતી જતું હતું.

સ્તુતિગાન પૂરું થયું એટલે માળવી પાઘડી પહેરેલા એક વૃદ્ધ પુરુષે હાથ જોડીને ચામુંડને વિનંતિ કરી: "મહારાજ! હવે નૃત્યનો સમય થયો. ગર્ભાગારનો મધ્ય ભાગ મોકળો રાખીને સૌ બેસી જાય એવી આપ આજ્ઞા કરો તો કૃપા."

"સાચી વાત છે. સૌએ હવે બેસી જવાનું." એમ કહી ચામુંડ એક બાજુએ હારબંધ પાથરી રાખેલાં મૃગચર્મો પર જઇને બેઠો, એટલે ચપોચપ બીજા પણ બેસવા લાગ્યા. ચામુંડની એક બાજુએ રાજકુટુંબ ગોઠવાયું, બીજી બાજુએ તેજસિંગ અને વાવિણી બેઠાં. મહામંત્રી, તેમના સાથીઓ અને બીજા નાગરિકો સામે બેઠા. ઇતર ભાવિકો આસપાસ દબાઇ-સંકોચાઇને બેઠા. કેટલાકો મંદિર ફરતા કઠેરા ઉપર ચડી બેઠા, કેટલાકો ગવાક્ષોમાં દબાઇ ચંપાઇને ઊભા, કેટલાકોએ પગથિયાં રોકી લીધાં; અને દૂર આંગણામાં ઊભેલાંઓના ભાગ્યમાં તો માત્ર આછું-પાંખું દર્શન જ સીલીકે રહ્યું,- તે પણ જો શિવાલયના મોટા મોટા સ્થંભો દૃષ્ટિપથમાં અંતરાય ન કરે તો.

(૨)

મલ્લિકાની સાથે આઠ માણસો હતાં. એક હતી તેની દાસી જેવી પ્રૌઢ વયની બાઇ અને બીજા સાત પુરુષો હતા. એ સાતમાંનો એક સીતારવાદન કરનારો હતો, બીજાના હાથમાં સારંગી હતી, એકે વીણા ધારણ કરી હતી, એક મૃદંગ લઇને બેઠો હતો, બે દાસ-કાઠીઓ* હતા અને એક ઘંટાતરંગકાર હતો. પેલો માળવી

* સીસમના લાકડાની બે નાની પટ્ટિકાઓને તેની વચ્ચે આંગળી રાખીને બજાવનારા, જેઓ પુરી અને ભુવનેશ્વરની બાજુએ વસતા.

વૃદ્ધ એ સર્વનો મુખ્ય પુરુષ-આચાર્ય હોય એમ જણાતું હતું. તેઓ બધા હારબંધ અર્ધગોળાકારે પોતપોતાનાં વાદિત્રો સાથે બેઠા, ત્યારે ચામુંડને મલ્લિકાના વૈભવનો ખ્યાલ આવ્યો. તેની માતા શિવાની સાથે માત્ર બે જ માણસો હતા, અને મલ્લિકાની સાથે સાત તો સાજિંદા હતા !

વાદનકારોએ વાદન શરુ કર્યું એટલે લોકોનો ગણગણાટ શમી ગયો. આચાર્યે શિવસ્તુતિનો એક શ્લોક બોલવા માંડ્યો તથા વાદન-કારોએ વાદ્યોના સંમિશ્ર સ્વરોમાં ઊતારવા માંડ્યો, એટલે શાંતિ છવાઇ ગઇ. એ શાંત વાતાવરણમાં કાલિંગડાની સ્વરાવલિ આંદોલિત થવા લાગી.

સ્તુતિનો શ્લોક પૂરો થયો પણ સ્વરાવલિ તો એકસરખી રીતે ચાલુ જ રહી. વાતાવરણ સ્વરમય બની ગયું. વાદ્યોનો સ્વરસંવાદ શ્રોતાઓના ચિત્તમાં પેસીને ચિત્તને આંદોલિત કરવા લાગ્યો.

તે ક્ષણે સ્વરાવલિ સાથે સંવાદ સાધતો ચાંદીની ઘૂઘરીઓનો મંજુલ રણકાર જાગ્યો, અને અત્યારસુધી દૃષ્ટિને નીચી ઢાળી માત્ર કર્ણપુટ વડે સ્વરસંગીતનું પાન કરતા ચામુંડે દૃષ્ટિને ઊંચી કરી.

મલ્લિકા પગ વડે સ્વર તથા તાલનો સાથ કરતી ગર્ભાગારની મધ્યમાં આવી ગઇ હતી. ચામુંડ તેને નિરખી રહ્યો. પગમાં ચાંદીની ઘૂઘરીવાળાં નુપૂર સિવાય બીજા કશા ધાતુના અલંકારો તેના શરીર પર નહોતા. તેણે કમળવેલની કટીમેખલા બનાવી હતી, છૂટી લટકતી વેણીમાં કેતકીપત્રો ગૂંથ્યાં હતાં, હાથ ઉપર મોગરાની કળીઓનાં કંકણ પહેર્યાં હતાં, કાનમાં પારિજાતકનાં કર્ણફૂલ હતાં, અને ગળામાં બોરસલીની માળા હતી.

બીલીપત્રોના ઢગથી ઘેરાયલા નીલરંગી બાણનો ટોચનો ભાગ ખુલ્લો હતો, તેમાં દીવાનાં તેજ પ્રતિબિંબિત થઇને નાચતાં હતાં; મલ્લિકા હાથ જોડી, નુપૂરના ઝંકારથી સંગીતમાં તાલ પૂરતી, જાણે એક ધ્યાને મૌન પ્રાર્થના કરતી ઊભી રહી હતી.

સ્વરાવલિ અને તાલની સાથે સંવાદ સાધતી, માત્ર પગનો જ ઠેકો મારતી મલ્લિકા જાણે એક યાંત્રિક પૂતળી હોય, તેમ તેણે કેટલીય વાર સુધી પોતાની બીડાયલા કમળ સમી કરસંપુટમયી મુદ્રાને સ્થિર રાખી. સૌનાં ધ્યાન એની તરફ જ આકર્ષાઈ રહ્યાં. કેવું અનેરું તે નૃત્ય કરશે એ જોવા–જાણવા સૌ ઉત્કંઠ બની રહ્યા.

વાદિત્રોના સૂર ધીરે ધીરે આરોહ પામવા લાગ્યા. મલ્લિકાના પાદદ્વયની ગતિ વધવા લાગી. મૃદંગના તાલે વેગ પકડ્યો અને મલ્લિકાના વદનમાંથી ઓચિંતા અટ્ટ હાસ્યનાં જાણે પુષ્પ વેરાયાં : એ હાસ્યધ્વનિમાં પણ મૃદંગની થાપ સાથેનો તાલબદ્ધ સંવાદ હતો!

સૌ ચમક્યા : આ હાસ્ય શાનું ?

એ હાસ્ય પણ નૃત્યનું જ અંગ હતું એ સમજાતાં વાર લાગી નહિ.

મલ્લિકાના અધર પર નિર્વ્યાજ હાસ્ય રમતું હતું, જાણે તે આનંદની લહેરે ચડી હોય. એ હાસ્ય સમેત તેણે પગની સાથે બાહુ-દંડોને પણ અભિનયમાં જોડ્યા, મસ્તકની પાછળ છૂટી લટકતી વેણીને શિવની જટાની પેઠે મસ્તક પર બાંધી, કમળવેલની કટિમેખ-લાને ગળામાં ધારણ કરી, પગના ઠેકામાં નારીવત્ મૃદુતાને સ્થાને પૌરુષનો આવેગ દાખવવા માંડ્યો...

અને તત્ક્ષણ આચાર્યના ગાનનો પ્રારંભ થયો:

વેણીબંધ તણી કરી શિવજટા,
ને ચંદને ચર્ચિતા,
ભાલે કેતકીપત્ર રેખ શશીની,
કંઠે ફણીવત્ લતા...

હવે સમજાયું : મલ્લિકા કુમારી પાર્વતી બની હતી અને ભગવાન શંકરનો સ્વાંગ ભજવતી હતી!

તે હસતી હતી, ક્ષણભર ગંભીર–પ્રભાવશીલ મુખમુદ્રા ધારણ કરતી પણ પાછી હસી જતી હતી, પૌરુષનો અભિનય કરતી હતી, ધમ્ધમ્ ચાલતી હતી, અને નાચ્યે જતી હતી.

ગાન આગળ વધતું હતું અને નૃત્ય સ્ફુટ થઇ પ્રેક્ષકોનાં અંતરને આનંદભરિત કરતું હતું :

સાહેલી સમીપે વિનોદથી કરે
એવી શિવાનુકૃતિ,
એ ક્રીડા કરતી, સદાય સહુનું
શ્રેયસ્ કરો પાર્વતી !

'શ્રેયસ્ કરો પાર્વતી' નું ઉચ્ચારણ પૂરું થતાં લોકોએ ઉલ્લાસપૂર્વક ઘોષ કર્યો: "નીલકંઠ મહાદેવકી જે...હર હર મહાદે...વ!"

પરિણય પૂર્વેનો પાર્વતીનો વિનોદપૂર્ણ ક્રીડાભિનય ચામુંડે જોયો અને લલિતાંગિની મલ્લિકા તેને કુમારી પાર્વતી જ ભાસી.

નૃત્ય ચાલુ રહ્યું અને હવે મલ્લિકાએ સ્વાંગ બદલવા માંડયો. તેણે જટા છોડી નાંખી અને વેણી પાછી પીઠ પર સરતી લટકવા લાગી. તેણે પૌરુષનો ભાવ શમાવ્યો અને તુરત આંદોલિત થતાં અંગો કોમળ રોમાંચ દાખવવા લાગ્યાં; આંખો ચંચળતા અને વદન ઉત્સુકતા સ્ફુરાવવા લાગ્યું; પગના અંગૂઠા ઉપર ઊભી રહીરહીને તે કાંઇ જોવા લાગી અને નીચી નમીનમીને આગળ ડગ ભરવા લાગી.

આચાર્યનું ગાન જેમ જેમ વાધ્યું તેમ તેમ તેના નૃત્યના ભાવો સ્ફુટ થવા લાગ્યા :

અંગૂઠે રહીને ઊભી, સ્તન તણા–
ભારે વિનમ્રા થતી,
સ્વામીનાં નયનાંબુજો નિરખવા
ઊંચી થતી હર્ષથી;
અંતરમાં શરમાતી ને પુલકતી,
રોમાંચથી કંપતી...

અને જાણે ખરેખર સ્વામીનું દૂર–દૂર દર્શન થયું હોય, તેથી તેના રોમેરોમે આનંદ નર્તતો હોય, એ આનંદનર્તનને છુપાવવા તેની લજ્જાલુતા મથતી હોય, ચંચળ આંખોમાં ભક્તિની નમ્રતા પથરાતી હોય, ભક્તિભાવની અંજલિ સમર્પવાને કાંઇ સાધન શોધવા

વ્યાકુળ થતી હોય, છેવટે પોતાના કંઠમાંની કમળવેલ અને બોરસલીની પુષ્પમાળા સાંભરી આવતાં તેને તડાતડ તોડીને...

દૂરે ઊર્મી ઉછાળતી કુસુમની–
પ્રેમાંજલિ અર્પતી !

અને સ્વામીને પુષ્પોથી વધાવ્યા પછી મલ્લિકાના પાર્વતીભાવમાંથી જાણે અપૂર્વ આનંદના ફુવારા ઊડી રહ્યા.

એક વાર ફરીથી લોકોએ નીલકંઠ મહાદેવનો જયઘોષ ગજાવ્યો.

ચામુંડ ચોપાસ જોઇ રહ્યો. સૌ કોઇ નૃત્યદર્શનમાં જ લીન બની ગયા હતા. દરેકના વદન પર આનંદ છવાઇ ગયો હતો અને આંખોમાં મસ્તી જામી ગઇ હતી. એ લોકસમુદાયમાં બે વ્યક્તિઓમાં તેણે નવીનતા જોઇ : માધવ ભટ્ટ દષ્ટિને કેવળ નીચી જ ઢાળીને બેઠા હતા અને નૃત્ય જોઇ રહેલી બ્રહ્મચારી વૈજલ્લદેવની ખુલ્લી આંખોમાં નિર્મળ આનંદ હતો : એવો આનંદ બાળક ભીમની આંખો સિવાય બીજી કોઇ આંખોમાં તેણે ન જોયો.

ગાન આગળ વધતું હતું, નૃત્ય ચાલ્યા કરતું હતું. કુમારી અને પરિણયોત્સુક પાર્વતીનાં નૃત્યાભિનયોની પછી પરિણયસમયના પાર્વતીના મનોભાવો હવે નૃત્ય દ્વારા સાક્ષાત્કાર પામતા હતા.

શાથી સ્વેદ તને વળે પ્રિયતમા ?
નેત્રાગ્નિથી આપના,
ધ્રૂજે આટલું શાથી ચંદ્રવદની ?
બીહું ભયે સાપના.

પ્રેક્ષકોના હાથ નૃત્યના તાલ સાથે અશ્રાવ્ય તાલ પુરાવતા હતા, મસ્તકો ડોલતાં હતાં, આંખો નાચતી હતી.

ચામુંડની આંખોએ નૃત્ય જોવાનું તો કયારનુંય બંધ કરી દીધું હતું. તે ચોપાસ પ્રેક્ષકોનાં વદન જ માત્ર જોતો હતો. નૃત્યના પ્રારંભમાં પાર્વતીનો કૌમારભાવ તેણે બરાબર જોયો હતો, તેને મલ્લિકા તેની માતા કરતાં વધારે સુંદર, વધારે કલાનિષ્ણાત, વધારે

ચતુર લાગી હતી; પરન્તુ ત્યારપછી તેણે કશું જોયું નહોતું–સાંભળ્યું પણ નહોતું. તેનાં આંખ–કાન ખુલ્લાં હતાં, પરન્તુ એ ઇંદ્રિયોનો વ્યાપાર બંધ થઇ ગયો હતો. તે જોઇ રહ્યો હતો કે આ નૃત્ય જોનારાઓમાં માત્ર બે વ્યક્તિઓ સિવાયની બીજી બધી વ્યક્તિઓ મલ્લિકાને ઇશ્વરીરૂપે નહિ–ભક્તિભાવે નહિ, માત્ર સુંદરીરૂપે–કામુક ભાવે જોઇ રહી હતી, અને તેથી તે વ્યાકુળ બની રહ્યો હતો.

ચામુંડે મલ્લિકા સામે જોયું : તે ઢળેલી આંખે રોમાંચ દાખવતી હતી અને પછી આંખો ઊંચી કરીને જાણે સ્વામીના વદનને પુનઃપુનઃ જોતાં નૃત્ય કરતી હતી.

ને રોમાંચિત કેમ થાય ? ભગવન્ !
ગંગા તણા સીકરે !
ગૌરી ગોપવતી પતિથી મનના ભાવો,
મુદે......

એ જ ક્ષણે પ્રેક્ષકોમાંથી કોઇએ છૂટાં પુષ્પોની અંજલિ મલ્લિકાના દેહ ઉપર ફેંકી, ચામુંડ ચમક્યો, તેણે ક્રોધાવિષ્ટ થઈ ગર્જના કરી :

" નૃત્ય બંધ કરો ! "

મલ્લિકા એકદમ ભયભીત થતી સ્થિર બની ગઇ, વાદ્યો બંધ થઇ ગયાં, ગાન અટકી ગયું, સૌ કોઇ રાજા ભણી દૃષ્ટિ કરી રહ્યા; ચામુંડ સ્વસ્થાનેથી એકદમ ઊભો થઇ ગયો; તેની ભ્રૂકુટિ પર ક્રોધ મૂર્તિમંત બનીને ચડી બેઠેલો જણાતો હતો, પરંતુ ક્રોધને આવરવાને એક શબ્દ પણ બોલ્યા વિના તે ત્યાંથી ચાલતો થઈ ગયો.

એ રીતે નૃત્યમાં ભંગ પડ્યો. સૌ કોઇ ચકિત બની ગયા. કોઇએ ફૂલ ફેંક્યાં અને રાજાએ નૃત્ય બંધ કરાવ્યું તે ઉપરથી કોણે ફૂલ ફેંક્યાં તે જાણવા લોકો માંહોમાંહે પૃચ્છા કરવા લાગ્યા, પણ તેનો પત્તો લાગ્યો નહિ.

ઘોંઘાટ પ્રસરી ગયો. લોકો જેમ જેમ વેરાવા લાગ્યા, તેમ તેમ ઘોંઘાટ શમવા લાગ્યો. નૃત્યમાં રાજાએ શાથી ભંગ પાડ્યો તે વિષે લોકો તરેહતરેહની અટકળો કરવા લાગ્યા.

કોઇએ માન્યું કે એ નૃત્ય જ મહારાજને ગમ્યું નહિ; કોઇ કહેતું કે ભગવાન રુદ્રને બદલે એક નર્તિકાને કોઈએ ફૂલે વધાવવાથી ભગવાનની અભક્તિ થએલી માનીને મહારાજે નૃત્ય બંધ કરાવ્યું; કોઇ એમ સમજતું હતું કે નર્તિકાની કામણગારી આંખોને તપસ્વી ચામુંડદેવ પોતા માટે ભયંકર માનતા હોવા જોઇએ; કેટલાકોનો એવો અભિપ્રાય હતો કે પ્રેક્ષકોમાં કોઇક માણસ એવો હતો કે જેની સામે જોઇને મલ્લિકા વારંવાર કટાક્ષ ફેંકતી હતી તે મહારાજના જોવામાં આવી ગયું હોવું જોઇએ.

▲ ▲ ▲

પ્રકરણ ૪

▲ ▲

તેજસિંગ અને વાવિણીદેવી

▲

(૧)

મધરાત થવા આવી હતી. ટાઢનો ચમકારો પ્રસર્યો હતો. લોકો શિવાલયમાંથી ટોળાબંધ નીકળીને ટાઢે સમસમતાં ઘર ભણી જતા હતા અને સૌ નૃત્યમાં પડેલા ભંગની જ વાતો કરતા હતા. તેજસિંગ અને વાવિણીદેવી લોકોની વાતો સાંભળતાં, એક મશાલચીની પાછળ પાછળ પોતાના નિવાસસ્થાન પ્રતિ જતાં હતાં.

ડહેલીમાં પેસતાં જ તેજસિંગ બોલ્યો: "જોયા મહારાજના ઢંગ? બિચારા લોકો નાસીપાસ થઈ ગયા."

"પણ એ ફૂલ ફેંક્યાં કોણે?" દાદર ચડીને શય્યાખંડ તરફ જતાં વાવિણીએ સ્વામીને પૂછ્યું.

તેજસિંગે જવાબ આપ્યો: "ફૂલ ગમે તેણે ફેંક્યાં હોય, તેથી શું થયું? મારી પાસે ફૂલ હોત, તો મેંય ફેંક્યાં હોત, એટલું સરસ તેનું નૃત્ય હતું."

"એ તો હું તમને સારી પેઠે ઓળખું છું. જો તમે મારી બાજુએ જ ન બેઠા હોત અને પાછળ લોકોના ટોળામાં ઊભા હોત તો હું એવું જ અનુમાન કરત કે એ તમારું કામ છે. પણ ભગવાનની નૃત્યપૂજા ચાલતી હોય ત્યારે તમે એ નર્તિકાને ફૂલે વધાવો તો એવી અભક્તિ મારાથી ય જોઈ ન જાય, સમજ્યા? મહારાજે તેથી ખિન્ન થઇને નૃત્ય બંધ કરાવ્યું તેમાં કશુંય ખોટું નથી કર્યું...."

"એટલે તું શું એમ માને છે કે એથી જ મહારાજ ક્રોધાવિષ્ટ થયા હતા?"

"હા, અને લોકો પણ એમ જ માને છે તે શું તમે માર્ગમાં ન સાંભળ્યું?"

"સાંભળ્યું, પણ લોકો જેવા મૂર્ખ છે એવી તુંય મૂર્ખ હોઇશ, તેવી મને ખબર નહોતી."

"ત્યારે તમે શું માનો છો?"

"મહારાજને એક ભૂત વળગ્યું છે, તે અત્યારે જાગી ઊઠયું હશે, બીજું વળી શું?"

"એટલે?"

"નર્તિકાનું નૃત્ય જોઇને તેમના મનના ભૂતને લાગ્યું હશે કે પોતામાં વિકાર જાગે છે, એટલે તેમણે તે બંધ કરાવી દીધું! તેમનો મનોવિકાર જાગતો હતો તો તેમણે ઊઠીને મૂગામૂગા ચાલ્યા જવું'તું, પણ એવું સરસ નૃત્ય બંધ કરાવવાની શી જરૂર હતી? લોકો નાસીપાસ થયા, નર્તિકા પોતે પણ છોભીલી પડી ગઈ, અને તેં જોયું નહોતું કે તેમની ગર્જના સાંભળીને તે બિચારી કેવી ધ્રૂજી ગઇ હતી?"

"તમને તો મહારાજની નિંદામાં જ રસ પડે છે. જ્યારે ને ત્યારે તેમની તપશ્ચર્યાને તમે વખોડયા જ કરો છો. મને એવું સાંભળવું ગમતું નથી."

વાવિણીની ભ્રૂકુટિ ચડેલી જોઇને તેજસિંગ હસી પડયોઃ "એમાં માઠું લાગી ગયું?"

"માઠું ન લાગે? તે બિચારા કેટલું કષ્ટ વેઠે છે, કેવી પ્રભુ-ભક્તિ કરે છે, છતાં જાણે તે તમારી ગણત્રીમાં જ નથી. તમે એક દિવસ તો કાષ્ટની શય્યા પર એક કામળી નાંખીને સૂઈ જુઓ, પછી તમને ખબર પડે!"

તેજસિંગ ખૂબ હસ્યો અને બોલ્યો: "નરમ મજાની તળાઈ છોડીને હું શામાટે એવી રીતે સૂઈ રહું? મારે જો મહારાજની પેઠે સૂવું હોય, નીરસ ભોજન કરવું હોય, ધ્યાન–ચિંતનમાં રાતદિવસ ગાળવાં હોય, મનનાં ભૂતોને મનાવવાને તરેહતરેહનાં દેહદમન કરવાં હોય, તો હું ઘર છોડીને વનમાં ચાલ્યો જઉં, વલ્કલ પહેરું, વનફળ ખાઉં, અને એક પર્ણકુટી બાંધીને તેમાં ભોંયે સૂઈ રહું. પણ મહારાજની પેઠે રાજમહેલમાં રહીને સંન્યાસી જીવન ગાળવાનાં ફાંફાં ન મારું, સમજી?"

"વનમાં જઈને રહેવું અને સંન્યાસી જીવન ગાળવું એ તો સહેલું ને સટ છે; પણ રાજાધર્મની કાજળની કોટડીમાં વસીને ઊજળા રહેવું એમાં જ પ્રબળ પુરુષાર્થની જરૂર પડે છે, સમજ્યા? મારા પિતાજી કેવા પુરુષાર્થી હતા તે મારા ભાઈ જાણે છે અને તેથી જ તે તેમને પગલેપગલે ચાલે છે; એમાં એ ખોટું શું કરે છે?"

"મૂળરાજદેવની વાત જુદી છે. ક્યાં મૂળરાજદેવ અને ક્યાં ચામુંડરાજ! પિતાના પેંગડામાં પગ ઘાલવો એ તેમનું ગજું નથી."

"જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ! તમારાથી કશુંય થઈ શકે નહિ, એટલે જાણે બીજા કોઈથી વ્રત–તપ કાંઈ થઇ શકે જ નહિ, એમ ને? તમારા જેવા નાસ્તિક તો દુનિયામાં કોઇ નહિ હોય."

તેજસિંગ હસ્યો, એટલે વાવિણી વધારે ચ્હીડાઈ.

"એમાં હસો છો શાના? આજે તમે બહાર ઓસરીમાં સૂઈ રહો, અને લ્યો, આ કામળી પાથરજો!" વાવિણીએ સ્વામીના શરીર પર કામળી ફેંકતાં કહ્યું: "જરા ખબર તો પડે કે ભૂમિશય્યા કેવી હોય છે, અને તપશ્ચર્યા કરવી એ બાળકની રમત નથી."

"પણ હું કબૂલ કરું છું કે તપશ્ચર્યા કરવી એ બાળકની રમત નથી; પછી કાંઈ છે?" તેજસિંગે હસતાં હસતાં કહ્યું.

"ના, એવી લુખ્ખી કબૂલાત મને નથી જોઈતી. એક વાર અનુભવ તો કરી જુઓ! લાવો એ કામળી."

વાવિણીએ સ્વામીના હાથમાંથી કામળી ખૂંચવી લીધી અને શય્યાખંડની બહાર નીકળીને ઓસરીમાં તે પાથરી આપી. તેજસિંગ હસતો હસતો તેની પાસે આવીને બોલ્યો: "આજે મને શિક્ષા કરવી છે?"

"હા!" કહેતી વાવિણી પાછી ઓરડામાં પેસી ગઈ અને તેણે શય્યાખંડનાં દ્વાર ધડાધડ બંધ કરીને સાંકળ ભીડી દીધી.

(૨)

વાવિણી પાંત્રીસેક વર્ષની વયની હતી અને તેજસિંગ તેનાથી ત્રણ–ચાર વર્ષે મોટો હતો. મૂળરાજદેવે વાવિણીને ચંદ્રાવતી કે નડૂલના રાજવંશમાં જ પરણાવી હોત, પરંતુ વાવિણીની ઇચ્છા તેજસિંગને જ પરણવાની હતી, એટલે પછી મૂળરાજ પુત્રીની ઇચ્છાને અનુકૂળ થયો હતો. તેજસિંગ એક વખતના ભૃગુકચ્છના દુર્ગપાલ ઝંઝણનો પુત્ર હતો, સામાન્ય રાજપૂત હતો–રાજવંશી નહોતો, ભૃગુકચ્છથી ચામુંડના એક અંગરક્ષક તરીકે પાટણમાં આવ્યો હતો; પરન્તુ તેણે સોળ વર્ષની નાની વયે કરેલા એક ચતુરાઈભર્યા પરાક્રમની વાત વાવિણીએ સાંભળી હતી, ત્યારથી તેનું મન તેજ-સિંગમાં જ લુબ્ધ બની ગયું હતું.

ભૃગુકચ્છના રાજગઢની આસપાસ જ્યારે તૈલંગણના સૈનિકો અને પટણી સૈનિકો વચ્ચે રાતને વખતે યુદ્ધ ચાલતું હતું ત્યારે તેજસિંગે રાજગઢની બારીઓમાં રહેરહે તૈલંગણના સૈનિકો ઉપર કાપડના સળગતા ગોટાઓનો મારો ચલાવીને તેમને નાસવાની સ્થિતિમાં મૂકી દીધા હતા. એ ગોટાના અજવાળાએ પટણીઓને શત્રુના સૈનિકોને પકડી લેવાની અનુકૂળતા પણ કરી આપી હતી.

નાના તેજસિંગની એ સમયસૂચકતા અને ચતુરાઈથી ચામુંડ એટલો પ્રસન્ન થયો હતો કે તેણે તેજસિંગને પોતાના અંગરક્ષક તરીકે રાખીને પાટણમાં આણ્યો હતો. ત્યારપછી થોડે વર્ષે વાવિણી અને તેજસિંગનું લગ્ન થયું હતું.

તેજસિંગ ચતુર હતો, શાણો હતો, બહાદુર હતો અને તેના બાપ જેવો લહેરી પણ હતો. તેને મોજ કરવી બહુ ગમતી. પરંતુ કોઈ કામનો ભાર માથે આવે ત્યારે એ કામમાં જ તે રચ્યોપચ્યો રહેતો અને બીજું બધું ભૂલી જતો. માળવા ઉપર જ્યારે ચામુંડે આક્રમણ કર્યું હતું ત્યારે તેજસિંગને સેનામાં પાંચ હજાર સૈનિકોની સરદારી સોંપી હતી; પરન્તુ સિંધુરાજ લડચા વિના પાછો જતો રહ્યો, તેણે પરાજય સ્વીકારીને ચામુંડને નજરાણું મોકલ્યું, અને એવી રીતે યુદ્ધ થયું જ નહિ. પછી સેનાને કશી કામગીરી બજાવવાની રહી નહિ, પાટણ તરફ માત્ર પાછા ફરવાનું જ બાકી રહ્યું; સેના સાથે ધૂળ ખાતાં પાછો પ્રવાસ કરવા ઉપર તેજસિંગને કંટાળો આવ્યો, એટલે તે તબિયત નરમ હોવાનું બહાનું કાઢીને એકદમ પાટણ ભેગો થઈ ગયો!

એક વાર શ્રીસ્થળ પરગણાનો રાજભાગ ઊઘરાવવા ચામુંડે તેજસિંગને મોકલેલો, ત્યારે એક મહિના સુધી એ કામ પહોંચ્યું હતું, પરન્તુ એ બધા વખત દરમિયાન તેજસિંગ દિવસ શ્રીસ્થળમાં ગાળતો, સાંજે ઘોડે બેસી પાટણ આવતો અને મળસ્કે ઊઠીને પાછો મારતે ઘોડે શ્રીસ્થળમાં કામગીરી પર હાજર થઈ જતો. વાવિણીને તે કહેતો: "તારો પ્રેમ મને અહીં ખેંચી લાવે છે." લોકોને તે કહેતો: "ખાવાનું અમે તે મળે તેની ચિંતા નહિ, પણ સૂવાનું સ્થળ તો પૂરેપૂરું આરામવાળું ન હોય તો હું માંદો પડી જઉં." પછી તો સ્વામીની આ રોજિંદી આવજાથી વાવિણી પણ મનમાં શરમાતી અને સ્વામીને કહેતી: "આ રોજની દોડાદોડ હવે છોડી દો, કામ પૂરું થયે જ આવજો." પણ તેજસિંગને એ ફાવતું નહિ—ગમતું પણ નહિ.

ત્યારપછી તેજસિંગ-વાવિણીને એક પુત્ર અને એક પુત્રી થયાં હતાં; પુત્ર નવ વર્ષનો હતો, પુત્રી ૭ વર્ષની હતી.

(૩)

વાવિણીનો મીઠો પ્રેમ રોષમાં પલટાઇને આજે પોતાને આકરી તપશ્ચર્યાનું સેવન કરાવવા માંગતો હતો, એમ જોઇને તેજસિંગ મનમાં હસતો હતો. હા, એ તપશ્ચર્યા એવડી આકરી હતી: એક તો પૂરા આરામથી સૂવાની ટેવવાળા તેજસિંગને જૈન સાધુની પેઠે ભોંયે એક કામળીની પથારી પર સૂવાનું હતું, અને બીજું, પ્રેમાળ પત્ની નજીકમાં હોવા છતાં તે જાણે દૂર પડી હોય તેમ માનીને પોતાને તરફડવાનું હતું—એકલાં આળોટવાનું હતું. વિદેશવાસ સારો, તેથી વેઠવો પડતો વિરહ પણ સારો, પરન્તુ આવી રીતે પૃથક્ શય્યા પર સૂવું એ તો કેમ વેઠયું જાય?

વાવિણીના રોષ પર હસતો તેજસિંગ કામળીની પથારી પર સૂતો ખરો, પણ જેમ જેમ સમય જવા લાગ્યો તેમ તેમ તરફડાટ વધવા લાગ્યો. ઊંઘવાને ફાંફાં મારતાં મલ્લિકાની દેહલતાના અભિનય, તેના ભ્રૂભંગ અને તેની કમળશી હસ્તાંજલિ સ્મરણમાં આવીને ઊભાં રહેતાં. તેનું વિકસિત કમળ સરખું વદન તેજસિંગનાં માનસચક્ષુઓ સમીપે વારંવાર આવવા લાગ્યું. આવી સુંદર અને કલાનિપુણ તરુણી મહાકાલેશ્વરની નર્તિકા બનીને કેમ તારુણ્યને વણસાડી રહી હશે તેનો તેને વિચાર આવવા લાગ્યો. મહારાજની ગર્જના પછીની તેની કંપારીમાંથી વ્યક્ત થતો મનોભંગ તેજસિંગની અનુકંપા જાગ્રત કરવા લાગ્યો અને મહારાજ પ્રતિ ક્રોધ ઊપજાવવા લાગ્યો. આમ તેનું મન ચકડોળે ચડયું અને ઊંઘ દૂર ને દૂર જ રહેવા લાગી.

વારંવાર પાસાં બદલવા છતાં ઊંઘ ન જ આવતી એટલે તે વાવિણી પર ગુસ્સે થતો, અધીરો થઇ જતો, અકળાઇ જતો અને અત્યારસુધી આને પ્રણયકલહ માનતો તેજસિંગ હવે વાવિણી સાથે સાચો કલહ આદરવા માટે ઉશ્કેરાઇ જતો.

પણ તે પુનઃપુનઃ મન ઉપર કાબૂ સ્થાપતો. પત્નીને તે પિછાણતો હતો. વાવિણી પોતાને લાંબો વખત તપસ્યા સેવવા દેવાની હિંમત ચલાવી શકશે નહિ, પોતાની મેળે જ બારણું ખોલીને અંદર બોલાવી લેશે, પોતાની હાર અને સ્વામીની જીત સ્વીકારી લેશે અને તે વખતે પોતે માનભેર શય્યાખંડમાં પ્રવેશ કરશે એવી તેજસિંગને ખાત્રી હતી.

થોડી વાર તે સ્વસ્થ પડી રહ્યો, પછી તેણે જોરથી નસકોરાં બોલાવવા માંડયાં, જેથી વાવિણી જાણે કે તેજસિંગ ઘસઘસાટ ઊંઘે છે. પણ એ ઘસઘસાટ થોડી ક્ષણો ચાલ્યો, ત્યાં તો વાવિણીનું ખડખડાટ હસવું તેજસિંગને કાને પડ્યું. તેને પોતાની નિષ્ફળ કરામત માટે મનમાં શરમ આવી.

વાવિણીનું હાસ્ય એ પોતાની હાંસી હતી એમાં તેજસિંગને શંકા નહોતી. ભૂમિશય્યા પર પડ્યો પડ્યો પોતે કેવો કષ્ટાય છે, ઊંઘ ન આવવા છતાં નસકોરાં બોલાવીને ઊંઘવાનો ઢોંગ કરે છે, તે જાણીને જ વાવિણીને હાંસી કરવાનું સૂઝ્યું હતું, પણ પોતે નિર્બળ મનનો નથી—સુખાળવો નથી, એની વાવિણીને ખાત્રી કરી આપવાનો તેણે તુરત દૃઢ નિશ્ચય કર્યો અને ડાબે પડખે સૂઈ નિદ્રાને નોતરવાનો યત્ન આરંભ્યો.

એટલામાં બારીમાંથી પવનનો સુસવાટો આવ્યો અને તેજસિંગ ટાઢથી ધ્રૂજી ગયો. હવે કાંઇક ઓઢવાનું જોઇશે એમ તેને લાગ્યું. દાસીને જગાડીને તેની પાસે રજાઇ કે કામળી મંગાવવાનો વિચાર તેણે કર્યો, પરંતુ એથી તો વાવિણી વધારે હાંસી કરે. તેણે ઊઠીને બારી બંધ કરી, અર્ધી કામળીને પાથરેલી રાખી અને અર્ધી શરીરે ઓઢી, પણ તેથી તો માત્ર અર્ધું શરીર ઢંકાયું.

થોડી ક્ષણો ગઇ અને ઓરડાનું બારણું ઓચિંતું ઊઘડ્યું. અંદરથી વાવિણીએ બીજી કામળી ફેંકી તે તેજસિંગના શરીર પર

પડી. તેજસિંગ સફાળો ઊઠચો અને વાવિણી દ્વાર પાછું બંધ કરી દે તે પહેલાં તો તે અંદર પેસી જઈને ખડખડાટ હસી પડચો.

"કેમ પાછા અંદર ઘૂસ્યા? જાઓને, એકાદ રાત તો ભોંયે સૂઈ જુઓ!"

"એમાં શી મોટી વાત છે? આટલી સખ્ત ટાઢ ન હોત તો જરૂર હું આખી રાત સૂઈ રહ્યો હોત!"

"હજી શેખી કરો છો? ટાઢ વાતી હતી તે જાણીને તો મેં ઓઢવાની કામળી આપી છે, કહો તો રજાઈ આપું!"

"પણ એથી કંઇ હૂંફ વળે? હૂંફ તો તારા પાસામાં......" એમ કહેતોક તેજસિંગ વાવિણીનો બાહુ ખેંચીને તેને પણ સાથે લેતો પલંગમાં પડચો અને બેઉ ઝડપથી રજાઈમાં લપેટાઈ ગયાં.

(૪)

મળસ્કે વાવિણી જાગી ગઈ ત્યારે તેજસિંગ શાન્ત નિદ્રા લઈ રહ્યો હતો. વાવિણીએ ઊઠીને સ્વામીના શરીરને રજાઈથી સારી પેઠે ઢાંકયું અને પછી બારી ઉઘાડી. બારીમાંથી અરુણના રક્ત પ્રકાશનો ધોધ ધસી આવ્યો અને તેજસિંગના વદનમંડળ પર પથરાઈ ગયો.

વાવિણી સ્થિર ઊભી રહીને એ વદનમંડળને નિરખી રહી. તેને રાત્રિનો પ્રસંગ સાંભર્યો. પ્રણયકલહમાં પોતાનો વિજય થયો હતો તેથી તેનું મ્હોં મલકી ગયું.

પણ સ્વામીની પ્રણયચેષ્ટા કોઈ કોઈ વાર તેને કંટાળો આપતી હતી. અત્યારે પણ તેને કંટાળો વછૂટચો અને તે ઊંઘતા સ્વામીના વદન પર જોઈ રહીને જાણે મૌન ઠપકો આપી રહી: "તમે અને હું હવે કાંઈ નાનાં છીએ? હવે તો ઊતરતાં યૌવન થયાં, તોય તમને ખરપત થતી નથી? હજીય તમે મન વાળતાં શીખ્યા નહિ, અને માનો છો કે જાણે તમને નિત્યયૌવન વર્યું હોય! દૈવયોગે મારું મૃત્યુ થશે તો તમારું શું થશે?"

પલ્લવીદેવીની મૃત્યુશય્યા, ચામુંડે ફરીથી નહિ પરણવાની લીધેલી પ્રતિજ્ઞા અને એ પ્રતિજ્ઞાનું પાલન કરતાં તેણે આદરેલી તપશ્ચર્યા, એ બધું અત્યારે વાવિણીને સાંભરી આવ્યું.

"ના, ના, મારા સ્વામીને હું એવી પ્રતિજ્ઞા નહિ લેવરાવું, પ્રતિજ્ઞા લેશે તોપણ હું નહિ લેવા દઉં. હું તો તેમને મારી મૃત્યુ-શય્યા સમક્ષ બીજી સ્ત્રી પરણાવીને પછી જ મરીશ...તે બિચારા સુખાળવા જીવ છે, મનનું કષ્ટ વેઠી શકે તેવા નથી, એકલા પડતાં બેચેન જેવા થઇ જાય છે...સમજું છું કે તે એમની નિર્બળતા છે, મહારાજ જેવું મનોબળ તેમનામાં નથી, પણ એ બળ હવે કાંઈ થોડું જ આવવાનું છે!...પ્રકૃતિ પર જય મેળવવો એ ખરેખર દુષ્કર છે......"

વાવિણીએ પલંગની પાસે જઇને તેજસિંગના કપાળ પરનાં જુલ્ફાં બાજુએ વાળ્યાં અને પછી તે અનિમેષ નયને એ તેજસ્વી વદનમંડળને કેટલીય વાર સુધી સ્નેહદ્રવતી આંખે નિહાળી રહી.

પ્રકરણ ૫

ભગવાનની આજ્ઞા

(૧)

નૃત્ય કરતી મલ્લિકા ઉપર કોઇ તરફથી પુષ્પ ફેંકાયાં તે ચામુંડે જોયું, તે જ ક્ષણે તેનો ક્રોધ ઊછળી આવ્યો હતો. ભગવાન રુદ્રની પૂજાના દર્શનથી હૃદયના ભક્તિભરિત ભાવ એ ભગવાન સમીપે ઢળવા જોઇએ તેને બદલે નૃત્ય કરનારી યુવતી તરફ પૂજા-ભાવ ઢળે અને તેનું પુષ્પથી અભિવાદન કરવામાં આવે એ અધર્મ ચામુંડથી જોયો જાય તેમ નહોતું.

નૃત્ય બંધ કરવાની આજ્ઞા તેણે કરી અને તુરત જ તેના ઓઠ ફફડવા લાગ્યા: "મેં જ ભૂલ કરી છે. અહીં આસ્થાહીન પ્રેક્ષકો એકઠા થયા છે—ભક્તો નહિ. તેઓ મલ્લિકાનું મોઢું જોવા આવ્યા છે, તેનું નૃત્ય માણવા આવ્યા છે, ભગવાન પ્રતિના ભક્તિભાવથી ભરેલું એ હૃદય નૃત્યદ્વારા એના અંગેઅંગની રેખામાં કેવું નીતરી રહ્યું છે તે જોવાની કોઇને આંખ મળી નથી. કામુકો! પશુઓ! વિષયના જંતુઓ! વાસનાના કીડાઓ! એવા અનધિકારીઓ સમીપે આવી નૃત્યપૂજા જ ન થવી જોઇએ!"

ચામુંડના એ અર્ધસ્ફુટ ઉદ્ગારો કોઈએ સાંભળ્યા નહિ, પરંતુ તેના ઓઠનો ફફડાટ લોકોએ જોયો અને તેનો કોપ સૌના કળવામાં આવ્યો. ફૂલ ફેંકાયાં અને મહારાજનો કોપ ઊછળ્યો એટલું લોકો સમજ્યા, પરંતુ મહારાજની સમગ્ર વિચારસરણી વિષે તો કોઇએ કાંઈ અને કોઇએ કાંઈ અનુમાનો માત્ર કર્યાં.

ચામુંડ ત્યાંથી મહાલયમાં આવ્યો અને તુરત પોતાના શય્યાખંડમાં પુરાઇ ગયો. જેમ જેમ લોકોના આ અધર્માચરણ વિષે તે વધુ ને વધુ વિચાર કરતો હતો તેમ તેમ તેને લોકોની કામુક વૃત્તિ ઉપર વધુ ને વધુ તિરસ્કાર ઊપજતો હતો, અને આવા પ્રસંગો અનધિકારીઓ સમક્ષ રજુ થવાનાં જોખમો તેના ચિત્તમાં વધુ સ્પષ્ટ થતાં જતાં હતાં.

મધ્યરાત્રિ ક્યારની વીતી ગઇ હતી. ચિત્ત પરનો અસ્વસ્થતાનો ભાર ચામુંડને પાસું ઢાળવા દેતો નહોતો. તે કાષ્ટશય્યા પર સૂતો, આળોટતો, વળી બેઠો થતો અને શય્યાખંડમાં આમથી તેમ પરિક્રમણ કરતો, પરન્તુ નિદ્રા આવતી નહોતી. રાત્રિની શીતળતા વધતી જતી હતી પણ તેની અસર ચામુંડના ઉત્તમ ચિત્ત પર થતી ન હતી.

તેને માધવ ભટ્ટના શબ્દો સાંભર્યા અને ચિત્તમાં એક ચમકારો થયો. મનઃસંયમ માટે, ચિત્તની એકાગ્રતા માટે, નર્તિકાનાં નૃત્ય કે

માન વિઘ્નરૂપ બને છે એમ માધવ ભટ્ટે કહ્યું હતું; એ કથન પોતા સંબંધે તો અમૂલક હતું, પરન્તુ સામાન્ય લોકો માટે તો યથોચિત જ હતું એ ચામુંડના ધ્યાનમાં તુરત આવ્યું અને તે ખડખડ હસી પડ્યો.

"સામાન્ય લોકો કાંઇ થોડા જ તપસ્વી કે સંયમી હોય છે? તેઓ આત્મસાધનાભિમુખ ક્યાંથી હોઇ શકે? આવાં નૃત્યો અને આવી નર્તિકાઓ તેમના દુર્બળ માનસ માટે કાચો પારો જ નીવડે તેમાં શી નવાઈ? એ નૃત્યપૂજાનું મૂલ્ય પામર લોકો ક્યાંથી સમજી શકે? તે વસ્તુ તેમને કેવી રીતે પચી શકે?"

એ વસ્તુસ્થિતિના દર્શને ચામુંડના કોપને તો શમાવ્યો પણ એક નવા અસંતોષને જન્મ આપ્યો. પિતાએ પાટણમાં અને આખા ગુજરાતમાં ભક્તિ તથા જ્ઞાનની પરબો બેસાડી, એ પરબોમાંથી સૌને અમૃત સરખું જળપાન કરવા માટે મળે એવી વ્યવસ્થા પિતાની પાછળ પોતે ચાલુ રાખી, છતાં લોકોનાં માનસ શું આવાં ક્ષુદ્ર જ રહ્યાં? તેમને માટે મંદિરો એ રમવાનાં સ્થાન, પૂજાઓ એ સ્થૂળ દર્શનની ક્રિયાઓ અને ધર્મોત્સવો એ માત્ર ચિત્તને રમણ કરાવનારા પ્રસંગવિશેષો જ બન્યા! ભીમનું બાલમાનસ અને સામાન્ય લોકમાનસ એ બેઉ વચ્ચે શું કાંઈ અંતર જ રહ્યું નહિ, ભગવન્?

ચામુંડે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો. શય્યાગૃહનું દ્વાર ઉઘાડી તેણે મંદિરની દિશામાં દૃષ્ટિપાત કર્યો. મંદિરના શિખર પરની દીપમાળા એકસરખી રીતે બળ્યા કરતી હતી અને પ્રકાશ પ્રસારતી હતી. તે અગાસી તરફ ચાલ્યો અને દૂરને છેડે જઇને ઊભો રહ્યો. તેણે જોયું કે શિવાલયનો દીપશણગાર તેવો ને તેવો જ ઝળહળી રહ્યો છે, પરન્તુ આખું પ્રાંગણ નિર્જન છે, નીરવ છે.

ચામુંડના હૃદયમાં ગ્લાનિ ઊભરાઇ આવી. થોડા સમય પહેલાં જે સ્થળે ભક્તિભાવથી ભરેલી મલ્લિકાની નૃત્યપૂજા ચાલી રહી હતી,

તે સ્થળને અત્યારે દીપમાળાનો પ્રકાશ પથરાઇ રહીને વેરાન સરખું બતાવી રહ્યો હતો. ગર્ભાગારની મધ્યમાં જે સ્થળે ઊભી રહીને મલ્લિકા નૃત્ય કરતાં પોતાનાં અંગોપાંગ દ્વારા અભિનવ આકૃતિઓ રચી રહી હતી તે સ્થળે–લટકતી મધ્ય દીપિકાની આસપાસ માત્ર ફૂદાં–પતંગિયાંનું ટોળું અત્યારે નાચતું હતું–ઘૂમતું હતું. એ અપવિત્ર–ક્ષુદ્ર જંતુઓનો નાચ ચામુંડને વધારે ગ્લાનિ ઊપજાવવા લાગ્યો. મૂળરાજદેવે સ્થાપેલા ભગવાન નીલકંઠના શિવાલયમાં શિવરાત્રિએ જીવડાંઓ નાચે, એ અસહ્ય દૃશ્ય તે શોકાર્દ્ર આંખે નિહાળી રહ્યો. ક્ષણેક્ષણે તેની શોકાર્દ્રતા વધતી ચાલી અને તે જોઈ રહ્યો કે જેમ જેમ રાત વધતી જતી હતી તેમ તેમ એ જીવડાંનું ટોળું વિસ્તારમાં વધતું જતું હતું અને તેમના ભ્રમણનો વેગ પણ વધતો જતો હતો.

જોતજોતાંમાં એ જીવડાંઓનું જાણે એક વાદળું જ બની ગયું અને તે વાદળામાંથી એક અણુચિંતવી આકૃતિ ઊઠતી ચામુંડને દેખાઇ. તે વિસ્મય પામતો નિહાળી જ રહ્યો. એ વાદળામાં ભગવાન રુદ્ર તેને દેખાયા.

ચામુંડે આ પહેલી જ વાર ભગવાનના સ્વરૂપનું ચર્મચક્ષુથી દર્શન કર્યું, પણ તેમના વદન પર તેણે કોપ ભભૂકતો જોયો. એ કોપ એવો તો ઉગ્ર હતો કે ચામુંડને ભય લાગ્યો. હમણાં ભગવાન પોતાનું ત્રીજું લોચન ઉઘાડશે કે શું એમ તેને થયું. તેનાથી આંખો મીંચાઈ ગઇ, હાથ જોડાઇ ગયા, મસ્તક નમી પડ્યું અને તે બોલ્યો : “ક્ષમા કરો, ભગવન્ !”

ક્ષણેક રહીને તેણે મસ્તક ઊંચું કરી આંખો ઉઘાડી તો ભગવાન અદૃશ્ય થએલા જણાયા.

મલ્લિકાની નૃત્યપૂજા અધૂરી રહેવાથી જ ભગવાન કોપાયમાન થયા હોય એ સિવાય બીજું કોઇ કારણ ચામુંડની કલ્પનામાં ન આવ્યું. હવે તો ભગવાનના ક્રોધનું નિવારણ કરવાનો માર્ગ મલ્લિકાની

અધૂરી રહેલી નૃત્યપૂજા પૂરી કરાવવા સિવાય બીજો શો હોઇ શકે? એ વિચારમાં ચામુંડે રાત ઉજાગરે ગાળી.

(૨)

આખી રાતની અનિદ્રા છતાં ચામુંડના શરીરમાં સવારે થાક વર્તાતો નહોતો. સ્નાન, ધ્યાન, પૂજા, આદિ ક્રિયાઓમાં રોજ કરતાં આજે તે વધારે ત્વરા દાખવી રહ્યો હતો. અધૂરી રહેલી નૃત્યપૂજા પૂરી કરાવવાનો તેણે નિશ્ચય કર્યો હતો અને તે માટે તેણે મલ્લિકાને બોલાવી લાવવા સેવકને વહેલી સવારમાં રવાના કર્યો હતો.

પરંતુ મલ્લિકાને તો તન અને મનનો થાક ખૂબ જ લાગ્યો હોય ને! નૃત્યનો થાક તેને ન લાગ્યો હોત, પરંતુ એકાએક નૃત્ય બંધ કરવાની આજ્ઞાથી તેણે જે હૃદયાઘાત તથા મનોભંગ અનુભવ્યા હતા તેથી તેનાં ગાત્રો ચૈતન્યહીન બની ગયાં હતાં; તેથી જ ચામુંડનો સંદેશો પહોંચાડવા સેવક જ્યારે તેની પાસે ગયો ત્યારે તે પથારીમાં જ હતી.

ચામુંડ અધીર ચિત્તે તેના આગમનની રાહ જોતો હતો, પણ પહોર દિવસ ચડયો ત્યારે જ તે ચામુંડ સમીપે આવીને ઊભી.

ચામુંડે જોયું કે મલ્લિકાનું દેહસૌંદર્ય તેનું તે જ હતું, પણ ભાવસૌંદર્ય બદલાઇ ગયું હતું. જાણે નૃત્યસમયે થએલા મનોભંગથી તે મ્લાન બની ગઇ હોય, નૃત્ય બંધ કરવાની આજ્ઞા કરનાર ચામુંડ ઉપર તે રુષ્ટ થઇ હોય, અધૂરી રહેલી ઋણમુક્તિને કારણે તે નિરાશા અનુભવતી હોય, અને રાજાની સામે ઊંચી દૃષ્ટિ કરીને જોવામાં પણ પોતાની હીનતા માનતી હોય, તેમ તે ચામુંડની સમીપે નીચી અને તીર્છી નજર કરીને ઊભી. માત્ર ઔપચારિક નમ્રતા દાખવતાં તે બોલી : "શી આજ્ઞા છે મહારાજ?"

અત્યારસુધીના દરેક પ્રસંગે મલ્લિકાને ચામુંડે પ્રસન્નવદના જ જોઇ હતી; અત્યારે ખંડિતા રૂપસુંદરીશી મલ્લિકામાં તેને અભિનવ સૌંદર્ય દેખાયું. તે અવાક્ રહી તેને નિહાળી રહ્યો, પણ પછી ત્વરાથી પોતાની દૃષ્ટિને મલ્લિકાના વદન પરથી પાછી બોલાવી

જોતાં તેણે કહ્યું : “ મલ્લિકા ! તું બહુ મોડી આવી. હું તો ક્યારનો તારી રાહ જોઇ રહ્યો છું. ”

“ ક્ષમા કરજો મહારાજ ! મારું શરીર આજે સારું નથી, તેથી આવતાં વાર થઇ. ”

“ ભલે, તું જરા બેસ. તને રાત્રે માઠું લાગ્યું હશે... ”

મલ્લિકા નીચે બેસીને બોલીઃ “ હું મારી માતાનું ઋણ પૂરું ચૂકવી શકી નહિ તેનો મને અસંતોષ રહી ગયો, મહારાજ ! ”

“ તું ચિંતા ન કરીશ. તારો અસંતોષ દૂર કરવાની ભગવાન રુદ્રે મને આજ્ઞા કરી છે. ”

“ પણ મહારાજ ! આપે મારું નૃત્ય અટકાવી કેમ દીધું ? ”

“ હું સમજું છું, તેથી તને રીસ ચડી છે. પણ જો, મલ્લિકા ! તારી ભક્તિભાવભરી નૃત્યપૂજાનું મૂલ્ય સામાન્ય લોકો સમજી શકતા નથી. લોકો કામુક વૃત્તિના, વિષયપિપાસુ, વિકારી દૃષ્ટિવાળા, વાસનાલોલુપ ચિત્તવાળા અને પાપી હોય છે. તેમની સમીપે તારી નૃત્યપૂજા થાય તે અઘટિત છે. આવી પૂજા જોનારાઓનાં ચિત્ત નિર્મળ હોવાં જોઈએ તેને બદલે તેઓની વાસનાલોલુપતા ઉશ્કેરાય છે એમ મેં જોયું કે તુરત એ અધર્મને આગળ વધતો અટકાવ્યો.”

મલ્લિકાએ ચમકીને દૃષ્ટિને ઊંચી કરી અને ચામુંડના વદન ઉપર આંખો જડી. મલ્લિકાની દૃષ્ટિમાં કુતૂહલ હતું; ચામુંડના વદન પર તેને અદૃષ્ટપૂર્વ રેખાઓ અંકાયલી દેખાઇ.

ચામુંડ આગળ બોલ્યો : “ જેમ અધૂરી રહેલી પૂજાથી તું અસંતુષ્ટ રહી છે, તેમ ભગવાન રુદ્ર કોપાયમાન બન્યા છે. ગઇ રાત્રે તેમના ઉગ્ર કોપનું મને સાક્ષાત્ દર્શન થયું છે. પણ હીન વૃત્તિના અનધિકારી લોકોની સમીપે એ નૃત્યપૂજા તો ન જ થવી જોઇએ. તેથી મેં નિશ્ચય કર્યો છે કે તારી નૃત્યપૂજા ફરીથી હું એકલાની સમીપે જ થાય. ”

મલ્લિકાની આંખોમાં ચમકારો થયો અને ચામુંડે તે જોયો. તેને મલ્લિકાના રુષ્ટ—મ્લાન વદન પર પહેલવહેલું પ્રસન્નતાનું કિરણ પ્રકટેલું ભાસ્યું.

મલ્લિકા વદનને નીચું નમાવીને અવાક્ રહી. ફરીથી નૃત્ય કયે દિવસે કરવું તેનો તે વિચાર કરતી હતી? આ વખતે નૃત્યનો નવીન પ્રકાર દાખવવો કે પહેલાંનું નૃત્ય અધૂરેથી પૂરું કરવું તેની તે ઘડભાંજ કરી રહી હતી? શું તે કોઇ શંકા—કુશંકાઓમાં અટવાઇ રહી હતી?

"કેમ મલ્લિકા! મારી વાત બરાબર છે ને?" ચામુંડે ફરી પૂછ્યું.

છતાં મલ્લિકા કશું બોલી નહિ. તે વદનને નીચું ઢાળી રહીને ભોંય ખોતરતી બેસી રહી હતી. ચામુંડ જાણે તેના ભાલપ્રદેશનું ધ્યાન ધરતો હતો.

કેટલીક વારે તે બોલી: "મહારાજ! આપ એકલાની સમીપે જ મારે નૃત્ય કરવું એવી ભગવાનની આજ્ઞા છે?"

"હા, હા!"

"ભગવાન મને પણ તેવી આજ્ઞા કરે, તો હું તેમ કરું."

ચામુંડને વિચાર થઇ પડ્યો. તપ અને સંયમથી પવિત્ર થએલા પોતા જેવા રાજવી સંન્યાસીને ભગવાન સાક્ષાત્ સ્વરૂપદર્શન કરાવીને સૂચન કરે એ સંભવિત હતું, પરન્તુ મલ્લિકાને એવું સૂચન કરે એ શું સંભવિત હતું?

તેણે પૂછ્યું: "ભગવાનની આજ્ઞા—અનાજ્ઞા તું કેવી રીતે જાણીશ, મલ્લિકા?"

"ભગવાનના બાણ સમીપે બેસીને હું તેમનું ધ્યાન ધરીશ અને ભગવાન મને પ્રેરણા કરશે ત્યારે જ ઊઠીશ."

ચામુંડને મલ્લિકાના ભક્તિશીલ હૃદય પ્રતિ વધારે આકર્ષણ ઊપજ્યું. તેણે કહ્યું: "તો ભલે, તને જ્યારે ભગવાન સમીપે બેસીને ધ્યાન ધરવાની અને ભગવાનની પ્રેરણા પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય

ત્યારે મને કહેજે; હું એવી વ્યવસ્થા કરીશ કે જેથી તારા ધ્યાનમાં કોઇ જરા સરખોએ વિક્ષેપ ન પાડે."

"આપની કૃપા, મહારાજ !"

અને જ્યારે મલ્લિકા ઊઠીને વિદાય થઇ ત્યારે તેના વદન પર ગ્લાનિ નહોતી—ઉલ્લાસ હતો, એમ ચામુંડે જોયું. ચામુંડ પણ તેથી પ્રસન્નતા અનુભવી રહ્યો.

પ્રકરણ ૬

વસંતને વાયરે !

(૧)

વાવિણીએ ગૃહદાસીને કહી રાખ્યું હતું કે "ગઇ કાલનો ઉપવાસ હોવાથી ઊઠતાં વાંત ઠાકોર પારણું કરશે, માટે સીરો સેકીને તૈયાર રાખજે." તે ઉપરથી દાસીએ દૂધ, પૂરી ને સીરો તૈયાર રાખ્યાં હતાં.

વાવિણીએ સ્નાન કરી લઇને શય્યાખંડનું બારણું હડસેલી નજર કરી તો તેજસિંગ ઊંઘતો હતો. બીજી વાર ભગવાનની સેવા-પૂજા કરી લઇને તે જોઇ આવી ત્યારે પણ તે સૂતેલો જ હતો. પ્રહર દિવસ ચડવા આવ્યો એટલે વાવિણી ત્રીજી વાર ગઇ અને સ્વામીના શરીર પરથી રજાઇ ખેંચી લેતાં બોલી : "પહોર દિવસ ચડ્યો, હવે ઊઠીને પારણું તો કરી લ્યો !"

"ઉં હું હું હું !" બિછાનામાં પડ્યાં પડ્યાં બગાસું ખાઇને અને આળસ મરડીને તેજસિંગ બોલ્યો : "તું કેવી નઠોર અને અરસિક નારી છે ? વસંતના પ્રભાતની શીતળ વાયુલહેર માણવાની મોજ તું પોતે માણતી નથી પણ મનેય માણવા દેતી નથી !"

વાવિણીથી એ સાંભળીને હસી જવાયું: "રાત્રે જ વસંતની શીતળ લહેર માણીને ધરાયા નથી ?"

"અંહ ! રાત્રિની લહેર અને પ્રભાતની લહેર સરખી નથી હોતી તેટલું ય તું જાણતી નથી ?" વાવિણીનું કાંડું પકડીને તેને શય્યાભણી ખેંચતાં તેજસિંગે કહ્યું: "અહીં બેસ, જો, સામેની બારીમાંથી કેવી લહેર આવે છે !"

વાવિણી સ્વામીના હાથમાંથી કાંડું છોડાવતી રોષ કરીને બોલી: "નથી બેસવું મારે. રાત્રે તો ઠીક પણ દિવસે ય અટકચાળાં કરો છો તે મને નથી ગમતું. હવે ઊઠો, જરા દાતણ કરીને પારણું કરી લ્યો."

"ઊઠીએ છીએ, શી ઉતાવળ છે ? ક્યાં ધાડ મારવા જવું છે ?"

"પણ પહોર દિવસ ચડી ગયો છે, હમણાં માધવ ભટજી આવશે...."

"તે તો તને મળવા આવશે, મારે શું ?"

"પણ તે વખતે તમે સૂતેલા હો તો કેવું ખરાબ દેખાય ?"

તેજસિંગ ધીરેધીરે પલંગ પરથી હેઠો ઊતર્યો એટલે વાવિણી ત્યાંથી ચાલી ગઇ. તે નીચે ઊતરી ત્યારે તેણે ડહેલીની બહાર મહામંત્રીની પાલખી પડેલી જોઇ અને તુરત તે બેઠકના ખંડમાં ગઇ. માધવ ભટજી વાવિણીની રાહ જોતા જ બેઠા હતા.

રાજગઢમાં જતાં પહેલાં વાવિણીને મળી લેવાનો મહામંત્રીએ નિત્યનિયમ રાખ્યો હતો. એ નિયમ હેતુપૂર્વકનો હતો. પલ્લવીદેવીના અવસાન પછી રાજકુટુંબ સંબંધે વિચારવિનિમય કરવા જેવી એક જ વ્યક્તિ માધવ ભટ્ટ પાસે રહી હતી અને તે વાવિણીદેવી હતી. વાવિણીએ પિતાનો જમાનો જોયો હતો, ભાઇના રાજ્યકાર્યભારમાં રસ લીધો હતો, ભાઇના કુમારોના ઉછેર અને પરણેતરમાં ભાગ લીધો હતો, તેથી વયમાં પ્રૌઢા ન હોવા છતાં અનુભવે તે પ્રૌઢા હતી.

બહેનના અભિપ્રાયને ચામુંડ પણ હમેશાં ઘટતું માન આપતો અને વયમાં તે ચામુંડથી નાની હોવા છતાં ભાઇ તરીકેના તેના સદ્‌ભાવોદ્રેકે એક સુંદર નાનું શિવમંદિર બંધાવ્યું હતું જેનું નામ રાખ્યું હતું 'વાચિનીશ્વર મહાદેવ.'

ઇતર મંત્રીઓ સાથે રાજ્યકાર્યભાર સંબંધે ચામુંડ તથા માધવ ભટ્ટની મંત્રણા હમેશાં ચાલતી જ, પરન્તુ એ મંત્રણા પછીનો નિશ્ચય વાચિણીને કાને નાંખીને તેની અનુમતિ મેળવ્યા વિના કોઇને ચેન પડતું નહિ. વૃદ્ધ અવસ્થાને કારણે માધવ ભટ્ટમાં જે કાંઇ આત્મ-વિશ્વાસની ઊણપ રહ્યા કરતી તે વાચિણી સાથેના વિચારવિનિમય પછી દૂર થઇ જતી.

વાચિણી ભટ્ટજીને નમસ્કાર કરીને તેમની સમીપે બેઠી કે તુરત ભટ્ટજી બોલ્યા: "બહેન! રાત્રે મહારાજે નૃત્ય બંધ કરાવ્યું તેથી લોકોમાં ખૂબ ચર્ચા જાગી છે."

"હું જાણું છું. કેટલીક ચર્ચા મેં સાંભળી છે. તમે શું સાંભળ્યું?"

"લોકો કાંઇ કાંઇ બોલે છે; પણ તમે શું માનો છો?"

"નર્તિકા ઉપર કોઇએ પુષ્પવૃષ્ટિ કરી તેથી મહારાજ છેડાયા હતા. શિવાલયમાં ભગવાન ઉપર પુષ્પવૃષ્ટિ ન કરતાં નર્તિકા ઉપર કરવામાં આવે તો તે અધર્મ લેખાય અને મહારાજને અધર્મ ઉપર કેવી ચીડ છે તે તમે જાણો છો."

"હૂં ઉં ઉં..." ભટ્ટજીએ તે સાંભળીને મૌન સેવ્યું.

વાચિણીએ પૂછ્યું: "તમને શું લાગ્યું?"

જરા અચકાઇને, શબ્દોને મનમાં ગોઠવીને, ભટ્ટજીએ ધીરે ધીરે કહ્યું: "એ પુષ્પવૃષ્ટિથી મહારાજમાં એક પ્રકારની અસૂયા જાગી નહિ હોય?"

"અસૂયા–ઈર્ષ્યા?! શાની અસૂયા?" વાચિણી આશ્ચર્ય પામી અને પછી હસતી બોલી: "કદાપિ એમ ન હોય. ડગલે ને પગલે

મહારાજ દેહદમન કરે છે, એકાદ મનોવિકાર જાગતાં જ તેની સામે યુદ્ધ માંડે છે...તેમનામાં અસૂયા શામાટે જાગે ? "

" હું મહારાજને પૂછી જોઉં ? "

" કશી જરૂર નથી. એ દિવસ જવા દો, આપોઆપ તમારી શંકાનું સમાધાન થઇ જશે. "

" ભલે, તો હું મૌન સેવીશ અને જે થાય તે જોયાં કરીશ. "

" બીજા કાંઇ નવીન વર્તમાન છે ? "

" ખાસ કશા નથી. એ નર્તિકાને પોતા પાસે બોલાવી લાવવા મહારાજે એક સેવકને મોકલ્યો છે એટલું મેં અત્યારમાં જાણ્યું છે. "

" એ બિચારીનો પણ મનોભંગ થયો જ હશેને ! એની મનોવ્યથા ઉપર મહારાજ સાંત્વનનો લેપ કરશે ત્યારે જ તેમના મનને પણ શાંતિ થશે.

" હા એમ જ હશે, તે માટે જ તેને બોલાવી હશે. ત્યારે હવે હું જઉં ? "

" ભલે પધારો. "

(૨)

જ્યોતિષીઓની વસંતપંચમી પૂર્વે વસંત ઋતુ આવી ચૂકી હતી, પરંતુ તેજસિંગના ચિત્તમાં તો ગઇ રાત્રે મલ્લિકાનો પુષ્પશૃંગાર જોયા પછી ખરેખર વસંતે પ્રવેશ કર્યો હતો. લતાઓ પર ખીલેલાં પુષ્પો અને આંબા પર ઝૂકતી મંજરીઓ તેણે કાલે જોયાં હતાં અને આજે પણ તે જોઇ રહ્યો હતો, પરન્તુ આજે એ દર્શન તેને કાંઇ અનેરો આનંદ ઊપજાવતું હતું. વર્ષે વર્ષે વસંતનો સુગંધી અને શીતળ વાયુ વહેતો, પરંતુ આજે વાયુનો સ્પર્શ તેને જેવો સુખદ લાગતો હતો તેવો પૂર્વે લાગેલો કે નહિ તે તેને સાંભરતું નહોતું. કોકિલના કૂજનમાં આ વર્ષે જ નવીન પ્રકારની મધુરિમા ગાજતી તેને સંભળાતી હતી.

માધવ ભટ્ટને વળાવીને વાવિણી સ્વામી પાસે આવી ત્યારે તેજસિંગ બારી પાસે ઊભો રહીને બહાર દૃષ્ટિપાત કરતો એલચીના દાણા મ્હોંમાં મારી રહ્યો હતો.

"તમે પારણું કર્યું ?" વાવિણીએ પાછળ આવીને પ્રશ્ન કર્યો.

"હા" કહેતાં તેજસિંગ વાવિણી તરફ ફર્યો.

વાવિણી પાછી ફરવા જતી હતી ત્યાં તેજસિંગ બોલ્યો: "રહે, થોભ; હું કહું છું કે તમે રાજવંશીઓ સોનું ને હીરા–મોતી–માણેકના અલંકાર પહેરવામાં જ જાણે સુંદરતા સમજો છો, પણ તમે કોઇ વાર પુષ્પના અલંકારની સુંદરતા પિછાણી છે ખરી ?"

"અત્યારે તેનું હવે શું છે ?"

"આ તારા હાથમાંનાં માણેક જડેલાં ભારે કંકણ અને કંઠમાંનો સાત સરનો મોતીનો હાર જોઇને અત્યારે મારા મનમાં એ પ્રશ્ન ઊભો થયો છે."

"એટલે પુષ્પના અલંકાર અમે કોઇ વાર જોયા જ નહિ હોય, એમ તમે સમજો છો ?"

"જોયા હશે, ગઈ રાત્રે જ પેલી નર્તિકાના પુષ્પના અલંકારો મેં અને તેં બેઉએ જોયા છે, પણ એવા અલંકારો કોઈ વાર પહેરેલા ખરા ?"

"ઘણીએ વાર."

"મેં તો કોઈ વાર જોયા નહિ."

"હું કુંવારી હતી ને, ત્યારે ઘણીએ વાર બધાય પુષ્પના જ અલંકારો પહેરેલા. તમે મલ્લિકાનો પુષ્પશણગાર જોયો તે તો શા હિસાબમાં !"

"ખરેખર ?"

"હા," વાવિણી ઉત્સાહથી બોલી: "એક વાર પલ્લવીદેવીએ મને જૂઇની કળીઓની કાંચળી અને પારિજાતકનાં પુષ્પોની ચાદર ગૂંથી આપેલી અને તે પહેરીને મેં ત્રિપુરુષપ્રાસાદમાં નૃત્ય કરેલું ત્યારે બ્રહ્મચારી વૈજલ્લદેવે જ કહેલું કે એવો પુષ્પશણગાર પોતે કોઇ વાર જોયો નહોતો !"

ઉત્સાહથી દીસિમંત બનેલા પત્નીના વદન ભણી તેજસિંગ મૂગો મૂગો જોઈ રહ્યો. વાવિણીના વદન પર પ્રસન્નતા ખીલી રહી હતી, તેજસિંગના વદન પર આનંદ અને આશ્ચર્ય પ્રકટી રહ્યું હતું.

એકાદ વધુ ક્ષણ થોભીને વાવિણી ચાલી ગઈ.

થોડી વાર થઈ અને તેજસિંગ કપડાં પહેરી બહાર જવા નીકળ્યો.

" અત્યારે હવે ક્યાં જશો ? " વાવિણીએ પૂછ્યું : " ભોજનને હવે બહુ વાર નથી. "

" બહાર જરા લટાર મારી આવું અને મહારાજને મળતો આવું. "

" પણ સાંભળો. મહારાજ પાસે કાંઈ આડું–અવળું વેતરતા નહિ. "

તેજસિંગ પત્નીના વદન ભણી જોઈને મૂગું હસ્યો અને ચાલ્યો ગયો.

(૩)

રાત્રે ભોજન પછી તેજસિંગ દેવદર્શનાર્થે બહાર ગયો હતો. વાવિણી પુત્ર–પુત્રીને વાર્તાઓ અને ટૂચકા કહીને હસાવતી–રમાડતી હિંડોળા પર હીંચી રહી હતી. દાસ–દાસીઓ ગૃહકાર્ય આટોપી રહ્યાં હતાં.

વાવિણીને હીંચતાં હીંચતાં દૂરના ઝાંખા પ્રકાશમાં એવો ભાસ થયો કે જાણે કોઈએ પોતાના શય્યાખંડનું દ્વાર હળવેકથી ઉઘાડયું અને થોડી વારે ધીમેથી પાછું બંધ કર્યું. વાવિણીએ ઉદ્ગાર કાઢચો : " કોણ, મેના ? " પણ જવાબ ન મળ્યો.

વાવિણી ઊઠી અને શય્યાખંડ તરફ ગઈ. ખંડના દ્વાર અમસ્થાં અટકાવેલાં હતાં તે તેણે હડસેલ્યાં એટલે ઊઘડી ગયાં. અંદર દીવો બળતો હતો. વાવિણીએ ખંડમાં પ્રવેશ કર્યો તો આખો ખંડ પુષ્પસુવાસથી મધમધી રહેલો માલૂમ પડચો. તેણે આમ–તેમ જોયું. એ પુષ્પો ક્યાં હતાં ? કોણ મૂકી ગયું હતું ?

છેવટે પલંગની પાછળ ઢાળેલા એક બાજઠ પર કમળપત્રથી ઢાંકેલી એક ફૂલછાબ વાવિણીની નજરે પડી. તે ચમકી. ફૂલછાબ હાથમાં લઇને તેણે ઢાંકણુ દૂર કર્યું તો અંદર જૂઇની કળીઓની કાંચળી, પારિજાતકનાં પુષ્પોની ચાદર, કમળની કટિમેખલા, મોગરાની વેણી તથા બાજુબંધ અને ચંપકપુષ્પોનો હાર !

તે સ્તબ્ધ બનીને જોઇ રહી. સવારે પોતે સ્વામીને પુષ્પાલંકારની જે વાત કહી હતી તે તત્ક્ષણુ તેના ધ્યાનમાં આવી ગઇ અને આ સામગ્રી સ્વામીએ જ તૈયાર કરાવીને મોકલી છે તે સમજી જતાં તેને વાર લાગી નહિ. તે ગંભીર બની ગઇ.

તેણે હાક મારીને મેનાને બોલાવી અને પૂછ્યું : “ આ ફૂલછાબ કોણુ મૂકી ગયું ? ”

“ રેણુ માલણુ. ”

“ હું ઉપર જ હતી અને મને કેમ જાણુ કરી નહિ ? ”

“ રેણુ કહેતી હતી કે ઠાકોરે ફૂલછાબ શય્યાખંડમાં જ મૂકી આવવાનું તેને કહેલું. ”

“ એ તો ઠીક, પણુ રેણુ આવી, છાબ મૂકીને ચાલી ગઇ તે વાત મને કેમ ન કહી ? ”

“ રેણુ તો આપણી જૂની ઓળખીતી માલણુ છે. ઘણી વાર તે આવે–જાય છે અને કાંઇકાંઇ લઇ–મૂકી જાય છે. કોઇ તેનો અણુભરોસો રાખતું નથી, મોટી બહેન ! ”

વાવિણીને મેના પાસેથી જે વાત કઢાવવી હતી તે નીકળી શકી નહિ. તેણે વધુ પૂછ્યું : “ તો રેણુ ઉપર ગુપચુપ શય્યાખંડમાં પેઠી અને છાબ મૂકીને છાનીમાની પાછી ફરી તેનું શું કારણુ ? ”

“ એ હું શું જાણું બા ? ”

વાવિણીથી એ દાસી માણુસને એમ ન પૂછી શકાયું કે ‘ ઠાકોરે છાબ આમ છાનીમાની મૂકી જવા જ કહેલું ? ’

વાવિણીએ મેનાને હવે જવાની રજા આપી, અને પોતે ફૂલછાબ હતી તેમ ને તેમ પાછી મૂકી દીધી.

તે સમજી ગઈ હતી કે સ્વામી વસંતને વાયરે ચડ્યા છે. "હવે આજરાત્રે તે કહેવાના કે આ પુષ્પાલંકાર ધારણ કર અને વર્ષો પહેલાં ત્રિપુરુષપ્રાસાદમાં કર્યું હતું તેવું નૃત્ય કર! હું તે કાંઈ નાની છોકરી છું? બળ્યું! એમના ચાળા એવા ને એવા જ રહ્યા!"

વાવિણી મૂંઝવણમાં પડી. ઘરની બહાર જાજ્વલ્યમતી નારી તરીકેની તેની છાપ હતી. પતિ સમીપે તે જાજ્વલ્ય પ્રકટવા દેતી નહિ, છતાં તે હવે પહેલાંની પેઠે પતિ સમીપે વિલાસિની રમણી પણ બની શકતી નહિ. પુત્ર-પુત્રીનાં મ્હોં જોતાં તેના દિલમાં જે વાત્સલ્ય ઊભરાતું તેના પ્રવાહમાં વિલાસવૃત્તિ તણાઈ જતી હતી, તેથી સ્વામીની આ વિલાસપ્રિયતા તેને અપ્રિય લાગતી હતી, એટલું જ નહિ પણ કોઈ વાર કંટાળો પણ આપતી હતી.

વાવિણીના શાણપણની, તેના ઠરેલપણાની, તેની દીર્ઘદર્શિતાની, તેની પ્રતાપશીલતાની, તેની સલાહ-સૂચના કે આજ્ઞાની રાજગઢની અંદર ઊંચી કિંમત અંકાતી; વાવિણી પોતે તે જાણતી, પરન્તુ તે સાવધાન રહેતી કે પતિ સમીપે પોતે યોગ્ય નમ્રતાને વિસરી જાય નહિ, તેમના દિલને દુભાવવાનું પાતક પોતાને હાથે અજાણતાં પણ થવા પામે નહિ.

તેને સ્વામી પર ક્રોધ ચડતો હતો પણ તેણે તે દબાવી રાખ્યો. સ્વામીએ હોંશેહોંશે તૈયાર કરાવીને મંગાવેલા પુષ્પાલંકાર પોતે પહેરે, તેમની ઇચ્છાનુસાર નૃત્ય કરીને તેમને પ્રસન્ન કરે એવો અભિલાષ મનમાં જગાડવા પણ તેણે પ્રયત્ન કરી જોયો, પણ મન માન્યું જ નહિ. એ પુષ્પો તથા પુષ્પકળીઓ કાંટા જેવાં લાગે અને અંતરમાં વેદના પ્રકટે, તેવું કરુણ સંવેદન વેઠતાં સ્વામીની સમીપે દર્શન દેવું..."નહિ, નહિ, મારાથી એ નહિ વેઠાય, એ ગમે તેટલું કહેશે તોપણ મારાથી એ નહિ પહેરાય કે નહિ નાચી શકાય.

હું મનમાં લજાઇ મરું છું તેટલી સમજણ પણ તેમને હજી આવી નહિ અને આવા બાળખેલ તે કર્યા જ કરે છે !"

તેને એક વિચાર આવ્યો. કદાચ તેજસિંગ જક પકડી બેસે તો ? તેમાંથી કદાચ બોલ–ચાલ કે તકરાર થઇ પડે તો ? દાસ–દાસીઓ અને છોકરાં એ લઢવાડ અને તેનું કારણ જાણી જાય તો ? અને તેથી કદાચ પતિના મનમાં આંટી પડી જાય તો ?

આમ વિચારતી, મુંઝાતી, કિંકર્તવ્યમૂઢ સરખી તે હિંડોળા પાસે પાછી આવી. પુત્ર–પુત્રી ઊંઘી ગયાં હતાં તેમનાં શરીર પર હાથ ફેરવ્યો અને તે હિંડોળા પર બેઠી, પણ ચકડોળે ચડેલું મન જરાએ શાન્તિ અનુભવી શક્યું નહિ.

તે ઊઠી, તેના મનમાં કાંઇ આવ્યું, તેણે સાદાં–સફેદ વસ્ત્રો પહેર્યાં અને તે નીચે ઊતરી.

"મેના ! હું જરા રાજગઢમાં જઉં છું."

"અત્યારે બા ?"

"હા, થોડું અગત્યનું કામ સાંભરી આવ્યું છે."

"તો રહો, હું મશાલચીને કહું, તે મશાલ સળગાવી સાથે આવે."

"કશી જરૂર નથી."

"તો હું સાથે આવું."

"કાંઈ બહુ રાત ગઇ નથી, બહુ–બહુ તો પહોર–દોઢ પહોર રાત થઇ હશે. હું એકલી જ જઈશ."

અને તત્ક્ષણ તે ડહેલીની બહાર નીકળીને ચાલતી થઇ. મેના વિચારમાં પડી ગઇ પણ તેને કાંઈ સમજાયું નહિ.

"બસ, આ માર્ગ જ ઠીક છે." રસ્તે ચાલતાં વાવિણી મનમાં બોલી: "તે જરા ચ્હીડાશે, પણ તેની ફીકર નહિ ..એ રીતે તે મારો મનોભાવ સમજી જશે અને આવા ચાળા કરીને ફરી કોઇ વાર મને પજવશે નહિ; એથી તેમને સાન આવશે...પણ...પણ...તે

મારી પાછળ તો નહિ આવે ?" વાવિણીના દિલમાં શંકા જન્મી : "મને પાછી તેડી જવા પોતે કદાચ રાજગઢમાં જ આવી લાગશે તો ?..." એટલામાં રાજગઢના દીવા દેખાવા લાગ્યા. "જે થાય તે, પણ હવે પાછાં તો નથી જ ફરવું..."

પ્રકરણ ૭

શ્વેતવસના

(૧)

રાત્રિનો બીજો પ્રહર અર્ધોક વીત્યો હતો. અંધકાર ચોમેર પ્રસરી ગયો હતો. નિરભ્ર આકાશમાંના તારા તગતગીને આછો પ્રકાશ રેડતાં હતાં, તેમાં નગરનાં હર્મ્યો, મંદિરો તથા મહાલયોની ઝાંખી આકૃતિઓ માત્ર દેખાતી હતી. કોઈ વારવનિતાના નિવાસમાંથી વીણા કે મૃદંગના ધ્વનિ સાથે આલાપાતા ગાન સિવાય અને દેવ-મંદિરોમાં શયન આરતીના ઘંટારવના છેલ્લા રણકાર સિવાય નગરમાં શાન્તિ પ્રસરેલી જણાતી હતી.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी એ ગીતાવાક્યના શબ્દાર્થાનુસાર ચામુંડ અત્યારે જાગતો હતો. તે સંયમી રાજાએ અનેક રાતો ઉજાગરે વીતાડી હતી, તેમ આજે પણ તે આંખનું મટકું માર્યા વિના જાગી રહ્યો હતો. એ રાત્રિની શાન્તિમાં પદ્માસન વાળીને તે કાંઈ ધ્યાન ધરતો નહોતો, પરન્તુ મહાદેવના મંદિરમાં ભગવાન રુદ્રના નીલ બાણમાં તેનું ચિત્ત અત્યારે પરોવાઈ રહ્યું હતું. મંદિરમાં મલ્લિકા નીલકંઠ સમીપે એકલી બેઠી બેઠી પોતાની અધૂરી રહેલી નૃત્યપૂજા પૂરી કરવા માટે પ્રેરણાનું દાન માંગી રહી હતી. એ પ્રેરણા ભગવાન પોતાના નીલ દેહમાંથી કોઈ અદ્ભુત પ્રકાશ પ્રકટાવીને

કરશે કે પોતાને જેવી રીતે ભગવાને ફૂંદાં-પતંગિયાંના વાદળાની અંદર ક્રોધાવિષ્ટ આકૃતિ દ્વારા સાક્ષાત્કાર કરાવ્યો હતો તેવી રીતે તેજની કે અંધકારની કોઇ આકૃતિ સર્જીને મલ્લિકાને સાક્ષાત્કાર કરાવશે તે વિષે તરેહવાર સંકલ્પો કરતો તે જાગરણ કરી રહ્યો હતો. ભગવાન માનવીને અનેક રીતે પ્રેરણાનું દાન કરે છે. પાર્થિવ બાણુ-માંથી સાક્ષાત્ પ્રકટ થઇને તે કોઇ વાર ભક્તનો હાથ પકડીને તેને દોરે છે, તો કોઇ વાર અદૃશ્ય રહીને મનુષ્યના ધ્યાનસ્થ ચિત્તમાં પ્રેરણાને મૂકે છે અને પછી મનુષ્ય તેને અનુસરે છે. મલ્લિકાના ભક્ત હૃદયથી આકર્ષાઇને ભગવાન તેને પ્રેરણાનું દાન કરશે એ વિષે મલ્લિકાને જેવો આત્મવિશ્વાસ હતો તેવી અડગ શ્રદ્ધા ચામુંડ-માં અત્યારે પ્રકટી હતી; પરન્તુ કેવી રીતે પ્રેરણાદાન કરવાનું ભગવાન પસંદ કરશે તે વિષે ચામુંડનું મન નિશ્ચય કરી શકતું નહોતું. પોતાને ભગવાને રુદ્ર-સ્વરૂપે દર્શન આપ્યું હતું પણ મલ્લિકાને તો તે પ્રસન્ન સ્વરૂપ જ દાખવશે અને માત્ર પોતાની જ સમીપે નૃત્યપૂજા પૂરી કરવાનો તેને આદેશ કરશે એમ ચામુંડનું મન કહેતું હતું.

અત્યારે રાત્રિનો બીજો પ્રહર ઝડપથી વહી જતો હતો. પહેલો પ્રહર પૂર્ણ થયો ત્યારે મલ્લિકા નિર્મળ શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઇને મંદિરમાં નિજગૃહમાં પ્રવેશ કરી ભગવાનના બાણુ સમક્ષ ધ્યાન ધરતી બેઠી હતી. ચામુંડે પોતે ત્યાં આવીને પૂજારીને સૂચના કરી મલ્લિકા સારુ પ્રાંગણમાં પ્રવેશ કરવા માટેનું દ્વાર તથા મંદિરનું દ્વાર એમ બેઉ દ્વાર ખુલ્લાં રખાવ્યાં હતાં; તેમ જ મલ્લિકાના ધ્યાનમાં કોઇ જાતનો વિક્ષેપ ન પડે તે માટે મંદિરમાં પૂજારી કે બીજી કોઇ વ્યક્તિ પણ ન રહે તેવી વ્યવસ્થા કરી આપી હતી. તેણે મલ્લિકાને સૂચના પણ કરી હતી કે ભગવાનનું પ્રેરણાદાન પ્રાપ્ત થાય કે તુરત તેણે પોતાને સમાચાર આપવાને રાજમહેલમાં આવવું. મલ્લિકાને રાત્રે કોઇ પણ વખતે મહેલમાં આવવા દેવાની તેણે પહેરેગીરને સૂચના કરી રાખી હતી.

પરંતુ હજી મલ્લિકા આવી નહોતી એટલે તેનું ધ્યાન લંબાયે જતું હોય અને ભગવાનની પ્રેરણા પ્રાપ્ત થવામાં વિલંબ થતો હોય એવું અનુમાન ચામુંડ કરી રહ્યો હતો.

ચામુંડનું અધીરું મન આ વિલંબથી અનેક શંકા–કુશંકાઓ કર્યા કરતું હતું. કોઈ વાર તેને મલ્લિકાના ચિત્તની નિર્મળતા માટે શંકા થતી, કોઈ વાર ભગવાનનો કોપ ન શમ્યો હોવાની શંકા જાગ્રત થતી, કોઈ વાર તે પોતાનું અંતર નિર્મળ છે કે નહિ તે વિષે શંકાશીલ બનતો; અને પ્રેરણાદાનના મંગલ સમાચાર સંભળાવવા આવતી મલ્લિકાનો પગરવ હજી સંભળાતો નહિ હોવાને લીધે તેની શંકાનો વિસ્તાર વધ્યે જતો.

"હું ખોટી શંકાઓ કર્યા કરું છું." એમ બોલતો તે ઊઠયો: "મારું ચિત્ત નિર્મળ છે, મલ્લિકાનું ચિત્ત નિર્મળ છે: એ બેઉ ચિત્તોની નિર્મળતા હોય ત્યાં ભગવાનની કૃપા સિવાય બીજું કશું જ ન હોય. મલ્લિકાને નૃત્યપૂજા પૂરી કરવાનો આદેશ ભગવાન જરૂર આપશે, મલ્લિકાના કાનમાં ભગવાનની દિવ્ય વાણી જરૂર સંભળાશે, નહિતો તેના ચિત્તમાં તો પ્રેરણા જન્મશે જ; અને એ નૃત્યપૂજાના દર્શનનો એકલ અધિકાર મારા સિવાય બીજા કોને હોઈ શકે? પછી જ્યારે મલ્લિકા નૃત્ય કરશે અને હું જ એકલો તેનો દ્રષ્ટા હોઈશ, ત્યારે ભક્તિનાં નિર્મળ આંદોલનોથી મઘમઘતા મંદિરના વાતાવરણમાં ભગવાન શંકર અને ભગવતી પાર્વતી સ્વદેહે વિમાનમાં બેસીને ઊતરી આવશે, તેમની સાથે મલ્લિકાની પ્રસન્નવદના માતા પણ હશે....ચામુંડ! ચામુંડ! તારા જીવનની ધન્યતાનો એ અવધિ હશે...."

ચામુંડના ચિત્તની ઉત્સુકતા તેના કાનમાં જઈ વસતી અને મલ્લિકાનો પગરવ સાંભળવા ઇચ્છતી. એ ઉત્સુકતા તેના પગમાં પ્રવેશતી અને તેને ઊભો કરી આમથી તેમ ટહેલવામાં સમય વીતાડાવતી. અને ઉત્સુકતા જ્યારે તેની આંખોમાં દાખલ થતી

ત્યારે તે તેને અગાસીમાં દોરી જઇ અંધારઘેલી મંદિર તરફ મીટ માંડવા પ્રેરતી.

ચામુંડે અગાસીમાં ઊભા રહીને મંદિર ઉપર દૃષ્ટિપાત કર્યો. નિજગૃહમાં બળતા દીવાનો સ્થિર પ્રકાશ આરસના જાળિયાની આરપાર દૃષ્ટિગોચર થતો હતો. એ શ્વેત પ્રકાશમાં ભળી જતા શ્વેત સાળુમાં મલ્લિકાની ગારવર્ણીય દેહલતા હુબહૂ હિમતનયા જેવી ચામુંડ કલ્પી રહ્યો. દીવાનો પ્રકાશ નીલપાષાણમાંથી પરાવૃત્ત થઇને એ શ્વેત કમળ સરખા સુકોમળ વદન ઉપર નીલિમા પ્રસારી રહ્યો હોય એ તો સ્પષ્ટ જ હતું, પરંતુ એ મનોહર દૃશ્ય ચામુંડને માટે અગોચર હતું. ભક્તિપ્રેરિત રેખાઓ એ ધ્યાનસ્થ વદન પર અંકાઇ રહી હશે, એ ભાવિક હૃદય ભગવાનને પ્રેરણાનું દાન કરવા માટે મૌન પ્રાર્થના કરી રહ્યું હશે, વધુ ને વધુ વિલંબ થવાથી એ પ્રાર્થનામાં હૃદયની આર્દ્રતા ઉમેરાતી જતી હશે અને વધુ ને વધુ ભાવસૂચક રેખાઓ એ વદન ઉપર દોરાતી જતી હશે: એવી એવી કલ્પના કરતાં ચામુંડ એક પ્રકારનો માનસિક આવેશ અનુભવવા લાગ્યો.

શંકાઓ તેને ગૂંચવી નાંખતી અને ઉત્સુકતા વૃદ્ધિંગત થઇને તેને અધીર બનાવી અકળાવતી. તે પુનઃપુનઃ મંદિર ભણી જોતો, પ્રકાશિત જાળિયા ઉપર મીટ માંડી રહેતો, તેમાં બેઠેલી મલ્લિકાને કલ્પનામાં ઉતારતો, હમણાં તેને પ્રેરણાદાન પ્રાપ્ત થશે અને તે મંદિરમાંથી બહાર નીકળશે એવી આશાનો ઊભરો અનુભવતો: પરંતુ નીરવતા એકસરખી રીતે લંબાયે જતી, મલ્લિકાની કશી હીલચાલ ચામુંડની દૃષ્ટિએ પડતી નહિ, આશાપૂર્તિની ક્ષણ નજીક છે કે દૂર છે તે પણ તેને સમજાતું નહિ.

એટલામાં ઘડિયાળાં વાગ્યાં, રાત્રિના બે પહોર પૂરા થયા; મધરાત થઇ ગઇ, છતાં હજી મલ્લિકા આવી નહિ. તેનું ધ્યાન લંબાયે જતું હતું, પ્રેરણાદાન મળતું નહોતું, ભગવાનનો કોપ શમ્યો જણાતો નહોતો. હવે ચામુંડ વધારે અધીર બન્યો, મલ્લિકાને પ્રેરણા-

દાન કરવા માટે ભગવાનને પ્રાર્થના કરવા પોતે પણ મલ્લિકાની સાથે જોડાય એવી ઇચ્છા તેના અંતરમાં પ્રકટ થઇ અને તે તુરત ઊપડયો.

સીઢી ઊતરતાં તેણે ત્યાં ઊભેલા પહેરેગીરને પૂછ્યું: "સામંત ! પેલી નર્તિકા આવી નથી ?"

"ના મહારાજ !"

"સાચું કહે છે ?"

"હા, દેવ !"

તુરત ચામુંડ પ્રાંગણમાં થઇને મંદિર તરફ વળ્યો.

(૨)

મહેલના પ્રાંગણમાંથી શિવાલયના પ્રાંગણમાં આવતાં જ ચામુંડે જોયું કે ચોપાસ વિસ્તરી રહેલા અંધકારમાં શિવાલયનું નિજ-ગૃહ માત્ર એક ઉજ્જ્વલ સ્થાન હતું. નિજગૃહનાં દ્વાર ખુલ્લાં હતાં અને અંદર પ્રકાશપટ પ્રસરેલો દેખાતો હતો. શિવાલયના પ્રાંગણમાં પ્રવેશ કરવાનો બાજુએ આવેલો દરવાજો બંધ હતો પરંતુ તારાના પ્રકાશમાં તેની નાની બારી ખુલ્લી હતી એમ જોઇ શકાતું હતું.

શિવાલયનાં પગથિયાં પાસે પહોંચતાં ચામુંડને જણાયું કે પૂજારીએ પોતાની આજ્ઞાનું બરાબર પાલન કર્યું છે અને મલ્લિકાના ધ્યાનમાં વિક્ષેપ ન પડે તે માટે તેણે બરાબર કાળજી રાખી છે. મંદિરમાં પૂજારી કે સેવક કોઇ રહ્યા નહોતા. નરી શાન્તિ વ્યાપી રહી હતી.

મલ્લિકાના ધ્યાનમાં વિક્ષેપ ન પડવા દેવા માટે ચામુંડ પણ અત્યંત ધીરે પગલે–જરાય અવાજ કર્યા વિના પગથિયાં ચડ્યો અને નિજગૃહ તરફ દબાતે પગલે ચાલ્યો. તે દ્વારની નિકટ જઇ પહોંચે તે પહેલાં તેને એવો ભાસ થયો કે જાણે કોઇ શ્વેત ઓળો નિજગૃહમાંથી બાજુએ આવેલા ગણેશના ખંડમાં ઝડપથી પસાર થઇ ગયો.

નિજગૃહમાં પ્રવેશ કરતાં ચામુંડે જોયું કે મલ્લિકાનું આસન ખાલી પડયું છે, સામે રુદ્રનું નીલ બાણુ રહેલું છે અને બાજુએ દીપિકામાંનો દીપક સ્થિર જ્યોતે બળી રહ્યો છે! ચામુંડની દૃષ્ટિ ખંડમાં ચોપાસ ફરી વળી પણ મલ્લિકા ક્યાંય દેખાઇ નહિ!

હવે તેને ખ્યાલ આવ્યો કે જે શ્વેત ઓળો બાજુના ખંડમાં ચાલ્યો ગયો હોવાનો ભાસ પોતાને થયો હતો તે એ શ્વેતવસના મલ્લિકા જ હોવી જોઇએ. તે મનમાં હસ્યો. મલ્લિકાનાં લજ્જા–સંકોચનો મર્મ તેના ચિત્તમાં ચમકયો. ધ્યાનમાંથી ઊઠીને બાજુના ખંડના અંધકારમાં ભરાઇ જવા માટે મલ્લિકાને જરાએ ઠપકો આપવાની ઇચ્છા તેણે ન કરી. તે તો હસતો હસતો ધીરે ડગલે મલ્લિકાની પાછળ ગણેશના ખંડમાં દાખલ થયો.

નિજગૃહમાંના દીપકની જે આછી પ્રભા ગણેશના ખંડને અજવાળતી હતી તેમાં જઇને ચારે બાજુએ દૃષ્ટિ કરતાં, પહેલાં ચામુંડની અંજાયલી આંખોને કોઇ વ્યક્તિનું અસ્તિત્વ જ ત્યાં જણાયું નહિ. દૃષ્ટિ ઠરતાં તેણે જોયું કે ગણેશમૂર્તિની બાજુના ખૂણામાં લપાયલી અને દિવાલની શ્વેતતામાં ભળી જતી શ્વેતવસના મલ્લિકા સોડિયું ભીડીને તથા મ્હોંને ખૂણામાં છુપાવીને એવી રીતે ઊભી છે કે તેનું એક પણ અંગ જોઇ શકાય જ નહિ!

ચામુંડ એ દૃશ્ય જોઇ રહ્યો. સ્વામી ઉપર રુષ્ટ થએલી અને અબોલા લઇને પૂંઠ વાળી ઊભેલી હિમતનયાની કલ્પના તે ક્ષણે તેનાથી કરાઇ ગઇ. રીસાયલી પાર્વતીને મનાવવા ઇચ્છતા શંકરનો ભાવ જાણે તેના અંતરમાં ઉદ્‌ગમ્યો હોય તેમ ચામુંડ મૂગું હસ્યો અને તત્ક્ષણ તેણે મલ્લિકા તરફ ડગ ભર્યાં. મલ્લિકા જરાએ હીલચાલ કરતી દેખાઇ નહિ. ચામુંડ તેની નજીક ગયો. એ નિકટતાએ તેના હૃદયના ધબકારને વધાર્યો, રુધિરને વિશેષ ગતિમાન કર્યું, શ્વાસમાં ઉષ્ણતા ઉમેરી: તે મુગ્ધ બન્યો, મુગ્ધતાના અભિનિવેશે મન પરના અંકુશને ઢીલો બનાવ્યો, સ્વૈર બનેલી મનોગતિએ ચામુંડના બાહુને

પ્રસાર્યા અને પીઠ પાછળ રહીને તેણે મલ્લિકાને બાથમાં લીધી. મૂગી પૂતળી પેઠે જ તે ચામુંડની બાથમાં ભીડાઇ અને તેના વક્ષ સાથે દબાતાં નમી ગઇ. તેના વદન પરના ઘુંઘટને ચામુંડે સ્વહસ્તે ખસેડ્યો અને પછી તેને ચુંબન લેવા તેણે પોતાનું વદન નમાવ્યું કે તત્ક્ષણ મલ્લિકા ખડખડ હસી પડી !

એ હાસ્ય સાંભળતાં જ જાણે આવેશનો કેફ એકાએક ઊતરી ગયો હોય, મુગ્ધતા વિલાઇ ગઇ હોય, તેમ ચામુંડ ચમકયો. તેણે નમાવેલું વદન પાછું ખેંચ્યું, તેના બાહુ ઢીલા પડી ગયા, બાથ છૂટી ગઇ ! પોતે શંકર નહોતો તેમ તે હિમતનયા પણ નહોતી, એટલું જ નહિ પણ એ મલ્લિકા પણ નહોતી ! ખરેખર, એ હાસ્ય મલ્લિકાનું નહોતું !

ચામુંડ બે ડગલાં પાછો હઠી ગયો. તેણે જોયું કે પોતાની સમીપે ઊભેલી શ્વેતવસના વાવિણી હતી !

" વાવિણી બહેન !"

" ભાઇ ! તમે છો ?"

" તમે અહીં કયાંથી ? અહીં તો મલ્લિકા હતી......"

" ત્યારે તમે મલ્લિકાને માટે અહીં આવ્યા છો ?"

ચામુંડ નિરુત્તર ઊભો રહ્યો.

વાવિણી ક્રોધથી રાતી–પીળી થઇ ગઇ. તે તુચ્છકારથી બોલી: " ધિક્કાર છે તમને ! જાઓ, તમારું મ્હોં કાળું કરો ! વિષયી, ઘમંડી, દંભી......"

પણ વાવિણીના વધુ શબ્દો સાંભળવા ચામુંડ ત્યાં ઊભો રહી શક્યો નહિ.

▲ ▲ ▲

પ્રકરણ ૮

▲ ▲

"તેલ અને તેલની ધાર"

▲

(૧)

ચામુંડના આ આચરણથી વાવિણી ઉપર જાણે વજ્રપાત જ થયો હતો. જે વાત વાવિણીને મન સ્વપ્નાતીત હતી તે વાતનો અત્યારે તેણે સાક્ષાત્કાર કર્યો હતો. મલ્લિકા અને ચામુંડ વચ્ચે ભગવાનનો આદેશ મેળવવા માટે થએલી એકાંત ધ્યાનની ગોઠવણની વાવિણીને ખબર નહોતી, એ આદેશ માત્ર ચામુંડની જ સમીપે નૃત્ય કરીને ઋણ-મુક્તિ માટે મલ્લિકાને મેળવવો હતો તે ચામુંડ અને મલ્લિકા સિવાય બીજું કોઇ જાણતું નહોતું : એટલે વાવિણીએ માન્યું કે શિવાલયને મલ્લિકા તથા ચામુંડે ગુપ્ત મિલન માટેનું સંકેતસ્થાન જ બનાવ્યું હતું અને કોઇ કારણે એ મિલન ન થતાં પોતાનું અને ચામુંડનું મિલન થઈ જવાથી એ સંકેત પકડાઇ ગયો હતો.

"અહો ! કેટલું ભયંકર ! ક્યાં ચામુંડનાં વ્રત તથા સંયમ, ક્યાં તેનાં જપ–તપ–ધ્યાન અને કઠીન દિનચર્યા, અને ક્યાં મલ્લિકાને મળવા તેનું મધરાતે આવવું તથા મને મલ્લિકા સમજીને ચુંબન લેવાની ચેષ્ટા ! જો બીજા કોઇએ આવું મને કહ્યું હોત તો હું તે કદાપિ ન માનત. મારો તપસ્વી ભાઇ મનમાં કુટિલ વાસનાને પોષી રહ્યો છે એવું કોઇ બોલત તો હું એની જીભ કપાવી નાંખત, પરંતુ અત્યારે મેં મારી સગી આંખે શું જેયું ! મહારાજ મૂળરાજદેવનો પ્રૌઢ વયે પહોંચેલો પુત્ર, ત્રણ પુત્રોનો પિતા, પત્ની પાછળ પુનઃ ન પરણવાનું વ્રત લેનાર રાજવી, પ્રભુસેવામાં અને રાતદિન ભગવાનના જાપ–ધ્યાનમાં રત રહેનાર એવો ગુર્જરેશ્વર એક ક્ષુદ્ર નર્તિકા પર મોહ્યો છે ! તેને તેણે મધરાતે મંદિરમાં બોલાવી હતી અને વાસના-

તૃપ્તિ માટે......શાન્તમ્ પાપમ્! હે ભગવન્! એ કલ્પના પણ હું સહી શકતી નથી......"

વાવિણી મંદિરમાં વધુ સમય થોભી શકી નહિ. તે દરવાજાની બારીએ થઇને બહાર નીકળી ગઇ અને અંધકારમાં માર્ગ ભેદતી ચાલી.

માર્ગમાં તેને કાંઇ કાંઇ વિચારો થવા લાગ્યા. ચામુંડનાં બધાંય ધર્માચરણોની પાછળ શું દંભ હશે એવી તેને શંકા ઊપજી. મલ્લિકાનું નૃત્ય બંધ કરાવવા પાછળ તેનો વસ્તુતઃ કયો મનોભાવ હશે તેના તેને સંકલ્પ-વિકલ્પ થવા લાગ્યા. પલ્લવીદેવીના મૃત્યુ પછી પુનઃ નહિ પરણવાની પ્રતિજ્ઞા લેનાર ચામુંડના મનમાં આવો દુષ્ટ મનોભાવ કેમ જાગ્યો હશે તે તેને સમજાતું નહોતું. આટઆટલા દેહદમન છતાં બાઇની વાસના કેમ મરણ પામી નહિ હોય તેનું તેને આશ્ચર્ય ઊપજતું હતું.

એટલામાં તે મહામંત્રી માધવ ભટ્ટની હવેલી પાસે પહોંચી. તે ઇચ્છાપૂર્વક ત્યાં આવી હતી. અત્યારે ને અત્યારે આ વાત કોઇને કહ્યા વિના વાવિણીને ચેન પડે તેમ નહોતું. ઘેર જઇને તેજસિંગને આ વાત કહેવાનો કશો ઉપયોગ નહોતો. એક રીતે તો તેજસિંગના મતનો જ વિજય થયો હતો. તેજસિંગ માનતો હતો કે ચામુંડ વાસના પર જય મેળવવાને જે કાંઇ વ્રત-તપ-નિયમ આદરી રહ્યો છે તે બધાં નિરર્થક છે; તેનાથી એ રીતે વાસનાને જીતી શકાવાની નથી. અત્યારનો બનાવ કહી રહ્યો હતો કે તેજસિંગ સાચો હતો અને વાવિણી જ અત્યારસુધી ભૂલ કરી રહી હતી. એ ભૂલ માટે પતિ પોતાની હાંસી કરશે, સ્વમતના વિજયથી તે ઉન્મત્ત બનશે, એમ પણ વાવિણીને લાગતું હતું. પરન્તુ તે તો પછીની વાત હતી. અત્યારે તો તે મહામંત્રીને આ વાત કહીને પોતાનું હૃદય હળવું કરવા ત્યાં આવી હતી.

ડહેલી બંધ હતી. બેઉ બાજુમાંના ગોખલામાં બળી રહેલા દીવા માર્ગ અજવાળતા હતા. વાવિણીએ ડહેલીના દ્વાર પાસે થોભતાં જ

બારણાનું કડું ખખડાવીને અવાજ કર્યો અને 'કેશવ' નામની બૂમ મારી. કેશવ માધવ ભટ્ટનો દોઢીદાર સેવક હતો.

પરંતુ કેશવ જાગે તે પહેલાં ડહેલી પરની મેડીમાંના શય્યાખંડમાં સૂતેલા માધવ ભટ્ટની કાગનિદ્રા ઊડી ગઇ અને તેમણે જ સામો અવાજ કર્યો: "કોણ છે?"

"એ તો હું વાવિણી, ભટજી મહારાજ! દ્વાર ઊઘડાવો."

"વાવિણી બહેન!" માધવ ભટ્ટે ચમકતાં આશ્ચર્યોદ્‌ગાર કાઢ્યો. ઊંઘી ગયેલા કેશવને બૂમો પાડવાનું પસંદ ન કરતાં ભટજીએ પોતે જ 'હે સાંબ!' ઉદ્‌ગારતાં ઢોલિયો છોડ્યો, શરીરે શાલ લપેટી લીધી અને દાદર ઊતરીને ડહેલીનું દ્વાર ઉઘાડ્યું.

"વાવિણી બહેન! તમે અત્યારે ક્યાંથી?"

વાવિણી કશો જવાબ ન આપતાં મૂગી મૂગી ડહેલીમાં પેઠી, પાછળ ભટજીએ દ્વાર બંધ કર્યું અને બેઉ જણાં મેડી પર ચડ્યાં. ભટજીએ બેઠકના ખંડમાં બળતો દીવો સંકોરીને જરા મોટો કર્યો અને વાવિણીના વદન ઉપર દૃષ્ટિપાત કર્યો. એ વદન પર અંકાયલી તીવ્ર રેખાઓ જોઇને ભટજીએ પૂછ્યું: "શું કાંઇ બન્યું છે બહેન?"

વાવિણી કશું ન બોલી. ભટજી ગાદી પર બેઠા, વાવિણી સામે બેઠી, એટલે ભટજીએ ગંભીર દૃષ્ટિથી વાવિણીની સામે જોયું.

ક્ષુબ્ધ હૃદય વિરમતાં વાવિણી બોલી: "દેવ! મહારાજનું ભયંકર પ્રચ્છન્ન પાપ પકડાઇ ગયું છે: હું જાતે તેનો અનુભવ કરીને અત્યારે આવી છું!"

"એવું શું છે?"

"મહારાજની મલિન વાસના હું નજરોનજર જોઇ—અનુભવી ચૂકી છું. નીલકંઠના મંદિરને તેમણે અને મલ્લિકાએ સંકેતસ્થાન બનાવેલું, બેઉ એ સ્થળે આજે મધરાતે મળવાનાં હતાં, મહારાજ ત્યાં આવ્યા હતા; કોઇ કારણે હું ત્યાં હતી, મલ્લિકા આવી જણાતી

નહોતી, અંધકારમાં મહારાજ મને મલ્લિકા સમજ્યા, અને..." પછીના ઉદ્દગાર વાવિણી ગળી ગઇ. તેની આંખોમાં આંસુ ચમક્યાં.

ભટજી આંખો ફાડીને વાવિણીના વદનને જોઇ રહ્યા. તેમની વાચા જ જાણે બંધ થઇ ગઇ. ઊંડો વિચાર કરીને ભટજીએ પૂછ્યું: "તમારી કાંઇ ગેરસમજ તો નથી થતી, વાવિણી બહેન?"

"જરાએ નહિ."

"પણ તે વખતે તમે ત્યાં કયાંથી?"

વાવિણી ગૂંચવણમાં પડી. વાત કાંઇ લાંબી નહોતી પણ માધવ ભટ્ટ જેવા ગુરુજન સમીપે કહેતાં સંકોચ થાય તેવી હતી.

વાવિણી સ્વગૃહેથી રાત્રે એકલી નીકળીને રાજમહાલય તરફ ગઇ ત્યારે તેના મનમાં એક શંકા હતી કે વસંતને વાયરે ચડેલા પતિ રાત્રે પોતાને રાજમહાલયમાં ગએલી જાણીને પાછળપાછળ ત્યાં આવ્યા વિના રહેશે નહિ અને પોતાને ઘેર પાછી ખેંચી જઇને પુષ્પશણગાર પહેરાવવાની હઠ છોડશે નહિ. સ્વામીની લત અને હઠીલો સ્વભાવ તે જાણતી હતી. રાજમહાલયની નજીક આવતાં તેને એવો વિચાર આવ્યો કે ત્યાં તેજસિંગ આવે તોપણ પોતાને શોધી કાઢી શકે નહિ તો ઠીક; તે જ ક્ષણે તેણે જોયું કે રાજમહાલયની પાછળ આવેલા શિવાલયના પ્રાંગણના દરવાજાની બારી જે રોજ બંધ રહેતી તે આજે ખુલ્લી હતી, એટલે તે તે વાટે અંદર પેઠી. મુખ્ય દરવાજેથી અંદર જવાને બદલે એ બારી વાટે અંદર દાખલ થવું તેને ગુપ્તતા જાળવવા માટે વધારે ઉચિત લાગ્યું. બારીમાં પેસતાં તેણે શિવાલયનાં દ્વાર ખુલ્લાં જોયાં અને અંદર દીવો બળતો જોયો. જો મંદિરમાંના એકાદ ખંડમાં પોતે છુપાઇ રહે તો રાજમહાલયમાંનું ય કોઇ પોતાના આગમનને જાણી શકે નહિ એ વિચાર તેના મનમાં ઉદ્દભવ્યો. મંદિરનો પૂજારી તો તે સ્થળે પોતાને સૂવા દેવાની મનાઇ ન જ કરી શકે, એટલે તેને તે જ વાત ગમી અને તે મંદિરમાં પેઠી. મંદિરમાં તો કોઇ નહોતું, પૂજારી પણ નહોતો. એ સૂના

શિવાલયના નિજગૃહમાં તે એક ખૂણે લપાઈને સૂતી, પણ તે ક્ષણેય તેના મનમાં શંકાનું વાદળ ઘેરાયે જતું હતું. તેજસિંગ રાજમહાલયમાં પોતાને શોધવા આવશે, ત્યાં પોતાને ન જોવાથી કદાચ મંદિરમાંય ડોકિયું કરશે અને પોતાને પકડી પાડીને હાંસી કરવા મંડી જશે, એવી શંકાપરંપરાએ તેને ઊંઘવા દીધી નહિ. ઘડિયાળાં વાગ્યાં, મધરાત થઈ, એટલામાં તેને સ્વામીનાં પગલાંના જાણે ભણકારા સંભળાવા લાગ્યા. તે વારેવારે ઝબકીને ઊઠતી, આમ-તેમ જોતી અને કોઈને ન જોતાં પાછી સૂઈ જતી.

એક વાર કોઈના પગરવનો ભાસ થતાં તે ચમકીને બેઠી થઈ. કોઈ પડછંદ પુરુષની આકૃતિને તેણે શિવાલયનાં પગથિયાં તરફ આવતી અને પછી પગથિયાં ચડતી જોઈ. તેને લાગ્યું કે તેજસિંગ પાછળ આવી પહોંચવાનો જે ભય પોતાને હતો તે સાચો પડ્યો છે! વિનાવિલંબે ઊઠીને તે દોડતી બાજુના અંધારા ખંડમાં પેસી ગઈ, પણ ત્યાંય પાછળ આવીને સ્વામીએ પોતાને પકડી પાડી – આંધળા પાડાની રમતનો દાવ ખાલી ગયો ત્યારે પોતાની ચોરી પકડાઈ જવાથી તેનામાં જે વિનોદ ઊભરાઈ આવ્યો તેથી તેનાથી હસી પડાયું. પરન્તુ તે તેજસિંગ નહોતો, ચામુંડ હતો!

આ આખી કથની સમુચિત મર્યાદા રાખીને વાવિણીને માધવ ભટ્ટ સમીપે પ્રકટ કરવી પડી. ભટજી દાંતમાં આંગળી ઘાલતા અવાક્ બની ગયા.

"દેવ!" વાવિણી બોલી: "મહારાજનાં વ્રત-જપ-તપ બધાં જૂઠાં છે, તેની પાછળ નર્યો દંભ છે."

"આકળાં ન થાઓ, બહેન! એ દંભ છે કે નહિ તે હું ખાત્રીથી કહી શકતો નથી, પણ મનની નબળાઈ તો જરૂર છે. એ નબળાઈને હું લાંબા વખતથી પિછાણું છું."

"અને તેથી જ તમે મલ્લિકાને મહારાજ સમીપે જતી અટકાવવા ઇચ્છતા હતા, ખરું?"

"હા...આ..."

"અને મહારાજે નૃત્ય બંધ કરાવ્યું તેનો અર્થ શો ?"

"એ પણ નબળા માનસનો જ આવિષ્કાર. મલ્લિકા ઉપર પુષ્પ ફેંકનાર તેના કોઈ અજાણ્યા પ્રશંસક ઉપર જાગ્રત થએલી અસૂયાએ મહારાજને ઉશ્કેરી મૂકેલા."

"તો પછી મહારાજની વિષયવાસના જ પ્રબળ છે, તેમનાં સંયમ અને દેહદમન, જપ-તપ-ધ્યાન અને ત્યાગ, એ બધાં તેમને વાસના ઉપર વિજય મેળવવામાં મદદ કરી શકયાં નથી, ઊલટું વાસનાને છુપાવવાના આકર્ષક અસ્તરરૂપ બન્યાં છે. એનું નામ દંભ નહિ તો બીજું શું ?"

"એ દંભ નથી, વાવિણી બહેન !"

"એક નર્તિકાને સંકેતસ્થાને મળવા જનારો અને તેને બાથમાં લઈને ચુંબન લેવા મથનારો પુરુષ જો વ્રત-સંયમ-તપનાં આચરણો કરતો હોય તો દંભ સિવાય બીજું શું હોય ?"

"તમે જ કહો છો કે મલ્લિકા તો ત્યાં નહોતી; સંકેત હોય તો તે ત્યાં કેમ નહોતી આવી અને મહારાજે તેને કયા નિમિત્તે ત્યાં બોલાવી હતી તે કાંઈ તમે જાણો છો ?"

"ના; પણ મહારાજના વર્તન ઉપરથી મને લાગે છે કે તે વાસનાથી પ્રેરાયા હતા અને શિવાલયને ગોઝારું બનાવવાનો જ એ સંકેત હોવો જોઈએ."

"ઉતાવળાં ન થાઓ, બહેન ! તેલ અને તેલની ધાર બેઉ જોવા દો; અત્યારે તમે ઘેર જાઓ, સવારે બધી તજવીજ કરીને નિર્ણય પર આવીશું."

વાવિણી માધવ ભટ્ટ પાસે ઉશ્કેરાઈને આવી હતી, પરન્તુ જ્યારે તે ત્યાંથી વિદાય થઈ ત્યારે તે કાંઈક શાન્ત બની. તેના હૃદયની વરાળ બહાર નીકળી હતી, તેને કાંઈક આશ્વાસન મળ્યું હતું અને ઉશ્કેરાટ શમ્યો હતો, પરન્તુ તેના મનમાં એક વાત ઘુંટાયા જ

કરતી હતી: પરમપ્રતાપી અને કર્મયોગી મહારાજ મૂળરાજદેવનો પુત્ર અને વર્તમાન ગુર્જરેશ્વર શું આવો અધમ, તુચ્છ, નિર્બળ ?

(૨)

વાવિણી ગયા પછી માધવ ભટ્ટે બિછાનામાં આળોટ્યા કર્યું પણ ઊંઘ આવી નહિ. તેમને ચામુંડની જુવાની સાંભરી, તેની વિલાસિતા યાદ આવી, તેને એક વાર થએલો વિસ્ફોટકનો રોગ ખ્યાલમાં આવ્યો, અને આજની તેની દેહદમનની ક્રિયાઓ પણ સ્મૃતિમાં તરી આવી. તેમને ચામુંડની દયા આવી. તેની વાસના મલ્લિકાના દર્શનથી ઊભરાઈ હોય તે તેમને સંભવિત લાગ્યું. મલ્લિકા લલચાઇ હોય તેમાં તો કશું નવાઇ જેવું નહોતું. પરન્તુ વાવિણી કહેતી હતી તેવી રીતે ચામુંડે મલ્લિકાને દુષ્ટ મનોભાવપૂર્વક શિવાલયમાં જ મળવાનો સંકેત રચ્યો હોય તે તેમને શકય લાગતું નહોતું.

રોજ માધવ ભટ્ટ રાત્રિનો ચોથો પ્રહર થતાં શય્યાત્યાગ કરતા, પરંતુ આજે તેમને ચટપટી થતી હતી, ઊંઘ આવતી નહોતી, માથે પડેલા મોટા ભારનો ઉકેલ કરવાનો હતો એટલે તે ચોથો પ્રહર થતા પહેલાં જ ઊઠયા. ઘરનાં દાસ-દાસી હજી ઊઠયાં નહોતાં; તેમને અધૂરી ઊંઘે ઉઠાડવાનું ભટજીને ગમ્યું નહિ; તે શૌચાદિ નિત્યકર્મમાં પરોવાયા; પરન્તુ ભટજીએ દાતણ લેવા પાણિયારાનું દ્વાર ઉઘાડયું ત્યાં કેશવ જાગી ગયો અને બોલ્યો: " હજી ઘણું વહેલું છે, દેવ ! "

" હું જાણું છું, કેશવ ! કેટલુંક કામ છે એટલે હું વહેલો ઊઠયો છું. તું બહુ અવાજ કર્યા વિના મને દાતણ કચરી આપ અને પાણી ગરમ કર. "

દંતધાવન અને સ્નાન કરીને દેવસેવામાં પેસતાં પૂર્વે ભટજીએ કેશવને પાલખી તૈયાર કરાવી લાવવાની આજ્ઞા કરી. ભટજી દેવ-સેવામાંથી નિવૃત્ત થયા ત્યારે અરુણોદય પણ થયો નહોતો અને પાલખી હાજર થઇ ગઇ હતી.

"કઇ તરફ, દેવ?" એક શીબિકાવાહકે પૂછ્યું.

"ત્રિપુરુષપ્રાસાદ પર ચાલો." શિબિકામાં બેસતાં ભટ્ટજીએ જવાબ આપ્યો.

ચામુંડને મળીને રાત્રિના બનાવ વિષે પૃચ્છા કર્યાં પૂર્વે મલ્લિકાને પૂછી લેવાની પહેલી જરૂર ભટ્ટજીએ જોઇ હતી અને તેથી ત્રિપુરુષ-પ્રાસાદની ધર્મશાળા તરફ તે જતા હતા. પરન્તુ ત્યાં પહોંચતાં જ માલૂમ પડ્યું કે મલ્લિકા અને તેનો બધો રસાલો ઘણો વહેલો ઊપડી ગયો હતો!

મલ્લિકા એકદમ ચાલી ગઇ—પ્રભાત થવાની પણ તેણે રાહ ન જોઇ, તેથી ભટ્ટજી ઊંડા વિચારમાં પડી ગયા. તેમને શંકા ઉત્પન્ન થઇ કે ચામુંડ અને વાવિણી વચ્ચેનો પ્રસંગ તેને કાને પહોંચ્યો હોવો જોઇએ અને તેથી ડરી જઇને તે એકાએક ચાલી ગઇ હોવી જોઇએ. જો ખરેખર એમ હોય તો એ વાત તેને પહોંચાડી કોણે? ભટ્ટજીને જાણવું હતું કે મલ્લિકા રાત્રે નીલકંઠના મંદિરમાં ગઈ હતી કે નહિ, પણ તે વિષેની માહિતી તેનાં પોતાનાં માણસો સિવાય બીજા કોને હોય?

તેમણે આસપાસ દૃષ્ટિ કરી. ધર્મશાળાની પરશાળમાં બે અજાણ્યા સંન્યાસીઓ દેખાયા તેમને ભટ્ટજીએ પૂછી જોયું કે 'અહીં ઊતરેલી નર્તિકા ક્યારે ગઇ?' તો તેમણે જવાબ આપ્યો કે 'અમને ખબર જ રહી નથી કે તે ક્યારે ગઇ.' ભટ્ટજીએ એક સંન્યાસીને પૂછ્યું કે 'રાત્રે મલ્લિકા ક્યાંય બહાર ગઇ હતી ખરી?' તો સંન્યાસીએ ગુસ્સે થઇ જવાબ આપ્યો: 'એ કેવું પૂછો છો તમે? અમે સંન્યાસીઓ શું એ રંડાના પાર્શ્વકો કે પહેરેગીરો હતા?'

ભટ્ટજી એ અવગણનાને ગળી જઇને ધર્મશાળાની બહાર નીકળ્યા. તે વખતે ઠીક-ઠીક અજવાળું થઇ ગયું હતું, જોકે સૂર્યોદય થયો નહોતો. ત્રિપુરુષપ્રાસાદનાં દ્વાર ખુલ્યાં હતાં અને પ્રાંગણમાં ઊભેલો બ્રહ્મચારી વૈજલ્લદેવ તથા તેના દસ-બાર બ્રહ્મચારી શિષ્યો

દંડ-બેઠકનો વ્યાયામ કરી રહ્યા હતા. ખુલ્લા દ્વારમાંથી વૈજલ્લદેવે ભટ્ટજીને જોયા કે તુરત તે તેમની પાસે દોડી આવ્યો અને બોલ્યો: "પધારો, મહામંત્રી! અત્યારમાં આપ અહીં ક્યાંથી?"

"પેલી નર્તિકાની તપાસ કરવા આવ્યો હતો, પણ તે તો રાત્રે ચાલી ગઇ જણાય છે."

વૈજલ્લદેવ હસીને બોલ્યો: "તેની નૃત્યપૂજા અધૂરી રહી તેથી ગુસ્સે થઇ હશે."

"શી ખબર! અને બ્રહ્મચારી મહારાજ! મધ્યાહ્ન પછી જરા મારા નિવાસસ્થાને પધારશો?"

"શામાટે?"

"આપની સાથે થોડી મંત્રણા કરવાની છે."

"મધ્યાહ્ન પછી તુરત આવવાનું નહિ બને."

ભટ્ટજીએ મૂગા રહી, થોડો વિચાર કરીને કહ્યું: "તો ચોથે પહોરે હું આપને બોલાવવા પાલખી મોકલીશ."

"મોકલજો, અવાશે તો આવીશ." વૈજલ્લદેવે કાંઇક બેપરવાઇથી જવાબ આપ્યો. એવી મસ્તી અને બેપરવાઇ એ નૈષ્ઠિક બ્રહ્મચારીની પ્રકૃતિમાં જ વસેલી હતી.

(૩)

રાત્રે ચામુંડ શિવાલયમાંથી રાજમહાલયમાં પાછો ફર્યો ત્યારે તેના મસ્તિષ્કમાં તરેહવાર પ્રશ્નોનું ધમસાણ મચી રહ્યું હતું. મલ્લિકા શિવાલયમાં આવી હતી, નીલકંઠ સમીપે ધ્યાનસ્થ થઇને બેઠી હતી અને પછી પોતે તેને એકલી છોડી ચાલ્યો ગયો હતો; છતાં પોતે શિવાલયમાં ગયો ત્યારે ત્યાં મલ્લિકા કેમ નહોતી?

અને વાત્રિણી ત્યાં શામાટે આવી હતી? વળી તે બાજુના ખંડમાં છાનીમાની સરકી જઇને અદૃષ્ટ રહેવા માટે પૂઠ ફેરવીને કેમ ઊભી રહી હતી?

શું વાત્રિણીએ જ મલ્લિકાને ત્યાંથી હાંકી કાઢી હશે? એમ

હોય તો મલ્લિકા શામાટે તે જ વખતે પોતાની પાસે ફરિયાદ કરવા ન આવી? તેને અમે ત્યારે આવવા દેવાની ચામુંડે પહેરેગીરોને સૂચના તો કરી હતી.

તેને સૌથી મોટું આશ્ચર્ય તો એ થતું હતું કે વાવિણીને મલ્લિકા સમજવામાં પોતાની ભૂલ તો થઇ હતી, પરંતુ પોતે શું મલ્લિકા પ્રત્યેની વાસનાથી મુગ્ધ બન્યો હતો?

તેણે આત્મસંશોધન કરવા માંડયું.

તેણે પોતાને પૂછયું: "ચામુંડ! પહેલાં તો એ જવાબ આપ કે તું એ વખતે શિવાલયમાં શામાટે ગયો હતો?"

તેની મનોદેવતાએ જવાબ આપ્યો: "મલ્લિકાને પ્રેરણાદાન કરવા માટે ભગવાન પ્રત્યેની મલ્લિકાની પ્રાર્થનામાં જોડાવા માટે. મલ્લિકાની નૃત્યપૂજા અધૂરી રહી હતી, તે પૂરી થયા વિના તે ઋણમુક્ત થાય તેમ નહોતું અને ભગવાન ક્રુદ્ધ થયા હતા; ભગવાને નૃત્યપૂજા પૂરી કરાવવા માટે મને પ્રેરણા કરી હતી પરંતુ મલ્લિકાને પ્રેરણા કરવામાં તે વિલંબ કરતા હતા એટલે હું પણ મલ્લિકાની પ્રાર્થનામાં સાથ કરવા ઇચ્છતો હતો."

"તેં પોતે જ નૃત્યપૂજા અધૂરી રખાવી હતી, તો ભગવાન તારા પર ક્રુદ્ધ નહિ થયા હોય?"

"નહિ, નહિ! મેં નૃત્યપૂજા અધવચ બંધ કરાવી હતી કારણ-કે કામુક અને અનધિકારી પુરુષો તેનું દર્શન કરવા ઊભરાયા હતા, એ કામુકો પર ભગવાન ક્રુદ્ધ થયા હતા અને તેથી તેમણે મને પ્રેરણા કરી કે નૃત્યપૂજા પૂરી કરાવ અને અનધિકારીઓને તે જોવા આવવા ન દઇશ."

"તો પછી ભગવાને તને જેવી પ્રેરણા કરી તેવી તે મલ્લિકાને પણ કરત; પ્રેરણા કયારે કરવી, વહેલી કરવી કે મોડી કરવી, તે ભગવાનની ઇચ્છાની વાત હતી, તેમાં તું શામાટે ત્યાં દોડી ગયો?"

" ક્રુદ્ધ થએલા ભગવાનની સમક્ષ પ્રાર્થના કરતાં બહુ મોડું થવા છતાં જો પ્રેરણાદાન ન થતું હોય તો તે બિચારી ગભરાઇ જાય, નિરાશ થાય, કદાચ...હા...કદાચ તે ભક્તિશીલ બાળા મુંઝાઇને ધડ પરથી માથું ઉતારી મસ્તકકમળ વડે પૂજા કરવા તૈયાર થઇ જાય! તેમ થવા દેવાને બદલે તેની સાથે હું પ્રાર્થનામાં જોડાઉં અને ઉતાવળે પ્રેરણાદાન મળે એમ કરું, એ મેં શું ખોટું કર્યું?"

" ઠી...ક, પણ તું ત્યાં ગયો અને તેં વાવિણીને ભૂલથી મલ્લિકા માની, ત્યારે પહેલાં તારે પૂછવું જોઇતું હતું કે, હે મલ્લિકા! ભગવાને તને પ્રેરણાદાન કર્યું કે નહિ? તેમ પૂછવાને બદલે તું તેની પાછળ પાછળ ગયો અને તેને બાથમાં લઇ ચુંબન લેવાની ચેષ્ટા કેમ કરી?"

" હેં....હા...."

" જય જય મહારાજ! મહામંત્રી પધાર્યા છે." સેવકે બહારથી ઉદ્‌ગાર કર્યો.

ચામુંડે તત્ક્ષણ દ્વાર ઉઘાડીને પૂછ્યું: " કોણ, માધવ ભટજી આવ્યા છે? અત્યારમાં? આટલા વહેલા!"

" હા, મહારાજ!"

" ઠીક, જા...અહીં જ મોકલ...."

ચામુંડે હજી દંતધાવન, સ્નાન, સેવાદિ નિત્યકર્મ પણ કર્યાં નહોતાં. તેને તે કશું સાંભર્યું પણ નહોતું. મહામંત્રી આવ્યા ત્યારે તે તેના ખ્યાલમાં આવ્યું. મહામંત્રી આજે આટલા વહેલા કેમ આવ્યા હશે તેનો તે વિચાર કરે તે પહેલાં તો માધવ ભટ્ટ આવી પણ પહોંચ્યા.

" આવો ભટજી! આજે કાંઇ તમે બહુ વહેલા આવ્યા. હજી તો હું નિત્યકર્મથી પરવાર્યો નથી...."

" આજે એમ કેમ થયું મહારાજ? શરીર અસ્વસ્થ છે કે મન?" ભટજીએ પૂછ્યું.

ચામુંડ ફિક્કું હસ્યો અને બોલ્યો : "તમે શું ધારો છો ?"

"મને તો લાગે છે કે આપનું મન રોગિષ્ઠ થયું છે, તે વિના આપ મલ્લિકાને મળવા મધરાતે એકલા શિવાલયમાં જાઓ જ નહિ, અને..."

"સમજ્યો, સમજ્યો, સમજ્યો !" ચામુંડ બોલી ઉઠ્યો : "ત્યારે તમને વાવિણી બહેને બધી વાત કહી છે, અને કદાચ મલ્લિકાએ પણ કાંઇ કહ્યું હશે; અને તે માટે જ અત્યારમાં અહીં આવ્યા હશો."

"વાવિણી બહેને તો કહ્યું છે, પણ મલ્લિકા ક્યાંથી કહે ? તે તો માથે રાત લઇને નાસી ગઇ છે !"

"નાસી ગઇ ? શામાટે નાસી ગઇ ? નૃત્યપૂજા અધૂરી મૂકીને તે ચાલી ગઇ ? ફરીથી નૃત્ય કરીને પૂજા પૂરી કરવાનો તો તેનો મનોભાવ હતો; મને પણ ભગવાને તેવી જ પ્રેરણા કરી હતી; એ પ્રેરણાનું દાન ભગવાન પોતાને પણ કરે એવી આશા રાખીને તે નીલકંઠ સમીપે ધ્યાન ધરીને બેઠી હતી, મેં જ તેને તેવી વ્યવસ્થા કરી આપી હતી...."

"પણ ભગવાને તેને એવી પ્રેરણા કરી હશે કે તું નાસી જા."

"એમ બને જ નહિ, બને તો મને એ વાત કહેવા આવ્યા વિના તે રહે જ નહિ; કાં તો વાવિણી બહેને તેને ત્યાંથી હાંકી કાઢી હશે, તેથી તેને રોષ ચડ્યો હશે, અને પછી મારી પરીક્ષા કરવા...."

"આગળ ન બોલો મહારાજ ! વિચાર કરી જુઓ, અંતરાત્માને પૂછી જુઓ, આપને કદાચ વાસનાનો વેતાળ વળગ્યો હશે અને તેથી આપ કટાણે અને અનુચિત સ્થળે મલ્લિકાને મળવા ગયા હશો."

"એ આપનો ભ્રમ છે, ભટજી ! વાવિણી બહેનનો પણ એ ભ્રમ છે. વાસના હવે મને સ્પર્શી શકે તેમ નથી. મલ્લિકાને ભગવાન

પ્રેરણા કરે, તે ફરીથી નૃત્ય કરી ઋણમુક્ત થાય, તેવી તેની અને મારી ઇચ્છા હતી; તે ભગવાનને પ્રાર્થતી હતી, હું પણ તેની પ્રાર્થનામાં સાથ કરવા જ ગયો હતો.... "

" વાવિણી બહેન માને છે કે તમે બેઉએ ત્યાં એકાંતમાં મળવાનો સંકેત રચ્યો હશે...."

" શાન્તમ્ પાપમ્! પાપી જગતનાં પાપી મન! તે કેવી અઘટિત રચનાઓ કરે છે! સંકેત શાનો? પ્રભુની પ્રેરણા માટે તલસતું એ ભક્તિશીલ મન અને તેની ઋણમુક્તિ માટે આતુર એવું મારું નિર્મળ મન એ બેઉની વચ્ચે વળી સંકેત શો હોય? ભટજી! તમે પણ શું હજી ચામુંડને પિછાણી શક્યા નહિ?"

" પિછાણવા મથું છું, મહારાજ! અને હું ગૂંચવાઉં છું કે ગુજરાતના તપસ્વી રાજવી શિવાલયની અંદર મધરાતે નર્તિકાને ચુંબન લેવાની ચેષ્ટા કરવાને તત્પર કેમ થયા?"

" તમે જરા પણ વહેમ રાખશો નહિ કે હું વાસનાથી પ્રેરાયો હતો. જે વખતે હું ત્યાં ગયો તે વખતે એક શ્વેત વાદળું જાણે આજુના ખંડમાં સરકી જતું ન હોય એવું મને લાગ્યું...મને તેમાં હિમતનયા-પાર્વતીનો ભાસ થયો...અને તે જ ક્ષણે મારામાં ભગવાન શંકરનો જાણે અભિનિવેશ થયો...ભગવાન નીલકંઠનો જ એ પ્રભાવ અને પ્રેરણા હતાં, ભટજી!"

જો કોઇ બીજા માણસે પોતાના એવા વર્તનનો આવો ખુલાસો કર્યો હોત તો ભટજીએ ઊઠીને તેને તમાચો ચોડી દીધો હોત; પરંતુ આ કહેનાર તપસ્વી ચામુંડ હતો, તેની પવિત્ર દિનચર્યાનો ભટજીને પરિચય હતો, તેનાં તપ-જપ-આત્મસંશોધનનો તેમને અનુભવ હતો; અલબત્ત, ચામુંડમાં કેટલીક માનસિક નિર્બળતા હતી, પરંતુ એ નિર્બળતાનો આ પ્રકારનો અનુભવ ભટજીને કોઇ જ વાર થયો નહોતો. આથી તે ચામુંડનું કથન સાંભળીને વિચારમાં પડી ગયા. મુગ્ધ-ઘેલો માણસ ભાન ભૂલી જાય છે, પછી એ મુગ્ધતા ભક્તિની

હોય કે વિષયની હોય. એઉનો બાહ્ય આવિષ્કાર ઘણી વાર એક સરખો જ હોય છે; એ આવિષ્કારની પાછળ શું હશે તે જ માત્ર શોધવાનું હોય છે. ચામુંડ તે ક્ષણે વાસનાથી ઘેલો બન્યો હોય કે ભક્તિવશતાથી પણ ઘેલો બન્યો હોય : પરંતુ એ ઘેલછાના આવિષ્કારમાં જ તેણે જે વર્તન કર્યું હતું તે બાહ્ય દૃષ્ટિએ તો વિવેકબુદ્ધિથી રહિત હતું, અનિષ્ટ જ હતું, એમાં ભટજીને જરાએ સંશય નહોતો.

ચામુંડને કશું વધારે પૂછવાની માધવ ભટ્ટને જરૂર ન જણાઈ. કેટલીક વાર સુધી તે વિચારનિમગ્ન બનીને મૂગા બેસી રહ્યા. ચામુંડ તેમને વિષણ્ણ વદને જોઇ રહ્યો. પોતાને હાથે થઇ ગએલા સંશયોત્પાદક વર્તન માટે હવે ચામુંડ પસ્તાઈ રહ્યો હોય તેમ તેના વદન પર પશ્ચાત્તાપની રેખાઓ હતી, પરંતુ તેમાં અપરાધી માનસ અંકિત થએલું માધવ ભટ્ટે ન જોયું.

તેમને લાગ્યું કે ચામુંડે અનિષ્ટ વર્તન કર્યું હતું એમાં શંકા નહોતી, પરંતુ એવું વર્તન કરાવનારું તેનું મન અપરાધી નહોતું, કિંવા મનોદેવતા અપરાધ કરતી હોવાની તેના અંતરાત્માને જાણ નહોતી.

પરંતુ વાવિણી એ માનશે? વૈજલ્લદેવ એ માન્યતા સ્વીકારશે? વીરાચાર્યનો શો અભિપ્રાય પડશે? લલ્લશર્માનું શાસ્ત્રજ્ઞાન શું બોલશે? તેજસિંગ અને વાવિણી એક મતનાં હશે? યુવરાજ વલ્લભરાજ પિતાને માટે શું વિચારશે?

અને પાટણની જનતા જ્યારે આ બધું જાણશે ત્યારે તેના મન ઉપર શી છાપ પડશે?

આ વિચારને ચકડોળે ચડેલા માધવ ભટ્ટે ચામુંડને કશી વધુ પૃચ્છા કર્યા વિના ત્યાંથી વિદાય લીધી.

▲ ▲ ▲

પ્રકરણ ૯

મંત્રણા અને મતભેદ

(૧)

તેજસિંગે રાત્રે માલણ પાસે પુષ્પાલંકારો પહોંચડાવ્યા અને પછી જ્યારે તે ઘેર આવ્યો ત્યારે વાવિણી રાજગઢમાં ગઈ હોવાની વાત મેના પાસેથી જાણીને તે મનભંગ બની ગયો. વિશેષ પૂછપરછ કરતાં તે એટલું પણ જાણી ચૂક્યો કે ઘેર આવેલા પુષ્પાલંકારો જોતાં જ વાવિણી ગુસ્સે થઈ ગઈ હતી.

તેજસિંગ નિરાશ થયો. તેને ક્રોધ પણ ચડ્યો. પોતાના મનોભાવને નિષ્ફળ કરનારી પત્ની પાસેથી પોતાની નિરાશાનું મૂલ્ય વ્યાજ સાથે લેવાનો તેણે નિશ્ચય કર્યો અને તે સૂઈ ગયો. વાવિણીનો રોષ કેટલો લંબાશે તેની ગણત્રી તે કરી શકે તેમ નહોતું, પરન્તુ કોઈ વાર તો એ રોષનો અંત આવશે જ અને તે વખતે પોતે પોતાનું લ્હેણું પૂરું વસૂલ કરી લેશે એ વિષે તેજસિંગને શંકા નહોતી.

પણ રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થયા પૂર્વે જ્યારે તેણે ડહેલીની બહારથી 'મેના'ને બોલાવતી વાવિણીની બૂમો સાંભળી અને તેની ઊંઘ ઊડી ગઈ ત્યારે તેને ખૂબ જ આશ્ચર્ય થયું. વાવિણી ડહેલી ઊઘડાવવા માટે બૂમો મારતી હતી, મેના જાગતી નહોતી અને પોતે જાગતો હતો, પણ તે ઊઠીને ડહેલી ઉઘાડવા ન ગયો. તેનું રુષ્ટ થએલું મન ઇચ્છી રહ્યું હતું કે ભલેને વાવિણી ઘાંટા પાડ્યા કરે! આટલી મોડી રાત્રે જ્યારે તે ઘેર પાછી ફરી છે, ત્યારે તો તેને પસ્તાવો જ થયો હશે, એવી ગણત્રીએ તેજસિંગના માનભાવને ઉત્તેજ્યો હતો; એ માનભાવ વાવિણીને નમાવવાની યુક્તિઓનું સંશોધન કરી રહ્યો હતો.

છેવટે તો મેના જાગી અને તેણે ડહેલી ખોલી. વાવિણી ધુંઆં-પુંઆં થએલી જણાઇ. ડહેલીમાં પેસીને પહેલાં તેણે મેનાને 'કુંભકર્ણની બહેન'ને નામે બોલાવી. પછી તે સીધી મકાનની પાછળ આવેલા કૂવા તરફ ગઇ. મેના વિસ્મય પામતી પાછળ પાછળ ચાલી. કૂવા પર દોરડું બાંધેલો ઘડો પડ્યો હતો તે ઊંચકીને વાવિણીએ કૂવામાં નાંખ્યો. મેના સમજી કે વાવિણી કૂવામાંથી પાણી ખેંચી કાઢવા ઇચ્છે છે, એટલે તેણે મૂગાંમૂગાં વાવિણીના હાથમાંથી દોરડું લઇ પાણીભર્યો ઘડો બહાર ખેંચી કાઢ્યો.

વાવિણીએ આજ્ઞા કરી: "એ પાણી મારા મસ્તક પર રેડ, અને હું ના ન કહું ત્યાંસુધી પાણી ખેંચીને રેડ્યા કર."

વાવિણી કૂવાની પત્થરબાંધી કિનાર પર બેસી ગઇ, એટલે મેનાએ તેના મસ્તક પર પાણી રેડવા માંડયું. બે, પાંચ, દસ, વીસ, પચીસ ઘડા પાણી મેનાએ ખેંચ્યું અને વાવિણી ઉપર રેડ્યા જ કર્યું. મેના આશ્ચર્ય પામી રહી હતી અને હવે પાણી ખેંચીને થાકી પણ હતી, પરન્તુ ગુસ્સે થએલી માલીકણને એક દાસીજન શું કહી શકે?

બીજી બાજુએ વાવિણીની બધી ચેષ્ટા તેજસિંગ અંધારે ઊભો ઊભો શય્યાખંડની બારીમાંથી જોતો અને સાંભળતો હતો. વાવિણી બહારથી આવીને તુરત જ, ઘરમાં પ્રવેશ કર્યા પૂર્વે, આટલું વહેલું, સચૈલ સ્નાન કેમ કરી રહી છે, અને પાણી રેડાવતાં કેમ થાકતી-કંટાળતી પણ નથી, તે જોઇને તેજસિંગ પણ આશ્ચર્ય પામી રહ્યો હતો. એકાએક કોઇનું મૃત્યુ તો થયું નહિ હોય? કે કોઇ બીજું ગંભીર પ્રકરણ ઉપસ્થિત થયું હશે?

વાવિણી જાણે પત્થરની પૂતળી હોય કે સમાધિમાં બેઠેલી યોગિની હોય તેમ સ્થિર બેસી રહી હતી અને ઉપરાઉપરી માથા પર ઠલવાતા ઘડાના જળધોધથી પણ નિર્મળ ન બની શકી હોય તેમ વધુ ને વધુ જળધારાઓને મૂગી મૂગી સત્કાર્યે જતી હતી. દસ-પંદર ઘડા વધુ ઠલવાયા અને તેણે તે પણ ઝીલ્યા જ કર્યા!

હવે તેજસિંગથી રહેવાયું નહિ. તેણે બારીમાંથી બૂમ મારીઃ "મેના! હવે પાણી રેડવું બંધ કર! ખુલ્લામાં બેસીને, રાતને વખતે, પવનના સપાટાની વચ્ચે આવું તે માથાબોળ સ્નાન કરવાનું હોય? શરદી થતાં વાર નહિ લાગે!"

મેનાએ તેજસિંગની આજ્ઞા માની અને વાવિણી પણ જાણે સ્વામીના બોલને સ્વીકારી લેતી હોય તેમ વસ્ત્રો નીચોવતી ઊઠી ગઇ.

સ્નાનથી શરીર અને મસ્તિષ્ક શીતળ થતાં તેનું ચિત્ત કાંઇક શાન્ત થયું અને પછી વસ્ત્રો બદલાવીને પલંગમાં પડતાં જ તેને ઊંઘ આવી ગઇ.

પણ તેજસિંગે તો તરેહ–તરેહના તર્કવિતર્કમાં અટવાતાં ઉજાગરે રાત પૂરી કરી. નિત્યકર્મમાંથી તે પરવાર્યો ત્યારે વાવિણી ઊંઘતી હતી. તેના વદન પરની રેખાઓમાં હજી પણ ક્રોધ જ પ્રતીત થતો તેજસિંગને દેખાયો. તેણે તેને જગાડી નહિ.

તેજસિંગ રાજગઢમાં ગયો, તો તેને ખબર મળી કે વહેલી સવારમાં માધવ ભટજી આવ્યા હતા અને મહારાજની સાથે કાંઇ વાતો કરીને તુરત પાછા ચાલ્યા ગયા હતા. ચામુંડને મળવા જવાની તેને ઇચ્છા થઇ, પણ કોઇને પણ મળવા ન આવવા દેવાની મહારાજની આજ્ઞા સેવકે તેને વિદિત કરી, એટલે તે પાછો ફર્યો. કાંઇક ગંભીર બનાવ બન્યો હોવાનું તેનું અનુમાન વધારે દૃઢ થયું હતું, પરન્તુ સેવકોને તથા પ્રહરીઓને પૂછગાછ કર્યાં છતાં કશુંય તેના જાણવામાં આવ્યું નહિ.

તેજસિંગ ઘેર પાછો ફર્યો, તો તેણે મહામંત્રીના સેવકને પોતાની રાહ જોતો બેઠેલો જોયો. તેણે કહ્યું: "ભટજીએ તમોને અને વાવિણીદેવીને છેલ્લે પહોરે પોતાની હવેલીએ કાંઇ મંત્રણા માટે બોલાવ્યાં છે."

સેવકને મંત્રણાનું કારણ પૂછવાનો કશો અર્થ નહોતો. તે શય્યાખંડમાં ગયો, તો હજીય વાવિણી નિદ્રાધીન જણાઇ. તેજસિંગનો રોષ ઓગળીને હવે કરુણારૂપે રેલાવા લાગ્યો. તે મનમાં બોલ્યોઃ

"ભલે ઊંઘે. તેના વદનની રેખારેખાએ થાક દેખાઇ રહ્યો છે. બિચારીના મન ઉપર કોઇક અસાધારણ ભાર પડ્યો લાગે છે......"

દોઢેક પહોર દિવસ ચઢ્યો ત્યારે વાવિણીએ શય્યાત્યાગ કર્યો, પણ તેજસિંગે જોયું કે નિત્યની પ્રફુલ્લતા તેના વદન પર નહોતી. તેણે તેને કશું પૂછ્યું નહિ, એટલું જ નહિ પણ નિત્યકર્મથી પરવારીને વાવિણીએ ભોજન કર્યું નહિ, ત્યાંસુધી મહામંત્રીને ત્યાંથી મંત્રણા માટે આવેલા આમંત્રણની વાત પણ તેણે વાવિણીથી દાબી રાખી.

ભોજન પછી વાવિણી જરા વામકુક્ષી માટે શય્યાખંડમાં પ્રવેશી ત્યારે તેજસિંગ તેની પાછળ પાછળ ગયો અને પહેલી જ વાર મૌન તોડ્યું: "માધવ ભટજીએ ચોથે પહોરે મંત્રણા માટે નિમંત્રણ મોકલ્યું છે."

"શાની મંત્રણા છે?"

"કશું કહાવ્યું નથી."

"ઠી...ક."

"પણ આજે બન્યું છે શું? રાજગઢમાં જઈ આવ્યો, તો ખબર પડી કે મહામંત્રી વહેલી સવારમાં મહારાજને મળીને ચાલ્યા ગએલા અને મહારાજ બારણાં બંધ કરી બેઠા છે તે કોઇને મળતા નથી."

"હંઅ."

"અને તું એટલી મોડી રાત્રે કેમ ને ક્યાંથી આવી, તે વખતે માથાબોળ નહાવું શામાટે પડ્યું, તેનું કારણ તો હજી તેં કહ્યું નથી."

"મારે તમને કશું કહેવાનું નથી."

"ભલે, તું નહિ કહે તો મંત્રણા વખતે મહામંત્રી તો કહેશે ને?"

વાવિણીએ ચમકીને પૂછ્યું: "ભટજીએ તમને પણ બોલાવ્યા છે?"

"હાસ્તો!"

વાવિણી કશું ન બોલી. તેના વદન પરની રેખાઓ ઉપરથી તેજસિંગ એટલું જ કળી શકયો કે વાવિણીને અત્યંત અનિષ્ટ લાગતું કોઈ પણ પ્રકરણ અણચિંતવ્યું ઊભું થયું છે.

(૨)

મહામંત્રીને નિવાસસ્થાને મળેલી એ મંત્રણાસભા ચિંતા, જિજ્ઞાસા, ઉત્સુકતા અને કુતૂહલની સાક્ષાત્ મૂર્તિઓનું જાણે નાનું સરખું સંમેલન હોય એવો ભાસ થતો હતો.

મહામંત્રી પોતે ઊંડી ચિંતામાં ડૂબી ગયા હતા. ચામુંડના દુર્વર્તનનો અર્થ કોણ કેવો કરશે અને છેવટે તેમાંથી કયો માર્ગ નીકળશે તેની તેમને સમજ પડતી નહોતી. વાવિણીના વદન પર પણ એકસરખી ચિંતા હતી અને તેમાં રોષનું મિશ્રણ દેખાતું હતું. તેજસિંગ પ્રકરણની ગંભીરતા અટકળી શકયો હતો પણ એ પ્રકરણ કયું હતું તે જાણવાની જિજ્ઞાસાપૂર્વક વારેવારે મહામંત્રી સામે જોઇ રહેતો હતો, પરન્તુ મહામંત્રી હજી કશું બોલતા નહોતા, કારણકે વૈજલ્લદેવ બ્રહ્મચારી હજી આવ્યા નહોતા અને તેમને બોલાવી લાવવા મોકલેલી પાલખી પાછી ફરી નહોતી. મહામંત્રીની બાજુએ યુવરાજ વલ્લભરાજ જાણે શોકમૂર્તિ જ હોય તેમ ગ્લાનિથી ઘેરાયલો બેઠો હતો. બિછાવેલી ગાદીની નજીક જૂદું ઊર્ણાસન પાથરી બેઠેલા મુનિ વીરાચાર્ય ઉત્સુક નેત્રે બીજાઓની વદનચર્યા પરથી મંત્રણા માટેનું પ્રકરણ સમજી લેવા મથન કરી રહ્યા હતા. પુરોહિત લલ્લશર્માની આંખોમાં તો નર્યું કુતૂહલ જ વ્યાપી ગયું હતું, અને પોતાની પાસે બેઠેલા તેજસિંગને તે ધીરેથી પૂછતો હતો કે 'આજે બન્યું છે શું?' પણ તેજસિંગે તેને માત્ર એટલો જ જવાબ વાળ્યો કે 'જેટલું તમે જાણો છો તેટલું જ હું જાણું છું.'

એટલામાં બ્રહ્મચારી વૈજલ્લદેવનું આગમન થયું. તે તો અહીં મંત્રણા માટે સભા મળેલી જોઇને ચકિત જ થઇ ગયા. તેમણે આવતાં વાંત ચોપાસ નજર ફેરવીને મહામંત્રીની બાજુએ બેસતાં દયામણે સ્વરે પૂછયુંઃ " શું છે, ભટજી મહારાજ! શું બન્યું છે?"

" બિરાજો બ્રહ્મચારીજી! એક ગંભીર પ્રકરણ ઉપસ્થિત થયું

છે અને તે હું અને વાવિણી બહેન સિવાય બીજું કોઇ જાણતું નથી. બહેન! તમે બધું કહેશો?"

"ના, મારું ચિત્ત ઉદ્વિગ્ન છે, મારાથી નહિ કહી શકાય. આપ જ કહો."

માધવ ભટ્ટે મલ્લિકાના આગમનથી માંડીને આજે પરોઢમાં તે ગુપચુપ ચાલી ગઇ અને પોતે ચામુંડને સવારે મળી આવ્યો, ત્યાં-સુધીનો બધો વૃત્તાંત નિવેદિત કર્યો. સૌ સાંભળી રહ્યા. માધવ ભટ્ટનું નિવેદન પૂરું થયું ત્યારે વૈજલ્લદેવ ઊંડા વિચારમાં પડી ગયો, વલ્લભ-રાજ શોક તથા લજ્જાથી વદનને નીચું ઢાળીને બેસી રહ્યો, વાવિણી માધવ ભટ્ટની સામે જાણે ત્રાટક માંડી રહી, બીજાઓ આશ્ચર્યમૂઢ બનીને એકબીજાની સામે દૃષ્ટિ ફેરવવા લાગ્યા.

કેટલીય ક્ષણો સુધી એ રીતે સન્નાટો છાઇ રહ્યો.

એ ચુપકીનો ભંગ કરતાં માધવ ભટજીએ વાવિણીને સંબોધીને કહ્યું: "હવે તમારે જે કહેવું હોય તે કહો."

વાવિણી બોલી: "મારે એમ કહેવું છે કે મહારાજે ચૌલુક્ય વંશની પવિત્રતાને જ નહિ પણ મહારાજ મૂળરાજદેવના વારસાને અને ગુર્જરેશ્વરના રાજમુકુટને કલંકિત કર્યો છે. મને જરાએ શંકા નથી કે મહારાજ ત્યાગનું વ્રત માત્ર બાહ્ય દેખાવ માટે જ ધારણ કરી રહ્યા છે, તેમનાં બધાં પવિત્ર દેખાતાં આચરણમાં કેવળ દંભ છે, અને એ દંભ આચરતાં તેમને કોઇ પણ રીતે અટકાવી દેવા જોઇએ."

તેજસિંગના ઓઠ પર સ્મિત સ્ફુર્યું.

માધવ ભટ્ટે કહ્યું: "મહારાજે મલ્લિકા સંબંધે મને આજે સવારે જે કાંઇ કહ્યું તે મેં તમને બધાંને કહ્યું છે. તેમનું આચરણ શંકા પડતું છે ખરું, પણ......"

વાવિણી વાતને કાપી નાંખતી બોલી: "શંકા? હજી શંકા? હું ત્યાં ન હોત અને મલ્લિકા હોત તો તેમણે કેવું આચરણ કર્યું હોત, તેની કલ્પના તમે કરી શકતા નથી?"

"પણ આચરણ ઉપરથી જ કાંઇ માણસના દિલની પવિત્રતા–અપવિત્રતાની કસોટી નથી કરી શકાતી." માધવ ભટ્ટે જણાવ્યું અને બ્રહ્મચારી વૈજલ્લદેવ ભણી દૃષ્ટિપાત કર્યો.

વૈજલ્લદેવે તત્ક્ષણ કહ્યું: "ભટજી! આપે એ સાચું તો કહ્યું, પણ તો પછી મહારાજના સંયમ–તપના આચાર પાછળની ચિત્તની પવિત્રતાય શંકાસ્પદ જ બને છે ને?"

"અવશ્યમેવ શંકાસ્પદ: એ પવિત્રતા શંકાસ્પદ છે અને આ અપવિત્રતા પણ શંકાસ્પદ છે...."

તેજસિંગ ખડખડાટ હસી પડ્યો, પણ પોતે મહામંત્રીના કથનને તુચ્છકારવાનો અવિનય કરી રહ્યો છે એવું ભાન થતાં તુરત તેણે હાસ્યને આવરી લીધું અને ગંભીરતા ધારણ કરી.

લલ્લશર્માએ અભિપ્રાય આપ્યો: "માણસનું મન કાંઇ કોથળી જેવું નથી કે તેમાં હાથ ઘાલી જોઇને આપણે કહી શકીએ કે તેમાં પવિત્રતા ભરી છે કે અપવિત્રતા, એટલે હું તો એ મતનો છું કે આમાં મહારાજે જે અપવિત્રાચરણ કરેલું આપણને લાગે છે તે બદલ તેમને શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રાયશ્ચિત્ત આપીએ, એટલે પત્યું."

વાવિણી બોલી ઊઠી: "નહિ, નહિ, એવા વિધિ–બિધિથી કાંઈ ગુર્જરેશ્વરના રાજમુકુટનું કલંક નહિ ધોવાય, ભવિષ્યમાં મહારાજનાં આચરણ પવિત્ર જ રહેશે એવી પ્રતીતિ નહિ મેળવી શકાય, કિંવા કહો કે મહારાજ એક દંભ આચરે છે અને તમે તેમને પ્રાયશ્ચિત્તનો બીજો દંભ આચરવાને માર્ગે વાળો છો."

લલ્લશર્માએ દલીલ કરી: "પ્રાયશ્ચિત્ત એ પાપનો પશ્ચાત્તાપ છે એવું સ્મૃતિવાક્ય છે. મહારાજને જો પોતાના એ આચરણ માટે પશ્ચાત્તાપ થતો હોય તો તે કાંઇ નાનું–સૂનું પ્રાયશ્ચિત્ત નથી, તેમ છતાં શાસ્ત્રવિધિથી યુક્ત પ્રાયશ્ચિત્ત કરવામાં આવે એમ હું કહું છું."

વાવિણીએ સામી દલીલ કરી : " મહારાજ આજે પણ પૂર્વ-કર્મોના પશ્ચાત્તાપ માટે દેહદમન તો કરી રહેલા જ છે ને! એ પ્રાયશ્ચિત્ત આચરાતું હોવા છતાં બીજી બાજુએ આવાં અધમાચરણ જો તે આચરે છે તો તમે તેમને કયા પ્રાયશ્ચિત્તજળ વડે ધોઈને પવિત્ર કરી શકો તેમ છે?"

કોઈ કશું બોલ્યું નહિ, ક્ષણભર મૌન પ્રસરી રહ્યું.

એ મૌન વૈજલ્લદેવે તોડ્યું: "નિર્બળ મનને આ રીતે દમન–સંયમ પથ્ય પડી શકતાં નથી...."

વીરાચાર્ય બોલી ઉઠ્યા : " એમ હોઈ શકે જ નહિ."

" આચાર્ય મહારાજ! તમે જરા સાંભળો તો ખરા!" વૈજલ્લદેવે કહ્યું : " હું એમ નથી કહેતો કે નિર્બળ મનવાળા માણસે તપ–સંયમથી દૂર જ રહેવું. તે પણ તપ–સંયમને આચરી શકે, પણ તેની રીત જુદી હોય, અને સબળ મનના માણસની રીત જુદી હોય. સબળ મનવાળો માણસ રાજવૈભવ ભોગવવા છતાં સંયમ જાળવી શકે, જ્યારે નિર્બળ મનવાળાએ પહેલાં તપ–સંયમને અનુકૂળ વાતાવરણ શોધીને પછી તેની વચ્ચે ધીરે ધીરે સંયમને સોપાને ચડવું જોઈએ. સંયમી રાજાઓ કોઈક જ થયા છે અને ઋષિઓ અનેક થયા છે, કારણકે પ્રતિકૂળ વાતાવરણની વચ્ચે સંયમની સિદ્ધિ દુઃસાધ્ય છે, અનુકૂળ વાતાવરણની વચ્ચે સુસાધ્ય છે."

તેજસિંગ તુરત બોલી ઉઠ્યો : " બ્રહ્મચારીજીએ એ સોનાની વાત કહી."

માધવ ભટ્ટે જરા રોષમાં કહ્યું : " તો પછી આપણે મહારાજને એમ કહેવું કે તમારે તપ–સંયમની સિદ્ધિ કરવી હોય તો વનમાં પર્ણકુટી બાંધીને ત્યાં રહેવા જાઓ, આ રાજમહેલ તમને અનુકૂળ પડે તેમ નથી?"

વાવિણીએ કહ્યું : " હું એમ નથી કહેતી ભટજી મહારાજ! મારે મન બહારથી દેખાતા તપસ્વી, પણ પ્રચ્છન્ન દુરાચરણી

ગુર્જરેશ્વર કરતાં સંસારમાં રસ ધરાવતો અને પ્રકટ રીતે રસ માણતો ગૃહસ્થ રાજવી વધારે મૂલ્યવાન છે. હું તો મહારાજને નવવધૂ પરણાવવા ઇચ્છું છું...."

"હેં હેં હેં !!" વીરાચાર્ય એકદમ ઘુંટણભેર થઇને બોલી ઊઠ્યા : "આ કેવો અધર્મ કરવા બેઠાં છો તમે ? જેણે પોતાની મરણ પામતી રાણીની સમક્ષ ફરીથી લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી છે તેને તમે આવી પ્રૌઢ વયે પરણાવવા ઇચ્છો છો ? પાસે રહીને તેમનું વ્રત ભંગાવવા માંગો છો ?"

વાવિણી રાતી–પીળી થઇ ગઈ. તેના વદનની રેખા–રેખાએ ક્રોધ પ્રકટી રહ્યો, અને તે બોલી : "આચાર્ય મહારાજ ! મહારાજને એવી પ્રતિજ્ઞા આપવા બદલના પાપ માટે તમે જવાબદાર છો...."

"પાપ ?" વીરાચાર્યે આંખો વિસ્ફારતાં પ્રશ્ન કર્યો.

"હા પાપ !" વાવિણીએ ઉત્તર વાળ્યો : "રાજ્ય તો તમને એ પાપ માટે નથી દંડી શકતું પણ એનું પ્રાયશ્ચિત્ત તમારે કોઇ વાર તો કરવું જ પડશે, સમજ્યા ? મારા ભાઇની વિલાસપ્રિયતાને તમે શું પિછાણતા નહોતા ? મહારાણી પલ્લવીદેવી તે પિછાણતાં હતાં અને મૃત્યુસમયે એ વિલાસિતા તેમના ખ્યાલ બહાર નહોતી. તમે મહારાણીને સંતોષવા માટે મહારાજને સ્મશાન–વૈરાગ્યના રંગે રંગીને માત્ર પ્રતિજ્ઞા લેવડાવી, પરંતુ તમે શું ભૂલી ગયા કે જેણે જીવનભર વિલાસ કર્યો છે તે ક્ષણિક આવેશમાં લીધેલી પ્રતિજ્ઞા કેવી રીતે પાળી શકશે ? જે માણસના જીવનના પ્રવાહને પ્રતિજ્ઞા એકદમ જુદી જ દિશામાં વાળી શકે તે માણસ કેવો હોય તેની પિછાણ વિના, વગરવિચાર્યે, કેવળ પ્રતિજ્ઞાને જ પુણ્યરૂપ સમજીને તમે વર્ત્યા. મનુષ્યની પાચનશક્તિની પિછાણ વિના તેને તેજસ્વી માત્રા ખવાડનાર વૈદ્ય તો નાનો અપરાધી છે, પણ તમે મોટા અપરાધી છો...જવાબ આપો, પ્રતિજ્ઞા કે પચ્ચખાણ આપવામાં જ તમારો લોકો પ્રત્યેનો ગુરુધર્મ પૂરો થાય છે ?"

"વાવિણીદેવી !" વીરાચાર્ય શાન્તિપૂર્વક બોલ્યા : "પ્રતિજ્ઞા કે પચ્ચખાણુ એ પાપનાં દ્વારને બંધ કરવાનો આગળો છે. જો દ્વાર બંધ ન કરવામાં આવે તો પાપનો ગંદો પ્રવાહ અંદર આવ્યા જ કરે, માટે તે પહેલાં બંધ કરવું જોઇએ, અને પછી અંદર રહી ગએલો પાપનો પંક ધીરે ધીરે દૂર કરી શકાય. મેં પ્રતિજ્ઞા દ્વારા પાપાગમનનું દ્વાર બંધ કરાવ્યું...."

તેજસિંગ વચ્ચે બોલ્યો : "પરન્તુ બહારના પવનના ઝપાટા એ દ્વારનાં પાટિયાં ચીરીને અંદર પાપનો પ્રવાહ ઘુસાડશે તેની ગણુતરી જો કરી હોત તો આપે મહારાજને ઉપવનમાં કે ઉપાશ્રયમાં વસનારા ભિક્ષુ બનાવ્યા હોત."

વીરાચાર્યે દલીલ કરી : "હું તો માનતો હતો અને માનું છું કે એ દ્વાર મજબૂત પાટિયાંનું છે. તેને પ્રતિજ્ઞાની અર્ગલાથી બંધ કરવાથી ઇષ્ટ હેતુ પાર પડવો જોઇતો હતો. આજે જણાતું હોય કે દ્વાર અને અર્ગલા બંધ હોવા છતાં દ્વારમાં છિદ્ર પડ્યું છે તો તે છિદ્ર બંધ કરી દો, પણ દ્વાર જ ખુલ્લું મૂકી દેવાથી પ્રતિજ્ઞાભંગનું પાપ તો દૂર રહ્યું પણ તમે મહારાજનું અકલ્યાણ કરનારાં બનશો ..."

વાવિણીએ પૂછ્યું : "પણ દ્વાર અને અર્ગલા બંધ હોવા છતાં મહારાજ પોતાનું અકલ્યાણ કરે છે તેવા અનુભવ પછી તમે કયો માર્ગ સૂચવો છો ?"

"પુનઃ પોતે એવી ભૂલ નહિ કરે એવી ખાત્રી મહારાજ આપતા હોય તો લલ્લશર્મા કહે છે તેમ માત્ર પ્રાયશ્ચિત્ત પુરતું છે."

વૈજલ્લદેવે સ્મિત કરીને કહ્યું : "પણ પ્રાયશ્ચિત્ત તમે કેવી રીતે આપશો ? મહારાજને તો લાગતું જ નથી કે પોતે કશું પાપાચરણ કર્યું હોય ! પોતાથી બેખબર રીતે અપરાધ થઈ ગયો તે વાત તે માને છે, પરન્તુ તેની પાછળ પોતાના મનનું પાપ ન હતું એમ તે કહે છે, ખરુંને ભટજી ?"

"હા....અને હું માનું છું કે પોતાનું મન દૂષિત થયું હતું એનું એમને ભાન ન હતું...."

"પણ તમને તો લાગે છે ને કે મન દૂષિત હોવું જોઇએ ?"

"મને સંશય છે."

વાવિણી અધીર બનતી બોલી : "ફરી પાછો સંશય આવીને ઊભો. **संशयात्मा विनश्यति**, ભટજી ! સંશયને હઠાવીને નિશ્ચય પર આવો અને તેનો બીજો કોઇ તાત્કાલિક ઉપાય સૂચવો, નહિતો હું કહું છું તે જ તેનો સાચો ઉપાય છે, કેમ બ્રહ્મચારીજી ?"

"શિથિલ બ્રહ્મચર્ય કરતાં પરિણીત જીવન વધારે ઇષ્ટ છે, એ તો ખુલ્લી વાત છે." વૈજલ્લદેવે જણાવ્યું.

ભટજી ઊંડા વિચારમાં પડી ગયા. તેમણે એ મંત્રણાનું તારતમ્ય કાઢી જોયું. વાવિણી ચામુંડના દુર્વર્તનથી ખૂબ જ ક્રુદ્ધ થઇ હતી અને જે ભયંકર સંવેદન તેણે કર્યું હતું તે સંવેદન બીજા કોઇએ કર્યું નહોતું, એટલે બીજાઓ કરતાં તેનો એવો તીવ્ર ક્રોધ ભટજીને સ્વાભાવિક લાગ્યો. વૈજલ્લદેવ અપરિમિત શક્તિવાળા યોગી પુરુષ હતા અને ત્રિપુરુષપ્રાસાદના મહંત તરીકે રાજવિલાસમાં રહેવા છતાં અખંડ બ્રહ્મચર્ય પાળતા હતા, એટલે ચામુંડના શિથિલાચાર પાછળના તેના નિર્બળ મનને પિછાણીને તે કહેતા હતા કે રાજમહેલમાં વસીને ચામુંડ તપ–સંયમ આચરવા મથન કરે તે તેને પથ્ય પડશે નહિ; અર્થાત્ તેણે કાં તો રાજ્ય છોડી વનમાં વસવું જોઇએ, અને કાં તો નવી રાણી પરણીને વિશુદ્ધ ગૃહસ્થાશ્રમ સેવવો જોઇએ. તેજસિંગ પણ લગભગ એ જ મતનો હતો. બીજી બાજુએ વીરાચાર્ય અને લલ્લશર્મા ચામુંડને માત્ર પ્રાયશ્ચિત્ત દ્વારા પવિત્ર બનાવવાનો અભિપ્રાય ધરાવતા હતા.

પણ યુવરાજ વલ્લભરાજ હજી કશુંય બોલતો નહોતો. ભટજીએ તેની સામે દૃષ્ટિપાત કરીને પૂછ્યું : "યુવરાજ ! તમે શું કહો છો ?"

વલ્લભરાજને કંઠે કાંટા બાઝ્યા હોય તેમ તે તત્ક્ષણ કશું બોલી શક્યો નહિ. તે ગ્લાનિથી ઘેરાઇ ગયો હતો. ગળગળો થતો

તે બોલ્યો : " હું શું કહું ભટજી ? મારા શિરશ્છત્ર પિતાજી સંબંધી આવી વાતો સાંભળીને હું લાજી મરું છું. આપે મને અહીં ન બોલાવ્યો હોત તો જ ઠીક હતું. હજી પણ મને ચાલ્યા જવાની પરવાનગી આપો. આપ બધાં જે નિર્ણય પર આવશો તે હું માન્ય રાખીશ."

એટલું બોલતાં વલ્લભરાજની આંખો સજળ બની ગઈ.

" તમને માઠું લાગતું હશે, ભાઈ ! " વાવિણીએ નરમાશથી કહ્યું : " પણ અહીં એકત્ર થએલાં સૌ કોઈ તમારા પિતાજીનાં, સોલંકી રાજવંશનાં, ગુર્જરેશ્વરનાં અને ગુજરાતની પ્રજાનાં હિતૈષીઓ છે; આ બધાં એ સર્વનું કલ્યાણ થાય તેવો માર્ગ શોધવા ઇચ્છે છે. રાજાના શિથિલાચારનો ચેપ તેની આખી પ્રજાને લાગે છે, તેથી પ્રજાનું નૈતિક ધોરણ ઊતરી જાય છે અને તેનામાં પહેલાં પ્રચ્છન્ન અને પછી પ્રકટ પાપ ઘર કરી બેસે છે. પરિણામે દેશ સમસ્તના સંસ્કાર મલીન બનવા લાગે છે. એ રીતે પ્રજાને પતનાભિમુખ થતી અટકાવવા માટે તેના રાજાનું જીવન સર્વ રીતે આદર્શ નહિ તોપણ પવિત્ર તો હોવું જ જોઈએને ? તમારા પિતા તે મારા મોટા ભાઈ છે. તેમના કલ્યાણની મને જેટલી વાંચ્છના છે તેટલી જ વાંચ્છના સદ્ગત મહારાજ મૂળરાજદેવે ગુજરાતમાં વાવેલા ધર્મનીતિના સંસ્કાર અખંડ અને અવિચ્છિન્ન રહે તે માટેની છે."

માધવ ભટ્ટે કહ્યું : " દેવી ! તમારી વાત તો સાચી છે, પણ તમે હજી તમારા મોટા ભાઈના માનસનું બરાબર પરીક્ષણ કે પૃથક્કરણ કરી શકયાં નથી."

વાવિણી પુનઃ ઉશ્કેરાઈ ગઈ અને તે કટાક્ષ કરતી બોલી : " હા, હું સીતેર વર્ષનો પંડિત પુરુષ નથી; પરન્તુ મહામંત્રી ! આપ પાંત્રીસ વર્ષનાં યુવતી પણ નથી; પુરુષના માનસનું પરીક્ષણ પંડિત કરતાં પ્રમદા વધારે સફળ રીતે કરી શકે છે, એટલું ધ્યાનમાં રાખજો ! "

મહામંત્રીના મ્હોં પર તાળું દેવાઇ ગયું. વાવિણીના એ ઉદ્‌ગાર પછી ભટજી, વીરાચાર્ય કે લલ્લશર્મા કશી વધુ દલીલ કરી શક્યા નહિ.

થોડી વાર મૂગા રહીને છેવટે ભટજી બોલ્યા : "તો હવે કાંઇ વધુ મંત્રણા કરવાની રહેતી નથી. રાજા–પ્રજા ઉભયનું કલ્યાણ જ આપણ સર્વને ઇષ્ટ છે અને એ કલ્યાણની સિદ્ધિના માર્ગ સંબંધે આપણી વચ્ચે મતભેદ ભલે હોય પણ સ્વમતનો અત્યાગ્રહ રાખવાની જરૂર નથી... "

"એમ કેમ બની શકે?" વીરાચાર્ય એકદમ બોલી ઊઠ્યા : "મારા મતને હું વળગી રહું છું. મેં આપેલી અને મહારાજે સ્વેચ્છાથી લીધેલી પ્રતિજ્ઞાનું ખંડન થાય તેમાં હું કદાપિ સાથ નહિ કરું, સમજ્યા?"

ભટજીએ વાવિણીની સામે જોયું. વાવિણી બોલી : "ભલે તમે સાથ ન કરજો, બલ્કે તમને યોગ્ય લાગે તે સલાહ મહારાજને આપજો; પરન્તુ ગુજરાતની રાજગાદી પર પ્રકટ ત્યાગી અને પ્રચ્છન્ન શિથિલાચારી રાજા વધુ વખત નહિ રહી શકે તેટલું ભૂલશો નહિ, આચાર્ય મહારાજ !"

એટલું બોલીને વાવિણી જુસ્સાભેર ઊભી થઇ ગઇ અને બીજાઓ પણ ઊઠ્યા.

▲ ▲ ▲

પ્રકરણ ૧૦

▲ ▲

સ્વમાન ઘવાયાની વેદના

▲

(૧)

બીજાઓ મહામંત્રીને ત્યાંથી વિદાય થઇ ગયા, પરંતુ વાવિણી રોકાઇ ગઇ. તે અત્યારે જ મહામંત્રીને સાથે લઇને ચામુંડ પાસે જવા ઇચ્છતી હતી અને મંત્રણાને અંતે થએલો નિર્ણય તેને જણાવી દેવા માંગતી હતી.

તેણે પોતાનો મનોભાવ માધવ ભટ્ટને કહ્યો : " ભટજી ! આપણે કરેલો નિર્ણય અત્યારે જ આપણે મહારાજને સંભળાવવો છે, જેથી રાત્રે બરાબર વિચાર કરી લઇને સવારમાં મહારાજ પોતાનો નિર્ણય આપને જણાવી શકે."

" સવાર ઉપર જ તે મુલ્તવી રાખીએ તો ? "

" ના, એમાં વિલંબ કરવાની મારી જરાએ ઇચ્છા નથી. પ્રતિક્ષણે જાણે પાપનાં પૂર વધુ ને વધુ ઊંચાં ચડી રહ્યાં હોય એવો મને ભાસ થાય છે." વાવિણીએ કહ્યું.

" તો ભલે, અત્યારે જ જઇએ."

માધવ ભટ્ટે બે પાલખીઓ તૈયાર કરવાની સેવકને વરધી આપી. ભટજીને લાગતું હતું કે ચામુંડ આ નિર્ણયથી ચોંકી ઊઠશે, પરંતુ પોતાની ભૂલ તો તે સમજશે જ. પોતાના મનની પરીક્ષા ચામુંડ બરાબર કરી લે અને હવે શું કરવું તે વિષેનો પોતાનો અભિપ્રાય બાંધે એ ભટજીને જરૂરી જણાતું હતું. જો તેના ઊંડા ઊંડા અંતરમાં વિષયસુખની અભિલાષા હશે તો તે આ નિર્ણયને કમનનો દેખાવ કરીને પણ સ્વીકારી લેશે, પણ જો તેમ નહિ હોય તો ચામુંડ શું કરશે અને શું નહિ કરે તેનો વિચાર માધવ ભટ્ટને મૂંઝવતો હતો.

પાલખીઓ તૈયાર થઇને આવી કે તુરત એકમાં ભટજી તથા બીજીમાં વાવિણી બેઠાં, અને રાજમહાલય તરફ ઊપડયાં.

વીરાચાર્ય મહામંત્રીને ત્યાંથી નીકળીને ઉપાશ્રયે જવાને બદલે રાજમહાલય તરફ જ પગે ચાલતા જતા હતા. ચામુંડ પાસે સૌથી પહેલાં પહોંચીને પ્રતિજ્ઞામાં અડગ રહેવાની તેને સલાહ આપવાનો તેમનો મનોભાવ હતો, પરન્તુ વાવિણી અને મહામંત્રી પાછળથી નીકળ્યાં હોવા છતાં વીરાચાર્ય અને તેઓ બેઉ એમ ત્રણે જણાં સાથે જ રાજમહાલયના પ્રવેશદ્વારમાં દાખલ થયાં.

(૨)

સવારમાં માધવ ભટ્ટે ચામુંડ પાસે આવીને જે વાત કરી હતી તેથી ચામુંડ ખિન્ન તો થયો હતો જ. કોઇ પ્રકારનો અપરાધ કરવાની

ભાવના નહિ હોવા છતાં પોતાથી અપરાધી વર્તન થઇ ગયું હતું અને એટલા અપરાધનું પ્રક્ષાલન કરવાને તેણે આજે ઉપવાસ કર્યો હતો.

જ્યારે સેવક ચામુંડને કહેવા આવ્યો કે "મહામંત્રી, વાવિણી-દેવી અને વીરાચાર્ય મહારાજ મળવા પધારે છે" ત્યારે તે એક મૃગચર્મ પર બેસી, હાથમાં સ્ફટિક મણિની માળા રાખી नमः शिवाय નો પંચાક્ષરી મંત્ર જપતો હતો.

ચામુંડે સેવકને ઇશારતથી સૂચવ્યું કે 'ભલે આવે', અને પોતે જાપ પૂરો કરી માળા મૃગચર્મ પર મૂકી આસન પર બેઠક લીધી. તે ક્ષણે વાવિણીની વદનચર્યાની કલ્પના કરતાં તેનાથી ધ્રૂજી જવાયું. અને જ્યારે ત્રણેએ એ ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે 'પધારો' ઉદ્દગાર કાઢતાંય પોતાને જાણે શ્રમ પડતો હોય એવો ચામુંડને અનુભવ થયો.

"મહારાજ!" આસન પર બેસીને મહામંત્રીએ કહ્યું: "સવારે હું આપને મળીને ગયો ત્યારપછી હું, વાવિણીદેવી, વૈજલ્લદેવ મહારાજ, વીરાચાર્ય મહારાજ, તેજસિંગજી અને લલ્લશર્મા મારે ત્યાં એકત્ર થયાં હતાં. યુવરાજને પણ મેં બોલાવ્યા હતા. ગઇ રાતના આપના અપરાધ સંબંધે મંત્રણા કરવા અમે મળ્યાં હતાં."

"અપરાધ તો મારાથી થઈ ગયો છે અને તમે બધાંએ મારા માટે જે પ્રાયશ્ચિત્ત ઠરાવ્યું હોય તે કહો." ચામુંડે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો.

"મોટા ભાઈ! તમારાથી અપરાધ થઇ ગયો છે એમ નહિ, તમે અપરાધ કર્યો છે એમ કહો!" વાવિણીએ ભાઇએ બખડાવ-વાની શરુઆત કરતાં કહ્યું.

"મેં અપરાધ કર્યો નથી–મારાથી અપરાધ થઇ ગયો છે; તમે ત્યાં હશો તે હું જાણતો નહોતો..."

"પણ મલ્લિકા હતી તે તો જાણતા હતા કે નહિ? મલ્લિકા પ્રત્યેના તમારા વર્તનમાં અપરાધતત્ત્વ નહોતું?"

"તમો બધાંની દષ્ટિને ભલે ગમે તેમ દેખાતું હોય, પણ તે વખતની મારી દષ્ટિને તો તે હિંમતનયા દેખાઇ હતી અને મારામાં ભગવાન રુદ્રનો આવિર્ભાવ થયો હતો, એમાં મને જરાએ શંકા નથી..."

"એ હું નથી માનતી...કોઇ નથી માનતાં...તમે બરાબર સમજીને મલ્લિકાને મળવા ગયા હતા...તમારા વાસનાપીડિત મને તમને અંધ બનાવ્યા હતા..."

"જુઠ્ઠી વાત ! એ ખોટો આરોપ હું નહિ સ્વીકારું."

"એટલે લૌકિક દષ્ટિથી અધમ લેખાય તેવું આચરણ તમે જ્યારે કરો ત્યારે તમે ભગવાન રુદ્રનો આવિર્ભાવ થયાનું કહીને નિરપરાધી લેખાવા ઇચ્છો છો નહિ વારુ ? તમે રાજા થઇને એમ નિરપરાધી ઠરશો તો પ્રજા કયા અપરાધો નહિ કરે એ તમે વિચાર્યું ?"

"એ પ્રાકૃત પ્રજાજન જેવો જ હું તુચ્છ છું એમ તમે સમજો છો બહેન ? આટ–આટલાં વર્ષો પછી તમે પ્રૌઢ વયના ચામુંડને આવો અધમ માની લીધો ?"

"માણસની માન્યતા અનુભવ ઉપર આધાર રાખે છે. હું જોતી હતી કે તમે વાસનાને જીતવા મથી રહ્યા હતા, પણ હવે મેં જોયું છે કે તમે તેને જીતી શકયા નથી. દેહદમન કરવા છતાં વાસનાનું દમન તમે કરી શકયા નથી. ભાઇ ! અમે તમારા આત્માના કલ્યાણનો અને ગુજરાતની પ્રજાના પવિત્ર સંસ્કારનો–તેના નૈતિક જીવનનો વિચાર બરાબર કરી જોયો છે, અને તમે કોઈ યોગ્ય કન્યાનું પાણિગ્રહણ કરી લો એવું સૂચવવા જ અમે આવ્યાં છીએ."

ચામુંડ એકદમ છળી ઊઠ્યો અને આંખો ફાડતો બોલ્યોઃ "હેં હેં ! એ શું કહો છો તમે ? વાસનાતૃપ્તિનું રમકડું તમે મને ધર્મવિધિપૂર્વક વળગાડવા માંગો છો શું ? નહિ બને તે, હું નહિ પરણું, હું પ્રતિજ્ઞાનો ભંગ નહિ કરું !"

"કલ્યાણ હો આપનું, ગુર્જરેશ્વર !" આનંદપુલકિત વદને વીરાચાર્ય બોલ્યા : "મારા જ અંતરના ઉદ્‌ગારનો પ્રતિધ્વનિ તમારી

વાણીમાં પડતો જોઇને હું પ્રસન્ન થઉં છું અને આશીર્વાદ આપું છું કે તમે સુષ્ઠુ પ્રકારે તમારી મંગલ પ્રતિજ્ઞાનું પાલન કરવાને સમર્થ બનો!"

વાવિણી ચામુંડ તરફ આંખો કકડાવતી બોલી: "તો શિથિલાચારી રાજા પાટણની રાજગાદી ઉપર વધુ વખત નહિ રહી શકે, ભાઈ!"

"એ......મ?" ચામુંડે ઉશ્કેરાટમાંથી ગંભીરતામાં સરી પડતાં ઉદ્‌ગાર કાઢ્યો.

"હા, મહારાજ! મૂળરાજદેવની ગુજરાતના પ્રજાપાલક તરીકેના ગુણો જો ચામુંડરાજમાં ન હોય તો રાજવંશ અને પ્રજાવર્ગ ઉભયને માટે તમારી પદભ્રષ્ટતા જ કર્તવ્ય બને છે!"

વાવિણીના વદન પર રક્તિમા તરી આવી હતી. એ રક્તિમામાંથી જાણે તેજનાં કિરણો પ્રકટીને એના મસ્તકની આસપાસ પ્રભામંડળ રચી રહ્યાં હતાં. તેની આંખોમાંથી પ્રકટતા અગ્નિની જ્વાળાઓ ચામુંડને દઝાડી રહી હતી. તેની દેહયષ્ટિમાંથી સ્ફુરતો પ્રતાપ એવા કોઈ વીર યોદ્ધાને છાજે તેવો હતો કે જે માત્ર મ્યાનમાંથી તલવાર કાઢીને દ્વંદ્વ ખેલવાને ઊતરી પડે તેટલી જ વાર હોય. તેની ઠરડાયલી ભ્રૂકમાન એવો તુચ્છકાર સૂચવતી હતી કે જે કાં તો ચામુંડને ઠંડોગાર બનાવી દે અને કાં તો તેને ઉશ્કેરી મૂકીને વાવિણીને એકદમ તુરંગમાં પૂરી દેવાની જ મહામંત્રીને આજ્ઞા કરે!

પણ તે વખતે માધવ ભટ્ટ વચ્ચે પડ્યા અને બોલ્યાઃ "વાવિણી બહેન! એમ ઉતાવળાં ન થાઓ; એટલી હદે જવાની કશી જરૂર નથી. મહારાજ જે કાંઇ કહે છે તે ભલે બીજાંઓ ન માને, પણ તેમાં સત્યાંશ છે એમ હું માનું છું. મહારાજ! હું કહું છું કે આપની જાણ બહાર વાસના આપના પર અધિકાર જમાવે છે, અને તેનું કારણ એ છે કે આપ સંયમની સિદ્ધિ માટે ઇંદ્રિયોનું દમન કરો છો, પરંતુ એ દમનને પોષે તેવું આપની આસપાસનું વાતાવરણ નથી."

ચામુંડ માધવ ભટ્ટ સામે આશ્ચર્યથી જોઇ રહ્યો. પોતે રાજમહેલમાં રહીને પણ વ્રત–જપ–તપમાં રાતદિવસ ગાળે છે, ઊંચી આંખે કોઈ સ્ત્રીને જોતો પણ નથી, રાજમહેલનું વિલાસી વાતાવરણ પોતાને કશી અસર કરી શકતું નથી, છતાં માધવ ભટ્ટ આમ કેમ બોલે છે તે તેને સમજાતું નહોતું. ત્રાટક માંડયું હોય તેમ તે મહામંત્રીને જોઇ જ રહ્યો.

ભટજી આગળ બોલ્યા: "હું આપને એક સલાહ આપું. એકાદ–બે વર્ષ આપ કોઈ એકાંત સ્થાનમાં–અર્બુદાચલ પરની કોઇ ગુફામાં કે આરાસુરમાં સરસ્વતીના ઉદ્‌ગમસ્થાન જેવા નૈસર્ગિક રમણીય સ્થળે રહીને સંયમની સાધના કરો, એથી વાસના પર વિજય મેળવવામાં આપ જરૂર સફળ થશો અને એ રીતે આપની પ્રતિજ્ઞાનો નિર્વાહ પણ થશે."

ચામુંડે કશો ઉદ્‌ગાર કાઢ્યો નહિ. તેણે એક વાત જાણી લીધી કે પોતે વાસના પર જય મેળવી શકયો નથી અને મલ્લિકા પર પોતે મોહ્યો હતો એમ તો આ બધાં માને છે જ. વાવિણી પોતાને પરણવાનો માર્ગ બતાવે છે અને મહામંત્રી પોતાને કોઈ પર્ણકુટીનો ઋષિ બનાવવા ઇચ્છે છે.

એટલું જાણતાં જ તેનું સ્વમાન ઘવાયું અને તેમાંથી ધગધગતા રુધિરની ધારાની પેઠે વાણીસ્રોત વહી નીકળ્યો: "મહામંત્રી ! હું ગુજરાતની પ્રજાનો પાલક છું; વાવિણી બહેન અને તમે કે કોઈ બીજાં એટલી જ ગુજરાતની પ્રજા નથી. તમે એ પ્રજાના પ્રતિનિધિઓ તરીકે મારી પાસે આવ્યાં નથી કે પ્રજાએ મોકલ્યાં આવ્યાં નથી ! તમારી કોઇની સલાહ માનવાની હું સાફ ના કહું છું. આવતી કાલની સવાર થવા દો, હું તમને બતાવી આપીશ કે તમારા અવિશ્વાસને પાત્ર બનેલો ચામુંડ પાટણની પ્રજાનો કેટલો વિશ્વાસ ધરાવે છે....ચામુંડનો રાજમુકુટ તેની પાસેથી પડાવી લેવો એને શું તમે બાળકોની રમત માનો છો ?"

વાવિણી સમજી ગઇ કે ભાઈને સમજાવવાનું કાર્ય સહેલું નથી અને તેને નમાવવાનું કાર્ય તો તેથીય કઠીન છે. જે કાર્ય તે ઉતાવળે અને સહેલાઇથી પતાવી દેવા ઇચ્છતી હતી તે કાર્ય હવે ગુજરાતમાં મોટી ઝંઝા જગાડશે એમ તેને તત્ક્ષણ સમજાઈ ગયું. મહામંત્રી પણ ચામુંડના શબ્દો સાંભળીને અને તે બોલતી વખતની તેની મુખમુદ્રા જોઈને પામી ગયા કે રાજાની અને રાજ્યની ફજેતી હવે હાથવેંતમાં આવીને ઊભી છે, અને જો એમાંથી રાજવંશની અંદરો-અંદર કે રાજા તથા પ્રજા વચ્ચે વૈમનસ્ય જાગ્યું તો ગુજરાત ઉપર પૂર્વ અને દક્ષિણમાંથી–માળવા અને કર્ણાટકમાંથી લાગ શોધી રહેલા શત્રુઓ ધસી આવ્યા વિના રહેશે નહિ. તેમ થતાં એક નાનીશી ચીનગારી ગુજરાતની આસપાસ યુદ્ધનો દાવાનળ સળગાવી મૂકશે એમ જોતાં માધવ ભટ્ટ ચિંતાતુર બની ગયા.

તેમણે વાવિણી સામે જોયું. વાવિણીનો ઉશ્કેરાટ જરા પણ શમ્યો નહોતો. ચામુંડને સામો જવાબ આપવાને તેના હોઠ સળવળી રહ્યા હતા, એટલામાં માધવ ભટ્ટે જ કહ્યુંઃ “ તમે આકળાં ન થશો બહેન! અને મહારાજ! આપને મારે એટલી વિનંતિ કરવાની છે કે આજનું પ્રકરણ હજી થોડા અંતર્ગત માણસોની જાણમાં જ છે. આખું પાટણ તે નથી જાણતું. પ્રજાની સમક્ષ–પ્રજાના પ્રતિનિધિઓ જેવા શ્રેષ્ઠીઓ અને સરદારોની સમક્ષ તે પ્રકટ કરવું એ શોભાભર્યું નથી. પ્રજા તો બહુમુખી રાક્ષસ જેવી છે, કોણ જાણે તેના ધ્યાનમાં એ વાત કેવો ભાવ પેદા કરશે અને તે શું કહેશે. મલ્લિકા નાસી ગઇ છે, તેને તો કશું પૂછી શકાય તેમ નથી......”

“ તો તેને પકડી મંગાવીશું...એકાદ દિવસમાં તે કેટલીક દૂર ગઈ હશે?” ચામુંડ વચ્ચે બોલ્યો.

“ એને કશું પૂછવાની જરૂર જ નથી. આ તો આપણા મનથી નિશ્ચય કરવા જેવી વાત છે, અને ખરું કહીએ તો આપે આપના અંતરાત્માને પૂછવા જેવી જ વાત છે. આપને જરા પણ લાગતું

હોય કે વાસના અજિત્ય છે અને તે અનર્થ કરે તેવો ભય છે, તો પ્રતિજ્ઞા કરતાંય પવિત્ર આચરણનું મૂલ્ય વિશેષ હોઇ આપે લગ્ન કરતાં સંકોચ ન રાખવો......".

"મહામંત્રી! તમે પણ જાણે બાળકને ફોસલાવતા હો એવું બોલો છો."

"નહિ મહારાજ! આપને બાળક માનું એવો હું શું બાળ-બુદ્ધિનો છું? અને મહારાજ! પવિત્રતા તથા પ્રતિજ્ઞા બેઉના નિર્વાહ માટે આપને રાજવિલાસથી ભરેલું વાતાવરણ અનુકૂળ નહિ આવે એમ તો મને લાગે છે. આ બેઉ સલાહ ઉપર આપ શાન્ત મનથી વિચાર કરજો; કશી ઉતાવળ નથી...કાલે વાત...પરમ દિવસે વાત, પણ મન સ્વસ્થ થયા પછી મને જવાબ આપજો...કશી ઉતાવળ નથી. વાતને બહુ ચોળાવા દેવી જોઇતી પણ નથી."

બે ઉશ્કેરાયલા પક્ષો વચ્ચે મહામંત્રી મધ્યસ્થનું કામ જ અત્યારે કરી રહ્યા હતા, પરંતુ એ કામ આ ક્ષણે જ પાર ઊતરે તેવો સંભવ નહોતો. વાવિણી અને ચામુંડ બેઉ એકસરખાં ઉશ્કેરાયાં હતાં. હેતાળ ભાઈ–બહેન વચ્ચે આવી ચકમક ઝરવા પામશે એવી વીરાચાર્યને કલ્પના પણ નહોતી, એટલે તે એ બેઉનો આવેશભર્યો વિવાદ સાંભળીને ડઘાઈ ગયા હતા. મહામંત્રીની મધ્યસ્થી અસર કરનારી નીવડવાનો આધાર સમયના વહન ઉપર જ રહેલો હોઈ તેમણે હાલ તુરત એ વાતને અનિર્ણીત રાખવામાં જ ઇષ્ટતા જોઈ. જે વાતનો વાવિણી તત્કાળ નિર્ણય ઇચ્છતી હતી અને જે નિર્ણય માટે ચામુંડ બીજા દિવસની સવારનો વાયદો કરતો હતો તે વાત મહામંત્રીએ એકાદ–બે દિવસ જેટલા વિલંબમાં મૂકવાની વાત એ હેતુપુરઃસર જ કરી હતી. વાવિણી અને ચામુંડનું તે વખતનું મૌન સંમતિસૂચક બન્યું. થોડી ક્ષણો એ મૌન લંબાયું કે તુરત મહામંત્રી ઊભા થયા અને બોલ્યા: "ત્યારે મહારાજ! હું અને વાવિણી બહેન જઇએ છીએ. આપ શાન્ત–સ્વસ્થ ચિત્તથી વિચાર કરજો."

વાવિણી પણ ઊઠીને મહામંત્રીની પાછળ ચાલતી થઈ. તેના વદન પર ખિન્નતા પથરાઈ ગઈ હતી. ભાઈ અને પોતાની વચ્ચે વિષ કે વૈર ન વ્યાપે એવી તેની ઉત્કટ ઇચ્છા હોવા છતાં આ પ્રકરણમાંથી જે ભયંકર ઝંઝા પેદા થવાનો તેને ભય લાગતો હતો તે જ તેની ખિન્નતાના બીજરૂપ હતો.

છેલ્લે વીરાચાર્ય ઊઠ્યા અને વિદાય થતાં પહેલાં રાજાને એક સ્તોત્ર સંભળાવી મંગળ આશીર્વાદ આપ્યો. પછી ચાલવા માંડતાં તેમણે ચામુંડને કહ્યું : "ચામુંડરાજદેવ! વ્રતપાલનમાં અચળ રહેજો! બુદ્ધિનાં પામર અને ધર્મનાં અજ્ઞાન એવાં માનવીઓ પ્રતિજ્ઞાને તુચ્છ અને સ્થૂળ વસ્તુઓને મહત્ત્વની માને છે, પરન્તુ મેધાવાન અને ધર્મશ્રદ્ધાળુને મન કરોડો રાજમુકુટો કરતાં ય લીધેલી પ્રતિજ્ઞા વધારે મૂલ્યવતી હોય છે. ગુર્જરેશ્વરે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં તે જરાએ ચલિત ન થાય એમાં જ તેમનું, ગુજરાતનું અને ગુજરાતની સંસ્કારિતાનું કલ્યાણ રહેલું છે. મારો આશીર્વાદ છે કે પ્રતિજ્ઞાનું સુષ્ઠુ પ્રકારે પાલન કરવાનું સામર્થ્ય શાસનદેવ તમોને આપે!"

ચામુંડ એ આશીર્વાદનો સત્કારસૂચક પ્રત્યુત્તર આપે તેવી આશામાં વીરાચાર્ય ક્ષણભર ઊભા રહ્યા, પણ ચામુંડ સ્વમાન ધવાયાની વેદનાથી શૂન્યમનસ્ક બની ગયો હતો. તે નિશ્ચેષ્ટ રીતે માત્ર બેસી જ રહ્યો.

સાંઝ પડી ગઈ હતી અને વીરાચાર્યની પ્રતિક્રમણની વેળા થઇ ગઇ હતી, એટલે વધુ વખત ન થોભતાં તે તરત વિદાય થયા.

ચામુંડ એ જ આસનમાં કેટલીય વાર સુધી સ્થિર–સ્તબ્ધ બેસી રહ્યો. અંધારું થયું, સેવક ખંડમાં આવીને દીવા પ્રકટાવી ગયો, પરન્તુ એ કશા તરફ તેનું ધ્યાન ગયું નહિ. વાવિણી અને મહામંત્રી જે કાંઇ કહી ગયાં હતાં, તેના આઘાતથી ઊપજેલી તાજી વેદનાએ તેના ચિત્તને એટલું શૂન્ય બનાવી દીધું હતું કે નીલકંઠના

મંદિરમાં થતી સંધ્યાઆરતીના ઘંટારવ પણ તેની કર્ણેન્દ્રિયે સાંભળ્યા નહિ.

એમ એક પ્રહર રાત્રિ વીતી ગઈ અને વેદના કાંઈક ઠરી એટલે તેનું ચિત્ત ચંચળ બની ગયું. પોતાને પરણાવવાને કે પદભ્રષ્ટ કરવાને તૈયાર થઈ ગએલાંઓને કેવી રીતે શિકસ્ત આપવી તેના વિચારો ત્વરિત ગતિએ તેના ચિત્તમાં આવવા લાગ્યા.

"હું શામાટે પરણું? આટલાં તપ–સંયમ છતાં હું હજી વાસનાલોલુપ જીવડો રહ્યો છું અને તેથી પ્રતિજ્ઞાભંગ કરવા ઇચ્છું છું એવું જગતને જણાવવા માટે? ના, ના, હું વાસનાને જીતી શક્યો છું; જુવાનીમાં જેવી ભૂલો કરી હતી તેવી એક પણ ભૂલ મેં પલ્લવીના મૃત્યુ પછી કરી હોવાનું કોઈ કહી શકે તેમ છે? અને મેં કોઈ પણ સ્ત્રી ઉપર વાસનાયુક્ત દૃષ્ટિપાત પણ કર્યો નથી, પછી મારે પરણવાની જરૂર શી? મને પાપની ગર્તામાં ફેંકવા માંગનારાંઓને હું નહિ ફાવવા દઉં...ભલે વાવિણી બહેન મારી નિંદા કરે, નિંદકોનાં મ્હોં બંધ કરી દેવા હું સમર્થ છું..."

એ વિચારપ્રવાહ વહેતો બીજી દિશાએ વળ્યો અને ગઈ રાત્રિનો પ્રસંગ લોકોને કેવો સમજાશે, તે વિષેનું પોતાનું કથન તેમને પચશે કે નહિ, તેનો વિચાર હવે તેને થવા લાગ્યો: "ભક્તિનો આવેગ જ્યારે ભક્તહૃદયમાં પ્રકટે છે ત્યારે તેની દૃષ્ટિમાં જે અપૂર્વતા આવે છે તેથી એ ભક્ત રેતીના રણમાં પણ કૈલાસનું દર્શન કરી શકે છે, ઝાંઝવાના નીરમાં ગંગાનો પ્રવાહ નિહાળી શકે છે, પત્થરના શિવલિંગમાંથી ભગવાન રુદ્રના પ્રાકટ્યનું સાક્ષાત્ દર્શન કરી શકે છે. વાવિણી એ સમજે છે, છતાં મારામાં થએલા રુદ્રના આવિર્ભાવની વાત તે નથી માનતી! લોકો પણ શું તે નહિ માને?"

'તમારી પદભ્રષ્ટતા જ કર્તવ્ય બને છે' એ ઉદ્ગાર કાઢતી વખતની વાવિણીની ચંડીશી મુખમુદ્રા ચામુંડની દૃષ્ટિ સમીપે ખડી થઈ અને તે થથરી ગયો. વાવિણીના બોલ ઉપર લોકો વિશ્વાસ

મૂકશે તેટલો વિશ્વાસ પોતાના બોલ ઉપર મૂકશે કે નહિ, તે પ્રશ્ન તેને મૂંઝવવા લાગ્યો. પોતાનું ધાર્યું નહિ થવાથી વાવિણી ચોમેર ઝંઝાવાત જગાડશે, પુત્રો તથા પુત્રવધૂઓ સમક્ષ પોતે દોષભાગી વડીલ તરીકે શરમીંદો બની જશે, પોતાનો મનોભાવ દુષ્ટ નહોતો તેની સાહેદી પૂરનારી મલ્લિકા હાજર નહિ હોવાથી પોતાના બચાવમાં કોઇ ઊભું નહિ રહે, એવા એવા વિચારોએ તેને ગૂંચવી નાંખ્યો.

તે ધીરેથી આસન પરથી ઊઠયો પણ તેના પગ જાણે હતબલ બનીને ધ્રૂજતા હતા. આ મૂંઝવણને સમયે કોની સલાહ લેવી, કોનું શરણ શોધવું, કોની સમીપે પોતાની પવિત્રતા બદલ સોગંદ ખાવા તેનો વિચાર આવતાં તેને માત્ર બે જ વ્યક્તિઓ ઉપર આશા બંધાઈ: એક તો મહામંત્રી અને બીજા વીરાચાર્ય. માધવ ભટ્ટ તો તેને સ્પષ્ટ સલાહ આપી ગયા હતા અને વીરાચાર્ય પ્રતિજ્ઞાભંગ નહિ કરવાનું કહીને ગયા હતા, પરન્તુ તે જૈન સાધુ જનતામાં પોતાની નિર્દોષતાની પ્રતીતિ ઊપજાવી શકે તેમ ચામુંડને લાગ્યું નહિ.

ઊંડો નિઃશ્વાસ નાંખીને તે પાછો આસન પર બેસી ગયો, તે ક્ષણે એક આશાકિરણ તેના ચિત્તમાં પ્રકટયું: ભગવાન નીલકંઠને જ શરણે જવું અને તેમની પ્રેરણા યાચવાનો વિચાર તેના અંતરમાં જાગ્યો. ભગવાન જ પોતાને આ આપત્તિમાંથી છૂટવાનો માર્ગ સુઝાડશે એવી શ્રદ્ધાએ તેનામાં બળ આણ્યું અને તે ઊભો થયો.

ખંડની બહાર નીકળતાં ચામુંડે કેટલેક દૂર સામંતને ઊભેલો જોયો. સામંત તેને શય્યાગૃહ તરફ લઇ જવાને બહાર રાહ જોઇને જ ઊભો હતો, તે નજીક આવ્યો એટલે ચામુંડે કહ્યું: "સામંત! તું મારી સાથે ચાલ."

"અત્યારે ક્યાં મહારાજ?"

"ભગવાન નીલકંઠ પાસે મારે જવું છે."

"અત્યારે તો મંદિર બંધ હશે."

" તો તું પૂજારીને બોલાવી લાવજે, આપણે મંદિર ઊઘડાવીશું."

સામંતે મશાલ સાથે લીધી અને માર્ગ અજવાળતો તે આગળ ચાલ્યો. બેઉ શિવાલયમાં પહોંચ્યા એટલે સામંત પૂજારીને બોલાવી લાવ્યો અને તેની પાસે મંદિર ઊઘડાવ્યું. પછી ચામુંડે પૂજારી તથા સામંત બેઉને રજા આપી અને પોતે નીલકંઠના બાણ સમીપે પદ્માસન લગાવીને બેસી ગયો.

રાજાને મંદિરમાં એકલા મૂકીને ચાલ્યા જવાનું સામંતને રુચ્યું નહિ. તે મહેલમાં પાછો ન ફર્યો અને મંદિરને પગથિયે જઇને બેઠો.

શિયાળાની રાત હતી. મધરાત થઈ હતી. ચોમેર સ્તબ્ધતા પ્રસરી ગઈ હતી. એ વખતે ચામુંડે ખુલ્લે દેહે ભગવાન સમીપે બેસી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થનાનું સ્તોત્ર ગાયું અને વાતાવરણને જાણે ભક્તિથી ભરી દીધું. પછી તેણે આપત્તિને સમયે પોતાને ઈષ્ટ માર્ગની પ્રેરણા કરવા ભગવાનને મૌન પ્રાર્થના કરીઃ

"ભગવન્! તારા આવિર્ભાવથી ધન્ય બન્યો છે જેનો આત્મા, તેવો તારો દાસ એ આવિર્ભાવને જ કારણે આજે જગતની દૃષ્ટિએ દોષભાગી મનાવા લાગ્યો છે, તેમાંથી તું તેનું રક્ષણ કર! હે જ્ઞાન-સ્વરૂપ! તું એવા દોષદૃષ્ટિ આત્માઓને સત્યજ્ઞાનની પ્રેરણા કર! અને હે જ્યોતિસ્વરૂપ! મારા માર્ગમાં તારી જ્યોતિ પાથરીને કલ્યાણમાર્ગનું દર્શન કરાવ!"

પુનઃપુનઃ એવી પ્રાર્થના કરીને ચામુંડે 'નમઃ શિવાય' નો સતત જાપ કરવા માંડ્યો. એક જ આસને ઘટિકાઓ અને પહોરો સુધી બેસી રહીને એવો જાપ પૂર્વે અનેક વાર તેણે નિસ્થાક રીતે કર્યો હતો.

એક પછી એક ઘટિકા વીતવા લાગી. જાપ ચાલુ જ હતો. ધ્યાનમુદ્રા અચળ હતી.

એક પ્રહર વીત્યો, બે પ્રહર વીત્યા; મંદિરમાંનો દીવો નિસ્તેજ જણાવા લાગ્યો. આકાશમાં અરુણોદય થયો અને તેની પ્રભા શિવા-લયમાં પ્રવેશી આરસની ભીંતોને સુવર્ણે રંગવા લાગી.

"ભગવન્! કૃપા કરો, દાસને પ્રેરણાનું દાન કરો, તેના અંધકારઘેર્યાં માર્ગમાં પ્રકાશ પાથરવાની દયા કરો!" એવી મૂક પ્રાર્થના કરતાં ચામુંડે નેત્રો ઉઘાડી નીલકંઠનું દર્શન કરી તેમાં ધ્યાન પરોવ્યું.

પણ ભગવાન નીલકંઠ જાણે આજે ભક્તથી રીસાયા હોય, કિંવા ભક્તની વધુ ને વધુ કસોટી કરવાનો નિર્ધાર કરી ચૂક્યા હોય તેમ નિસ્તેજ બનીને ચામુંડને ડરાવી રહ્યા હતા!

અનેક વાર ચામુંડે નીલકંઠનું ધ્યાન ધર્યું હતું. એ તેજઃપુંજ સમા નીલ બાણમાં તેણે રુદ્રમૂર્તિનું દર્શન પણ કર્યું હતું. પરંતુ આજે એ બાણમાં દૂર બળતા દીવાનું ધૂંધળું પ્રતિબિંબ જ માત્ર પડતું હતું અને ચામુંડને એ પ્રતિબિંબમાં નર્યો અંધકાર જ દેખાતો હતો.

"ભગવન્! આપ પણ શું મને દોષભાગી માનીને કોપાયમાન થયા છો? આપના નિત્યના તેજોદર્શનથી પણ આજે મને કેમ વંચિત રાખો છો? કૃપા કરો, દેવાધિદેવ! મને દર્શન આપો! ભલે આમ ને આમ દિવસો જાય, ભલે આ દેહ આપની સેવામાં જ પડે, પણ આપના દર્શન વિના હું અહીંથી ઊઠવાનો નથી!"

સૂર્યોદય થયો અને મંદિર તેજથી પ્રકાશી ઊઠ્યું.

એટલામાં યુવરાજ વલ્લભરાજ અને મહામંત્રી માધવ ભટ્ટ ત્યાં આવી પહોંચ્યા. બેઉને પરોઢમાં ખબર પડી હતી કે મહારાજે કાંઈ નવી ઉપાસના આદરી છે.

સામંત મંદિરને પગથિયે બેઠો હતો તેને બેઉએ પૃચ્છા કરી. તેણે સમાચાર આપ્યા કે "મધરાતથી મહારાજ આ રીતે આસન લગાવીને બેઠા છે અને ક્યારે ઊઠવાના છે તે વિષે મને કશું કહ્યું નથી."

બેઉ જણા મંદિરનાં પગથિયાં ચડી દ્વારની બહાર-ચામુંડની પીઠ પાછળ મૂગા ઊભા રહ્યા અને જોઈ રહ્યા.

તત્ક્ષણ માધવ ભટ્ટ ચમકયા અને નિજગૃહમાં તેમણે ઉતાવળે

પગ મૂક્યો. તે નીચા નમ્યા અને નીલકંઠને ફાટી આંખે જોઈ રહ્યા.

"શું જુઓ છો ભટજી?" વલ્લભરાજે પૂછ્યું.

"આ નીલકંઠ નથી! શાશ્વત નીલ બાણુ આ ન હોય. કાચનો પિંડ માત્ર હું જોઉં છું!"

"હેં!" કરતો વલ્લભરાજ પણ અંદર પેઠો.

ચામુંડની આંખો એ સાંભળતાં ઊઘડી ગઈ. તેણે પણ હવે જોયું કે એ નિસ્તેજ બાણુ શાશ્વત નીલકંઠનું નથી!

તો શાશ્વત નીલકંઠ કયાં?

"જરૂર પેલી નર્તિકા એ ચોરીને નાસી ગઇ અને તેને સ્થાને આ કાચપિંડ મૂકતી ગઇ!" ભટજી બોલ્યા: "મહારાજ! ઊઠો, આ કાચપિંડનું ધ્યાન કલ્યાણકૃત નહિ બને!"

અને ચામુંડની આંખોમાંથી આંસુની ધારાઓ વહી નીકળી.

▲ ▲ ▲

પ્રકરણ ૧૧

▲ ▲

રાજધાનીનો ત્યાગ

▲

(૧)

ચામુંડ હતાશ બની ગયો હતો. ભગવાન પોતા પર રૂઠ્યા છે, તેથી જ એક પછી એક આવા બનાવો બની રહ્યા છે, નહિ-તો માતાના ઋણમાંથી મુક્ત થવાને આવેલી મલ્લિકા જ નીલકંઠની સમીપે નૃત્યપૂજા પૂરી કરવાને બદલે નીલકંઠનું બાણુ ચોરી જાય શામાટે? તેણે પોતાનું પતન વહોરી લીધું, એવી તે પામર નર્તિકા પર ગુસ્સો કરવો કે તેની દયા ખાવી, તે વિચાર ચામુંડના ચિત્તમાં આવ્યો, પરન્તુ અત્યારે તો પોતાની બની ગએલી વિલક્ષણ સ્થિતિનો વિચાર જ તેને વધારે મૂંઝવી રહ્યો હતો.

ભગવાન નીલકંઠનું અલૌકિક બાણ ચોરાઇ ગયું, પરન્તુ વસ્તુતઃ પોતે જ તે ગુમાવ્યું હતું, મલ્લિકા ઉપર આંધળો વિશ્વાસ મૂકીને તેને મંદિરમાં એકલી રહેવા દીધી તે પોતાની જ ભૂલ હતી, એમ તો ચામુંડ સમજી ગયો; પરંતુ એવી ભૂલ પોતાથી શા કારણે થઇ ગઈ, પોતે મલ્લિકાથી કેમ ભોળવાઈ ગયો, અને એને આવું અધમાચરણ કરવાનું કેમ સૂઝયું, એવી દુર્બુદ્ધિ તેના અંતરમાં કોણે જગાડી, એવા એવા વિચારોએ તેને ખૂબ મૂંઝવ્યો.

મલ્લિકાને પકડી પાડવાનો યત્ન પણ હવે નકામો હતો. એ રાત અને એક દિવસ જેટલા સમયમાં તે માળવાની હદમાં પહોંચી ગઇ હશે એ વિષે ચામુંડને શંકા ન હતી, અને માળવામાંથી એ અપરાધિનીને પકડી લાવવી તે ગુજરાતને માટે અત્યંત મુસ્કેલ કાર્ય હતું.

વાવિણી હવે વધારે બળ કરીને પોતા પર સવાર થઇ જશે, બીજાઓ તેના અભિપ્રાયને પુષ્ટિ આપશે, પોતે એક નાલાયક રાજા છે એવી માન્યતા નગરજનોમાં દૃઢ બની જશે, એવો વિચાર આવતાં ચામુંડ કમકમી ગયો.

તે મહાલયમાં પાછો ફર્યો અને બેઠકના ખંડમાં પ્રવેશ કરી, દ્વાર બંધ કરી, આસન પર પડ્યો.

વેદના વેઠી રહેલા રાજાને મળવા તે દિવસે માધવ ભટ્ટ કે વાવિણી આવ્યાં નહિ.

નીલકંઠનું બાણ અવંતીની નર્તિકા ચોરી ગઇ તે વાત નગરમાં પ્રસરતાં હાહાકાર મચી ગયો. પૂજારી પોતે અશાશ્વત બાણને પિછાણી ન શકયો તે માટે ખૂબ પસ્તાયો. મલ્લિકા મંદિરમાં એકલી કેવી રીતે પ્રવેશી શકી અને બાણ ચોરી જઇ શકી તેની પૃચ્છા કરતાં લોકોએ કાંઇ કાંઇ વાતો સાંભળી. સત્ય અને અસત્યની મિશ્રિત અફવાઓથી પાટણ હીલોળે ચડ્યું હતું, ત્યારે ચામુંડ બેઠકના ખંડમાં એકલો બેસીને ભાવિ જીવનની સાંકળના અંકોડા ગૂંથવા મથી રહ્યો હતો.

પાટણમાં ફેલાયલી અફવાઓ તરેહવાર હતી. કોઇ કહેતું કે ચામુંડે પોતે જ મોહવશ થઇને એ બાણુ મલ્લિકાને આપી દીધું હશે. કોઇ માનતું કે માળવાના ગુપ્તચરોએ મલ્લિકાને સાધન બતાવી બાણુ ચોરાવ્યું હોવું જોઇએ અને માળવનરેશ સિંધુરાજની આજ્ઞાથી જ એ ષડ્યંત્ર યોજાયું હોવું જોઇએ. કોઇનો અભિપ્રાય એવો હતો કે એ મલ્લિકા મહાકાળેશ્વરની નર્તિકા નહિ હોય પણ કોઇ વારાંગના જ હશે અને તેણે એ અલૌકિક બાણુના દામ ઉપજાવવા જ એ ચોરી કરી હશે. કેટલાકનું અનુમાન એવું હતું કે એ બાણુ ગુર્જ્જરેશ્વર માટે શુકનવંતું નીવડ્યું હતું તેથી બીજા કોઇ માર્ગે એ ન મેળવી શકાય તેમ હોઈ કોઇએ માળવાને સમૃદ્ધિવંત બનાવવાને આ રીતે બાણુ પ્રાપ્ત કરવાની બાજી રચેલી હોવી જોઇએ. કોઇ કોઇ તો એમ પણ માનતા કે મહાકાળેશ્વરની કોઇ તાંત્રિકોની ટોળીએ કોઇ મેલી વિદ્યાની સાધના માટે આ માર્ગ લીધો હોય એ બનવાજોગ છે. પરંતુ સૌની એવી માન્યતા તો હતી જ કે એ ચોરાયલા બાણુનો પત્તો મેળવવો એ જ મુશ્કેલ છે, તો પછી તે પાછું મેળવવાની તો વાત શી કરવી ! પાટણુના ગુપ્તચરો બુદ્ધિ દોડાવતા હતા અને માળવામાં છૂપા વેશે જઇને તે મેળવવાની વાતો મનમાં વિચાર્યા કરતા હતા, પરંતુ તત્કાળમાં તો કશું થઈ શકે તેમ નહોતું.

બીજા દિવસની સવારમાં ચામુંડે પોતાની બેઠકના ખંડનું દ્વાર ઉઘાડતાં જ સેવકને કહી મહામંત્રીને બોલાવ્યા, વાવિણીને બોલાવી, યુવરાજ વલ્લભરાજને બોલાવ્યો અને તે બધાંની સમક્ષ કહ્યું : “મારાથી એક કરતાં વધારે ભૂલો થઈ ગઈ છે, છતાં તે ભૂલો કરાવવામાં ભગવાનની જ કોઇ પ્રેરણા છે એમાં મને જરાએ શંકા નથી. એ ભૂલો જ મારા કલ્યાણુનો માર્ગ ચીંધનારી હોવી જોઇએ....

“વાવિણી બહેન ! હું ફરીથી કહું છું કે એ ભૂલો મેં કરી નથી–મારાથી થઇ ગઈ છે, અને હું આત્મસાક્ષીએ નિર્દોષ છું.

પરન્તુ હું વાસનાલોલુપ નથી અને તેથી હું પરણવાનો પણ નથી. થઈ ગએલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરવા મેં હવે હમેશને માટે કાશીવાસ કરવાનો નિર્ણય કર્યો છે...."

માધવ ભટ્ટ વચ્ચે બોલ્યાઃ "મહારાજ! એવા મોટા પ્રાયશ્ચિત્તની કશી જરૂર નથી...."

"નહિ, નહિ, મહામંત્રી! મારો નિશ્ચય હવે ફરે તેમ નથી. હું રાજાપદથી ભ્રષ્ટ થવા નથી ઇચ્છતો, પણ ગુર્જરેશ્વર ચામુંડરાજ હવે સ્વયમેવ રાજધાનીનો ત્યાગ કરીને એ પુણ્યક્ષેત્રમાં જ વસશે અને પોતાના દેહ તથા આત્માનું કલ્યાણ કરશે...."

"એટલું બધું શામાટે મહારાજ? વર્ષ–બે વર્ષ એ પવિત્ર વાતાવરણમાં વસીને આપ પાટણમાં પાછા પધારો એવું હું ઇચ્છું છું...." એમ કહેતાં માધવ ભટ્ટે વાવિણી સામે જોયું.

વાવિણીએ કહ્યું: "વર્ષે–બે વર્ષે મહારાજ રાજધાનીમાં પધારે કે ન પધારે એ તો ઠીક, પણ પછી ગુર્જરેશ્વરનો રાજમુકુટ કોને શિરે.... "

"મારે શિરે જ તે વિરાજશે!" ચામુંડ આંખો ચમાવતો જુસ્સાથી બોલી ઊઠ્યો: "રાજધર્મનો ત્યાગ કરનાર કાપુરુષ ચામુંડ નથી, તે ગુર્જરેશ્વર છે અને રહેશે: તે રાજાપદથી ભ્રષ્ટ નહિ થાય, પણ તેણે જેમ અનેક વસ્તુઓનો ત્યાગ કર્યો છે તેમ તે રાજધાનીનો પણ ત્યાગ કરીને પુણ્યક્ષેત્ર કાશીમાં નિવાસ સ્વીકારશે."

વાવિણી અને માધવ ભટ્ટ ચામુંડની આવેશભરી મુખમુદ્રાને એકી ટસે નિહાળી રહ્યાં. તેઓ વિચારમાં પડી ગયાં અને કશું બોલ્યાં નહિ.

કેટલીક વાર સુધી એ મૌન લંબાયું. તેનો ભંગ કરતાં ચામુંડ બોલ્યો: "તમને એમ લાગતું હશે કે તો પછી અહીંનું રાજ્યતંત્ર કોણ ચલાવશે, પણ તેનો વિચાર મેં કર્યો છે. રામની પાદુકાને

સિંહાસને પધરાવીને ભરત રાજ્ય કરતો હતો તેવી જ રીતે મારો વલ્લભ રાજ્ય સંભાળશે."

એ સાંભળીને વાવિણીની આંખોમાં સંતોષ વસ્યો પરન્તુ માધવ ભટ્ટની આંખોમાં જળ ભરાઇ આવ્યું.

ચામુંડ બોલ્યો : "ભટજી ! તમે શોકાતુર શાને થાઓ છો ? ચામુંડ પાટણ છોડશે પણ તેનું દિલ પાટણ નહિ છોડે. ગુજરાતની સેવા અને સંરક્ષણ તમારે હાથે અખંડ રીતે ચાલ્યા જ કરે એમ હું અને વલ્લભ બેઉ સરખી રીતે ઇચ્છીએ છીએ."

"એ આ વૃદ્ધથી હવે નહિ બને, મહારાજ !" એમ કહેતાં માધવ ભટ્ટ આંખોનું જળ લૂછતા ઊઠ્યા.

(૨)

મહારાજ ચામુંડરાજ કાશીવાસ કરવાને રાજધાની છોડી જાય છે એ સમાચાર પાટણમાં પવનવેગે પ્રસરી ગયા. નીલકંઠનું બાણ ચોરાઇ ગયું તેના અનુસંધાનમાં જે અફવાઓ પ્રસરી હતી તેમાં ગુર્જરેશ્વરના રાજધાનીત્યાગના સમાચારે ઉમેરો કર્યો, પરન્તુ ચામુંડના કાશીવાસના નિશ્ચયની ભીતરમાં રહેલા જુવાળો નહિ જાણનારાઓય મલ્લિકાની નૃત્યપૂજાની ઓચિંતી અટકાયત, તેનું અણધાર્યું પલાયન, નીલકંઠના બાણની ચોરી, એ બનાવોના અંકોડાઓ સાથે એ કાશીવાસને સાંકળીને ચામુંડ એક પ્રકારે પોતાના અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છે કિંવા ભગવાન રુદ્રના કોપના શમન માટે કાશીમાં જઇ ઉપાસના કરવાને આતુર બન્યો છે એમ તો સમજી શકતા હતા.

પાટણની જનતામાં ગુર્જરેશ્વરના આ નિશ્ચયે કાંઇક લાગણી પ્રેરી. 'બિચારા મહારાજને એ રાંડ નર્તિકા ભોળવીને નાસી ગઇ અને તેમને આવું પ્રાયશ્ચિત્ત કરવાનો સમય આવ્યો' એ વિચારે લોકોના હૃદયમાં કાંઇક આર્દ્રતા ઊપજાવી. કોઇને એમ પણ લાગ્યું કે સદ્‌ગત મહારાજ મૂળરાજદેવે ઉત્તર અવસ્થામાં જેમ રાજ્યના

અને છેવટે દેહના મમત્વનો ત્યાગ કર્યો હતો તેમ ચામુંડરાજે ત્યાગ કરીને પોતાના પિતાને પગલે જ ચાલવાનો નિશ્ચય કર્યો હોવો જોઇએ.

યુવરાજ વલ્લભરાજને અને બીજા કુમાર દુર્લભરાજને લાગતું હતું કે પિતાની પ્રકટ ઇચ્છા રાજધાનીનો ત્યાગ કરવાની હોવા છતાં વસ્તુતઃ તેમને આ માર્ગ લેવાની સ્વેચ્છા વિરુદ્ધ ફરજ પડી રહી છે. પરન્તુ વાવિણી ફોઇનો પ્રતાપ તેમનેય દઝાડી રહ્યો હતો, એટલે વાવિણીની ઇચ્છા પ્રમાણે જે કાંઇ બની રહ્યું હતું તે તેઓ મૂગામૂગા જોયા કરતા હતા.

ચામુંડની આજ્ઞાનુસાર કાશી તરફ પ્રયાણ કરવા માટેની તૈયારીઓ શરુ થઇ ગઇ. પગપાળા અને ઘોડેસવાર પાંચસો સૈનિકોની સેના તેના અંગરક્ષણ માટે સજ્જ થઇ. અન્નવસ્ત્રની સામગ્રી સાથે રાખવા પચાસ ગાડાં તૈયાર કરાવવામાં આવ્યાં. એક હાથી, બે શીબિકાઓ, પચીસેક શીબિકાવાહકો, રાજમુકટ–છત્ર–ચામર–ડંકો–નિશાન એ બધું જાળવનારા કર્મચારીઓ, દ્રવ્યસંરક્ષક અને કોઠારી, સેવા–પૂજાને સાચવનારા તપોધનો, રાવટીઓ–પલંગો–આસનો અને પ્રત્યેક પ્રકારના કાર્ય માટે જોઇતા સેવકો, એ બધાંનું બનેલું એક નાનું સરખું સૈન્ય જ તે માટે તૈયાર થઇ ગયું. યાત્રા દરમિયાન ચામુંડને કશી ઊણપ ન લાગે, કશી અડચણ ન પડે, તે માટે યુવરાજે સંભારી–સંભારીને તરેહવાર સામગ્રી તેમાં ઉમેરાવી હતી.

ત્રણેક દિવસો તૈયારીઓમાં ગયા. ચોથે દિવસે સંધ્યાકાળે પ્રયાણનું મુહૂર્ત હતું. તે સમયે નગરમાંથી પ્રસ્થાન કરીને થોડે દૂર આવેલા ચામુંડા માતાના મંદિરે ચામુંડે સેના સાથે રાત્રિવાસ કરવાનો હતો.

જ્યારે રાજાએ સેના સાથે પ્રસ્થાન કર્યું ત્યારે જનતાના થોકે થોક રાજાને વળાવવા નીકળ્યા. મોખરે રાજાનો હાથી, પાછળ સેના, અને તેની પાછળ સ્ત્રીપુરુષોનો વિશાળ સમુદાય ચામુંડાના મંદિર તરફ ચાલવા લાગ્યો. એ સમુદાયમાં નગરના શ્રેષ્ઠીઓ હતા, રાજ-

કર્મચારીઓ હતા, મંત્રીઓ તથા રાજ્યાધિકારીઓ હતા, બ્રાહ્મણો હતા, ક્ષત્રિયો હતા અને શૂદ્ર પણ હતા. યુવરાજ વલ્લભરાજ, કુમાર દુર્લભરાજ અને બાળક ભીમદેવ પણ લોકોની સાથે સાથે મોખરે રહી પગપાળા ચાલતા હતા.

હાથીની અંબાડીમાં ચામુંડ રાજમુકુટ પહેરીને વિરાજ્યો હતો. એક સેવક તેની પાછળ છત્ર ધરીને બેઠો હતો, બીજો ચામરથી વાયુ ઢોળતો હતો. ચામુંડ વારંવાર પાછું વાળીને જોઇ રહેતો હતો અને પાટણની જનતાને પોતાની પાછળ ઊમટેલી જોઇને અંતરમાં પુલકિત થતો હતો.

તેની આંખો એ જનસમુદાયમાં બે વ્યક્તિઓને શોધવા મથતી હતી; એક તો વાવિણી અને બીજા મહામંત્રી માધવ ભટ્ટ. તેને મનમાં થતું હતું કે જો એ બેઉ આ જનસમુદાયનો પોતા પ્રત્યેનો ભક્તિભાવ નજરોનજર જુએ, તો તેમને જરૂર ખાત્રી થાય કે પ્રજા પોતાના રાજા પ્રત્યે કેવાં સદ્‌ભાવ, ભક્તિ અને નિષ્ઠા ધરાવે છે! પરન્તુ ખરેખર, તેઓ એ સમુદાયમાં હતાં જ નહિ.

આખી રાત ચામુંડા માતાના મંદિરની આસપાસ મોટો મેળો જામેલો રહ્યો. સૂર્યોદય થયા પૂર્વે સૌ નિત્યકર્મથી પરવારી ગયાં અને સૂર્યોદય થતાં પ્રયાણનો આરંભ થાય, તે પૂર્વે એકાએક માધવ ભટ્ટે આવી, ચામુંડની સમીપે પહોંચી, ‘કલ્યાણમસ્તુ’ નો આશીર્વાદ ઉચ્ચાર્યો.

ચામુંડ ભટ્ટજીને આશ્ચર્યમુગ્ધતાથી જોઇ જ રહ્યો. તે મહામંત્રી માધવ ભટ્ટ નહોતા પરન્તુ સંન્યાસી માધવાનંદજી હતા! તે બોલ્યા: “મહારાજ! કાશીવાસમાં હું આપનો સાથી થવા આવ્યો છું!”

“પણ ભટ્ટજી! તમે સંન્યાસ ક્યારે અને શામાટે ધારણ કર્યો?”

“મહારાજ! આપની ઉત્તમ સેવા હું આ રીતે જ કરી શકીશ એવો નિશ્ચય થયા પછી, ત્રણ દિવસના મનોમંથનને અંતે, મેં હજી અત્યારે જ સંન્યાસ ધારણ કર્યો છે.”

યુવરાજ અને બીજાઓ પણ માધવ ભટ્ટને સંન્યાસીવેશે જોઇ આશ્ચર્યચકિત થયા હતા. માધવ ભટ્ટ હવે વધુ સમય મહામંત્રીપદ નહિ ધારણ કરી રાખે એમ તો સૌ જાણતા જ હતા, પરંતુ આ રીતે પાટણ પણ છોડશે, નવો પાટણનરેશ તેમની સલાહથી વંચિત બનશે, એવું જોતાં યુવરાજના વદન પર શોકાતુરતા છવાઇ ગઇ.

માધવાનંદજીએ તે જોયું અને વલ્લભરાજના ખભા પર હાથ મૂકીને કહ્યું : "યુવરાજ ! શોક ન કરશો; આ જીવન પાટણ-નરેશની સેવાને જ સમર્પણ થયું છે; એમની ઉત્તમોત્તમ સેવા બજાવવાને માર્ગે જ મેં મારા શેષજીવનને વાળ્યું છે, એમાં શંકા ન રાખશો. હું પાટણ છોડું તેથી તમને મારી ત્રુટિ પડેલી જણાશે, પણ એ ત્રુટિ પૂરનારા મહામંત્રી મળી આવશે, પરન્તુ મહારાજ ચામુંડરાજદેવની ઉત્તર અવસ્થામાં અને તેમના કાશીનિવાસમાં તેમને પોતાના કલ્યાણવાંચ્છુ સાથીની જે ત્રુટિ પડશે તે બીજી કોઇ રીતે પુરાય તેમ નથી, એવું જોયા પછી મેં આ માર્ગ અંગીકાર્યો છે."

આ સાંભળતાં જ ચામુંડ તથા વલ્લભ માધવાનંદજીના પગમાં આળોટી પડ્યા. તેમણે બેઉના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યો.

અને પછી એ યાત્રાળુસંઘે પ્રયાણ આરંભ્યું.

(૩)

યાત્રાર્થી ચામુંડ સેના સાથે રોજ પાંચ–સાત કોસની મજલ કાપતો પ્રવાસમાં આગળ વધી રહ્યો છે. સેનાના પડાવની વ્યવસ્થા માટે એક નાની ટૂકડી આગળ ને આગળ ચાલતી હોય છે તેથી માર્ગમાં આવતાં ગુજરાતનાં ગામડાંને રાજાના આગમનની ખબર અગાઉથી પડી જાય છે અને રાજાની સવારી આવી પહોંચતાં ઢોલ–શરણાઇ બજાવતા આવીને લોકો રાજાનું સામૈયું કરે છે. રાજા કોઇ સ્થળે માત્ર રાતવાસો કરે છે, કોઇ સ્થળે એકાદ દિવસ થોભે છે તથા પ્રજાપ્રેમનું આસ્વાદન કરે છે. લોકો રાજાને તરેહવાર વસ્તુઓ અને જર–જવાહીર ભેટ આપે છે પણ ત્યાગવ્રતી રાજા એ

કશું સ્વીકારતો નથી, જોઇતી વસ્તુઓ પણ મૂલ્ય આપીને જ ગ્રહણ કરે છે અને પ્રજાપ્રેમનો ઊભરો ઉત્તરોત્તર ચડતો જોઇને પ્રસન્ન થાય છે.

માર્ગમાં કોઇ સ્થળે વનવાસી ઋષિઓનાં આશ્રમો આવે છે ત્યાં ચામુંડ થોડો સમય થોભી, ઋષિઓના કુશળ વર્તમાન પૂછી, તેમને જોઇતી વસ્તુઓનું દાન આપી, તેમનો આશીર્વાદ પ્રાપ્ત કરવાનું ભૂલતો નથી.

કોઇ નાનાં-મોટાં શિવાલયો પણ માર્ગમાં આવે છે, ત્યાં ચામુંડ સેવા-પૂજા કરવા રોકાય છે, કોઈ મંદિર જીર્ણ થએલું જોઇ તેની મરામત માટે દ્રવ્યનું દાન કરે છે, કોઇ સ્થળે જરૂર જણાય તો મંદિરના નિર્વાહ માટે ભૂમિદાન કરે છે અને તેના સમાચાર ખેપિયા સાથે પાટણ લખી મોકલી યોગ્ય વ્યવસ્થા કરવાનું સૂચવે છે.

આ રીતે રાજાનાં ત્યાગ તથા ભક્તિની સુવાસ પ્રસરી રહી છે. એક વાર ચામુંડે પોતાના ભૂતપૂર્વ મહામંત્રીને પૂછ્યું: "માધવાનંદજી! વાવિણી બહેન કહેતાં હતાં તેમ જો હું પદભ્રષ્ટ થયો હોત તો આ રાજભક્ત અને પ્રેમાળ પ્રજાએ અસંતુષ્ટ થઇને ઉપદ્રવ જ મચાવ્યો હોત! ભગવાને મને પ્રેરણા કરી અને મેં આ માર્ગ લીધો તે ઇષ્ટ જ કર્યું છે."

"એમ પણ હોય, મહારાજ!" માધવાનંદજીએ પ્રત્યુત્તર આપ્યો.

એક વાર એક ગામડાના પાધરમાં થઇને ચામુંડની સવારી પસાર થતી હતી, ત્યાં એક બાઇ પોતાના પાંચેક વર્ષના પુત્રને લઇને રાજા સમક્ષ આવી અને બોલી: "મહારાજ! આ બાળક ઉપર આપની કૃપા હો! દિવસે દિવસે તે સુકાતો જાય છે અને કોઇ ઓસડ તેના રોગને મટાડી શકતું નથી. આપના જેવા પવિત્ર, ત્યાગી અને સંત રાજવીનો આશીર્વાદ જ હવે તેને જીવાડી શકે તેમ છે."

ચામુંડને એ દીન બાઇ તથા તેના રોગિષ્ઠ પુત્ર ઉપર દયા આવી. તેણે કશું ય બોલ્યા વિના યજ્ઞ–ભસ્મના દાબડામાંથી ચપટી ભસ્મ લઇ, પંચાક્ષરી મંત્રજાપ કરી, બાળકના કપાળ પર ત્રણ રેખાઓ કરીને આશીર્વાદ આપ્યો. બાઇ કૃતજ્ઞતા દર્શાવતી ચાલી ગઇ અને રાજાની સવારી આગળ વધી.

એ બાઇનો પુત્ર સાજો થયો કે નહિ તે જાણવાની ચામુંડને જિજ્ઞાસા થઈ, પણ પ્રવાસમાં એ ખબર કોણ આપે? બે દિવસ પછી બીજા એક ગામેથી પસાર થતાં રોગિષ્ઠ સંતાનોવાળી ત્રણ માતાઓ આશીર્વાદ લેવા આવી ત્યારે ચામુંડને લાગ્યું કે પેલી બાઇનો પુત્ર સાજો થયો હોવો જોઇએ અને તેથી જ આ માતાઓ પણ આશીર્વાદ લેવા આવી હોવી જોઈએ. તેણે પૂર્વવત્ એ ત્રણે બાળકોને પણ આશીર્વાદ આપ્યો.

પછી તો દરેક ગામે રોગી જનોની વધુ ને વધુ સંખ્યા રાજા સમીપે આશીર્વાદ લેવા આવવા લાગી. રાજા તેમને આશીર્વાદ આપતો અને એ પરોપકાર કરવા માટે મનમાં પ્રસન્ન પણ થતો. તેણે માધવાનંદજીને કહ્યું: "માધવાનંદજી! યજ્ઞભસ્મ ખરેખર પવિત્ર હોય છે જ, પણ એ ભસ્મની અર્ચા પવિત્ર હસ્તે થાય તો જ તે હિતકારક બને છે, નહિતો રાખના લેપડા જ સમજવાના!"

માધવાનંદજીએ જવાબ વાળ્યો: "એમ પણ હોય મહારાજ!"

આગળ ને આગળ ચાલતાં એક નદીકાંઠે એક નાનું જીર્ણ શિવાલય ચામુંડના જોવામાં આવ્યું. ચામુંડ પાલખીમાંથી ઊતરી પડ્યો અને પૂજા માટે જળ, પુષ્પ, ચંદનાદિ લઈને મંદિરમાં પહોંચ્યો. તેણે જોયું કે મંદિરનાં દ્વાર તૂટી ગયાં છે, અંદર એક ખૂણામાં બિલાડીએ એક–બે દિવસ પૂર્વે જન્મ આપેલાં તેના બચ્ચાં છે અને શિવલિંગ અણીશુદ્ધ હોવા છતાં લાંબા વખતથી અપૂજ્ય રહ્યું છે. બચ્ચાંને હૂંફ આપતી બિલાડી તેને જોઈને ગુરૂગુર્ કરતી ઊભી થઈ ગઈ.

ચામુંડ થોભ્યો અને તેણે આસપાસ નજર કરી. મંદિરની પાછળ જ એક પર્ણકુટી હતી, પર્ણકુટીના આંગણામાં એક ગાય બેઠી બેઠી વાગોળતી હતી અને તેનું વાછરડું સમીપે નીરેલું લીલું તાજું ઘાસ ખાતું હતું. પર્ણકુટીની સામે છેક નદીના કાંઠા સુધી વિસ્તરેલો ઉદ્યાન હતો. ઉદ્યાન તરેહવાર વૃક્ષો તથા રોપાઓથી ભરપૂર હતો અને સ્વચ્છ તથા સુઘડ હતો. અંદરનો એકેએક ક્યારો અને તસુએ તસુ જમીન કોઈ ઉદ્યમવંતા પુરુષના રસભર્યા પરિશ્રમનો પરિચય કરાવતાં હતાં. વૃક્ષો ફળ–મંજરીયુક્ત અને રોપા ડોલી રહેલાં તરેહવાર પુષ્પોથી યુક્ત હતા. ઉદ્યાન ચામુંડને પ્રથમ દૃષ્ટિએ જ નેત્રને ઠારે તેવો મનોહર અને આહ્‌લાદક લાગ્યો.

માધવાનંદજી બોલ્યા: " અહીં કોઈ ઋષિનો નિવાસ હોય તેમ લાગે છે."

" શી ખબર, કોઈ ઋષિનો આશ્રમ હશે કે અઘોરીનું નિવાસ-સ્થાન હશે ! પાસે આવું રૂડું મંદિર છે, મંદિરને સ્વચ્છ રાખવાનું કે ભગવાનની પૂજા કરવાનું પણ જેને સૂઝતું નથી તે માણસ કોણ જાણે કેવોય હશે ! " ચામુંડે કહ્યું.

માધવાનંદજીએ ચોપાસ નજર કરી તો થોડે દૂર નદીકાંઠે એક શિલા પર બેઠેલા એક કૌપીનધારી વૃદ્ધ પુરુષનું દર્શન થયું. સફેદ દાઢી–મૂછ–કેશથી ઢંકાયલું વદન તેની અવસ્થાનો પરિચય આપતું હતું, માંસલ બાહુ અને દેહનો લાલ વર્ણ તેના આરોગ્યની પ્રતીતિ કરાવતાં હતાં, નેત્રોનું તેજ અને ભાલપ્રદેશની વિશાળતા તેની બુદ્ધિમત્તાને બોલી બતાવતાં હતાં. તે અઘોરી નહોતો પણ કોઇ પવિત્ર ઋષિજન હતો એમ જણાતાં જ ચામુંડ તેની તરફ આકર્ષાયો અને સમીપે જઇ પ્રણિપાત કરી બોલ્યો: " દેવ ! ગુર્જરેશ્વર ચામુંડ આપને વંદન કરે છે. "

પણ ઋષિ કશું બોલ્યા નહિ અને ચામુંડને માત્ર જોઇ રહ્યા.

" ભગવન્ ! " ચામુંડ પુનઃ બોલ્યો: " આપ ધ્યાનસ્થ ન હો,

તો મને આશીર્વાદ આપો કે ભગવાન વિશ્વનાથની સેવા માટેની મારી કાશીયાત્રા મારું કલ્યાણ કરનારી થાય."

"રાજન્! તું જે માંગે છે તે મારી પાસે છે જ નહિ, અને વિશ્વનાથ કોણ છે તેની મને ખબર પણ નથી." ઋષિ બોલ્યા.

"ભગવાન વિશ્વનાથ કોણ છે તે આપ જાણતા નથી?" ચામુંડ આશ્ચર્યચકિત થતો પૂછવા લાગ્યો: "વિશ્વના નાથ એવા ભગવાન શંકરને આપ પિછાણતા નથી? તેની સેવાભક્તિ કરનારા, તેની કૃપાનો કટાક્ષ પામનારા, એવા અનેક ભક્તો જીવનમરણથી મુક્ત થઈ કૈલાસવાસી થયા છે એવું બધા ઋષિ-મુનિઓ અને તત્ત્વજ્ઞાનીઓ કહે છે."

ઋષિ બોલ્યા: "કદાચ એમ હોય!"

"આપના ઉદ્ગારમાં નિશ્ચય નથી જણાતો, તો આપ શું કોઈ બીજા દેવના ઉપાસક હો?"

"હું કોઇ પણ દેવને પિછાણતો નથી, રાજા! અને એવી પિછાણની મને જરૂર પણ જણાતી નથી."

આશ્ચર્યથી આંખો વિસ્ફારતો ચામુંડ બોલ્યો: "એ આપ શું કહો છો! આપ જીવન-મરણથી મુક્ત થવા તો ઇચ્છતા જ હશો, તો પછી કોઇ પણ દેવની સેવાભક્તિ વિના આપ કેવી રીતે મુક્તિ પ્રાપ્ત કરી શકશો?"

"મુક્તિની મને ઇચ્છા નથી."

"તો શું જીવન-મરણ થયાં કરે તેવી આપની ઇચ્છા છે?"

"મને કશી પણ ઇચ્છા નથી."

"પુનઃપુનઃ જન્મવું અને પુનઃપુનઃ મરવું એ સારું કે મુક્ત દશાને પ્રાપ્ત કરવી એ સારું તે વિષે પણ આપે કશો નિશ્ચય કર્યો નથી?"

"જગતમાં કોઈ જ વસ્તુ નિશ્ચયરૂપ નથી, કોઈ જ વસ્તુ નિત્યમેવ સારી કે નિત્યમેવ ખરાબ નથી. પછી નિશ્ચય શાનો કરવો?

પ્રકાશ સારો છે કે અંધકાર સારો છે તે વિષે ઘુવડ અને ચક્રવાક એકમત થઈ શકતાં નથી."

"જો એમ જ છે તો બીજા લોકો નગરમાં વસે છે તથા અનેક સુંદર વસ્તુઓનો ઉપભોગ કરે છે અને આપ આ નિર્જન સ્થાનમાં એક પર્ણકુટીમાં એકલા વસી ફળમૂળનો આહાર કેમ કરો છો? જગતમાં સુખદ મનાતી વસ્તુઓનો આપે જો ત્યાગ કર્યો છે તો તેમાંથી કોઇ સિદ્ધિ, કોઇ શક્તિ, કોઈ ઉત્તમ સ્થિતિની પ્રાપ્તિનો હેતુ તો અંતરમાં ધારણ કરી રાખ્યો હશે ને?"

"સારી વસ્તુ કે ખરાબ વસ્તુ, સુખ કે દુઃખ, એ બધી માન્યતાઓ જ મિથ્યા છે, અને જગતની તમામ મિથ્યા વસ્તુઓનો મેં ત્યાગ કર્યો છે."

"સુખ–દુઃખ મિથ્યા, સારું–ખરાબ મિથ્યા, જન્મ–મરણ મિથ્યા અને મુક્તિ પણ મિથ્યા, એ તો નર્યું અજ્ઞાન કહેવાય. ક્ષમા કરજો ઋષિરાજ! આપને હું અજ્ઞાની કહું છું તેથી આપને માઠું લાગતું હશે, પણ આપની જીવનસરણી જોઇને મારા મનમાં જે પ્રશ્નો ઉદ્ભવ્યા તેથી જ મારાથી આમ કહી જવાય છે. આ શિવાલય નિકટ હોવા છતાં આપે ક્ષુદ્ર પર્ણકુટી બાંધી તેમાં નિવાસ કર્યો છે. ઋષિજનો પોતાનું જ્ઞાન શિષ્યને આપીને તેમનો પણ ઉદ્ધાર કરે છે તેને બદલે આપનો કોઈ શિષ્ય નથી, આપ એકલા જ અહીં દેખાઓ છો. અહીં મંદિર છે જેમાં શિવલિંગ છે, છતાં તે મંદિર સ્વચ્છ રાખવાનું કે શિવલિંગની પૂજા કરવાનું પણ આપને કોઇ વાર સૂઝ્યું નથી, જ્યારે આપનો ઉદ્યાન તો ખરેખર મનોહર છે. મને તો લાગે છે કે આપ અહીં વસીને જે કષ્ટ વેઠો છો અને સંસારીઓ ભોગવે છે તેવાં સુખોને ત્યજી બેઠા છો તે કેવળ નિષ્કારણ અને અજ્ઞાન-મૂલક છે."

અત્યારસુધી નિર્વિકાર અને શાંત રહેલી એ ઋષિવર્યની મુખ-મુદ્રા ઉપર સહજ સ્મિત ફરક્યું. તેમણે કહ્યું: "રાજન્! જ્ઞાનની કે અજ્ઞાનની મને સ્પૃહા નથી, સુખની કે દુઃખની મને પરવા નથી,

મંદિર કે કુટી મારા મનઃપ્રદેશમાં કશો ભેદ ઊપજાવી શકતાં નથી. તું મને વંદન કરે કે લાત મારીને ચાલ્યો જાય એ મારે મન સરખાં છે, તો પછી મારે તારા પર રાગ કે દ્વેષ શાને રાખવાં ?"

"આપ કોઇ પણ પ્રકારની કામના કે આસક્તિથી રહિત હો એમ આપના કથન ઉપરથી લાગે છે, પરન્તુ ઋષિવર્ય! કામના કે આસકિત ન હોવી ઘટે ઐહિક સ્થૂળ–ક્ષુદ્ર વસ્તુઓની, કૈલાસવાસ કે વૈકુંઠવાસની ઇચ્છા જ ન હોય એવો કોઇ મુમુક્ષુ આ જગતમાં વિદ્યમાન હોવો સંભવતો નથી. ધ્યેય વિના કોઈ પુરુષાર્થ સંભવતો નથી. આપનું જીવનધ્યેય તો કોઇ હશે ને ?"

"ના, કારણકે ધ્યેયરહિત હોવું એ જ મારું ધ્યેય છે. મને કોઇ દુઃખ સ્પર્શી શકતું નથી કારણકે મારે મન કોઇ વસ્તુ ઇષ્ટ નથી કે કોઇ અનિષ્ટ નથી. તું તારે માર્ગે જઈ શકે છે, હું મારે માર્ગે જઈ શકું છું. તું કૈલાસનો યાત્રી છે, હું અનંતનો યાત્રી છું. તને તેમાં સુખ છે, મને આમાં સુખ છે!"

ચામુંડ મૂઢ ભાવે આ વિચિત્ર પુરુષને જોઇ રહ્યો. તેને એ વૃદ્ધ પણ અજ્ઞાની પુરુષની દયા આવી રહી હોય અને તેની આંખો આડેથી અજ્ઞાનાંધકારનો પડદો ઉઠાવી લેવા જાણે તે ભગવાનને પ્રાર્થના કરી રહ્યો હોય તેમ તેના વદન ઉપર ભકિતભાવ તરી આવ્યો અને તે બોલ્યો: "ભગવન્! તારાં ચરણોનું શરણ આ ઋષિવર્યનું ધ્યેય હો!"

એટલું બોલી ચામુંડ ચાલવા લાગ્યો એટલે ઋષિએ કહ્યું: "રાજન્! હવે તને મારો આશીર્વાદ આપું છું કે એવા કોઇ ધ્યેયની આસક્તિથી તું પણ મારી પેઠે નિવૃત્ત હો!"

ચામુંડ ચાલતો ક્ષણભર થોભ્યો, આશીર્વાદ સાંભળીને આશ્ચર્ય પામ્યો અને પછી મૂગો મૂગો તે ચાલતો થયો.

તે શિવાલય પાસે પુનઃ આવ્યો ત્યારે બિલાડી પોતાનાં બચ્ચાંને લઇને બીજે કયાંય ચાલી ગઇ હતી. ચામુંડે સ્વહસ્તે મંદિરનું પ્રક્ષાલન કરીને શિવલિંગનું યથાવિધિ પૂજન કર્યું અને આનંદાનુભવ કર્યો.

▲ ▲ ▲

પ્રકરણ ૧૨

▲ ▲

મહાકાળેશ્વરનો યાત્રાળુ

▲

(૧)

"અરે અજ્ઞાન ! અહો અજ્ઞાન ! હું કાંઇ પરમજ્ઞાની પુરુષ નથી, જ્ઞાની જનોના ચરણની રજ જેવો છું, પરન્તુ જો ઋષિઓનું જ્ઞાન ભગવાન રુદ્રે મને આપ્યું હોય, તો હું આવા અનેક અજ્ઞાનીઓને જ્ઞાનદૃષ્ટિથી પાવન કરીને કૃતાર્થ થઉં." એવા વિચારને ઘૂંટતો પોતાના એ મનોભાવને માધવાનંદજી સમક્ષ પુનઃપુનઃ પ્રકટ કરતો ચામુંડ પ્રવાસમાં આગળ વધ્યે જતો હતો.

એક વાર માધવાનંદજીએ કહ્યું : "મહારાજ ! મારવાડ અને પછી મેવાડને માર્ગે કાશી તરફ જવું કે માળવાને માર્ગે એ નક્કી કરવાનું છે, કારણકે ભોમીઆઓ કહે છે કે ગુજરાતની હદ હવે પૂરી થવા આવી છે."

"માળવામાં થઇને આપણે જવું છે એ તો મેં તમને પહેલેથી નક્કી કરીને કહેલું જ છે." ચામુંડે જવાબ આપ્યો.

"મને મારવાડમાં થઇને જવાનું વધારે ગમે છે. એક તો એ માર્ગ ટૂંકો છે, અને બીજું એ કે માળવા સાથેનો આપણો સંબંધ મારવાડના જેવો મીઠો નથી...."

"એટલે ?" ચામુંડે ભ્રૂકુટી ચડાવીને પૂછ્યું : "એ સિંધુરાજ આપણને શું કરી નાંખવાનો છે ? યાત્રાળુઓ મહાકાળેશ્વર કે ઓંકારેશ્વરનાં દર્શન કરવા જવા ઇચ્છતા હોય તો તેમને શું તે રોકી શકે ?"

"સામાન્ય યાત્રાળુઓની વાત જુદી છે, આપણી વાત જુદી છે...."

"નહિ, નહિ, માધવાનંદજી! મેં તો મહાકાળેશ્વરનાં દર્શન કરીને જ આગળ જવાનો નિશ્ચય કરેલો છે, અને...ઉજ્જનમાં..."

માધવાનંદજીએ મૂક પૃચ્છાદૃષ્ટિથી ચામુંડ સામે જોયું.

ચામુંડે આગળ કહ્યું: "અને...તમે જાણો છો ને, પેલી મલ્લિકા ઉજ્જનમાં જ રહે છે, હું તેને મળવા ઇચ્છું છું...."

"મહારાજ!" માધવાનંદજીએ ચોંકી જતાં કહ્યું: "મલ્લિકાને મળવાનો કશો અર્થ નથી. એ નીલકંઠનું બાણુ તેની પાસેથી પાછું મેળવવાની આશા હવે મૂકી જ દેજો. તેની પાસેથી કોઈએ તે છીનવી લીધું હશે, અથવાતો કોઇની પ્રેરણાથી જ તે એ ચોરી કરવા પાટણમાં આવી હશે. એ તો હવે ગયું તે ગયું જ."

"ભલે એ બાણુ પાછું ન મળે, પરન્તુ એ અજ્ઞાની અને પાપાત્મા નર્તિકાને હું ભાન કરાવવા ઇચ્છું છું. પોતાની માતાનો પવિત્ર માર્ગ છોડીને તેણે બાણુની ચોરી કરવાનો અને ભગવાનને જ છેતરવાનો જે પાપી પંથ પકડ્યો છે તેનાં ફળ કેવાં કડવાં હોય છે તે હું તેને બરાબર સમજાવ્યા વિના અને એ રીતે તેનો ઉદ્ધાર કરવાનો યત્ન કર્યા વિના રહેવાનો નથી."

માધવાનંદજીએ ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

(૨)

માળવા અને ગુજરાત વચ્ચે વૈરનાં બીજ તો રોપાયાં હતાં ગુર્જરેશ્વર મૂળરાજ સોલંકીના સમયમાં, પરન્તુ માળવાની દુર્દશા થવાને કારણે એ વવાયલાં બીજનો વંશવેલો વિસ્તરતો દેખાતો નહોતો; છતાં તેના પર જળસિંચન થાય તો તે પલ્લવિત થયા વિના રહે તેમ નથી એ માધવાનંદજીને સૂઝતું હતું.

એ કાંઈ બહુ જૂનો ઇતિહાસ પણ નહોતો.

ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ પાસેથી કળથી કે બળથી મૂળરાજે પાટણનું રાજ્ય સંવત ૯૯૮ માં છીનવી લીધું તે કાળે ચાવડાઓ બહુ બળવાન રહ્યા નહોતા અને તેમના રાજ્યની

હદ પણ ઘણી નાની હતી. કચ્છના રણના કાંઠાથી સારસ્વત મંડળને નામે ઓળખાતો સરસ્વતી નદીના કાંઠાનો શ્રીસ્થળ–પાટણ સુધીનો પ્રદેશ એટલું જ રાજ્ય–પાટણનું કહો કે ગુજરાતનું કહો–મૂળરાજે ચાવડાઓ પાસેથી મેળવ્યું હતું. ઉત્તર ગુજરાતનો બાકીનો ભાગ, મધ્ય ગુજરાતનો લાટને નામે ઓળખાતો ભાગ અને દક્ષિણ ગુજરાતનો ઠેઠ કોંકણ સુધીનો ભાગ રાષ્ટ્રકૂટોના તાબામાં હતો.

અને પાટણની ઉત્તરે આબુ–મારવાડથી માંડીને કનોજ સુધી કનોજના પ્રતિહાર રાજાઓની હાક વાગતી હતી. તે વખતે માળવા પણ પ્રતિહાર રાજા મહેન્દ્રપાલ બીજાના તાબામાં હતું અને તેનો સામંત ઉજ્જનમાં રહીને રાજ્યવહીવટ ચલાવતો હતો.

રાષ્ટ્રકૂટોના સામંતો અને પ્રતિહારોના સામંતો વચ્ચે પોતપોતાની આસપાસના પ્રદેશો કબજે લેવા માટેનાં યુદ્ધો ચાલતાં અને દાવો ખેલાતા. લાટ અને ઉત્તર ગુજરાતનો રાષ્ટ્રકૂટ સામંત સીયક (ઉર્ફે સિંહદંત) વધુ બળવાન થતો જતો હતો, તેણે છેવટે પ્રતિહાર રાજાના માળવાના સામંત માધવને હરાવીને માળવાનો પ્રદેશ કબજે લીધો હતો. એ વખતે દક્ષિણનો રાષ્ટ્રકૂટ રાજવંશ નબળો પડી રહ્યો હતો અને દક્ષિણના ચૌલુક્ય રાજા તૈલપે રાષ્ટ્રકૂટોની રાજધાની માન્યખેટ (માલખેડ) લૂંટીને એ રાજવંશનો અંત આણ્યો હતો; એટલે સીયક માળવાનો સ્વતંત્ર રાજા બની બેઠો હતો. એ સીયક જ માળવાના પરમાર રાજવંશનો પહેલો રાજા હતો.

પાટણની ગાદી પર રહીને મૂળરાજ તે વખત સુધી પોતાના કબજાના ગુજરાતના થોડા પ્રદેશને જાળવીને જ બેસી રહ્યો હતો. પડોશના પ્રતિહાર સામંતો સાથે અને રાષ્ટ્રકૂટ સામંતો સાથે તે અથડામણમાં આવતો નહોતો. મૂળરાજની તે વખતની શક્તિ પણ પરિમિત હતી. સીયક માળવાનો સ્વતંત્ર રાજા થયો ત્યારે તેણે તેની સાથે સારો મેળ રાખવાનું પસંદ કર્યું હતું. પરંતુ સંવત ૧૦૩૦ ની આસપાસમાં સીયકનું મૃત્યુ થયું, ત્યારપછી તેણે લાટ અને

ગુજરાતમાં પોતાના પરાક્રમી બાહુઓ પ્રસારવા માંડયા હતા. એ ઉદ્યમમાં તેને સીયકના પુત્ર મુંજરાજાને હાથે એક વાર હાર ખમવી પડી હતી, તો બીજી બાજુએ લાટના ચૌલુક્ય સામંત બારપ ઉપર તેણે અસાધારણ વિજય પણ મેળવ્યો હતો. તે ઉપરાંત આબુના પ્રદેશમાં, મારવાડમાં અને સૌરાષ્ટ્રમાં પણ તેણે વિજયો મેળવ્યા હતા. માળવા અને ગુજરાત વચ્ચે વૈમનસ્યનું બીજ એ રીતે મૂળરાજની મહત્ત્વાકાંક્ષાને કારણે રોપાયું હતું, અને પછી તો ગુજરાત તથા માળવાનાં રાજ્યોની સીમા એકબીજાંની લગોલગ આવવાને કારણે તેઓની વચ્ચે સ્પર્ધા, અહમહમિકા તથા વૈરવૃત્તિ ચાલ્યાં જ આવતાં હતાં.

પરન્તુ માળવા પરના ચૌલુક્યવંશી તૈલપના આક્રમણથી, મુંજ તૈલપને હાથે પકડાયા બાદ તેનો શિરચ્છેદ થવાથી, માળવાનો પ્રદેશ વીંખાઇ-પીંખાઇ જવાથી, મુંજનો અનુયાયી સિંધુરાજ નબળો પડી જવાથી, મૂળરાજને ગુજરાતના રાજ્યની હદ વિસ્તારવાની તક ઠીક મળી ગઇ હતી. ચામુંડના સમયમાં પણ ગુજરાતની હદ ટકી રહી હતી અને માળવા પોતાનો ગુમાવેલો પ્રદેશ પાછો મેળવવાનાં નિષ્ફળ ફાંફાં મારતું હતું. એવા એકાદ પ્રયત્નમાં તો ચામુંડની સમીપે સિંધુરાજને પાછાં ડગલાં ભરવાની–નાસી જવાની ફરજ પડી હતી.

આવી પરિસ્થિતિમાં ગુર્જરેશ્વર ચામુંડ માળવામાં થઇને કાશી તરફ જવા ઇચ્છે તો શી ખબર સિંધુરાજ કેવું આચરણ કરે! આ જ કારણથી માધવાનંદજીને ચામુંડની વાત ગમતી નહોતી.

(૩)

છેવટે ચામુંડે માળવાની સીમામાં પ્રવેશ કરીને સેના સાથે ઉજ્જનને માર્ગે આગળ વધવા માંડયું અને રોજ દસ–દસ કોસની મજલ કાપીને મુકામો કરવા માંડયા. ગુજરાતના પ્રદેશની પેઠે માળવાનાં ગામોમાં પણ ચામુંડની યાત્રાની સુવાસ ફેલાયે જતી હતી અને સ્થળે સ્થળે તેનાં સન્માન થતાં હતાં.

એક સાંજે બીઆસ નદી ઓળંગીને તેણે છાવણી નાંખી. બીજા દિવસનું પ્રભાત થયું. ચામુંડ હજી સેવા–પૂજા–ધ્યાન–જપાદિમાંથી પૂરો નિવૃત્ત થયો નહોતો, એટલામાં અંગરક્ષકે આવીને સમાચાર આપ્યા કે "માળવાનો કોઈ રાજ્યાધિકારી આવ્યો છે અને આપને જ મળવા ઇચ્છે છે."

ચામુંડને હજી જાપ કરવાના બાકી હતા એટલે તેણે કશો જવાબ આપ્યો નહિ. તેણે જાપ શરુ કર્યા અને બે ઘટિકામાં તો અંગરક્ષક ચાર વાર આવી ગયો.

પાંચમી વાર તે આવ્યો ત્યારે ચામુંડ નિવૃત્ત થયો હતો. તેણે કહ્યું: "હું સેવાપૂજામાં બેઠો હોઉં ત્યારે મને બોલાવવો નહિ એવી મારી આજ્ઞા તું નથી જાણતો?"

"પણ મહારાજ! પેલો ક્યારનો ઉતાવળ કર્યા કરે છે."

"એવો તે કોણ છે એ? સિંધુરાજ પોતે હોય તોય શું થઈ ગયું? ભગવાનની સેવા અધૂરી મૂકીને હું ઊઠતો નથી તેય તું જાણે છે."

"હવે તેને બોલાવું?"

"હા બોલાવ. પણ જરા થોભ. ચક્રધર અને ચતુરકને પહેલાં છડી અને ચામર સાથે મોકલ; પછી તેને બોલાવી લાવ."

ચામુંડ આસન પર વિરાજ્યો. થોડી ક્ષણોમાં છડીદાર અને ચામર ઢોળનાર આવીને ચામુંડના આસનની પાછળ ગોઠવાઈને ઊભા. પછી અંગરક્ષકે માળવાના એ રાજ્યાધિકારીને પ્રવેશ કરાવ્યો.

"વંદન કરું છું હું ચામુંડરાજને." એમ કહીને તેણે ચામુંડને નમન કર્યું.

"ક્યાંથી આવો છો?" ચામુંડે પૂછ્યું.

"ઉજ્જનથી આવું છું."

ચામુંડે જોયું કે સોનેરી કિનારીવાળી માળવી પાઘડી ધારણ કરનાર એ એક આકર્ષક દેખાવવાળો પુરુષ હતો. તેના કપાળ પર

ત્રિપુંડ્ર હતું. તેણે ભેઠ બાંધેલી હતી પરન્તુ તેમાં કશાં શસ્ત્રો નહોતાં. ચામુંડ બોલ્યો : "તમે સિંધુરાજના કોઇ દૂત લાગો છો."

"નહિ, હું મહારાજ સિંધુરાજના દૂતનો અનુચર છું."

"ઠી...ક !" ચામુંડનાં ભવાં સંકોચાયાં : "તો તું કેમ આવ્યો છે ?"

"અમારા દૂત મહારાજ પુછાવે છે કે આપ કઇ તરફ જવા ઇચ્છો છો ?"

"અમે મહાકાળેશ્વરનાં દર્શન કરવા ઉજ્જન તરફ જઇએ છીએ."

"આપની સાથે આટલા બધા માણસો છે તે બધા શું યાત્રાળુઓ છે ?"

"ડાહ્યો ન થા, જા ! એનો જવાબ હું તને નહિ આપું, દૂતને મોકલ."

અનુચર મૂગો મૂગો ચાલતો થઇ ગયો.

સેના પ્રાતઃકર્મથી નિવૃત્ત થઇ ગઇ હતી એટલે તેને આગળ પ્રયાણ કરવાની આજ્ઞા ચામુંડે કરી, પરન્તુ એટલામાં તો સિંધુરાજના દૂતે ચાર અનુચરો સાથે છાવણીમાં પ્રવેશ કર્યો અને ચામુંડને મળવાની ઇચ્છા વ્યક્ત કરી.

ચામુંડે તેને બોલાવ્યો અને તે રાવઠીમાં ચામુંડની સમીપે આવી ઊભો. તે દૂત હતો પરન્તુ તેને જોતાં જ ચામુંડ આશ્ચર્ય પામ્યો. તેનાં વસ્ત્રોની સજાવટ કોઇ રાજ્યના મહામંત્રી જેવી ભવ્ય અને તેજસ્વી હતી. તેના મસ્તક પર સોનેરી મંદીલ હતી, કાનમાં આબદાર મોતીની વાળીઓ હતી, કંઠમાં રુદ્રાક્ષ તથા પોખરાજના મણકાની માળા હતી, હાથમાં સોનાનાં કડાં હતાં. તેની આંખોમાં વિલક્ષણ તેજ ચમકતું હતું. તેના કપાળ પર કેસર મિશ્રિત ચંદનનું ત્રિપુંડ્ર હતું. એ સાડાપાંચ હાથ ઊંચા, વર્ણે ગૌર અને સજાવટમાં ભવ્ય દેખાતા સત્તાવીસ—અઠ્ઠાવીસ વર્ષની વયના જુવાનને મસ્તકથી

પગ સુધી નિહાળી રહીને ચામુંડે પૂછ્યું : " તમે સિંધુરાજના દૂત છો ? "

" જી હા, હું દૂત છું. "

" કેમ આવ્યા છો ? "

" મહારાજ સિંધુરાજે આપને મળવા માટે મને મોકલ્યો છે. આપ મહાકાળેશ્વરનાં દર્શનાર્થે ઉજ્જન પધારો છો તે જાણી મહારાજ પ્રસન્ન થયા છે. "

" યાત્રાળુઓનાં ઝુંડ પોતાના દેશમાં નિરુપદ્રવે આવ્યા કરે, એ જોઇને કયો રાજા પ્રસન્ન ન થાય ? "

દૂત કૃતજ્ઞતાવશ થતો અને પ્રસન્નતાસૂચક સ્મિત કરતો બોલ્યો : " ધન્ય છે આપની એ વાણીને. માલવનરેશનું રાજધર્માચરણ આપે સરસ રીતે મૂલવ્યું, મહારાજ ! મહારાજ સિંધુરાજે પુછાવ્યું છે કે માલવમાં અહીંસુધી આપ આવ્યા તેમાં આપને કશો ઉપદ્રવ તો નથી નડ્યો ને ? "

" જરાએ નહિ; લોકોએ અમારું સ્થળે સ્થળે સ્વાગત કર્યું છે...દૂત ! તમારું નામ શું ? "

" મારું નામ ચંડશર્મા...હું બ્રાહ્મણ છું, મહારાજ ! "

" એમ ? બેસો, આસન પર બેસો. બ્રાહ્મણોનો યોગ્ય આદર કરવો એ તો અમારો પિતૃકુલધર્મ છે. "

સેવકે એક બાજઠ આણ્યો અને ચંડ શર્મા તે ઉપર બેસતો બોલ્યો : " આપના પિતા મહારાજ મૂળરાજદેવની શી વાત ! એમના દાનની એંઠ હજી ગુજરાતના બ્રાહ્મણોની દાઢમાં છે, એ કેમ ભુલાય ? "

" અને ચંડશર્મા ! પિતાની એ દાનપરંપરાને હું ય નથી ભૂલ્યો... "

" તે હું જાણું છું, મહારાજ ! દર શિવરાત્રિએ આપ દીન જનોને દાન આપો છો તેની મને ખબર છે. "

"ખબર જ હશે...ચતુરક! જા, એક મુઠી સુવર્ણમુદ્રાઓ લાવીને આ ચંડશર્માને આપ!"

"ક્ષમા કરો, મહારાજ!" ચંડશર્મા બોલ્યો: "દાન લેવાનું આ સ્થાન નથી. અહીં હું રાજસેવાને અંગે આવ્યો છું..."

"તો કાંઈ નહિ, અમે તમારા સેવકધર્મને દૂષિત થએલો જોવા ઇચ્છતા નથી. સિંધુરાજને કહેજો કે અમે નિરુપદ્રવે પ્રવાસ કરી રહ્યા છીએ." ચામુંડે આ મુલાકાતનો અંત આવતો જોઈને કહ્યું.

"જરૂર કહીશ; અને આપને મહારાજ તરફથી ખાત્રી આપું છું કે ઠેઠ ઉજ્જન પહોંચતાંસુધી આપને કશો ઉપદ્રવ નડશે નહિ."

"અમને પણ એ બાબતની પ્રતીતિ છે." ચામુંડે જણાવ્યું.

"અને તેટલા માટે હું આપને વિનંતિ કરું છું કે આપની સાથે જે સૈનિકો છે તેઓ પોતાનાં શસ્ત્રાસ્ત્રો અમને સોંપી દે, કારણકે માળવામાં તેની કશી જરૂર પડવાની નથી." ચંડશર્માએ વિનયપૂર્વક કહ્યું.

ચામુંડ ચમક્યો અને તીવ્ર દૃષ્ટિથી ચંડની સામે તાકી રહ્યો. અત્યારસુધી ચંડની જે સૌમ્ય મુખમુદ્રા દેખાતી હતી તેમાં તેને કારમો ફેરફાર થએલો લાગ્યો. એક વિનયી અને નમ્ર દેખાતા બ્રાહ્મણના વદન પરની સરળ રેખાઓ હવે ઉગ્ર બની હતી અને તેની કાળી આંખોનું તેજ દાહક બનતું હોય એમ ચામુંડને લાગતું હતું. એ આંખો જાણે ત્રાટક કરીને પોતાના ધૈર્યને હરી લેવાનો યત્ન કરી રહી હોય એમ પણ ચામુંડને જણાયું. ચામુંડે આ ઓચિંતા ફેરફારથી ગૂંચવણમાં પડતાં પૂછ્યું: "એ શું કહ્યું તમે, ચંડશર્મા?"

"જુઓને મહારાજ!" ચંડે હવે વાણીમાં સૌમ્યતા લાવવાને મથતાં કહ્યું: "કોઈ પણ યાત્રાળુઓને માળવામાં સશસ્ત્ર રહેવાની જરૂર જ પડતી નથી, કારણકે મહારાજ સિંધુરાજના રાજ્યમાં યાત્રાળુઓ હમેશાં નિર્ભય હોય છે, અને જેઓ શસ્ત્રો સાથે યાત્રા કરવા ઇચ્છતા હોય તેમને જવા દેવામાં આવતા નથી, કારણકે

તેમની સશસ્ત્રતા એ જ માલવનરેશનું અપમાન કરવા બરાબર છે. એટલે યાત્રાળુએ સાચા યાત્રાળુ જ બનીને જવું જોઈએ."

"મારી સેના કાંઈ તમને એમ શસ્ત્રો નહિ સોંપી દે, સમજ્યા તમે?" ચામુંડે ગંભીર બનતાં કહ્યું.

"પણ આપને સશસ્ત્ર સૈનિકોના સંરક્ષણની કશી જરૂર જ નથી, મહારાજ! અહીંસુધી આપે નિરુપદ્રવે પ્રવાસ કર્યો એમ તો આપ જ કહો છો; એ રીતે આપ આખા માળવામાં ફરો, આપને કોઈ આંગળી ય અડકાડશે નહિ; શસ્ત્રો ન છોડવાં હોય તો ભલે સૈનિકો પાછા જાય, અને આપ સાચા યાત્રાળુ તરીકે એ ચાર સાદા અંગરક્ષકો સાથે ખુશીથી આગળ વધો."

"ચંડશર્મા! તમે જાણો છો કે તમે ગુર્જરેશ્વર ચામુંડરાજની સાથે વાત કરો છો?" ચામુંડે ગંભીર સ્વરે પ્રશ્ન કર્યો.

"મહારાજ! હું મહાકાળેશ્વરના યાત્રાળુ ચામુંડરાજની સાથે વાત કરું છું, ગુર્જરેશ્વરની સાથે નહિ!" ચંડશર્માએ પણ ગંભીર સ્વરે પ્રત્યુત્તર આપ્યો.

"એમ? શું હું ગુર્જરેશ્વર નથી?"

ચામુંડ ઉગ્ર બન્યો. તેની આંખો જાણે તલ્વાર શોધતી હોય એમ બાજુએ વળી, પણ તેને સાંભર્યું કે પોતે એક નિઃશસ્ત્ર દૂતની સાથે વાત કરી રહ્યો છે, એટલે તે પાછો સ્વસ્થ બની ગયો.

ચંડશર્માની ચાણાક્ષતાએ હવે વિનય અને નમ્રતાને ઊંચાં મૂકીને જ વાત કરવા માંડી: "આપના પાટણમાં આપ ગમે તે હો, આ માળવાની ભૂમિ પર તો આપ કેવળ યાત્રાળુ જ છો અને યાત્રાળુ તરીકે જ આપ પ્રવાસ કરી શકશો એવી મહારાજ સિંધુરાજની સ્પષ્ટ આજ્ઞા છે."

માધવાનંદજી રાવઠીની બહાર ઊભા ઊભા આ સંવાદ સાંભળતા હતા, તે હવે અંદર આવ્યા અને ચંડશર્મા તથા ચામુંડની વચ્ચે પણ જરા બાજુ પર ઊભા.

ચામુંડે માધવાનંદજીની સામે જોઇ કહ્યું: "આ સિંધુરાજનો દૂત બોલે છે તે સાંભળ્યું તમે?"

"સાંભળ્યું મહારાજ, પણ દૂતનો શો દોષ? તે તો માલવનરેશની આજ્ઞાનું માત્ર નિવેદન કરે છે." ચામુંડ ઠંડો પડે એ હેતુપૂર્વક માધવાનંદજીએ એ ઉદ્ગાર કાઢ્યા.

પછી ચંડશર્માને સંબોધીને માધવાનંદજી બોલ્યા: "દૂત! તમે જાઓ! મહારાજ સિંધુરાજને કહેજો કે ગુર્જરેશ્વર ચામુંડરાજ માત્ર થોડી અંગરક્ષક સશસ્ત્ર સેના સાથે મહાકાળેશ્વરને દર્શને જાય છે. માળવામાં કાંઇ યુદ્ધો લડવાનો તેમનો આશય નથી, તો પછી તેમને અટકાવીને અપમાનવા એ કાંઇ રાજધર્મ ન હોય."

"રાજધર્મ અમારા સિંધુરાજ સારી રીતે સમજે છે." ચંડશર્માએ કહ્યું: "માલવનરેશ એ કાંઇ સોમનાથના યાત્રાળુઓને પીડક સૌરાષ્ટ્રનો રા' ગારીઓ નથી, કે તમે મહાકાળેશ્વરની યાત્રા માટે સશસ્ત્ર અંગરક્ષક સેના લઇને આવો અને એ રીતે સિંધુરાજને અપમાનો."

માધવાનંદજીએ ચંડને શાંતિથી સમજાવવા માંડ્યો: "દૂત! તમે વ્યર્થ વિતંડા કરો છો. રાજા જાત્રાએ નીકળે તે કાંઇ ભિક્ષુક કે કાપડી બનીને ન નીકળે. તેની સાથે સેના હોય, રાજચિહ્નો પણ હોય, એમ સિંધુરાજની વિવેકબુદ્ધિ કદાપિ સમજ્યા વિના રહે નહિ; માટે તમે તમારે અમે કહીએ છીએ તે સિંધુરાજ પાસે જઇને નિવેદન કરો; તમારો દૂતધર્મ સમજો."

પોતાને દૂતધર્મ શીખવનાર એ સંન્યાસી ઉપર પણ ચંડશર્માને ક્રોધ ચડ્યો. તે બોલ્યો: "હું દૂતધર્મ સમજું છું, સ્વામીજી! હું મહારાજ સિંધુરાજને આપ કહો છો તે બધું કહીશ, પરન્તુ જો ચામુંડરાજને યુદ્ધ ન કરવું હોય અને યાત્રા જ કરવી હોય તો જેવી રીતે તેમણે રાજધાનીનો અને રાજ્યવહીવટનો ત્યાગ કર્યો છે, તેવી રીતે રાજમુકુટ અને છત્ર–ચામરાદિ ચિહ્નોનો તથા શસ્ત્રાસ્ત્રોનો પણ

ત્યાગ કરીને સાચા યાત્રાળુ બન્યા વિના એક ડગલું પણ જો તેઓ આગળ વધશે તો તે માલવદેશનું પરમાર કુળ સાંખી નહિ લે!"

માધવાનંદજીને આ ચંડશર્મા ચંડ સ્વભાવનો લાગ્યો. તેમણે માત્ર મૂગા તુચ્છકારથી તેની સામે ઇષત્ સ્મિત કરીને કહ્યું: "એક દૂત સાથે રાજકુળોની ચર્ચા કરવી અમને છાજતી નથી, એટલે એ વિષે અમારે કશું કહેવું નથી; તમે માત્ર અમારું કહ્યું સિંધુરાજની પાસે જઇને કહો એટલું પૂરતું છે."

"માલવદેશના પરમાર રાજકુળની કીર્તિ સર્વત્ર વિદિત છે, તેને કોઈ જાતની ચર્ચા વડે પોતાનું તેજ સિદ્ધ કરવાનું રહેતું જ નથી. આજે જો મૂળરાજદેવ વિદ્યમાન હોય......"

ચામુંડ ચંડશર્માની આપવડાઇની વાતો સાંભળીને ઉશ્કેરાઇ ગયો. શત્રુને પણ કડવાં વેણ સંભળાવીને વ્યથિત ન કરવાનું પોતાનું વ્રત તે ભૂલી ગયો, એવી અહંતાને ચિત્તમાં પણ પોષવા માટે તેને અનેક વાર પશ્ચાત્તાપ થએલો તે પણ તે એ વખતે વિસરી ગયો અને દૂતની વાતને કાપી નાંખતો બોલી ઊઠ્યો: "અલ્યા દૂત! એ તારા પરમાર કુળના સિંધુરાજને કહેજે કે ગુર્જરેશ્વરના હસ્તીદળથી ગભરાઇને નાસી જનાર સિંધુરાજ આજે વિદ્યમાન છે તે જ વાત ચૌલુક્ય રાજકુળની શાખ પૂરે છે!"

માધવાનંદજી વચ્ચે પડ્યા. તેમને લાગ્યું કે ચામુંડ અને ચંડ-શર્મા વચ્ચે વધતી જતી કડવાશ અનિષ્ટ નીવડશે. તેમણે ચામુંડને વાર્યો: "મહારાજ! શાન્ત થાઓ! આપના ત્યાગવ્રતને ન ભૂલો!" અને ચંડશર્માનો હાથ પકડી, તેને બાજઠ પરથી ઊઠવાનો ઇશારો કરી તેમણે કહ્યું: "રાજદૂત! વિતંડાને જવા દો. તમારા ધર્મની મર્યાદામાં રહો અને વિદાય થાઓ. અમને ખબર નહિ કે માળવાના દૂતો પોતાના અધિકાર બહારની વાતો કરતા હશે!"

ચંડશર્મા પણ ક્રોધથી રાતોપીળો થઇ ગયો હતો. તે પોતાના ક્રોધને એક કૃત્રિમ સ્મિત વડે શમાવતો બોલ્યો: "સ્વામીજી! આપને મારા અધિકારની સમજ પડતાં વાર નહિ લાગે!"

એમ બોલતો ચંડ ઊઠ્યો અને પોતાના અનુચરો સાથે ચામુંડની છાવણી છોડીને ચાલ્યો ગયો.

(૪)

તત્ક્ષણ ચામુંડે સેનાને પ્રયાણ કરવાની આજ્ઞા આપી અને પોતે ક્રોધથી ધમધમતો પાલખીમાં બેઠો.

માધવાનંદજીને માળવાની હદમાં પ્રવેશ કર્યા પૂર્વે જે ભય રહેતો હતો તે ભય સાચો પડતો દેખાઇ રહ્યો હતો, પરન્તુ ચામુંડને તેમણે કશું કહ્યું નહિ. તેના મનોભાવને પ્રતિકૂળ બનીને ઇષ્ટ માર્ગે તેને વાળવાનું કાર્ય કોઈ કારણવશ માધવાનંદજીને ઉચિત લાગતું નહોતું. તે પણ સૌની સાથે જ એક ઘોડા પર બેસી આગળ પ્રયાણ કરવા લાગ્યા.

પ્રવાસ કરતાં પ્રહર દિવસ ચડ્યો ત્યારે એક અંગરક્ષકે પાલખી પાસે આવીને ચામુંડને કહ્યું: “ મહારાજ ! ઊગમણી દિશામાં ડમરી ચડી છે, કોઈનાં ઘોડાં આવતાં હોય એમ લાગે છે. ”

ચામુંડે પાલખીમાંથી ડોકું બહાર કાઢીને જોયું. ઊગમણી દિશા જ શામાટે ? ઉત્તર અને દક્ષિણ દિશામાં પણ ધૂળનાં વાદળાં ચડતાં દેખાતાં હતાં ! ચામુંડને સમજાઇ ગયું કે ત્રણ દિશામાંથી માળવાની સેના ચડી છે.

તેણે પોતાની સેનાને થોભવાની આજ્ઞા કરી અને માધવાનંદજીને નજીક બોલાવીને કહ્યું: “ માળવાની સેના આવતી લાગે છે અને આપણે ઘેરાઇ જઇશું એમ પણ લાગે છે. ”

“ હા, એમ જ લાગે છે. ”

“ હવે તો યુદ્ધ જ અનિવાર્ય બન્યું. ” ચામુંડ ગંભીર બની જતો બોલ્યો.

“ એવું કાંઈ જ નથી. મહાકાળેશ્વરની યાત્રા જ જો કર્તવ્ય હોય તો બે માર્ગ છે : એક તો શસ્ત્રો અને રાજચિહ્નો છોડવાનો અને બીજો સેનાને પાછી ગુજરાતમાં મોકલી દઇને કેવળ યાત્રાળુ

તરીકે જ આગળ વધવાનો. બાકી યુદ્ધમાં તો શત્રુની પોતાની ભૂમિમાં તેની મોટી સેનાની સામે આપણે બધાય ખપી જઇશું."

"એમ અપમાનિત થઇને તો મારે યાત્રા નથી કરવી."

"તો શું લડવું છે?"

"માળવાવાળાની યુદ્ધનીતિ પર મને વિશ્વાસ નથી. આપણી મૂઠી જેટલી સેના સામે તેઓ દસગણી સેના લઇને લડશે."

"તો હવે આપનો શો મનોભાવ છે?"

"યાત્રા કરવાનું છોડી દઇને મારે સ્વમાનભેર પાછાં ફરવું છે....પછી હું જોઇ લઇશ....માળવાએ હજી ગુજરાતના હાથનો સ્વાદ બરાબર ચાખ્યો નથી...."

આ મંત્રણા હજી ચાલતી જ હતી અને ત્રણે દિશામાંથી આવી રહેલી માળવાની અશ્વારોહી સેના ક્ષિતિજમાં વધારે ને વધારે સ્પષ્ટાકારે દેખાતી જતી હતી.

ચામુંડે સેનાના સરદારને બોલાવીને સૂચના કરી. સવારીના પ્રયાણની દિશા બદલીને પૂર્વને બદલે પશ્ચિમ રાખવાની એ સૂચના હતી.

આખી સવારીએ પાછાં ફરવાની શરૂઆત પણ કરી, પરંતુ તેથી માળવાની સેનાનું આક્રમણ થતું અટક્યું નહિ. વિષમ યુદ્ધ લડવાનો કશો અર્થ નહોતો, એટલે આખું મંડળ શત્રુસેનાથી ઘેરાઈ જતાંસુધી એક પણ સૈનિકે શસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કર્યો નહિ.

માધવાનંદજીની ઘણીએ ઇચ્છા હતી કે પોતે માળવાના સેનાપતિ પાસે જઇને તેને સમજાવે કે ગુર્જરેશ્વર યાત્રામાં આગળ વધવાનું બંધ રાખીને સેના સાથે પાછા ફરવાના નિશ્ચય પર આવ્યા છે, પરંતુ તેમ કરવાનો સમય જ રહ્યો નહિ અને માળવાની સેનાએ આક્રમણ કર્યું.

એ કાંઈ મોરચાબંધી યુદ્ધ નહોતું. આક્રમણ થતાં જ ચામુંડના સૈનિકોએ સ્વરક્ષણમાં ભાલાં ઉગામ્યાં અને તલ્વારો કાઢી. બેઉ

પક્ષોના સૈનિકો સેળભેળ થઇ ગયા અને એક બીજાને મહાત કરવાના યત્નો કરવા લાગ્યા.

પરન્તુ માળવાના સેનાપતિનો દાવ કાંઈ જુદો જ હતો. તેણે ચામુંડની પાલખી તરફ જ એક અશ્વારોહી બખ્તરિયા ટુકડીને દોરી અને પહેલાં પાલખીને જ ઘેરી લીધી.

પછી તેણે સવારી સાથેની સામગ્રીનાં ગાડાં ઉપર છાપો માર્યો અને લૂંટ ચલાવી. એ લૂંટમાં ગુર્જરેશ્વરનો રાજમુકુટ, છત્ર, છડી અને ચામર એટલાં રાજચિહ્નો હાથ લાગ્યાં કે તુરત પોતાની સેનાને પાછી ખેંચી લઇને લૂંટમાં બીજો જે કાંઇ માલ હાથ લાગ્યો તે લઇને તે ચાલ્યો ગયો.

ચામુંડ જોતો રહ્યો અને માળવાની સેના માત્ર બે જ ઘડીમાં પોતાનું કામ કરીને ચાલી ગઇ !

ચામુંડે પોતાના લગભગ બધા સશસ્ત્ર સૈનિકોને થોડા–વધુ ઘવાયલા જોયા અને સામગ્રીનો મોટો ભાગ લૂંટાઇ ગએલો જોયો. સવારી સાથેના હાથીને હાંકી જવામાં આવ્યો હતો એય તેણે જાણ્યું. ડંકો નિશાન ભાંગીફોડી નાંખવામાં આવેલાં જોયાં. હા, માળવાની સેનાએ ચામુંડને પોતાને જરાએ ઇજા કરી નહોતી, પરન્તુ એ તેનું સૌજન્ય હતું કે અશક્તિ તેનો નિર્ણય ચામુંડ કરી શકયો નહિ.

ચામુંડે માધવાનંદજીને શોધવા ચોપાસ નજર કરી, પરંતુ તે તો ઘવાયલા સૈનિકોની શુશ્રૂષા અને પાટા–પીંડી કરવાની વ્યવસ્થામાં ગુંથાઇ ગયા હતા. આગળ કે પાછળ પ્રવાસ કરી શકાય તેવી માણસોની સ્થિતિ રહી નહોતી, તેથી તેમણે ત્યાં જ છાવણી નાંખવાની આજ્ઞા કરી હતી.

છાવણી નંખાઇ, જાનવરોને ચાર નીરવામાં આવી, રહી–સહી ખોરાકની સામગ્રીમાંથી રસોઇની વ્યવસ્થા થવા લાગી. એટલામાં સામેથી ત્રણ ગાડાં અને સાથે પચીસેક માણસોનું ટોળું આવતું માધવાનંદજીએ જોયું.

એ ગાડાં છાવણી પાસે આવીને થોભ્યાં અને સાથેના માણસો ચામુંડની સમીપે જઈને નમન કરી કહેવા લાગ્યા: "પ્રભુ! આપનો સંઘ લુંટાયો છે એવું અમે સાંભળ્યું એટલે આ ખાદ્યસામગ્રી આપને માટે લઈને અમે આવ્યા છીએ."

"તમે સિંધુરાજની પ્રજા છો?" ચામુંડે આશ્ચર્ય પામીને પૂછ્યું.

"હા, મહારાજ!" મોવડીએ જવાબ આપ્યો: "આપની પ્રભુભક્તિ અને તપશ્ચર્યા તો આખા માળવામાં મઘમઘી રહી છે, અને આપનો જ સંઘ લુંટાયો છે તે જાણીને અમને દુઃખ થયું, એટલે અમે અમારાથી બનતી સેવા અર્પવા આવ્યા છીએ."

ચામુંડ આ સાંભળીને આંખો ઢાળી ભગવાનની સ્તુતિ કરી રહ્યો: "હે ભગવન્! દુર્જન રાજાએ મને લૂંટ્યો, પરન્તુ તેની જ પ્રજામાં સૌજન્યની પ્રેરણા તો તારા ભક્તની ભક્તિએ જ કરી!"

પ્રકરણ ૧૩

અહંતાનો આવિષ્કાર

(૧)

હતાશા અને ક્રોધથી ચામુંડ ધૂંધવાઈ ગયો. યાત્રાર્થે જતા ગુર્જરેશ્વરને લૂંટી લેવાનું, તેનાં રાજચિહ્નો પડાવી લેવાનું અપકૃત્ય કરનાર સિંધુરાજને બરાબર હાથ બતાવવો જોઈએ એ વિષે તે હવે કૃતનિશ્ચય હતો.

કાશી તરફ જવાને પોતે આ માર્ગે ન આવ્યો હોત તો ઠીક હતું, માધવાનંદજીની સલાહ માનવી એ ઉચિત હતું, એવા વિચારોમાં તેને દીનતા ભાસતી હતી. કાશીવાસ કરવો એ તેનું ધ્યેય હતું ખરું, પરન્તુ માર્ગમાં મહાકાળેશ્વરનાં દર્શન કરતાં જવું એ કાંઈ દુષ્કૃત્ય

નહોતું અને તે નિમિત્તે ઉજ્જનમાં જવાનું જ હતું તો સાથેસાથે મલ્લિકાને તેના દુષ્કૃત્યના પાપનું ભાન કરાવતા જવું એ કાંઈ ઓછો પરોપકાર નહોતો. પોતે જે કાંઈ કરતો હતો તે ઇષ્ટ જ હતું અને ઇષ્ટસિદ્ધિમાં અંતરાયભૂત થનાર સિંધુરાજ ગુર્જરેશ્વરના દંડને પાત્ર હતો એ વિષે ચામુંડનું મન નિઃસંશય હતું.

એ દિવસ સુધી ચામુંડ ત્યાં જ પડાવ નાંખીને રહ્યો. ઘવાયલા સૈનિકોને જરા ઠીક થયું એટલે તેણે પાટણ તરફનો પાછો પ્રવાસ આરંભ્યો; પણ તે પહેલાં તેણે એક સંદેશવાહક ઊંટસવાર સાથે માળવામાં પોતાની થએલી હેરાનગતિના બધા સમાચાર વલ્લભ-રાજને પહોંચાડી દીધા.

ત્રણ દિવસે ઊંટસવાર પાટણ પહોંચે અને વલ્લભરાજ આ સમાચાર સાંભળીને ક્ષુબ્ધ બની જાય; બીજે જ દિવસે તે પોતાને મળવા અને કુશળ વર્તમાન પૂછવા નીકળી પડે તો વધુમાં વધુ ચાર કે પાંચ દિવસે તો તે પોતાની પાસે જરૂર આવી પહોંચે: એવી ગણતરી ચામુંડે કરી રાખી હતી.

આઠ દિવસ થયા, દસ દિવસ થયા, પંદર દિવસ થયા, પરન્તુ પાટણથી ન કશા સમાચાર આવ્યા કે ન વલ્લભરાજ મળવા આવ્યો. ચામુંડને સિંધુરાજની સેનાએ લૂંટી લીધો હતો એ સમાચાર તો આખા ગુજરાતમાં પ્રસરી ગયા હતા. પાટણ મોકલવામાં આવેલા ઊંટસવારને માર્ગમાં કોઈ અકસ્માત નડ્યો હોય અને તે પાટણ મોડો પહોંચ્યો હોય કે ન પહોંચ્યો હોય, તોપણ એ સમાચાર આટલા દિવસ સુધી વલ્લભરાજના જાણવામાં ન આવ્યા હોય એ બનવાજોગ જ નહોતું.

એક સંધ્યાસમયે છાવણીમાં ચામુંડે માધવાનંદજીને કહ્યું: "આપણો સંદેશવાહક પાટણ ગયાને પંદર દિવસ થયા, આપણે સાબરકાંઠા સુધી પાછા પહોંચી ગયા, પરન્તુ પાટણથી કશા સમાચાર ન આવ્યા."

"હા, પ્રભુ ! પણ વલ્લભરાજ હવે તો આપણી રાહ જ જોતા હશે." માધવાનંદજીએ કહ્યું.

"પણ શું તેને મારા માટે કશી ચિંતા નહિ થઈ હોય ?" ચામુંડે પૂછ્યું.

"જરૂર ચિંતા થઈ હશે."

"તો પછી મારા કુશળ વર્તમાન પૂછવા તે સામો કેમ ન આવ્યો ? વળતો સંદેશો પણ કેમ ન મોકલ્યો ?"

"એ આપણે તેમને પાટણ જઈને પૂછીશું."

"નહિ, નહિ ! મારો અંતરાત્મા મને કાંઈ જુદું જ કહે છે. તેની મતિ જરૂર બદલાઈ ગઈ હશે, વાવિણીએ જ તેની મતિમાં વિકાર ઊપજાવ્યો હશે; નહિતો મારા વલ્લભ ને દુર્લભ આવા નિષ્ઠુર બને જ નહિ."

માધવાનંદજી મૂગા રહ્યા.

ચામુંડે પૂછ્યું: "કેમ કશું બોલ્યા નહિ ? તમને શું લાગે છે ?"

"વલ્લભરાજ કે દુર્લભરાજ નિષ્ઠુર તો ન બને; અને વાવિણી બહેન કાંઈ મૂર્ખ નથી કે તે બેઉ કુમારોને અવળી દિશાએ દોરે."

"તો પછી શું બન્યું હશે કે જેથી મારી આવી ભયંકર અવગણના તેઓ બધાં કરી રહ્યાં છે ? મેં રાજધાનીનો ત્યાગ કર્યો તેથી શું હું પદભ્રષ્ટ અને દીન–હીન બની ગયો ? શું મારા વ્યક્તિત્વનું મૂલ્ય એટલું ઊતરી ગયું ?"

માધવાનંદજીએ કહ્યું : "મહારાજ ! અકળાઓ નહિ, અધીર બનો નહિ. માત્ર કલ્પનાઓ કરીને અવગણનાનું કે માનહાનિનું દુઃખ મનમાં લાવો નહિ. આપના સંયમને એવી કલ્પનાઓ કે એવાં મનોદુઃખ છાજતાં નથી."

માધવાનંદજીના ઉદ્‌ગારોમાં ઠપકાનો સૂર હતો તે ચામુંડે પારખ્યો, પરન્તુ તેનાથી શાંત બની શકાયું નહિ. તેણે સામું પૂછ્યું: "મારી જગ્યાએ તમે હો તો તમને એવું દુઃખ ન થાય ?"

"ના, ન થાય, કારણકે મને મારા પુત્રોમાં વિશ્વાસ હોય; તેઓ મને દુઃખ ઉપજાવવા ઇચ્છતા હોય એમ હું કદાપિ ન માનું, તો પછી તેઓ પ્રતિ મનોદુઃખ શામાટે ધારણ કરું?"

"અને એવું મનોદુઃખ થતું જ હોય તો?"

"તો હું જરૂર એમ માનું કે તે વ્યર્થ છે, કારણકે જે કાંઇ બની રહ્યું હોય તેમાં પ્રભુનો ઇષ્ટ માટેનો જ કોઈ સંકેત હોવો જોઇએ."

"મારા ઇષ્ટ માટેનો પ્રભુનો સંકેત તો શો હોઇ શકે? પણ વાવિણી બહેનનો તો કોઈ સંકેત હોવો જોઇએ કે જે મારા ઇષ્ટનો નહિ પણ અનિષ્ટનો જ હોય."

"મહારાજ! આ તર્કો જ આપને અકળાવી રહ્યા છે એમાં મને સંશય નથી; અને આપણે પાટણ પહોંચીશું ત્યારે આપને જરૂર સમજાશે કે એ તર્કો વ્યર્થ હતા."

ચામુંડને એમ તો લાગ્યું કે માધવાનંદજી કાંઈક ભેદમાં બોલે છે, પરન્તુ એ ભેદ તેને સમજાતો નહોતો અને માધવાનંદજી કશી સ્પષ્ટતા ન કરે ત્યાંસુધી તેની તર્કપરંપરા વિરમે તેમ નહોતું.

તે મૂગો મૂગો પોતાની રાવટીમાં પેઠો અને સેવકે બિછાવી રાખેલી શય્યા પર પડ્યો.

માધવાનંદજીએ ચામુંડની મનોવ્યથા જોઇ લીધી અને તેમણે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો: "હે ભગ...વ...ન્!"

(૨)

ભયંકર માનહાનિથી વ્યથિત થએલો ચામુંડ ગુજરાતની રાજધાની તરફ પાછો ફરતો હતો. એ વ્યથા કરતાં પણ હવે ચામુંડને પોતાના પુત્રો તરફથી થતી અવગણના વધુ વ્યથા ઉપજાવી રહી હતી. તેની વદનચર્યા દિવસે દિવસે વધુ ને વધુ મ્લાન બનતી જતી હતી. માધવાનંદજી રાજાની મનોવ્યથા સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા અને મનમાં અકળાતા હતા. ચામુંડના ઇષ્ટ મિત્ર તરીકેનો ધર્મ

બજાવવા તે સંન્યાસ લઇને તેની સાથે રહ્યા હતા, તેને સલાહ અને શિખામણથી સન્માર્ગે દોરવાનો તે યત્ન કરી રહ્યા હતા, પરન્તુ એ યત્ન કોઇ વાર સફળ થતો, તો કોઇ વાર નિષ્ફળ જતો. ચામુંડને અંધારામાંથી કાઢીને અજવાળામાં મૂકવાને તે મથતા હતા, પરંતુ તેમનું મથન ફાવતું નહોતું. તપ અને સંયમયુક્ત આચરણ આચરતા ચામુંડની ક્ષુદ્ર વાસનાઓ હજી તેમની તેમ રહેતી હતી, તે એવી વાસનાઓ ઉપર જય મેળવવા મથતો દેખાતો, પરન્તુ અર્ધે રસ્તેથી ઊછળીને પાછો પડતો હતો, એ માધવાનંદજી સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. રાજાને કલ્યાણમાર્ગનો યાત્રાળુ બનાવવા તેના સાથી બનેલા માધવાનંદજીને જ્યારે જણાયું કે હજી ચામુંડ સ્થૂળ ત્યાગમાં જ અટવાઈ રહ્યો છે, આંતર ત્યાગ હજી તેનાથી દૂર છે, હજી માનની વાસના છૂટી નથી, હજી પ્રભુભક્તિમાં તેની અહંતા જ દર્શન આપે છે, તુચ્છ વસ્તુઓ પ્રત્યેની તેના ચિત્તની આસક્તિના ફૂત્કાર થયા જ કરે છે, પોતે હજી કાદવથી ખરડાતો હોવા છતાં પોતાને નિર્મળ માનીને કાદવમાં પડેલી મલ્લિકાને નિર્મળ બનાવવાનો મનોભાવ ધરાવી રહ્યો છે અને પોતાના અહંને પોષી રહ્યો છે, ત્યારે માધવાનંદજીને કોઇ કોઇ વાર આંખોમાં આંસુ આવ્યા વિના રહેતાં નહિ.

સવારી કેટલેક દિવસે શ્રીસ્થળ પહોંચી ત્યારે વલ્લભરાજ અને દુર્લભરાજ આવીને પિતાના પગમાં પડ્યા અને તેમણે કુશળતા પૂછી.

વલ્લભરાજે પિતાનું વદન ખિન્ન જોયું. તેણે ત્રણ વાર કુશળતા પૂછી ત્યારે ચામુંડે કહ્યું: "અહીંસુધી પાછાં ફરી શકાયું, એટલે કુશળ તો છીએ જ ને!"

"ક્ષમા કરો, પિતાજી! આપની તરફથી સમાચાર આવ્યા કે તુરત જ મારે આવવું જોઇતું હતું, પરન્તુ આવી શકાયું નહિ. હવે આપ પાટણમાં પધારો એટલે બધાં સારાં વાનાં થશે."

"હું પાટણમાં આવું?" ચામુંડ ખૂબ રોષથી બોલ્યો: "શા-

માટે પાટણમાં આવું? મેં રાજધાનીનો ત્યાગ કર્યો છે તે તમે બધાં જાણો છો."

"નગરમાં ન આવવું હોય તો નગરની બહાર નિવાસ રાખજો." દુર્લભરાજે સૂચવ્યું.

"ના, ના, હું તો અહીં જ રહીશ અને ભગવાન રુદ્રની સમીપે ઉપવાસી રહીને જ દેહ પાડીશ!"

"એમ શામાટે પિતાજી? આપનો શો મનોભાવ છે તે કહો, અમે આપની આજ્ઞા શિરે ચડાવીશું." વલ્લભરાજે કહ્યું.

"તો શું તમે નથી જાણતા કે સિંધુરાજે મારાં રાજચિહ્નો લૂંટી લઇને મને અપમાનિત કર્યો છે? મારું અપમાન તે ગુર્જર દેશનું અપમાન છે, સોલંકી રાજવંશનું અપમાન છે, સદ્ગત રાજસંન્યાસી મહારાજ મૂળરાજદેવનું અપમાન છે, અને સમજો તો તમારું પોતાનું પણ અપમાન છે!" એમ કહેતાં ચામુંડે આવેશમાં ત્રણચાર વાર હાથને હવામાં વીંઝ્યો.

પિતાનું મનોદુઃખ જોઇને વલ્લભરાજનું દિલ દ્રવી રહ્યું. તેણે કહ્યું: "આપ શાન્ત થાઓ, પિતાજી! એ અપમાનનો અમે બદલો લઇશું, અમે માળવા સામે યુદ્ધ પોકારીશું અને આપનાં રાજચિહ્નો લૂંટનારને બરાબર દંડીશું! સોલંકી રાજવંશનું રુધિર અમારી નાડીઓમાં વહી રહ્યું છે તે અમે પ્રત્યક્ષ કરી બતાવીશું."

"તો વલ્લભ! દુર્લભ! તમે અત્યારસુધી શાન્ત કેમ બેસી રહી શકયા તે હજી મને સમજાતું નથી. જે વખતે ગુજરાતનાં ઘોડાં પાટણમાંથી કૂચ કરી ઉજ્જન કે ધારાના ગઢ સુધી પહોંચી જવાં જોઇતાં હતાં, તે વખતે તો તમે હજી મારી સાથે વાતો કરો છો!"

"પરન્તુ આપની આજ્ઞા......"

વલ્લભની વાતને અધવચ કાપી નાંખતો ચામુંડ બોલ્યોઃ "એમાં આજ્ઞાની રાહ જોવાની જરૂર જ શી હતી? તમારો રાજધર્મ તમને આજ્ઞા કરી રહ્યો છે અને તમે હજી તો વાતો કરો

છો !......મને લાગે છે કે વાવિણી બહેને તમને મારી પાસે આવતાં કે માળવા ઉપર ચડાઈ લઈ જતાં રોકી રાખ્યા હશે......"

વલ્લભ અને દુર્લભ બેઉ મૂગા રહ્યા.

ચામુંડે તત્ક્ષણ માધવાનંદજીની સામે જોઇને કહ્યું: "જોયું સ્વામીજી ? હું તમને શું કહેતો હતો ? વાવિણી બહેનને મન હું, તમે અને ગુર્જરેશ્વરનાં રાજચિહ્નો એ બધુંય તુચ્છ છે !"

વલ્લભરાજ બોલ્યો: "એમ ન કહો પિતાજી ! ફોઈબા આપણુ સર્વનાં હિતાકાંક્ષી છે."

"બસ, એ તમારી માન્યતા જ તમારી બુદ્ધિ ઉપર છાયા ઢાળી રહી છે, અને તેથી તમને તમારા પિતા તરફનો, રાજ્ય તરફનો, દેશ તરફનો ધર્મ આટલો મોડો સૂઝ્યો."

"હવે આપ પાટણુ તરફ પધારો, પિતાજી !"

"નહિ, હું પાટણુમાં તો પગ નહિ મૂકું. મેં એક વાર જેનો ત્યાગ કર્યો, તે હું પુનઃ કદાપિ ગ્રહણુ કરું નહિ: હું તો અહીં જ રહીશ, ભગવાનની સેવામાં સમય ગાળીશ, મારાં રાજચિહ્નો પાછાં મળશે તથા મહાકાળેશ્વરના દર્શને જવાનો મારો માર્ગ નિષ્કંટક બનશે ત્યાંસુધી આ સ્થાન છોડીશ નહિ."

પિતાના એ નિશ્ચયને ફેરવી શકાય તેમ નથી એમ બેઉ કુમારોએ જોયું અને તેઓ પિતાને પ્રણિપાત કરી ઊઠ્યા.

(૩)

"ફોઇબા ! તમે કહેતાં હતાં તેમ જ બન્યું: પિતાજીએ આજ્ઞા કરી અને અમે બેઉ ભાઇઓ માળવા ઉપર આક્રમણુ કરીને સિંધુરાજને નમાવવાની પ્રતિજ્ઞા લઇ આવ્યા છીએ."

"તમારી પ્રતિજ્ઞા સફળ હો, એવો મારો આશીર્વાદ છે !" વાવિણીએ તત્ક્ષણુ વલ્લભરાજના ઉદ્ગારનો પ્રત્યુત્તર વાળ્યો, પરન્તુ તેના વદન ઉપર ઉલ્લાસ નહોતો.

તેણે ચામુંડને વ્રત-સંયમ અને પવિત્ર જીવનના ઉચ્ચ શિખર પરથી નીચે ગબડતો જોયો હતો ત્યારથી જ તેના હૃદય ઉપર જે ચોટ લાગી હતી તે હજી શમી નહોતી અને શમે તેમ પણ નહોતું. ચામુંડે રાજધાનીનો ત્યાગ કર્યો હતો, કાશીવાસનો સંકલ્પ કર્યો હતો, તે સ્વકલ્યાણની યાત્રા કરી રહ્યો હતો, પરન્તુ પોતાનો ભાઇ ખરેખર કલ્યાણસિદ્ધિ કરતો હોય તે સંબંધે વાચિણીને શંકા હતી. તેનો ત્યાગ વિશુદ્ધ હોય એમ તેને લાગતું જ નહોતું. અહંતાથી પ્રેરાઈને તે યાત્રાએ નીકળ્યો હતો, રાજવીપદની તેની લોલુપતા હજી છૂટી નહોતી, પ્રભુભક્તિમાંય તે ગર્વ ધરાવતો હતો; એવી વાસનાઓથી લિપ્ત થએલો ચામુંડ દંભાચરણથી પોતાનું અકલ્યાણ જ કરી રહ્યો હતો એમ તેને લાગતું હતું. તેના પ્રત્યેક કાર્યમાં વાચિણીની દૃષ્ટિ ભેદ-રેખા દોરતી. દેખીતા વિશુદ્ધ કાર્યમાંય તેની દાંભિક મનોવૃત્તિ શોધવા તે પોતાના મનથી મથતી.

એક વખતે જે ભાઇ-બહેનનો વિશુદ્ધ પ્રેમ એ હૃદયોમાં ફૂલ્યો સમાતો નહોતો, તે જ ભાઈ-બહેનની વચ્ચે આજે તુચ્છકાર તથા ઘૃણાએ સ્થાન લીધું હતું! એક વાર બહેનના નામે વાચિનીશ્વર મહા-દેવનું મંદિર બંધાવીને બહેન પ્રત્યે હેત દાખવનાર ભાઇ આજે એ જ બહેનને એટલો અપ્રિય થઇ પડ્યો હતો કે તે પુનઃ પાટણમાં ન આવે તો ઠીક, એમ તેને લાગ્યા કરતું હતું એ ભાઈ પોતાનું તો અકલ્યાણ કરી જ રહ્યો છે પરન્તુ પોતાના પિતાના પવિત્ર નામને પણ કલંકિત કરી રહ્યો છે એમ માનતી બહેનને એવા ભણકારા સંભળાઈ રહ્યા હતા કે જાણે સ્વર્ગલોકમાં વિરાજતા મૂળરાજદેવ પુત્રનાં દંભાચરણ જોઇને વ્યથાથી તરફડી રહ્યા હોય!

ચામુંડ લુંટાયો, સૈનિકો ઘવાયા અને બધું મંડળ પાટણ તરફ પાછું ફરી રહ્યું હતું એવા સમાચાર જ્યારે સંદેશવાહકે પાટણમાં પહોંચાડ્યા ત્યારે જ વલ્લભરાજ અને દુર્લભરાજ પિતાની પાસે જવા તૈયાર થઇ ગયા હતા, પરંતુ વાચિણીએ તેમને થોભી જવાની સલાહ

આપી હતી. તેણે કહ્યું હતું: " ભાઇ ! તમારા પિતા આ તરફ જ આવે છે તો તેમને આવવા દો, પરન્તુ તમે તેમને કુશળતા પૂછવા જઇને પ્રસન્ન કરવાની વાત જવા દો. તેમના માનસમાં રહેલા દોષોનું હજી વિરેચન થયું નથી, તે વિરેચન તો આવા પ્રહારોથી જ થવાનું છે. એવા પ્રહારો જ તેમને માટે કલ્યાણકારક છે, તે એમને વેઠવા દો. એ જ તેમને માટે કલ્યાણકર તપશ્ચર્યા છે."

" ફોઇબા ! પણ અમારા પિતા આવી આપત્તિનું બલિદાન બને, તે વખતે અમે તેમને ધૈર્ય આપવા પણ ન જઇએ ?"

" ના !" વાવિણીએ આવેશમાં આવીને કહ્યું: " તમારું એ ધૈર્યદાન તેમના રોગને પોષશે; માત્ર અનેક પ્રકારના પ્રહારો જ એ રોગને દફે કરશે અને તેમનું કલ્યાણ પણ એ માર્ગે જ થશે."

તે વખતે અણુમાનતે મને શાન્ત બેસી રહેલા બેઉ ભાઇઓએ જ્યારે જાણ્યું કે હવે તો પિતાની સવારી પાટણની તદ્દન નજીક આવી ગઈ છે, ત્યારે તેમની પિતૃભક્તિએ પુનઃ ઉછાળો માર્યો અને તેમણે વાવિણીને કહ્યું : " ફોઇબા ! હવે તો અમે પિતાજીને મળવા જઇશું જ. તેમનામાં ગમે તેવા દોષ હોય અને તેમના કલ્યાણનો માર્ગ ગમે તે હોય, પણ પિતાજીની વધુ અવગણના હવે અમે કરી શકીશું નહિ. અમારાં–બેઉ ભાઇઓનાં દિલ રાતદિવસ બળ્યા કરે છે અને ઊંઘ ઊડી જાય છે. જે શરીરે અમને જન્મ આપ્યો છે તે શરીરની કુશળતા તો અમારે મન ઇષ્ટ જ છે...."

" તો ભલે તમે જાઓ !" વાવિણીએ બેઉ ભાઇઓનો હૃદયાવેગ જોઇને કહ્યું : " પણ તમે તેમના મનની કુશળતાનો માર્ગ એ રીતે અવરુદ્ધ કરશો...."

દુર્લભરાજે કહ્યું: " મને સમજાતું નથી કે આપને પિતાજીના માનસિક રોગની ગંધ વારંવાર કેમ આવ્યા કરે છે."

વાવિણીએ ફિક્કું સ્મિત કરીને કહ્યું : " ભાઇ ! કહે

જોઇએ, કાશી જવા નીકળેલા તારા પિતાએ ઉજ્જન જવાની શી જરૂર હતી વારુ ?"

"મહાકાળેશ્વરનાં દર્શન કરવાની."

"મને એ કારણ ખરું નથી લાગતું."

"ત્યારે ?"

"મને તો લાગે છે કે પેલી મલ્લિકાને શોધી કાઢવા તે ત્યાં જવા ઇચ્છતા હોવા જોઇએ."

"ક્ષમા કરો, ફોઇબા ! મને તમારો એ કુતર્ક લાગે છે... તમે બહુ જ વહેમાઇ ગયાં છો...એ કારણે જ તમને પિતાજીના માનસિક રોગની ગંધ આવતી જણાય છે."

"હું ઇચ્છું છું કે એ ગંધ ખોટી હોય, અને એ માનસિક રોગમાંથી તમારા પિતા અને મારા પૂજ્ય મોટા ભાઈ મુક્ત થયા હોય...પણ હવે તો તમે જરૂર તમારા પિતાને મળવા જાઓ, અને તેમની મનઃસ્થિતિ જોઇ લ્યો...પણ રહો, બનતાંસુધી માળવા સાથે યુદ્ધ કરવાના ઊંડા પાણીમાં અત્યારે ન ઊતરતા."

"પિતાજીની એવી ઇચ્છાની પણ તમને ગંધ આવતી લાગે છે." દુર્લભને હસવું આવ્યું.

વાવિણી એ ટોણાને ગળી જઇને તે વખતે ચૂપ જ રહી.

પણ છેવટે તેણે ભાખેલું એ ભવિષ્ય જ ખરું પડ્યું. વલ્લભ-દુર્લભને પિતાના માનસિક રોગનું નિદાન કરતાં તો આવડ્યું નહિ, વાવિણીના તર્કના ઔચિત્ય-અનૌચિત્યની તપાસ કરવાની તેમને કશી જરૂર જણાઈ નહિ, પરન્તુ પિતાને સિંધુરાજે કરેલા અપમાનનો ઘા ખૂબ પીડી રહ્યો હતો એમ તેમણે જોયું અને એ પીડામાંથી પિતાને મુક્ત કરવાની લાગણી ઊભરાઇ આવી, તેથી તેમણે માળવા ઉપર આક્રમણ કરવાની પ્રતિજ્ઞા લીધી.

▲ ▲ ▲

પ્રકરણ ૧૪

ધારાનો ઘેરો

(૧)

વીર પુરુષોના ઉત્સવદિનો સમી વસંતઋતુ ચાલતી હતી. મહાશિવરાત્રિનો ઉત્સવ પૂરો થતાં ફાલ્ગુન માસની પ્રતિપદાની પ્રભાતમાં વલ્લભરાજે અને દુર્લભરાજે પાટણમાંથી સૈન્ય દોર્યું.

વલ્લભરાજ ઓછાબોલો પણ ચપળ હતો. કોઇ પણ વાતનો નિશ્ચય કરતાં તે વિલંબ કરતો, પરન્તુ નિશ્ચય કર્યાં પછી તેમાંથી પાર ઊતરવામાં તે ધીરજ રાખી શકતો નહિ. માળવા સામે સૈન્ય દોરવામાં પણ તેની ચપળતાએ માત્ર ગણ્યાગાંઠ્યા દિવસોમાં જ બધી તૈયારીઓ કરી નાંખી હતી.

દુર્લભરાજ ખડતલ અને ઉત્સાહી હતો. મોટા ભાઇ સાથે સવારીમાં જવાનો પોતાને સુયોગ મળ્યો તે તેને પોતાનું અહોભાગ્ય લાગતું હતું.

વલ્લભરાજ સિંધુરાજને નમાવવા ઇચ્છતો હતો, પિતાના અપમાનનો બદલો લેવા ઇચ્છતો હતો; માળવાનો કોઇ પ્રદેશ જીતીને ગુજરાતમાં ભેળવી દેવા જેવી મહત્ત્વાકાંક્ષા તેના મનમાં અત્યારે નહોતી, એટલે થોડા દિવસની તૈયારી પછી પણ તેણે બસો હાથી, દસ હજાર ઘોડા અને વીસ હજાર પાયદળ સેના માળવામાં પ્રવેશ કરે એવી વ્યવસ્થા થએલી જોઇ ત્યારે તેને સંતોષ થયો. વઢિયારના સામંતે, આબુના પરમાર રાજાએ અને નડૂલના ચોહાણોએ એ સૈન્યમાં પોતાનો ફાળો મોકલ્યો હતો, તે વલ્લભરાજને પૂરતો લાગ્યો. મારવાડ, લાટ કે સૌરાષ્ટ્રમાંથી પણ તે સૈન્ય મેળવી શકત, પરન્તુ તેમ કરવા માટે સમય નહોતો અને એકલા સિંધુરાજને જ નમાવવા

માટે બહુ મોટી સેનાની તેને કાંઇ જરૂર જણાઈ નહોતી. તૈલપે બહુ જ ચૂંથી નાંખેલું માળવા ગુજરાતની વધુ મોટી સેનાનો ભાર ઊંચકી શકે તેમ પણ વલ્લભરાજને લાગતું નહોતું.

માલવનરેશનાં મુખ્ય મથકો બે: એક ઉજ્જન અને બીજું ધારા. દક્ષિણમાંથી કોઇ શત્રુ ચડી આવે ત્યારે રાજધાની ઉજ્જન અને યુદ્ધનું મથક ધારા બનતું, અને ઉત્તરમાંથી શત્રુ ધસી આવે તો રાજધાની ધારા અને યુદ્ધનું મથક ઉજ્જન બનતું; બેઉ નગરો વચ્ચે સારી પેઠે અંતર હતું એટલે સિંધુરાજને નમાવવા માટે બેઉ દિશાઓ એકી સાથે જ પકડવાની વલ્લભરાજે જરૂર માની.

સમગ્ર સેનાએ ગુજરાત છોડયું એટલે તેણે અર્ધું સૈન્ય દુર્લભ-રાજને આપીને ઉજ્જન તરફ મોકલ્યો અને પોતે બાકીના અર્ધા સૈન્ય સાથે ધારાનો માર્ગ લીધો.

સિંધુરાજ અસાવધ તો નહોતો જ. તેની જ આજ્ઞાનુસાર તેના દૂતે ચામુંડને ચેતવણી આપી હતી અને તેના સેનાપતિએ ચામુંડને લૂંટયો હતો, તેમ જ તેનું અપમાન કર્યું હતું. પાટણમાં અપમાનિત થવાથી જેને પાટણનો ત્યાગ કરવો પડ્યો હતો, જેને વૈરાગ્યથી નહિ પણ સંજોગવશ કાશીવાસનું આલંબન લેવાનો નિશ્ચય કરવો પડ્યો હતો, એવા ચામુંડને કારણે ગુજરાત માળવા ઉપર આક્રમણ કરવાનું જોખમ ઉપાડે એમ સિંધુરાજને લાગતું તો નહોતું, પરંતુ અપમા-નિત થએલા પડોશી શત્રુથી સાવધ રહેવાનું તો તે સમજતો હતો. વલ્લભરાજના સ્વભાવ અને શક્તિની વાતો તેણે સાંભળી હતી. ગુજરાતના લોકો તેને 'જગઝંપણ' કહેતા, એટલે કે ત્રાડ નાંખ્યા વિના જ જેવી રીતે વાઘ અસાવધ શિકાર ઉપર તરાપ મારે છે તેવા સ્વભાવવાળો વલ્લભરાજ હતો એવું સિંધુરાજ જાણતો હતો, અને તેથી તે સાવધ તો રહેતો જ હતો.

એટલે જ્યારે સિંધુરાજે ગુપ્તચરો પાસેથી જાણ્યું કે ગુજરાતની સેના માળવા તરફ ધસી આવે છે ત્યારે તેણે ઉજ્જન છોડીને ધારામાં

રહીને જ બચાવ કરવામાં ડહાપણ માન્યું. માળવામાં ગુજરાતની સેના પ્રવેશ કરે તે પહેલાં તેને યુદ્ધ આપવાનું સિંધુરાજને ઠીક લાગ્યું નહિ. પોતાનાં યુદ્ધનાં સાધનો તથા સૈનિકો એ કામને પહોંચી વળી શકશે નહિ એમ તેણે જોયું. ગુજરાતનાં સૈન્યોને માળવામાં સારી પેઠે ખોખરાં કરીને પછી આક્રમક યુદ્ધ આદરી તેમને નસાડી મૂકવાં એ દાવ તેણે વિચાર્યો; અને એવા રક્ષણાત્મક યુદ્ધ માટે ઉજ્જનની સપાટ ભૂમિ કરતાં ધારાનો પર્વતપ્રદેશ વધારે અનુકૂળ હતો.

પરન્તુ સિંધુરાજે પોતાનો એ મનોભાવ વલ્લભરાજ કે દુર્લભરાજના જાણવામાં ન આવે તેટલા માટે ગુપ્ત જ રાખ્યો અને ઉજ્જનમાં તેમ જ ધારામાં સૈન્યની તથા યુદ્ધસામગ્રીની વ્યવસ્થા એકી સાથે કરવા માંડી. તેણે જ્યારે જાણ્યું કે શત્રુ ખોટા સુંવાડ પર ચડી ગયો છે ત્યારે તુરત તે ઉજ્જન છોડીને ધારામાં ચાલ્યો ગયો, ચુનંદા સૈનિકો, સેનાપતિઓ તથા સલાહકારોને તેણે ધારામાં જ રાખ્યા, અને પછી તો ઉજ્જનમાંના ધનિકો તથા બીજા સાધનસંપન્ન લોકો પણ ધારાના કિલ્લામાં આશ્રય લેવા માટે દોડી ગયા.

વલ્લભરાજે જ્યારે સિંધુરાજનો એ દાવ જાણ્યો ત્યારે તે ધારાથી બહુ દૂર રહ્યો નહોતો અને દુર્લભરાજ પણ ઉજ્જનથી પચીસેક કોસના અંતર પર હતો. તેણે દુર્લભરાજને સંદેશો પહોંચાડ્યો કે તેણે સેના સાથે ઉજ્જન તરફ ધસી જવાનું બંધ રાખીને હવે ધારા તરફ જ ચાલ્યા આવવું.

વલ્લભરાજે જોયું કે પોતે ધારા સુધી પહોંચ્યો ત્યાંસુધીમાં સિંધુરાજે લડવાનો જરા પણ ઇરાદો બતાવ્યો નહિ, અને તે સાથે તેણે એટલું પણ જોયું કે ધારાનું રક્ષણ કરવા માટેની તૈયારીઓમાં સિંધુરાજે ઊણપ રહેવા દીધી નથી.

ધારાના કિલ્લાની પૂર્વે અને દક્ષિણે વિંધ્યાચળની ટેકરીઓ, ઊંડી ખીણો અને કોતરો આવેલાં હોઇ ધારાનો એ બીજો કુદરતી કિલ્લો હતો; પરન્તુ ઉત્તર અને પશ્ચિમ દિશાએ એવું કુદરતી રક્ષણ

નહોતું તે મુંજે તૈયાર કરાવ્યું હતું. વિશાળ અને ઊંડી ખાઇ ખોદાવી તેમાં માંડુ પહાડમાંથી વહેતાં ઝરણાંનાં પાણી એકઠાં કરી વાળ્યાં હતાં એટલે બધી ઋતુઓમાં એ ખાઇ હાથીબૂડ પાણીવાળી નદીના જેવી રહ્યા કરતી. એ ખાઇની નજીકમાં—નગરની દિશાએ નાના મજબૂત કિલ્લા થોડા થોડા અંતરે બાંધ્યા હતા, જેમાં સૈનિકો તથા યુદ્ધસામગ્રી રાખવાની વ્યવસ્થા હતી. હોડીઓ દ્વારા કે બીજી રીતે ખાઇ ઓળંગવા માટે શત્રુસેના યત્ન કરે કે તુરત તે યત્નને નિષ્ફળ બનાવવાની કામગીરી એ કિલ્લાઓમાંના સૈનિકો કરતા અને તે કામ માટે તેઓ રાતદિવસ સાવધ રહેતા.

તૈલપની સેનાએ જ્યારે ધારા ઉપર આક્રમણ કરીને તે લૂંટ્યું ત્યારે આમાંના કેટલાક કિલ્લાઓ તેણે તોડી નાંખ્યા હતા, પણ અત્યારે સિંધુરાજે તે સત્વર સમરાવીને જોઇતી વ્યવસ્થા પૂરી કરી હતી.

આ ખાઈ લાંબા વખત સુધી શત્રુ માટે અનુલ્લંઘનીય રહેશે એવી તો સિંધુરાજને ખાત્રી નહોતી. તૈલપની સેના જ એ ખાઈ આઠ દિવસમાં ઓળંગવામાં સફળ થઈ હતી અને માળવાના સૈનિકોને કિલ્લા છોડી દેવા પડ્યા હતા. પરન્તુ ખાઈ ઓળંગ્યા પછી પણ મહિનાઓ સુધી ધારાનો કિલ્લો ટકી શકે તેવો મજબૂત અને સુવ્યવસ્થા ધરાવતો હતો, એટલે એ હિંમત ઉપર ચોમાસું આવતાં સુધી ટકી રહેવાની તો સિંધુરાજ પાસે વ્યવસ્થા હતી જ.

વલ્લભરાજે ધારાને એ દિશામાં ઘેરી રહેલી એ ખાઇથી થોડે દૂર છાવણી નાંખીને એ ખાઇને જ બહારથી ઘેરી લીધી અને પછી શત્રુની સંરક્ષણની બધી વ્યવસ્થા તપાસવા માંડી. એ વ્યવસ્થાને તોડી—ફોડી નાંખવાના સરલ અને ટૂંકા માર્ગો શોધવામાં તે અને તેના સરદારો લાગી ગયા. ઘોડેસવારોની ટુકડીઓ ખાઇની નજીકમાં જુદી જુદી બાજુએ તપાસ કરવા ફરતી પરન્તુ તે કિલ્લાઓમાંના માળવી સૈનિકોથી અજાણી રહેતી નહિ અને ઘોડેસવારો પર અદૃશ્ય રીતે તીરોની વૃષ્ટિ થઇ રહેતી.

એક વાર વલ્લભરાજે બસોએક બખ્તરીયા સૈનિકોને હાથીઓ પર ખાઇમાં ઉતાર્યા, તે સૈનિકો ઉપર તીરોની વૃષ્ટિ થઇ, તે છતાં તેઓ ખાઇને સામે કિનારે પહોંચી શકયા; પરન્તુ એટલામાં ત્રણ દિશાએથી માળવાનું હાથીદળ ધસી આવતું દેખાયું અને વલ્લભરાજના હાથીઓને પાછા ફરવું પડયું, થોડા સૈનિકો ઘવાયા અને બે હાથી ખાઇમાં ડૂબી પણ ગયા.

વલ્લભરાજ આવા બનાવોથી કાંઇ થાકી કે હિંમત હારી જાય તેવો નહોતો; પરન્તુ તેની ચપળ મનોવૃત્તિને સિંધુરાજને નમાવવાની બહુ ઉતાવળ હતી. આ ખાઇની દિશા છોડીને કોઇ બીજે માર્ગે ધારાના કિલ્લા સુધી પહોંચી શકાય તેમ છે કે નહિ તેની તપાસ માટે તે આસપાસનાં કોતરોમાં અને ટેકરીઓમાં ભોમીઆઓ, સરદારો તથા સૈનિકોની સાથે ઘૂમવા લાગ્યો.

(૨)

ધારાના સંરક્ષણ માટેની એ ખાઇ બેઉ બાજુએ વિંધ્યાચળની પહાડી શાખાઓ સાથે જોડાતી હતી. એક બાજુએ તે કાલાકુંડની તથા પાતાળ પાણીને નામે ઓળખાતી ઊંડી ખીણો સાથે જોડાતી હતી, બીજી બાજુએ માંડુ પહાડના ઝઝૂમી રહેલા ખડકોવાળી ટેકરીઓ, ઊંડાં કોતરો, ખીણો અને ઘીચ ઝાડીવાળા પ્રદેશની સાથે જોડાતી હતી. વલ્લભરાજ પાતાળ પાણીની ખીણોને દૂરથી જોઇને જ પાછો વળી ગયો. એને ભેદવાનો કોઇ માર્ગ જ હોઇ શકે નહિ એમ તેને લાગ્યું. એ ખીણોમાં ય કોઇ કોઇ સ્થળે માનવીઓ દેખાતાં, પણ તેઓની પાસે જઇને માર્ગ પૂછવાનું વલ્લભરાજને અશકય લાગ્યું. બે દિવસ સુધી એ પ્રદેશમાં અથાક રીતે તે ઘૂમ્યો અને પાછો ફર્યો.

ત્યારપછી તે બીજી દિશા તરફ વળ્યો. માંડુ પહાડની ટેકરીઓ, કોતરો અને ઝાડીઓ ખૂંદતાં વલ્લભરાજે જોયું કે પહાડ પર ચડવા–ઊતરવાનો મોટો માર્ગ સિંધુરાજે સુરક્ષિત રાખ્યો હતો,

પરન્તુ જો બીજા કોઈ માર્ગે એક વાર પહાડ પર સૈનિકોને ચડાવી દઈ શકાય તો ધારા સુધી પહોંચતાંમાં ખાઈ આડી આવી શકે નહિ અને શત્રુ પર સીધું આક્રમણ કરી શકાય. પણ ઝઝૂમી રહેલી ઊંચી ટેકરીઓ અને ઝરણાંનાં પાણી વહાવતી ઊંડી ખીણો ઓળંગવી એ સહેલું કામ નહોતું. હિંસક પશુઓ-મુખ્યત્વે વાઘ તથા ચિત્તા કોઈ કોઈ વાર નજરે પડતા અને તેઓ ગુફાઓમાં છુપાઈ જઈને એ અશ્વારોહી માનવઝુંડને ભયથી તગતગતી આંખે જોઇ રહેતા. વગડાઉ વસતીસ્થાન કોઇ કોઇ સ્થળે દેખાતાં, પણ તેમાં વસતી દેખાતી નહિ. કોઈ વાર એકાદ રઝોખઝો ચીંથરેહાલ ભીલ દેખાતો, પણ ઘોડેસવારોને જોઇને નાસી જતો કે છુપાઈ જતો, એટલે તેને પૃચ્છા કરી શકાતી નહિ.

એક અત્યંત ઊંચી પહાડીની કાંઈક સપાટ દેખાતી ખીણ જોવામાં આવતાં વલ્લભરાજ થોભ્યો અને તેણે ચોપાસ નજર કરી. ખીણની છેક ઉંડાણમાં-તેના એક પાસા પર મોટા મોટા ખડકો હતા અને ખડકોની અંદર કોતરી કાઢેલી ગુફાઓનાં હારબંધ મ્હોં દેખાતાં હતાં. તે યોગીઓની ગુફાઓ હશે કે ધાડપાડુઓનાં છૂપાં રહેઠાણો હશે તે કળી શકાતું નહોતું. તેમાં વાઘ, વરુ કે ચિત્તા જેવાં જાનવરો પણ ભરાઈ રહેતાં હોવાનો સંભવ હતો, પરન્તુ પહાડ પર ચડવાનો એ કોઈ છૂપો માર્ગ હોય એવું પણ અનુમાન થઈ શકતું હતું. વલ્લભરાજે બે સશસ્ત્ર ભોમિયાને અંદર ઉતાર્યા. તેઓ ચોપગા બનીને માંડ માંડ ઊતરી શક્યા. તેઓએ ખીણમાં ઘૂમી વળીને વલ્લભરાજને ખબર આપી કે ત્યાં એક ઊંડી અને વિશાળ ગુફા છે અને તેમાં સેંકડો દીવા બળી રહ્યા છે!

વલ્લભરાજને આશ્ચર્ય થયું, તે સાથે ત્યાં માણસોને માટે જવા-આવવાનો કોઈ છૂપો માર્ગ હોવાનો પણ સંભવ લાગ્યો. ખીણમાં ઊતરવાનું કામ ભયંકર હતું, પરંતુ ઉત્પન્ન થએલા કુતૂહલને શમાવ્યા વિના તેને ચેન પડે તેમ નહોતું. તેણે આસપાસ જોયું,

પોતાની સાથેનાં સાધનો જોયાં અને તુરત કહ્યું : "પેલા ખડક સાથે ચોવડાં દોરડાં બાંધીને તેની નીસરણી બનાવો, પછી આપણે અંદર ઊતરી શકીશું."

સાથેના સૈનિકોએ ઘડી વારમાં દોરડાંની લાંબી નીસરણી બનાવીને ખીણમાં લટકતી મૂકી. પહેલાં પચીસેક સૈનિકો અંદર ઊતર્યાં અને પછી વલ્લભરાજ પણ ઊતર્યો. ભોમિયાઓની પાછળ પાછળ જઈને તે પેલી ગુફામાં દાખલ થયો અને ત્યાંનું દશ્ય જોઈને તે આશ્ચર્યથી ચકિત થઈ ગયો.

તેણે જોયું કે એ વિશાળ અંધારી ગુફાને સેંકડો દીવા અજવાળી રહ્યા હતા. એ અજવાળામાં તેણે હજારેક મૃત્તિકાનાં શિવલિંગોની હારની હાર અર્ધવર્તુળાકારે સ્થાપવામાં આવેલી જોઈ. મધ્યમાં એક શિલાસનની સમીપે બીલીપત્રનો ઢગલો હતો, તેમાં પણ એકાદ પાર્થિવ લિંગ છુપાયલું હશે એવું સહજ અનુમાન કરી શકાતું હતું. દરેક પાર્થિવની પૂજા કોઈએ તાજી જ કરી હોય તેમ દરેક ઉપર ચડેલી પૂજાસામગ્રી પરથી અને એક પણ દીવો હોલવાયા વિનાનો હોવાથી સમજી શકાતું હતું.

"અહો ! કોઈ શિવભક્તે અહીં હમણાં જ ભગવાન શંકરનું અનુષ્ઠાન કર્યું હોય એમ લાગે છે." એવો ઉદ્‌ગાર કાઢીને વલ્લભરાજે ચોપાસ દૃષ્ટિપાત કર્યો પણ અનુષ્ઠાન કરનાર શિવભક્ત તો શું પણ કોઈ માનવપ્રાણી પણ દૃષ્ટિગોચર થયું નહિ. માત્ર બે ત્રણ પહાડી ઉંદરડા નાસતાં-ડરતાં પાર્થિવ લિંગો સમીપે ધરાવેલું નૈવેદ્ય આરોગતા દેખાતા હતા.

માણસો ગુફામાં ચોમેર ઘૂમી વળ્યા, પણ કોઈ માણસનો પત્તો લાગ્યો નહિ. વલ્લભરાજે મનમાં વિચાર્યું કે કદાચ પોતાના સૈનિકોની હીલચાલ લક્ષમાં આવવાથી અનુષ્ઠાન કરનાર કોઈ ગુપ્ત માર્ગે નાસી ગયો હશે, પરન્તુ એ ગુપ્ત માર્ગ કોઈની નજરે પણ પડ્યો નહિ.

એક સરદારે વલ્લભરાજને કહ્યું: "આટલી ગુપ્ત રીતે અનુષ્ઠાન કરનાર કોઇ દુષ્ટ માણસ કેમ ન હોય? તે હાથ લાગ્યો હોત તો ઠીક હતું."

"ગમે તેમ પણ એ ભગવાન શંકરનું અનુષ્ઠાન છે. પોતાના સંકટનું નિવારણ કરવા માટે જ તેણે અનુષ્ઠાન કર્યું હશે ને! એક પણ પાર્થિવને કોઇ હાથ લગાડશો નહિ."

(૩)

વલ્લભરાજ ચોમેર ઘૂમીને છાવણીમાં પાછો ફર્યો ત્યારે સાંઝ પડી ગઈ હતી. તેને ખૂબ થાક લાગ્યો હતો એટલે તે જરા શય્યા પર પડ્યો અને તેને તુરત ઊંઘ આવી ગઈ.

પ્રહર રાત્રિ વીતતાં સમાચાર આવ્યા કે દુર્લભરાજ ત્યાંથી પાંચેક કોસને અંતરે મુકામ નાંખીને પડ્યો છે અને બીજે દિવસે સવારમાં સેના સાથે તે ત્યાં પહોંચી જશે. આ સમાચાર આપવા માટે અને હજી વલ્લભરાજે ભોજન કર્યું નહોતું તેથી તેને જગાડવા માટે સેવકે આવીને તેના પગના અંગૂઠાને સહજ હલાવ્યો કે તુરત તે બેબાકળો જાગીને બેઠો થયો.

સેવકે દુર્લભરાજ સંબંધી સમાચાર આપ્યા અને પછી ભોજન માટે ઊઠવાની વિનંતિ કરી. વલ્લભરાજ જાણે તે કશું સાંભળવા ઇચ્છતો ન હોય તેમ પાછો શય્યામાં પડ્યો.

સેવકે તેના પગે હાથ મૂકી જોયો. પગ ઊનો હતો. તેણે વલ્લભરાજને કપાળે હાથ મૂકી જોયો અને જણાયું કે તેના શરીરમાં તાવ હમહમી રહ્યો છે.

ત્રણ—ચાર દિવસ સતત ભટકયા કરવાના થાકથી તાવ ભરાઈ આવેલો હશે એમ સેવકોએ માન્યું, છતાં સેના સાથેના વૈદ્યરાજને તેઓ બોલાવી લાવ્યા. વૈદ્યરાજે શરીર તપાસ્યું અને ઊંઘી રહેલા વલ્લભરાજને જાગ્રત ન કરતાં તેનું મસ્તક શીતળ રાખવાનો બાહ્યો-પચાર કરીને રાત વીતાડવાનો નિશ્ચય કર્યો.

પરન્તુ રાત્રિ વીતતાં વલ્લભરાજનો તાવ જરાએ નરમ પડ્યો નહિ અને મ્હોં સુઝી ગએલું જણાયું. પ્રહર દિવસ ચડતાં દુર્લભરાજ આવી પહોંચ્યો, જોકે તેની સેના હજી દૂર હતી અને ધીરે ધીરે આવ્યે જતી હતી.

દુર્લભરાજ ભાઈનું શરીર જોઈને ભયભીત થઈ ગયો. તેણે તત્ક્ષણ પોતાની સેના સાથેના બે વૈદ્યોને બોલાવવાની આજ્ઞા કરી અને મારતે ઘોડે તેઓ પણ આવ્યા. એ ત્રણે વૈદ્યોએ વલ્લભરાજના રોગની ચિકિત્સા કરીને ત્રણ જુદા જુદા મત આપ્યા. એકે કહ્યું કે કાલકૂટ જ્વર છે, બીજાએ કહ્યું કે શીતલાનો પ્રકોપ છે અને ત્રીજાએ કહ્યું કે કોઈએ કાંઈ કામણ કર્યું છે ! કામણની વાત સાંભળતાં વલ્લભરાજના અંગરક્ષકોને માંડુ પહાડની પેલી ગુફામાં કોઈએ અનુષ્ઠાન કર્યું હતું તે વાત યાદ આવી. એ અનુષ્ઠાન કદાચ કોઈએ વલ્લભરાજને લક્ષ્ય કરીને કર્યું હોય એવો દુર્લભરાજને સંશય આવ્યો અને તેણે તુરત મહામૃત્યુંજયનું અનુષ્ઠાન આરંભાવ્યું. બીજી બાજુએ તે સૈનિકોને લઈને માંડુમાંની પેલી ગુફાની શોધમાં ઊપડ્યો. પણ ગુફામાં જતાં તેણે જોયું કે બધાં પાર્થિવો તથા પૂજાસામગ્રીનું વિસર્જન કરી નાંખવામાં આવ્યું હતું અને ગુફામાં કોઈ જ નહોતું.

એ દિવસ ગયો અને બીજા દિવસના પ્રભાતમાં વલ્લભરાજનો તાવ નરમ પડ્યો, પરન્તુ આખા શરીર પર શીતળાના દાણા ઊપડી આવેલા દેખાયા, એટલે શીતળાનો જ એ પ્રકોપ હતો એ વિષે કોઈને શંકા રહી નહિ. શરીરના લોહીમાં એક પ્રકારના વિષનો પ્રકોપ થવાથી શીતળાનો દાહક જ્વર આવે છે અને શરીર પર દાણા ઊપડી આવે છે એવું જાણનારા વૈદ્યો રાજાને ઔષધ આપવા તૈયાર હતા, પરન્તુ શીતળાને અપ્રસન્ન નહિ કરવા ઇચ્છતા પુરાણીઓએ પોતાનું મહામૃત્યુંજયનું અનુષ્ઠાન ચાલે ત્યાંસુધી ઔષધોપચાર કરવાની ચોખ્ખી મનાઈ ફરમાવી !

રોગના ઓચિંતા અને ભયંકર આક્રમણથી વલ્લભરાજ દિગ્મૂઢ

બની ગયો હતો. શરીરની અસ્વસ્થતા તેના ચિત્તને મૂંઝવી રહી હતી અને જાણે ઘેનમાં પડ્યો હોય તેમ તે આંખો મીંચીને શય્યામાં પડ્યો રહેતો, તરફડતો, પાસાં ફેરવતો, પણ બોલતો નહિ. ધારા પર આક્રમણ કરીને અથવાતો લાંબા વખત સુધી ધારાને ઘેરી રહીને સિંધુરાજને થકવવાની તથા નમાવવાની હામ તેના મનમાં હતી, પરન્તુ આ કારમા રોગના આક્રમણથી જાણે તે હતાશ બની ગયો હોય, મનની વાત મનમાં રહેવાથી બેચેન બનતો હોય અને અનિષ્ટ ભાવિના ભયથી વિહ્વળતા અનુભવતો હોય, તેમ શય્યામાં આમથી તેમ આળોટ્યા કરતો. તેને સુખ ઊપજાવવાના સેવકોના યત્નો અને તેને ધૈર્ય તથા આશ્વાસન આપનારા દુર્લભરાજના ઉદ્ગારો કશી અસર નીપજાવતા નહોતા.

એ જ સ્થિતિમાં ત્રીજા દિવસનું પ્રભાત થતાં પૂર્વે તો વલ્લભરાજનું મૃત્યુ થઈ ગયું.

દુર્લભરાજ હવે વિષમ અવસ્થામાં આવી પડ્યો. સિંધુરાજને નમાવવાને ધારાનો ઘેરો લંબાવવા કરતાંય વધારે મહત્ત્વનું કાર્ય હવે પાટણની જાળવણીનું હતું. સૈન્ય સાથેના મંત્રીઓની પણ એ જ સલાહ હતી. એટલે તેણે વલ્લભરાજની ચિતાભસ્મને બ્રાહ્મણો સાથે નર્મદામાં વહાવવા મોકલીને તુરત છાવણીને ઉઠાવી લેવાનું સેનાને ફરમાન કર્યું.

ગુજરાતમાં પાછા ફરવાનો ટૂંકો માર્ગ તેણે પસંદ કર્યો. દધિપદ્ર (દહિવદ્–દાહોદ) ધારાથી ચાલીસેક કોસ જેટલું દૂર હતું. સિંધુરાજની સેના કદાચ પોતાની પાછળ ધસી આવે એનો ભય સ્વાભાવિક હતો, તેથી તેણે માળવામાંથી માત્ર બે જ દિવસમાં ગુજરાતની ભૂમિમાં પહોંચી જવાનું ઠરાવ્યું હતું; પરન્તુ ઉનાળાની ઋતુના એ ડુંગરી પ્રદેશમાંના ત્વરિત પ્રવાસથી તેને માર્ગમાં ખૂબ હેરાન થવું પડ્યું. દહિવદ્ પહોંચ્યા પછી તો સેનાને ધીરે ધીરે પાટણ પહોંચવાનું સૂચવીને દુર્લભરાજ ખૂબ જ ત્વરાથી થોડા અંગરક્ષકો સાથે પાટણ તરફ વિદાય થઇ ગયો.

♠ ♠ ♠

પ્રકરણ ૧૫

▲ ▲

રાજવી-પદનો ત્યાગ

▲

(૧)

શ્રીસ્થળની નિકટમાં અને પાટણથી કેટલેક દૂર સરસ્વતી નદીને તીરે દધિસ્થળી ગામના પાધરમાં મંડૂકેશ્વર મહાદેવનું મંદિર હતું. મંદિર નાનું હતું પરન્તુ પાટણના સોલંકીઓની મંડૂકેશ્વર પ્રતિની આસ્થાને કારણે તે એક નાનું સરખું તીર્થસ્થાન લેખાતું. તેનો શિવરાત્રિનો ઉત્સવ આસપાસનાં ગામોમાં પ્રશસ્ત મનાતો અને શ્રીસ્થળના રુદ્રમહાલયનું દર્શન કરવા આવનારાંઓ મંડૂકેશ્વરનાં દર્શન ન કરે ત્યાંસુધી તેમની યાત્રા અપૂર્ણ મનાતી.

એકાદ પ્રહર રાત્રિ વીતી ગઇ હતી. મંદિરની પાછળ આવેલા પૂજારીના નિવાસસ્થાનની એક ઓરડીમાં લાકડાની દીવી પર કોડિયામાં બળતો દીવો આછો પ્રકાશ ફેલાવતો હતો. માધવાનંદજી સ્વામી અને વાવિણીદેવી સામસામે બેસીને વાતચીત કરી રહ્યાં હતાં.

વાવિણી માધવાનંદજીને મળવાને ખૂબ ઉત્સુક બની હતી. તેણે અનેક સંદેશાઓ કહાવ્યા છતાં માધવાનંદજી પાટણમાં આવવાની ના કહેતા હતા, અને વાવિણીને માધવાનંદજીને મળવા શ્રીસ્થળમાં જવાની ઇચ્છા નહોતી. પોતાને જોઇને ચામુંડને રોષ ચડે કે ક્રોધ વ્યાપે એ સંભવિત હોઈ વાવિણી ચામુંડની દૃષ્ટિથી દૂર જ રહેવા ઇચ્છતી હતી. છેવટે સંધ્યાકાળે વાવિણી અને માધવાનંદજી મંડૂકેશ્વરના મંદિર જેવા મધ્યસ્થળે પૂર્વરચિત સંકેતાનુસાર મળ્યાં હતાં.

દર ત્રીજે દિવસે માળવામાંથી વલ્લભરાજનો સંદેશવાહક પાટણ આવતો અને સૈન્યના સમાચાર લાવતો. બીજા મંત્રીઓની પેઠે વાવિણી પણ એ સમાચારથી સંપૂર્ણ રીતે વાકેફ રહેતી. શ્રીસ્થળમાં

વસતા ચામુંડને તો પાટણથી જ સમાચાર મળતા. એ સમાચાર માધવાનંદજીના જાણવામાં કોઇ વાર આવતા, કોઈ વાર ન આવતા. સ્થિતપ્રજ્ઞ ઋષિ સમા એ સંન્યાસીને એવા સમાચાર જાણવાની ઉત્કંઠા જ થતી નહિ.

વાવિણીએ સમાચાર આપ્યા: "સ્વામીજી! માળવાના છેલ્લા સમાચાર એવા છે કે દુર્લભરાજ વલ્લભરાજની સેનાની લગોલગ પહોંચવા આવ્યો છે અને સેનાના પ્રવાસમાં માળવીઓ કશુંય વિઘ્ન કરી શકતા નથી કે સિંધુરાજ યુદ્ધ લડવાનો કશો મનોભાવ દાખવતો નથી."

"ત્યારે તો બેઉ ભાઇઓને યુદ્ધ માટે કદાચ વધારે વખત માળવામાં થોભવું પડશે....સિંધુરાજે આપણી સેનાને થકવવાનો ઇરાદો રાખ્યો લાગે છે."

વાવિણીએ કહ્યું: "પણ સિંધુરાજ પાસે બળનો મોટો સંગ્રહ નથી દેખાતો. અસ્તુ. હું તો ઘણીઘણી વાતો કરવાને આપને મળવા અધીરી થઇ હતી, પણ આપ તો પાટણ ન આવ્યા તે ન જ આવ્યા."

"બહેન! જ્યાં ચામુંડરાજ ત્યાં હું, તેમનાથી એક ક્ષણભર પણ દૂર ન રહેવાનો મારા જીવનનો સંકેત છે...અહીંથી પાછો ફરીને નિદ્રા તો હું શ્રીસ્થળમાં જ લઇશ."

"મહારાજ પ્રત્યેનો આપનો સદ્‌ભાવ અખંડ રહેલો જોવા જ હું ઇચ્છું છું. આપના સરખા શાણા અને વૃદ્ધ સખા મહારાજને મળ્યા છે તેટલી જ મારી આશા છે. તેથી જ હું આશા રાખી રહી છું કે મહારાજને વહેલી-મોડી સાન આવશે."

"હું મારો ધર્મ બજાવું છું અને બજાવીશ. મારી ઇચ્છા વિરુદ્ધનું કોઇ કાર્ય કરવાની સલાહ હું તેમને નથી આપતો, પરન્તુ કરે તો હું રોકતો પણ નથી."

"હું સમજું છું, આપની સલાહ નહિ માનવાને લીધે જ આ અરીષ્ટ ઊભું થયું છે. મને ખબર છે, આપે માળવા વીંધીને કાશી તરફ જવાની ના કહેલી." વાવિણીએ કહ્યું.

"મને મારવાડ અને મેવાડનો માર્ગ ગમતો હતો, પણ મહારાજને તે ન ગમ્યો."

"માળવાનો માર્ગ ગમવાનું એક કારણ તો મહાકાળેશ્વરના દર્શનનું, પણ બીજું કોઇ કારણ હતું?"

"હા, મહારાજ પેલી નર્તિકાને મળવા ઇચ્છતા હતા." માધવાનંદજીએ વિનાસંકોચે સત્ય કહી દીધું.

પોતાનો તર્ક સંપૂર્ણ સાચો પડેલો જોઇને ઉત્સાહમાં આવી જતી વાવિણી બોલી: "બસ! હું પણ એ જ માનતી હતી. એ નર્તિકા નીલકંઠનું બાણ ચોરી ગઇ છે તે તેની પાસેથી પાછું પડાવવાનું બહાનું તેમણે બતાવ્યું હશે."

"ના, એ બાણ પાછું મેળવવાની તો તેમને આશા નથી, પણ એ પતિત થએલી નર્તિકાને સન્માર્ગે વાળી તેનું કલ્યાણ કરવાનો મનોભાવ ચામુંડરાજ ધરાવે છે!"

વાવિણીની ભ્રૂકુટી એકદમ ચઢી અને તે ગુસ્સે થતી બોલી: "સ્વામીજી! હવે તો આપ મહારાજને ખુલ્લું કહો કે જગતને છેતરવા માટેનો આ બધો દંભ છોડો, બીજાનું કલ્યાણ કરવાની વાતો જવા દો અને પોતાના કલ્યાણ માટે કાં તો વાસના છોડો અને કાં તો વાસનાની તૃપ્તિનો માર્ગ પ્રકટ રીતે ગ્રહણ કરીને મહારાજ મૂળરાજદેવના વંશવેલાને કલુષિત થતો અટકાવો."

માધવાનંદજીએ મૌન સેવ્યું. તે વાવિણીના ઉદ્‌ગારો સાંભળીને જ બેસી રહ્યા.

વાવિણીના હૃદયમાં ઊભરો ચડ્યો હતો. સ્વામીજી કશું બોલ્યા વિના પોતાની વાત સાંભળી રહ્યા છે અને સંમતિ–અસંમતિ કશું પ્રકટ કરતા નથી, એ વિષે વિચાર કરવાને થોભ્યા વિના જ તેણે કહેવા માંડ્યું: "જુઓ સ્વામીજી! આ વાત તો અત્યારે આપ કહો છો, પણ મહારાજનો મહાકાળેશ્વરના દર્શન માટે ઉજ્જન તરફ જવાનો મનોભાવ કયા ગુપ્ત કારણને લીધે ઉદ્‌ભવ્યો હશે તેની

કલ્પના તો મેં ક્યારનીય કરી નાંખી હતી, અને તે વિષે મેં વલ્લભ તથા દુર્લભ બેઉને કહ્યું હતું. તેઓ આવે એટલે આપ તેમને પૂછી જોજો. બસ, આ અરીષ્ટ ગુજરાત પર ઊભું થયું છે તેનું મૂળ પણ પ્રચ્છન્ન રાખેલી એ કામવાસનામાં જ રહેલું છે એ હવે પ્રકટ રીતે જોઇ શકાય છે. હવે તો આપ મારી વાત માનશો ને ?"

સ્વામીજી બોલ્યા : "એમ પણ હોઇ શકે, પરન્તુ એ સંબંધે હું મારા અંતરમાં નિશ્ચિત નથી."

"હજી નિશ્ચિત નથી ?" વાવિણીએ આશ્ચર્યથી આંખો વિસ્ફારીને કહ્યું : "એ મલ્લિકાને મહારાજના ખોળામાં બેઠેલી જોશો ત્યારે માનશો ?"

"એવી અભદ્ર કલ્પના તમે કેમ કરી શકો છો ?" માધવાનંદજીએ ભવાં સંકોચતાં પૂછ્યું.

"એ કલ્પના હું કરી શકું છું, કારણકે પુરુષજાતના મનોવિકારને હું બરાબર પિછાણું છું, તમે એ પિછાણવા અસમર્થ છો....પરન્તુ જવા દો એ પિષ્ટપેષણ. ગુજરાત ઉપર અને મૂળરાજદેવના રાજવંશ ઉપર હજી વધુ અનર્થો ગુજરવાના હશે તે કોણ મિથ્યા કરી શકે તેમ છે ?"

માધવાનંદજી મૂગામૂગા એ સાંભળી રહ્યા.

પણ વાવિણીનો ઊભરો હજી શમ્યો નહોતો. તેણે બોલવા માંડ્યું : "હું તો આપને આટલું કહું પણ નહિ, પણ આપ જ મહારાજના સાચા હિતચિંતક છો, આપનો પ્રભાવ મહારાજ ઉપર કાંઈક પડી શકે છે, અને આપ જ તેમને સાફ-સાફ સંભળાવીને સાનમાં લાવી શકો તેમ છો એમ હું માનું છું, તેથી જ આપને હું કહું છું."

"હું મહારાજને યથોચિત શિખામણ આપું તો છું જ, પણ દબાણ કરીને નથી કહેતો; હું માનું છું કે એથી અર્થસિદ્ધિ નહિ થાય. મનુષ્ય પોતે જ સ્વાનુભવ વડે સત્યભાન પ્રાપ્ત કરે તે જ ઘણી વાર વિશેષ હિતાવહ બને છે."

"અને એવા અનુભવો કડવા હોય તોપણ તે તેણે અનુભવવા જોઈએ એમ પણ આપ માનતા જ હશો. રાજધાની છોડી, રાજ-ગાદી છોડી, છતાં રાજવીપદનું અભિમાન તેમણે ન છોડયું અને તેના જ કડવા ફળરૂપે તે સિંધુરાજ સાથે અથડામણમાં આવ્યા. પરિણામે રાજચિહ્નો લુંટાયાં, પોતે તથા સૈનિકો હેરાન થયા અને હવે કોણ જાણે કેટલાય સૈનિકોનાં લોહી રેડાશે; છતાં સિંધુરાજ નમશે કે નહિ, ગુમાવેલાં રાજચિહ્નો પાછાં મળશે કે નહિ, અને મહા-કાળેશ્વરનની યાત્રા થઇ શકશે કે નહિ, તે આજે કહી શકાય તેમ નથી. મિથ્યા માન અને અર્થરહિત આડંબર રાખવાના અનુભવો કડવાં હોય છે એ ભાન હજી એમને થયું નહિ અને બેઉ કુમારોને લડવા મોકલ્યા! સ્વામીજી! આ અનર્થપરંપરાનો છેડો હજી હું જોઇ શકતી નથી; મારું માનો તો..."

વાવિણી ઉશ્કેરાટમાં આવી ગઇ હોવા છતાં આગળ બોલતાં એકદમ અટકી ગઇ. કોઈ વધુ કડવી વાત તે કહેવા જતી હતી એમ માધવાનંદજીને લાગ્યું અને તેમણે જિજ્ઞાસાપૂર્વક દૃષ્ટિને ઊંચી કરી વાવિણીની સામે જોયું, પણ વાવિણી કશું બોલી નહિ.

"કહો, કહો, સંકોચાઓ નહિ......" માધવાનંદજીએ ઉત્તે-જન આપ્યું.

"શું કહું! મારી વાત આપને ગમવાની નથી. હું એમ કહેવા જતી હતી કે આટલેથી જ આ કડવા અનુભવોનો અંત આવે તેટલા માટે મહારાજને તુરંગમાં પૂરો અને આપ એમના પહેરેગીર બનો!"

માધવાનંદજીના મુખમાંથી તુચ્છકારનું સ્મિત સ્ફુર્યું. તેમણે કહ્યું: "તમે માનો છો કે મહારાજ ગાંડા થઇ ગયા છે, નહિ?"

"મને તો શંકા જ નથી."

"કદાચ તમે અને હું પણ ગાંડાં કેમ ન હોઇએ?"

એ પ્રશ્ન સાંભળતાં જ વાવિણીની જીભ સિવાઇ ગઇ.

માધવાનંદજી એક પણ શબ્દ નિરર્થક તો ન જ બોલે એવી વાવિણીની શ્રદ્ધા હતી, છતાં એમના શબ્દો આજે પોતાને ગમતા નહોતા, તેમની અને પોતાની વિચારસરણી વચ્ચે અંતર રહેતું હતું, ઘણી વાતોમાં માધવાનંદજી ભૂલતા હતા અને પોતાનું માનવું સાચું હતું એમ તેને લાગતું હતું, છતાં અત્યારે માધવાનંદજીએ ટકોર કરી કે કદાચ પોતે જ કેમ ગાંડી બની ગઈ ન હોય, તે ઉપરથી વાવિણીનું અંતર ડગ્યું, પોતે જ કદાચ ભૂલતી હોય એવી આછી શંકારેખા તેના ચિત્તપ્રદેશમાં ખેંચાઈ અને તે વધુ બોલતી બંધ થઈ ગઈ.

"દેવ! હવે આપણે અત્યારે છૂટાં પડીએ એ જ ઠીક છે." છેવટે વાવિણી બોલી.

"માઠું લાગ્યું વાવિણી બહેન?"

"નહિ, સ્વામીજી! આપના શબ્દોથી મને માઠું લાગે ખરું? પણ મારા ચિત્તની વિષમ સ્થિતિ થઈ ગઈ હોવાની આપની શંકાથી મને લાગે છે કે તેની સમતા–વિષમતાની ખાત્રી મને થતાંસુધી આપને કાંઈ વધુ કહેતાં પહેલાં મારે થોભી જવું જોઈએ."

"તો ભલે, આપણે અત્યારે છૂટાં પડીએ; ફરીથી મળવાની જરૂર લાગે તો બેલાશક કહાવજો."

"અસ્તુ. મારાથી કાંઈ કટુ વાણી બોલાઈ હોય તો ક્ષમા કરજો."

"એમાં ક્ષમાની કશી જરૂર નથી. એ કટુ વાણીની પાછળ અમીઝરતું હૃદય છે તેની મને ખબર છે ને!"

બેઉ છૂટાં પડ્યાં. વાવિણી મંદિરના કોટમાંથી બહાર નીકળીને રથમાં બેઠી અને માધવાનંદજી પોતાની સાથે આણેલા ઘોડા પર સવાર થઈ શ્રીસ્થળ તરફ ચાલ્યા, ત્યારે મધરાત થવા આવી હતી.

પોતાના ચિત્તની સમ–વિષમ સ્થિતિના વિચારમાં પડી ગએલી વાવિણીએ આત્મસંશોધન કરવામાં હવે સમય વીતાડવા માંડ્યો. ચામુંડની કલુષિત મનોવૃત્તિના અનર્થો જ તેની દૃષ્ટિને ઘેરી વળ્યા

હતા; પછી એ મનોવૃત્તિ નિર્દોષ હોવાનું કેવી રીતે માની શકાય તે કોઇ પણ રીતે વાવિણીને સમજાતું નહોતું.

"તો પછી શું ચામુંડ પ્રત્યેની ભક્તિથી માધવાનંદજીની બુદ્ધિ કુંઠિત થઇ ગઇ હશે? તે પોતે જ ગાંડા બની ગયા હશે?"

એ પ્રશ્નનો જવાબ વાવિણીનું માધવાનંદજી પ્રત્યેનું માન હકારમાં આપવા દેતું નહોતું.

પણ એ વિચારમાળા આગળ વધે તે પહેલાં એક સવારે સમાચાર આવ્યા કે વલ્લભરાજ ઉપર જ્વરનું તીવ્ર આક્રમણ થયું છે. બીજે દિવસે સાંઝે સંદેશવાહક વલ્લભરાજના અવસાનના અને ધારાનો ઘેરો ઉઠાવીને દુર્લભરાજ પાછો ફરતો હોવાના સમાચાર લાવ્યો અને પાટણ શોકમાં ગરકાવ બની ગયું. ત્રણ દિવસ વધુ ગયા અને દુર્લભરાજ શ્રીસ્થળમાં શોકગ્રસ્ત પિતાને મળીને પાટણમાં આવી પહોંચ્યો.

આ ભયંકર બનાવોના તીવ્ર આઘાતોથી વાવિણીનું ચિત્ત પાછું ક્ષુબ્ધ બની ગયું. આ બધી આપત્તિઓનું મૂળ પોતાના ભાઇનું ભયંકર પતન હતું એમાં કશી શંકા જ નહોતી. દૃષ્ટિ સમીપેની જ આ વસ્તુસ્થિતિનું નિવારણ ચામુંડની મનોવૃત્તિનાં તોફાનો અટકાવ્યા વિના બીજી કોઇ રીતે થઇ શકે તેમ નહોતું; છતાં માધવાનંદજીને હૈયે એ વાત બેસતી જ નહોતી.

એક વાર ફરીથી માધવાનંદજીને મળવા જવાની વાવિણીને ઇચ્છા થઇ, પરન્તુ તેણે તે ઇચ્છા દબાવી રાખી.

આખા ગુજરાતમાં વલ્લભરાજના અવસાનથી શોક પ્રસરી ગયો હતો. માળવા પર આક્રમણ કરવા માટે ગએલું સૈન્ય કશી સિદ્ધિ કર્યા વિના હેરાન થતું પાછું ફર્યું હતું તેની વિષાદની છાયા ચોમેર ફરી વળી હતી. વાતાવરણમાં જરા સ્થિરતા આવે ત્યાંસુધી માધવાનંદજીને મળવાનો વિચાર વાવિણીએ બંધ રાખ્યો.

તેને શંકા હતી કે વલ્લભરાજનું અવસાન થવાથી પુનઃ ચામુંડ પાટણમાં આવીને રાજ્યધુરા પોતાની ખાંધે લેવાની ઇચ્છા કરશે; અને જો ખરેખર તેમ થાય, દુર્લભરાજની પિતૃભક્તિ માર્ગ કરી આપે અને માધવાનંદજીની પક્ષપાતી બુદ્ધિ તે માન્ય રાખે, તો પાટણમાં એક ઘડીભર પણ રહેવું પોતાને માટે અસહ્ય બની જાય એમ વાવિણીને લાગ્યા કરતું હતું.

એ ભયંકર બનાવોએ પ્રસારેલો વિષાદ ચામુંડને પણ ઘેરી વળ્યો હતો.

વલ્લભરાજના અવસાનના સમાચાર આવ્યા ત્યારથી તેણે ભોજન છોડયું હતું. દિવસ તે ભગવાનની સેવા–પૂજામાં અને રાત જપ–ધ્યાનમાં ગાળતો બેસી રહેતો હતો. ભગવાનની અકૃપાનાં આ બધાં ફળોના વિચારમાં તેનું ચિત્ત ચડી જતું ત્યારે તે એકાન્તમાં અશ્રુપાત કરીને ચિત્તને હળવું કરતો. એવા અનેક અશ્રુપાતો કર્યા છતાં અંધકારથી ઘેરાયેલા તેના ચિત્તપ્રદેશમાં ભગવાનની પ્રેરણાના પ્રકાશનું એકાદ કિરણ પણ પ્રકટતું નહિ, ત્યારે તે વધુ અશ્રુપાત કરતો.

એ સ્થિતિમાં પાંચ દિવસ વીતી ગયા. તેના ઉપવાસી શરીર-માંથી શક્તિ સારી પેઠે ઓછી થઈ હતી, પણ ચિત્ત 'શિવોહં'નો અશ્રાવ્ય જપ કર્યે જતું હતું. એ જપમાં તેને રાત્રિને છેલ્લે પહોરે નિદ્રા આવી ગઈ. અરુણોદય થતાં તે એકદમ ઝબકીને જાગ્યો અને તેણે તુરત માધવાનંદજીને બોલાવીને કહ્યું: "સ્વામીજી! પાટણથી દુર્લભને બોલાવો."

"કાલે દુર્લભરાજ આવવાના જ છે અને તેવા સમાચાર પણ આવી ગયા છે."

"નહિ, તેને આજે જ બોલાવો. ભગવાનનો આદેશ મને મળી ગયો છે અને મારે તે આદેશ પ્રમાણે વર્તવું છે."

"એવો શો આદેશ છે, મહારાજ?"

"મારે દુર્લભને સ્વહસ્તે રાજતિલક કરવું અને રાજધાનીના ત્યાગ ઉપરાંત રાજાપદવીનો પણ હવે ત્યાગ કરવો. તેને સત્વર બોલાવો. આજે પ્રથમ પ્રહરમાં જ એ મંગલ વિધિ મારે પતાવવો છે."

માધવાનંદજીને એ સમુચિત લાગ્યું, એટલે તુરત તેમણે એક ઘોડેસવારને પાટણ દોડાવ્યો.

પ્રભાત થયું અને સૂર્ય આકાશમાં થોડો ઊંચે ચડ્યો, એટલામાં તો દુર્લભરાજ પિતાની આજ્ઞાનુસાર મારતે ઘોડે શ્રીસ્થળમાં આવી પહોંચ્યો અને પિતાના પગમાં નમી પડ્યો.

ચામુંડે તેને બેઠો કરી, રુદ્રમહાલયમાં તેડી જઇ, ભગવાન રુદ્રની સમીપે સ્વહસ્તે તિલક કરી ઉચ્ચાર્યું: "પુત્ર! ભગવાનના આદેશને અનુસરીને તારો પિતા અત્યારે ગુર્જરેશ્વર પદવીનો ત્યાગ કરી તે પદે તારી સ્થાપના કરે છે અને આશીર્વાદ આપે છે કે તું ચિરંજીવી હો, તારું રાજવીપદ અખંડ તપો અને પવિત્ર મહારાજ મૂળરાજદેવનો આત્મા પોતાનાં શાર્ય-વીર્ય તથા પ્રભુભક્તિની તારા પર વૃષ્ટિ કરો!"

"તથાસ્તુ" કહી માધવાનંદજીએ ઉલ્લાસપૂર્વક દુર્લભરાજ ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને આસપાસ એકત્ર થએલા સેવકો, ભક્તો તથા ઇતર જનોએ "ગુર્જરેશ્વર મહારાજ દુર્લભરાજદેવના જય" ની ગર્જનાથી રુદ્રમહાલયની ઊંચી-ઊંચી અટ્ટાલિકાઓને ભરી દીધી.

તિલક થઇ ગયું એટલે તે જ દિવસે પાટણમાં રાજ્યાભિષેકનો શાસ્ત્રોક્ત વિધિ પણ કરવાનો હોઇ દુર્લભરાજ તુરત પાટણ તરફ રવાના થયો. સાથે શ્રીસ્થળમાંના કેટલાક રાજસેવકો, અંગરક્ષકો, સૈનિકો વગેરે પણ ગયા.

સાંઝે શ્રીસ્થળમાં સમાચાર પણ આવી ગયા કે રાજ્યાભિષેકનો મંગલ વિધિ પાટણમાં ખૂબ ઉત્સાહથી થઇ ગયો અને પાટણની જનતાએ નવા ગુર્જરેશ્વરને તરેહવાર નજરાણાં ધર્યાં.

(૩)

ચામુંડે ઉપવાસનું પારણું કર્યું.

માધવાનંદજીના ચિત્તે હવે કાંઇક આરામ અનુભવ્યો. ચામુંડનો ભાવિ કાર્યક્રમ હજી તે જાણતા નહોતા, પરન્તુ તેમને લાગતું હતું કે સાચા ભાનનો સૂર્ય ઊગવા પૂર્વે અરુણોદય થએલો દેખાય છે તો બધાં સારાં વાનાં થશે; તેના જીવનની કલ્યાણયાત્રા આડેનાં વિઘ્નો ભગવાનની કૃપાથી હવે દૂર થઇ જશે.

એ ચિત્તશાંતિથી તેમને ઊંઘ પણ સારી આવી. રોજ રાત્રિને છેલ્લે પહોરે જાગી જતા માધવાનંદજીને તે રાત્રે એવી ઊંઘ આવી કે સૂર્યોદય વખતે જ તેમનાથી જગાયું.

તે વખતે સેવકે આવી તેમને સમાચાર આપ્યા કે "મહારાજ તેમના શય્યાખંડમાં નથી, તેમનાં વસ્ત્રો તથા બીજી કેટલીક સામગ્રી નથી અને અશ્વશાળામાંથી એક અશ્વ પણ ગુમ થઈ ગયો છે!"

પ્રથમ ખંડ સમાપ્ત

દ્વિતીય ખંડ

પ્રકરણ ૧

મલ્લિકાની ચિંતા

(૧)

ધારાને ઘેરી રહેલું ગુજરાતનું સૈન્ય વલ્લભરાજના અવસાન પછી એકદમ ચાલ્યું જશે એવો ખ્યાલ તો માળવાના મંત્રીઓને કે સેનાપતિઓને હતો જ નહિ. ગુજરાતના સૈન્યની ઓચિંતી હીલચાલ જોઇને તેમણે એવું અનુમાન કર્યું હતું કે દુર્લભરાજે કોઇ નવો વ્યૂહ ધાર્યો હશે.

પરન્તુ અર્ધા દિવસમાં જ માળવી સેનાનીઓ સાચી વાત સમજી ગયા. ઘેરો છોડીને નાસી જતા શત્રુની પાછળ પડવાનો કેટલાક સેનાનીઓનો અભિપ્રાય હતો, પરંતુ એ અભિપ્રાયના અમલની ઉપર એક વિઘ્ન આવી પડ્યું હતું.

જે વખતે વલ્લભરાજ તાવથી તરફડતો હતો, તે જ વખતે ધારામાં સિંધુરાજ પણ કાંઇક અવસ્થાને લીધે અને કાંઇક તેના જૂના ઉદરરોગને લીધે ગંભીર માંદગીમાં આવી પડ્યો હતો. કુમાર ભોજને પિતાની માંદગી ચિંતાતુર બનાવી રહી હતી. એવામાં એક બાજુએ ગુજરાતની સેનાએ પ્રયાણ કર્યું અને બીજી બાજુએ સિંધુ-

રાજે દેહ છોડ્યો : ગુજરાત અને માળવા વચ્ચેની શત્રુતા પોતાના અનુગામીઓને માટે અનામત રાખીને સાથે જ ચાલી નીકળવાનો જાણે ગુર્જરેશ્વર તથા માલવાધીશ બેઉએ સંકેત કરી રાખ્યો ન હોય !

કુમાર ભોજનો રાજ્યાભિષેક થયો એટલે માળવાની પ્રજાને એક વિદ્વાન, વીર અને પવિત્ર રાજવી સાંપડ્યો. એ યુવાન રાજવીની સ્વપ્નસૃષ્ટિનો જેમને ન્યૂનાધિક પરિચય થયો હતો તેઓ માલવદેશનું, રાજ્યતંત્રનું અને પ્રજાનું નવું ઘડતર પ્રારંભાશે એ વિષે જરાએ શંકાશીલ નહોતા. અનેક પંડિતો, પ્રજાજનો, રાજકર્મચારીઓ અને સેનાનીઓના અંતરમાં નવી આશાઓના ફુવારા ઊડવા લાગ્યા હતા.

ભોજના રાજ્યાભિષેકનો ઉત્સવ પ્રજામાં દ્વિગુણ આનંદ ઉપજાવનારો બન્યો હતો ગુજરાતની સેના સાથેનું યુદ્ધ ટળ્યું હતું, એ શુભ શુકનથી પ્રજામાં પ્રકટેલો આનંદ રાજ્યાભિષેકના ઉત્સવમાં ઉમેરાયો હતો.

ધારા માળવાની પરંપરાગત રાજધાની હતી અને ધારામાં જ રાજ્યાભિષેક થયો હતો, એટલે માલવદેશનાં અનેક ગામો અને નગરોની જનતા એ ઉત્સવના દિવસોમાં ત્યાં ઊભરાઈ હતી. ઉત્સવ પૂરો થતાં જનતાની એ ભરતી પાછી ઓસરવા લાગી હતી.

(૨)

એ ઉત્સવપ્રસંગે ઉજ્જનથી ધારામાં આવેલી મલ્લિકા અને બીજી નર્તિકાઓ મહાકાળેશ્વરની સેવાને બદલે ધારેશ્વર મહાદેવની સેવામાં ઉપસ્થિત થઈ હતી.

ઉત્સવના દિવસો પૂરા થયા એટલે એક પછી એક નર્તિકાઓ અને તેમની સાથેના સાજિંદાઓ મહાકાળેશ્વરના મહંતની આજ્ઞાનુસાર પાછાં ઉજ્જન જવા લાગ્યાં, પરન્તુ મલ્લિકા એકાએક માંદી પડી ગઈ હતી તેથી ધારામાં જ રોકાઈ રહી હતી.

ધારેશ્વરના મંદિરની આસપાસની વિશાળ ધર્મશાળાના ઓરડાઓ હવે મોટે ભાગે ખાલી પડ્યા હતા કોઈ યાત્રાળુઓ આવતા,

વટેમાર્ગુઓ આવતા, બાવા-સંન્યાસી આવતા, નાના-મોટા યાત્રાળુ-સંઘો આવતા અને ધર્મશાળાઓના ઓરડાઓમાં ઊતરતા, જેઓ કાર્ય પ્રત્યે ચાલ્યા જતા. આંગણામાં તેમનાં ઊંટ-ઘોડાં બંધાતાં અને ગાડાં પડ્યાં રહેતાં. કોણ આવે છે અને કોણ જાય છે તે કોઇ જોતું નહિ કે જાણવાની પરવા કરતું નહિ.

એમાંના એક ઓરડા પરના મેડામાં વસી રહેલી મલ્લિકા આળસમાં દિવસો ગાળતી અને ગમગીન ફર્યા કરતી. તેના અંતરને કોઈ ઊંડી ચિંતા કોરી રહી હતી. એ માનસિક માંદગીને લીધે પથારીમાં પડી રહેતાં પણ તે કોઇ કોઈ વાર ભયથી ચમકીને બેઠી થઇ જતી તથા બારીએ જઇને ઊભી રહેતી.

પ્રત્યેક ક્ષણે તેને ભય લાગ્યા કરતો હતો કે કોઇ રાજકર્મચારી પોતાને ભોજરાજા સમીપે ખડી કરવા માટે લઇ જવા આવશે. પોતે પાટણમાંથી નીલકંઠનું બાણ ચોરી લાવી હતી એ વાત રાજાને કાને પહોંચી હતી એમ તેણે સાંભળ્યું હતું, અને ભોજરાજા એ બાણ માંગશે તો પોતે શો જવાબ આપશે તેની ચિંતામાં તે પડી ગઇ હતી.

ધારાથી ઉજ્જન ચાલી જવાથી તે રાજાના સાણસામાંથી કાંઇ છૂટી શકે? તે માંદગીને બહાને ધારામાં રોકાઇ હતી. તેને એ બાબતમાં નિશ્ચિંત બનાવી શકે તેવી એક જ વ્યક્તિ હતી, અને તે ચંડશર્મા. મલ્લિકા ધારામાં આવ્યાને ઘણા દિવસ થઇ ગયા, પણ ચંડશર્માના મ્હોંનું દર્શન પણ તેણે હજીસુધી કર્યું નહોતું, પછી તેને મળવાની તો વાત જ ક્યાં રહી! તેને મળવાથી ચિંતામુક્ત થઇ શકાશે એવી આશામાં તે વખત ગાળતી હતી.

પ્રહર રાત્રિ વીતી ગઇ હતી. મલ્લિકા ભોજન કરીને સૂતી સૂતી 'શિવાય નમઃ' નો મંત્રજાપ કરતી હતી. એ જ મંત્રજાપે તેની માતાનો ઉદ્ધાર કર્યો હતો, પરન્તુ અત્યાર પહેલાં તેના જીવનમાં કોઇ એવી ક્ષણો આવી નહોતી કે જેથી તેને સાચા અંતરથી ભગવાનનું

નામ સાંભરે. આજની ચિંતાએ તેના ઓઠ ઉપર ભગવાનને લાવી સ્થાપ્યા હતા.

ભગવાને જ જાણે તેને સહાય મોકલી હોય તેમ મધરાતને સુમારે ચંડશર્મા દ્વાર ઉઘાડીને અંદર આવ્યો. દીવાના ઝાંખા અજવાળામાં તેને જોતાં જ મલ્લિકાના ઓઠ પરથી ભગવાન હઠી ગયા અને તે બોલી: " ચંડશર્મા ! તમે છો ? "

" ત્યારે બીજું કોણ હોય ? મલ્લિકા ! શું તું એમ માનતી હતી કે હું તને ભૂલી ગયો છું ? "

" જાવ, જાવ ! તમે કેવા છો ? ધારામાં આવ્યાને મને દોઢ મહીનો થયો, પણ તમે તો જાણે અલોપ થઇ ગયા હો, એમ દેખાયા જ નહિ. મારી શી સ્થિતિ છે તેની તમે કોઇ વાર સંભાળ પણ લીધી ? "

" મેં સાંભળ્યું છે કે તું માંદી છે અને તેથી ઉજ્જન પાછી ફરી નથી...... "

" કપાળ તમારું ! હું તો જરાએ માંદી નથી, તમને મળવા જ રોકાઇ છું...... "

" તો પછી તને આટલું તલસાવીને ય છેવટે તો હું આવ્યો કે નહિ ? "

" હું તો તમને તલસું છું કોઇ બીજી ચિંતાને લીધે, અને મનથી માંદી પડી છું એ જ ચિંતામાં. "

" ચિંતા ? ચંડશર્મા હોય ત્યાં મલ્લિકાને કશી ચિંતા જ ન હોય ! " પથારી પર બેસીને મલ્લિકાના કંઠ તરફ હાથ લંબાવતો તે બોલ્યો: " બોલ, શી ચિંતા છે ? "

" એ અટકચાળાં અત્યારે જવા દો અને હું કહું તે એક વાર સાંભળી લો. મેં પાટણમાંથી નીલકંઠનું બાણ ચોર્યું હતું એ વાત ભોજરાજાને કાને ગઇ છે. "

" ખોટી વાત ! અને ભોજરાજાએ એ વાત જાણી હોય તોય તારે ચિંતા કરવી નહિ. "

"રાજા મારી પાસે બાણ માંગે તો હું શો જવાબ દઉં ?"

"કહેજે કે ચંડશર્મા પાસે છે !"

"એમ ! ખરેખર કહું ? સાચું બોલો છો ?"

"હા, હા, ખુશીથી કહેજે ! એ વાત ભોજરાજા જાણે એવું તો હું ઇચ્છું છું. આજે હું રાજદૂત છું, અને એ વાત રાજા જાણશે એટલે મને સાંધિવિગ્રહિકની પદવી આપીને મારું બહુમાન કરશે !"

મલ્લિકા તેને આશ્ચર્યથી જોઇ રહી. તેને આ જુવાન પુરુષ અત્યારે જેટલો અદ્દ્ભુત લાગ્યો તેટલો અદ્દ્ભુત પૂર્વે કોઇ વાર લાગ્યો નહોતો. જે ચિંતાથી તે કેટલાય દિવસથી વ્યાકુળ બની રહી હતી તે ચિંતામાંથી ચંડના એક જ બોલે તેને મુક્ત કરી દીધી.

મલ્લિકાને તે ક્ષણે લાગ્યું કે બે વર્ષ પૂર્વે પોતે પોતાના પ્રચ્છન્ન પ્રેમની વૃષ્ટિ એની ઉપર કરી હતી તે સાર્થક જ હતી.

(૩)

મહાકાળેશ્વરની નર્તિકાના આરાધ્ય દેવ તો માત્ર મહાકાળેશ્વર જ: નર્તિકાનાં તન-મન અને ધન ભગવાનને જ સમર્પાય અને ભગવાન પ્રત્યેક નર્તિકાને કૈલાસમાં લઇ જઇને નિરંતર સચ્ચિદાનંદનો અનુભવ કરાવે, એવી માન્યતા નહિ પણ શ્રદ્ધા પ્રવર્તતી હતી. એ શ્રદ્ધાએ શિવાને નર્તિકા બનાવી હતી અને શિવાએ પોતાની અંગજા મલ્લિકાને પણ મહાકાળેશ્વરના મહંત પાસે દીક્ષામંત્ર અપાવી નર્તિકા બનાવી હતી.

પણ શિવાએ કૈલાસવાસ કર્યાં પછી મલ્લિકાની એ શ્રદ્ધા ડગી ગઇ, અથવાતો એની યૌવનશ્રીએ મૃત્યુ પામીને કૈલાસમાં આનંદ માણવા કરતાં જીવીને ઇહલોકમાં જ આનંદ માણવાનો આદેશ કર્યો અને પછી તેના મનની ચંચળતાએ આંખોને ચંચળ બનાવી.

જુવાન ચંડશર્માને સિંધુરાજે રાજદૂત બનાવ્યો હતો એમ જાણીને કે તે તીર-તલ્વારથી લડી જાણે છે પણ તે કરતાંય તે વધુ કુશળ વાણીથી લડવામાં છે. તે બતાવ્યું કામ કેટલીક વાર એવી ચતુરાઇથી બજાવતો કે તેના જેવા બીજા રાજદૂતો અને સાંધિ-

વિગ્રહિક સોમશર્મા પણ દાંતમાં આંગળી ઘાલી જતા. જ્યારે અત્યંત મહત્ત્વનું કામ હોય ત્યારે સોમશર્મા ચંડને જ મોકલવાની સિંધુરાજને ભલામણ કરતા. ચામુંડની સમક્ષ તેને જ મોકલવામાં સોમશર્માનો અને ખુદ સિંધુરાજનો પણ તેની કાર્યકુશળતા માટેનો વિશ્વાસ અને તજ્જન્ય પક્ષપાત કારણીભૂત હતો.

મૂળે તો ચંડશર્મા અગ્નિહોત્રી બ્રાહ્મણપુત્ર હતો. શાસ્ત્રજ્ઞાન તેણે થોડું પ્રાપ્ત કર્યું હતું પરન્તુ કર્મકાંડમાં તે કુશળ હતો. મહાકાળેશ્વરનાં દર્શન કર્યા વિના તે ભોજન લેતો નહિ.

ચંડશર્મા અને મલ્લિકાની ચંચળ આંખોએ પહેલી વાર વાતો કરી તે મહાકાળેશ્વરના મંદિરમાં આચાર્ય શંકરાનંદજીની કથામાં. રોજ સવારમાં મંદિરના કોટિતીર્થ કુંડની બાજુના ચોતરા પર કથા વંચાતી અને ભક્તો તે સાંભળવા આવતા. પુરુષસમુદાયમાં ચંડ અને સ્ત્રીસમુદાયમાંની નર્તિકાઓમાં મલ્લિકા પણ એ કથા સાંભળનારાઓમાં હતાં. એ કથાપ્રસંગે નેત્રપલ્લવીથી થએલો પ્રારંભ ધીરે ધીરે આગળ વધીને દિવસે કે રાત્રે એકાંત મિલનસુધી પહોંચી ગયો હતો.

એક મહાકાળેશ્વરની નર્તિકા અને બીજો માલવનરેશનો રાજદૂત: બેઉનો સંબંધ પ્રકટ થઈ જાય તો? તો બેઉને માટે કાં તો મોત અને કાં તો દેશત્યાગ નિર્માણ જ થયાં હતાં! પરન્તુ ગુપ્ત પ્રેમીઓએ એવા ભયોને કદી ગણકાર્યા નથી. વાક્‌ચાતુર્ય ચંડને અને અભિનયકૌશલ્ય મલ્લિકાને વ્યવસાયમાં જો સહાયક બનતી શક્તિઓ હતી, તો આ પ્રચ્છન્ન પ્રેમવ્યાપારમાં કેમ તે સહાયક ન બને?

એક વાર મહાકાળેશ્વરના માહાત્મ્ય વિષેનો એક અદ્‌ભુત પ્રસંગ ચંડે કથામાં સાંભળ્યો. ઉજ્જનમાં એક ચંદ્રસેન નામનો રાજા હતો. શંકરનો એક ગણ મણિભદ્ર નામે હતો તે રાજાનો મિત્ર હતો, તેણે પ્રસન્ન થઇને રાજાને એક નીલકંઠ નામનો નીલ મણિ ભેટ આપ્યો. રાજા એ કલ્યાણકારક નીલ મણિનું ધ્યાન, દર્શન તથા

પૂજન કરતો, અને નિત્યમેવ પોતાના કંઠમાં ધારણ કરતો. એ મણિને ધારણ કરીને રાજા જ્યારે સભામાં બેસતો ત્યારે સૂર્યની સમાન શોભતો. ચંદ્રસેન પાસે એ મણિ હોવાની વાત પડોશના રાજાઓએ જાણી એટલે તેઓના અંતરમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ અને તેઓએ ચંદ્રસેન પાસે એ મણિની માંગણી કરી, પરન્તુ તેણે કોઇ પણ મૂલ્યના બદલામાં એ મણિ આપવાની વાત સ્વીકારી નહિ. આથી કોપાયમાન થઇને એ રાજાઓ ચંદ્રસેન સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા અને તેમણે ઉજ્જનને ઘેરો ઘાલ્યો. એ વખતે રાજા ચંદ્રસેન મહાકાળેશ્વરને શરણે ગયો. તેણે નિરાહારી રહીને મહાકાળેશ્વરના જ્યોતિર્લિંગનું યથાવિધિ પૂજન કર્યું. એક વિધવા ગોપી અને તેનો પાંચ વર્ષની વયનો ગોપ બાળક આ પૂજા આદરથી જોવા લાગ્યાં, અને પૂજા થઇ રહ્યા પછી મહાકાળેશ્વરને પ્રણામ કરી પોતાને ઘેર ગયાં. ઘેર ગોપ બાળકને પણ ભગવાન શંકરનું પૂજન કરવાની ઉત્કંઠા થઈ આવી. એક પત્થરનો સુંદર ટુકડો શોધી લાવીને તેને પોતાના ઘરમાં સ્થાપી, તેને શિવલિંગ માની, એ ગોપ બાળકે ભક્તિપૂર્વક તેની પૂજા કરી, બીલીપત્રો ચડાવ્યાં અને નૈવેદ્ય ધર્યું. ગોપી પોતાના પુત્રને ભોજન કરવા બોલાવવા લાગી પરન્તુ બાળક ભગવાનની પૂજામાં એટલો લીન બની ગયો હતો કે તે ભોજન કરવા આવ્યો નહિ, એટલે માતાએ આવીને તેની પૂજાને ફેંકી દીધી અને પુત્રનો હાથ પકડીને તેને ખેંચવા લાગી. બાળકને પૂજાનો નાશ થએલો જોઇ એટલી ગ્લાનિ થઇ આવી કે તે મૂર્છિત થઇને ભોંયે પછડાયો. થોડી વારે ચૈતન્ય આવતાં તેણે પોતાનાં નેત્રો ઉઘાડ્યાં અને જુએ છે તો પોતાના ગૃહને સ્થાને સુંદર શિવાલય બની ગયું છે, અને પત્થરનો ટુકડો નીલ મણિ બનીને ભગવાન નીલકંઠ રૂપે શોભી રહ્યો છે. આ જોઇને ગોપ બાળક આનંદના સાગરમાં ડૂબી ગયો અને શિવસ્તુતિ કરી વારંવાર પ્રણામ કરવા લાગ્યો. આ વાત ચંદ્રસેન રાજાએ સાંભળી એટલે તે પણ ત્યાં આવ્યો. બાળકની

શિવભક્તિથી પ્રસન્ન થએલો રાજા તેને ભેટી પડ્યો. નીલ મણિ સમાન નીલકંઠના ઉપાસક એવા ભક્તો ઉપર ભગવાન શંકર કેવી કૃપા વરસાવે છે તે વિષેની આ વાત જ્યારે આક્રમણ કરવા આવેલા રાજાઓએ સાંભળી ત્યારે તેઓએ ચંદ્રસેન રાજા સાથે યુદ્ધ કરીને નીલ મણિ મેળવવાની ઇચ્છા છોડી દીધી અને રાજા સાથે મૈત્રીસંબંધ બાંધીને નગરમાં પ્રવેશ કરી તેમણે પણ મહાકાળેશ્વરની પૂજા કરી.

આ કથાના શ્રવણથી ચંડનું ચિત્ત એટલું પ્રભાવિત થઇ ગયું કે તેને પણ નીલ મણિરૂપ શિવલિંગની પ્રાપ્તિ તથા ઉપાસનાની ઇચ્છા થઇ આવી. પણ એવો નીલ મણિ ક્યાંથી મળે? પાટણના રાજગઢમાં એક શિવાલય છે અને તેમાં ભગવાન રુદ્ર નીલ મણિરૂપે વિરાજે છે એ વાત તેણે સાંભળી હતી પણ કોઇ વાર તેનું દર્શન કર્યું નહોતું. તેનું દર્શન કરી આવનારા લોકો તેના તેજઃપુંજની અને તેના દર્શનના મહિમાની વાતો કરતા હતા તે ચંડ જેમ જેમ સાંભળતો તેમ તેમ તેની ઇચ્છા આગળ વધીને આતુરતા અને ઝંખનાનું રૂપ પકડવા લાગી. એ નીલ મણિ પોતે કેવી રીતે પ્રાપ્ત કરી શકે તેના વિચારોમાં જ તેના દિવસો જવા લાગ્યા. સાપના માથા પરનો મણિ મેળવવો અને પાટણના રાજગઢમાંના શિવાલયમાંથી નીલ મણિ મેળવવો એ બેઉ એકસરખાં દોહ્યલાં કાર્યો હતાં, પરન્તુ તેની યૌવનસુલભ મહત્ત્વાકાંક્ષા અને કપટકલાનિપુણ ચાતુર્ય તેને એ કાર્ય અશક્ય કોટિનું મનાવવા તૈયાર નહોતાં.

ચંડે પોતાના ચિત્તમાં બહુ બહુ છટકાં ગોઠવવા માંડ્યાં; ઘણીય યોજનાઓ ઘડી, ભાંગી અને પુનઃપુનઃ વિચારી; અનેક કારસ્તાનોના કિલ્લા તેણે બાંધ્યા અને તોડ્યા; છેવટે જાણે કૌટિલ્યે તેને પ્રેરણા કરી હોય તેવી રીતે તેને એ કાર્યમાં મલ્લિકાની મદદ લેવાનું સાંભર્યું અને તે ઉત્સાહમાં આવી ગયો.

પોતાની મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ માટે બીજા માણસને કોઇ

હીણા કાર્યમાં સાધનરૂપ બનાવવાનું કામ સહેલું તો નથી હોતું, પરન્તુ જેમ નવો મેઘ તોફાની હોય છે તેમ નવો પ્રેમ પણ તોફાની હોય છે. એ પ્રેમ જગતને આંધળું માનીને અટકતો નથી, પણ એ અંધાપાનીય હાંસી કરવાસુધીનું પરાક્રમ કરી બતાવવાની તે હામ બીડે છે. ચંડના ઉત્સાહથી દીપ્તિમાન વદન ઉપર દૃષ્ટિ પડતાં મલ્લિકા એટલી ઉત્તેજિત થઇ જતી કે તે ચંડનો બોલ ઉથાપવાની કલ્પના પણ કરી શકતી નહિ. ચંડના ચાતુર્ય ઉપર તેનો પરમ વિશ્વાસ હતો, ચંડના પરાક્રમ ઉપર તેને શ્રદ્ધા હતી. નીલકંઠનું બાણુ મેળવી લાવવાને ચંડ જે કાંઇ યોજના ઘડે તે ઉપાડી લેવા, પાટણને આંધળું બનાવીને તેના રાજગઢમાંથી નીલકંઠ ચોરી લાવવા અને એ રીતે ચંડને પ્રસન્ન કરવા મલ્લિકા તત્પર બની.

પછી એક બાજુએ મલ્લિકાએ અને બીજી બાજુએ ચંડે સ્વાંગ સજવા માંડ્યા.

ચંડ સોમશર્માની આજ્ઞા મેળવીને માતૃશ્રાદ્ધ કરવા નિમિત્તે શ્રીસ્થળ જવા ઊપડ્યો અને શ્રીસ્થળથી તે નીલકંઠના દર્શન કરવા પાટણ ગયો. નીલકંઠનું સ્વરૂપ તેણે આંખોથી માપી લીધું. પાટણથી તે લાટના ભૃગુકચ્છમાં ગયો. ત્યાં અરબી કારીગરો પાસે તેણે નીલકંઠના રંગ તથા આકારનો કાચપિંડ તૈયાર કરાવ્યો અને પછી તે ઉજ્જનમાં આવી પહોંચ્યો.

તે દરમ્યાન મલ્લિકાએ પણ પાટણ જવાની ભૂમિકા રચી રાખી હતી. તેને એક વાર સ્વપ્નમાં આવી તેની માતાએ પાટણમાં નીલકંઠ સમીપે નૃત્ય કરવા જવાની અને પોતાનું બાકી રહેલું ઋણ પૂરું કરવાની આજ્ઞા કરી હતી ! એ સ્વપ્નદર્શનની વાત મહાકાળેશ્વરના મહંતની પાસે પ્રકટ કર્યા પૂર્વે તેણે નિરુત્સાહ, ઉદાસીનતા, વિચાર-વિવશતા, ભોજન પ્રતિ અરુચિ, અનિદ્રા ઇત્યાદિનાં નાટકો ભજવ્યાં હતાં અને છેવટે પાટણ જવાની મહંતની આજ્ઞા મેળવી હતી. મહંતે મંદિરના સાજિંદાઓને મોકલવાની પણ હા કહી હતી.

પરન્તુ એ લાંબા પ્રવાસ માટે પુષ્કળ સામગ્રી જોઇએ તેનું શું?

પ્રવાસમાંથી પાછા ફર્યાં પછી ચંડે મહંત પાસેથી મલ્લિકાની મનોભાવનાની વાત સાંભળી અને તેણે સિંધુરાજને કહ્યું: "એ બિચારી નર્તિકાને પોતાની માતાની ઋણમુક્તિ માટે યાત્રા કરવી છે તો તેને સહાય કરવી જોઇએ અને જોઇતી સામગ્રી મહારાજે આપવી જોઇએ. મહંતની ઇચ્છા છે કે મહાકાળેશ્વરની નર્તિકા પરરાજ્યમાં યાત્રાર્થે જાય તો થોડા અંગરક્ષકોએ અને મારા જેવાએ સાથે પણ જવું જોઇએ, પરન્તુ આપની આજ્ઞા થાય તો જ તેમ બને." અને સિંધુરાજે ચંડની વિનંતિ માન્ય રાખી એટલે ચંડ તથા મલ્લિકાની યોજનાને પાંખો ફૂટી.

ચંડ મલ્લિકાની સાથે છદ્મવેશે પાટણ ગયો હતો અને મલ્લિકાએ પાટણમાં જે જે સ્વાંગો સજ્યા હતા તે બધા ચંડના ચાતુર્યના જ પરિણામ રૂપ હતા. યોજના ધાર્યા માર્ગથી બીજે માર્ગે ચડી જાય ત્યારે શું કરવું જોઇએ તેની સમજ મલ્લિકાને ન પડે, ત્યાં આગળ ચંડનું બુદ્ધિકૌશલ્ય આબાદ કામ કરી આપતું. અને એ ચતુર-ચતુરીએ પોતાના ષડ્યંત્રની ગંધ સાજિંદાઓને કે અંગરક્ષકોને પણ આવવા દીધી નહોતી.

આ ચોરી આટલી વહેલી ખુલ્લી પડી જશે તે ચંડ અને મલ્લિકાની કલ્પના બહાર હતું. તેઓ માનતાં હતાં કે સાચા નીલકંઠને સ્થાને કાચનો પિંડ હોવાની વાત વર્ષોસુધી કોઇ જાણી શકશે નહિ, પરન્તુ એ માન્યતા ખોટી પડી હતી. એ દિવસમાં જ ચોરી પકડાઇ ગઇ હતી અને ત્યારપછી ત્રણેક મહીનામાં તો એ વાત ઠેઠ ભોજરાજાને કાને પણ પહોંચી ગઇ હતી.

પણ એથી ઉદ્‌ભવેલી મલ્લિકાની ચિંતા ચંડે ક્ષણ માત્રમાં ટાળી દીધી.

(૪)

મલ્લિકાના મ્લાન વદન ઉપર પાછી આનંદની સુરખી ચડી આવી. ભોજરાજા ધારા છોડીને તુરતમાં ઉજ્જન જાય એવું કાંઈ દેખાતું નહોતું, તેથી ચંડ પણ ધારામાં જ રહ્યો હતો; એટલે મલ્લિકાને હવે ધારા છોડવું ગમતું નહોતું. પણ વધુ વખત માંદગીને બહાને ત્યાં રોકાઇ રહીને મહંતની આજ્ઞાની અવગણના કરવી એ અનુચિત હતું. તે આજ જઉં–કાલ જઉં–ના વિચારોમાં જ દિવસો ગાળતી હતી.

એટલામાં એક દિવસ મલ્લિકાને ભોજરાજાનું તેડું આવ્યું. તે મનમાં જરા ગૂંચવાઇ, પણ ગભરાઇ નહિ. એવા તેડાની ગણતરી તેણે કરી રાખી જ હતી.

ભોજે મલ્લિકાને તે પાટણમાંથી નીલકંઠ ચોરી લાવી હોવાની વાત સીધી રીતે જ પૂછી અને મલ્લિકાએ પણ તેનો સીધો જવાબ આપ્યો કે એ બાણ પોતે ચંડશર્માને સોંપ્યું છે.

ભોજે પૂછ્યું: "તો ચંડશર્માએ એ બાણ અમને જ આપવું જોઇએ ને?"

"હા, મહારાજ!"

"પણ તેણે તેમ કર્યું નથી અને એ વાત પણ તેણે અમને કહી નથી, તેનું કારણ શું?"

"તે તો એમને પૂછી જુઓ, મહારાજ!"

"ઠી...ક, પણ અમારી આજ્ઞા વિના તારે ધારા છોડવાનું નથી."

"જેવી આજ્ઞા, મહારાજ!"

"અને અમે તને આ વાત પૂછી છે તે પણ તારે કોઇને કહેવાનું નથી, ચંડશર્માને પણ નહિ, સમજી?"

"હા, મહારાજ!"

મલ્લિકાને જાણે પોતા ઉપરનો એક મોટો ભાર ઊતરી ગયો હોય તેમ લાગ્યું. ધારા નહિ છોડવાની રાજાએ આજ્ઞા કરી હતી, પરન્તુ તે આજ્ઞાની પાછળ રાજાની ઇચ્છા પોતાને દંડવાની કે સજા કરવાની હોય એમ તેને રાજાના સૌજન્યશીલ વર્તન પરથી અને તે વખતની તેની શાન્ત–કોમળ મુખમુદ્રા પરથી લાગ્યું નહિ.

ચંડશર્માએ જ્યારે જાણ્યું કે રાજાએ મલ્લિકાને પોતાની પાસે બોલાવી મંગાવી હતી, ત્યારે તુરત તે મલ્લિકા પાસે આવ્યો રાજાની મનાઇ હોવા છતાં રાજા સાથે થએલી વાતચીત મલ્લિકા પોતાના પ્રેમિકથી છૂપી રાખી શકી નહિ.

ચંડશર્માએ હસીને કહ્યું: "કશી ફીકર નહિ; તને બોલાવી, તેમ મને પણ રાજા બોલાવશે ને?"

"હા, પણ તમે રાજાને મળો ત્યારે મેં તમને આ વાત કહી છે તે તેમને ન કહેશો!" મલ્લિકાએ ભીતિ દાખવતાં કહ્યું.

"તેની ચિંતા તું ન કરીશ, મલ્લિકા! માની લે કે તેં મને કહ્યું નથી, મેં કશું જાણ્યું નથી અને રાજા બોલાવે નહિ ત્યાંસુધી હું તેમની પાસે જવાનો પણ નથી, પછી શું?"

મલ્લિકાએ પૂછ્યું: "તમને રાજાજીનો કશો ડર નથી લાગતો?"

"ડર શાનો? નીલકંઠના ઉપાસકને વળી ડર શો? અને રાજાજી પૂછશે તો હું કશી વાત છુપાવવાનો નથી, પછી તે મારે માથે શો અપરાધનો આરોપ મૂકવાના છે?"

"તમે આજસુધી તો નીલકંઠની વાત છુપાવી ને?" મલ્લિકાએ જાણે રાજાની વતી દલીલ કરી.

"તેનો જવાબ મારી પાસે એવો છે કે તે સાંભળીને રાજાજી મારા પર પ્રસન્ન થશે!" એમ કહી મલ્લિકાની આંખોમાં પોતાની પરાક્રમશીલતાનું અંજન આંજી તે ખુશ થતો ચાલ્યો ગયો.

પ્રકરણ ૨

ચિત્રકાર કૌશિક

(૧)

મલ્લિકા ચંડને મદભરી ચાલે ચાલ્યો જતો બારીમાં ઊભી ઊભી વિસ્મિત નયને જોઈ રહી.

તે ત્યાં હજી ઊભી જ હતી, એટલામાં એક યુવકને તેણે બહારથી શિવાલયના પ્રાંગણ તરફ આવતો જોયો. તેને એક ખભે કામળી હતી, બીજે ખભે સામાનથી ફૂલી ગએલો ખડિયો હતો, એક હાથમાં દોરી-લોટો હતો અને બીજા હાથમાં લાકડી હતી. તે કોઇ પ્રવાસી કે યાત્રાળુ દેખાતો હતો.

પ્રાંગણની વચ્ચે આવીને તે થોભ્યો અને આસપાસ જોવા લાગ્યો. એટલામાં તો બારીમાં ઊભેલી મલ્લિકા ઉપર તેની દૃષ્ટિ પડી અને તેની તરફ જ જાણે આકર્ષાયો હોય એમ તે તત્ક્ષણ ચાલ્યો આવ્યો.

તે પત્થરની સીઢીનાં પગથિયાં ચડીને ઉપર આવ્યો અને મલ્લિકાની સમીપે જ ડગલાં ભરીને તેની નિકટ પહોંચતાં ખભા પરનો ને હાથમાંનો સામાન નીચે મૂકી પ્રસન્ન વદને હાથ જોડતો બોલ્યો: "મૈયા ! તમે જ મહાકાળેશ્વરનાં નર્તિકા મલ્લિકાદેવી છો, નહિ ?"

"ખરી વાત, પણ તમે કોણ ? હું તમને પિછાણતી નથી."

"મારા જેવા એક ગરીબ છોકરાને તમે ક્યાંથી પિછાણો ? પણ હું તમને પિછાણું છું. પાટણનો કોઇ પ્રજાજન એવો નથી કે જે તમને-તમારી નૃત્યકળાને ન પિછાણતો હોય !"

મલ્લિકા જરા ચમકી. એ જુવાન પાટણનો છે એમ જાણતાં તેણે સંકોચ અનુભવ્યો. પોતે પાટણનો છે એમ કહેનાર ગુજરાતનો

ગુપ્તચર તો શાનો હોય ? તે એ બાવીસ–ત્રેવીસ વર્ષની વયના દેખાતા રૂપાળા જુવાનનું મ્હોં ક્ષણભર જોઇ રહી, તેનું હાર્દ કળવા યત્ન કરી રહી, પણ તેને કશો તાગ લાગ્યો નહિ. તેણે પૂછ્યું : " હં, ત્યારે તમે પાટણના છો કે ? હું પાટણ આવી હતી, નીલકંઠ મહાદેવ સમક્ષ મેં કરેલું નૃત્ય તમે જોયું હોય એમ લાગે છે."

કાંઈક પ્રસન્નતા, કાંઇક લજ્જા, કાંઇક પ્રથમ પરિચયનો સંકોચ અને કાંઇક વિનય તથા નમ્રતાને વશ થઇને તેણે નીચું જોઇને કહ્યું: "હા, દેવિ ! મેં તમારું નૃત્ય જોએલું, એટલું જ નહિ પણ તે વખતે તમારું નૃત્ય અધૂરું રહ્યું તે માટેનો દોષિત હું છું."

"એટલે ?" મલ્લિકાએ જિજ્ઞાસા દાખવતાં પૂછ્યું : "તમે શું કહો છો તે હું સમજી નહિ."

"એટલે કે કોઇએ તમારા નૃત્યને અભિનંદતાં તમારી પર પુષ્પવૃષ્ટિ કરેલી અને તેથી ચામુંડરાજે ક્રોધાન્વિત થઇને નૃત્ય બંધ કરાવ્યું, તે પુષ્પવૃષ્ટિ કરનાર હું જ હતો !" યુવકે કહ્યું.

"ઓહો !...તમે તમારી જાતને શામાટે દોષિત માનો છો તે હવે હું સમજી ! હા, એ પુષ્પવૃષ્ટિને કારણે જ મારું નૃત્ય તે વખતે બંધ રહ્યું અને એ અધૂરી રહેલી નૃત્યપૂજા પૂરી કરવાનો પછી યોગ જ આવ્યો નહિ; પણ...પણ...તમે તો મારા નૃત્યની પ્રશંસા કરવા માટે જ તેમ કર્યું ને ! બીજા કોઈને મન એ દોષ વસતો હશે, હું એને દોષ માનતી નથી."

મલ્લિકાને પોતાની કલાના એ મૂગા પ્રશંસકને મળવાથી આનંદ થયો અને તેથી તેનું હૃદય ઉત્તેજિત બન્યું. તે આગળ બોલી: "અને સાચું કહું તો હું નૃત્યપૂજા અધૂરી રહેવાથી નાસીપાસ તો થઈ હતી, પરન્તુ એ પુષ્પવૃષ્ટિ કરનાર ઉપર હું આજસુધી પણ જરાએ ગુસ્સે થઇ નથી કે તેનો મેં દોષ માન્યો નથી.

"બસ, એ જ જાણવાની મને અભિલાષા હતી. તમારા નૃત્યના પ્રશંસકના મનોભાવને પિછાણીને તમે તેની આટલી કદર કરો છો,

તેથી મારો લાંબા પ્રવાસનો થાક જાણે ઊતરી ગયો હોય એમ અત્યારે મને લાગે છે...દેવિ! તે માટે હું તમને શોધવા બે-અઢી માસથી ભમું છું. પાટણથી હું ઉજ્જન તરફ જવા નીકળ્યો, એટલામાં લડાઈ જાગી, ઉજ્જનમાં તમે નથી–ધારામાં છો એમ જાણીને હું અહીં આવ્યો, પરન્તુ ભય રહેતો હતો કે અહીં ય તમે નહિ મળો, કારણકે મહાકાળેશ્વરની નર્તિકાઓ તો ધારાથી પાછી ઉજ્જન જતી રહી એમ મેં માર્ગમાં સાંભળ્યું હતું. પરન્તુ ભગવાન રુદ્રની જ એ કૃપા હશે કે તમે એકલાં અહીં થોભ્યાં છો–મારી યાત્રાની સફળતા માટે ભગવાને જ એવો સંકેત રચ્યો હશે!"

મલ્લિકાને ખૂબ આશ્ચર્ય થયું. શું પોતાને મળવા માટે જ આ જુવાન ઠેઠ પાટણથી ભટકતો-ભટકતો અહીં આવ્યો હશે? તેણે પૂછ્યું: "શું ખરેખર, તમે મને મળવા જ અહીંસુધી આવ્યા છો?"

"હા, દેવિ!"

મલ્લિકા મૂગી મૂગી એને ક્ષણભર નિહાળી રહી. તેણે પૂછ્યું: "તમે કોણ છો? શું કરો છો?"

"હું એક ગરીબ બ્રાહ્મણપુત્ર છું, શિખાઉ ચિત્રકાર છું."

"તમારું નામ?"

"કૌશિક."

"તમને મળીને મને આનંદ થયો હોં! મારી કળાને પિછાણુ-નાર તમારા જેવાને મળીને મને કેમ આનંદ ન થાય?"

"પણ મારા આનંદનો તો પાર નથી, દેવિ! અત્યારે સાંઝ પડવા આવી છે; કહો તો રાત્રે અને નહિ તો પછી સવારે હું તમને મળું. આ ધર્મશાળામાં જ હું મારા નિવાસ માટે કોઇ સ્થાન શોધી લઇશ."

"અસ્તુ, ત્યારે સવારે જ મળજો ને; તમારી પાસે કાંઇ ચિત્રો પણ હશે; રાત્રે તે જોવાનું નહિ ફાવે."

"તમે એ સાચું કહ્યું."

કૌશિકનો આનંદ ખરેખર અપરંપાર હતો. લાંબા અને કંટાળા-ભરેલા પ્રવાસ પછી તે મલ્લિકાને મળી શકયો હતો અને તે એક નમ્ર તથા વિનયી સુંદરી હતી તેથી તેના પ્રવાસનો હેતુ જાણે અર્ધો પાર પડી ગયો હોય એમ તેને લાગતું હતું.

(૨)

જુવાન કૌશિકે ચિત્રકલાની સાધના માટે પોતાના એ ટૂંકા જીવનનાં ય અર્ધાં વર્ષો ખર્ચ્યાં હતાં એમ કહીએ તો ચાલે. તેનો પિતા મૃત્યુ પામ્યો ત્યારે તે માત્ર દસબાર વર્ષની વયનો હતો, પરંતુ ત્યારપછી પોતાનું અને વિધવા માતાનું પેટ ભરવા માટે કાંઇ કામધંધો કર્યા વિના ચાલે તેમ નહોતું, તેથી તે વધુ ભણી શકયો નહિ. તે વખતે મૂળરાજદેવે બંધાવેલાં મંદિરોને શણગારવાનું કામ ચામુંડ કરાવી રહ્યો હતો તેમાં તેને એક કારીગરનું અંગત કામ કરવાની ચાકરી મળી. તેનો આખો દિવસ કારીગરને રંગ ઘોળી આપવામાં જ જતો.

કૌશિકની દૃષ્ટિને એ કલાના સૌંદર્યતત્ત્વને પારખતાં શીખ-વાની તક તેથી સાંપડી, અથવા તો નિસર્ગે તેને આપેલી એ દૃષ્ટિને જાગ્રત થવાનો–પાંગરવાનો તેમાં અવકાશ મળ્યો. ચિત્રકારો મંદિરો કે હવેલીઓની ભીંતો ઉપર રંગીન પૂતળીઓ દોરતા, પશુઓ અને પંખીઓનાં ચિત્રો આલેખતા, કોઇમાં યુદ્ધનો તો કોઇમાં સવારીનો દેખાવ ઉતારતા; એ બધાંમાં તેઓની પરંપરાગત રંગકલા કે રેખાંકન ઊતરતાં. કૌશિક રંગ ઘૂંટતો ઘૂંટતો જ્યારે એ ચિત્રોને દોરાતાં જોતો ત્યારે તેને લાગતું કે આ ચિત્રો રમકડાં જેવાં કેમ લાગતાં હશે? તેણે પત્થર પર કોયલાથી અને ખડીથી પોપટ દોર્યો, મોર દોર્યો, માણસ દોર્યો અને તેના રેખાંકનમાં કારીગરને કાંઇક નવી-નતા લાગી. કૌશિક મંદિરમાંની શિલ્પાકૃતિઓને રેખાઓમાં ઉતારવા લાગ્યો અને કારીગર તેથી પ્રસન્ન થઈ તેને પોતાનું કામ શીખવવા લાગ્યો. કૌશિક સોળેક વર્ષની વયે પહોંચ્યો ત્યારે તે પોતાની દૃષ્ટિએ

પડે તેવી કોઇ પણ વસ્તુ, પશુ–પંખી કે માણસની હુબહૂ પ્રતિકૃતિ દોરતાં શીખી ગયો. પ્રાણીઓની સજીવતાને તે રંગ તથા રેખાઓમાં ઉતારતો અને એનાં ચિત્રો જડસરખાં નહિ પણ સચેતન દેખાતાં. વૃદ્ધ તથા અનુભવી ચિત્રકારો તથા શિલ્પકારો પણ તેની પ્રશંસા કરવા લાગ્યા. કેટલાક શિલ્પકારો તો પોતાની શિલ્પાકૃતિઓને માટે પહેલાં કૌશિક પાસે રેખાંકન કરાવીને પછી પત્થર કે કાષ્ટમાં એ રેખાંકનને ઉતારવા મથતા; અને તેઓ જોતા કે એવી આકૃતિઓ મંદિરના થાંભલાની, છજ્જાની, ગોખની કે ઘુમટની રોનક બદલાવી નાંખનારી નીવડતી.

આટલી ચિત્રસાધના કૌશિકનું ઠીક–ઠીક પોષણ કરી શકતી, બહુ ધન મેળવી આપતી નહિ, પરન્તુ કલાનો આનંદ તે ખૂબ માણી શકતો. પ્રત્યેક પ્રાણી કે પદાર્થને તે કલાની આંખે જોતો, તેમાં રહેલું કલાતત્ત્વ ચિત્રપાટી પર કે વસ્ત્રપટ પર તે છતું કરતો, અને પછી તેને પ્રસન્નતાથી જોઇ રહેતો. કોઇ વાર તેની કલાની આંખને કોઈ સૌંદર્યદર્શન થતું, તે તેના ચિત્તમાં જડાઈ જતું અને ચિત્તભૂમિ પરથી એ સૌંદર્યને ચિત્રપાટી પર મૂકી અભિનવાનંદને તે અનુભવતો. તે વખતે એ સુંદર વસ્તુ ઘડનાર વિશ્વકર્માનો સર્જનાનંદ કૌશિક ચિત્રકારનો બનતો.

કૌશિકની માતા તેને પરણવાનો આગ્રહ કર્યા કરતી હતી, પરન્તુ કૌશિક પરણવાની ના કહેતો હતો. સ્ત્રી એ બ્રહ્માની સૃષ્ટિનું આકર્ષક માનવપ્રાણી છે એ કૌશિકને સમજાતું નહોતું. સ્ત્રીનાં અંગોપાંગ તે આલેખી જાણતો હતો, પરન્તુ એની મનોહરતા કૌશિકની આંખને અવગત થઈ નહોતી. સ્ત્રીના વદન ઉપરની રેખાનો પલટો તેના કયા મનોભાવની સાથે સંબંધ ધરાવે છે તે તેના અનુભવનો વિષય નહોતો. પાટણની બધા વર્ગોની સ્ત્રીઓ તેણે જોઇ હતી, મેળાઓમાં સ્ત્રીઓની મેદનીઓ મળતી તેણે નિરખી હતી, રાજમહાલયમાં અને દેવમંદિરોમાં થતાં નૃત્યો તેણે જોયાં હતાં, પરન્તુ

સ્ત્રીના અંગભંગમાં અને પલટાતી વદનરેખાઓમાં જે ભાવસૌંદર્ય છે તે તેના નૈસર્ગિક દેહસૌંદર્ય કરતાં અનેરું છે એ તેને પહેલી જ વાર સમજાયું મલ્લિકાના નૃત્યનું દર્શન કરતી વખતે.

"ગૌરી ગોપવતી પતિથી મનના ભાવો" છતાં "મુદે અંતરે" એ ભાવસૂચક મલ્લિકાનો અંગભંગ અને એ જ ભાવ દર્શાવનારી રેખાઓ તેના વદન પર ઊપસેલી જ્યારે કૌશિકે જોઈ ત્યારે તેણે અપૂર્વ ઉલ્લાસ અને રોમાંચ અનુભવ્યા. તે ક્ષણે તેને જે અલૌકિક સૌંદર્યદૃષ્ટિ લાધી તેથી તે મુગ્ધ બની ગયો, ક્ષણભર ભાન ભૂલી ગયો, આવેશમાં આવી ગયો અને તેણે બાજુએ લટકતા ફૂલના તોરણને તોડી લઇ તે ફૂલોથી ભરેલી મૂઠી મલ્લિકા પર ફેંકી!

તત્ક્ષણ નૃત્ય બંધ કરવાની આજ્ઞા કરતી ચામુંડની ગર્જના તેણે સાંભળી, તેથી તે ભાનમાં આવ્યો, ભાને તેને ભયભીત બનાવ્યો, ભયે તેના અંતરના આનંદને ક્ષણભર કુંઠિત કર્યો અને તે ક્ષણે તે ત્યાંથી નાસી ગયો.

મલ્લિકાના પુનઃદર્શનની ઝંખના તેના અંતરમાં જાગી હતી. પુનઃ એવું નૃત્ય થાય અને તેના દર્શનનો આનંદ પોતે લૂંટી શકે તે માટે તે ભગવાનને પ્રાર્થતો હતો.

મલ્લિકાનું અધૂરું રહેલું નૃત્ય પૂરું થશે એવી વાતો સાંભળીને તે આનંદ અનુભવતો, પરન્તુ તે ક્યારે થશે એવી અધીરાઇથી તે અસ્વસ્થ બની જતો. એટલામાં તો તેણે જાણ્યું કે મલ્લિકા ચાલી ગઈ છે, અને તે નિરાશ બની ગયો.

એ નિરાશાના માનસિક અંધકારમાં તેણે મલ્લિકાનું ચિત્ર આલેખવા માંડયું. સ્વચિત્તમાં છપાઇ ગએલી એકેએક રેખા તેને એ ચિત્રમાં ઉતારવી હતી. તે માટેના મથનમાં તેણે કેટલાંય ચિત્રપટો બગાડયાં અને ફાડી નાંખ્યાં. છેવટે એક ચિત્ર તેણે તૈયાર તો કર્યું પણ તેને સંતોષ ન થયો. "જે સૌંદર્ય નૃત્યસમયે મલ્લિકાની દેહ-

યષ્ટિના અણુઅણુમાંથી પ્રસ્ફુટ થઇ રહ્યું હતું તે સૌંદર્ય આ ચિત્રમાં ક્યાં છે ?" એમ તે પોતાના મનને પૂછતો અને નિરાશ થતો.

એ જ ચિત્રનું ધ્યાન ધરીને તે તેને સુધારવા મથતો. ચિત્રને પૂર્ણતાએ પહોંચાડવાની આશાથી એક નવીન રેખા કે રંગનું એક ટપકું ઉમેરીને તે જોઇ રહેતો, પરંતુ તેની આશા પૂર્ણ થતી લાગતી નહિ અને તે ઉદાસ ભાવે ચિત્રનું ધ્યાન ધરીને બેસી રહેતો.

ચિત્તમાં વસેલું મલ્લિકાનું દેહલાવણ્ય અને ભાવસૌંદર્ય ચિત્રમાં ઉતારવાના એટલા મથન પછી પણ તેને સંતોષ થયો નહિ. ચિત્રનું ધ્યાન ધરતાં જાણે તે ત્રાટક રચતો, પરન્તુ એ દશામાંય તેના ચિત્તમાંની સૌંદર્યમૂર્તિ તરફ તેનું ધ્યાન વળી જતું અને ચિત્રમાંની ઊણપો સાલ્યા કરતી.

એ નિરાશાના અંધકારાર્ણવમાં આશાનું એક કિરણ તેને સતત આકર્ષી રહ્યું હતું: એ કિરણ મલ્લિકાના પુનઃદર્શનનું. એ દર્શનથી જ તેની આશા પૂરી થઈ શકે તેમ હતું, નિજ સૌંદર્યદૃષ્ટિને નવું ભોજન મળી શકે તેમ હતું. દિવસો ગયા છતાં એ કિરણ હોલવાયું નહિ, પણ વિશેષ પ્રદીપ્ત થઇ કૌશિકને વધુ ને વધુ ખેંચવા લાગ્યું. તે મુગ્ધતામાંથી મત્તતામાં સરવા લાગ્યો અને મત્ત દશામાં એક વાર માતાને અવગણી, ઘર છોડી, મલ્લિકાને શોધવા ઠેરઠેર ભટકવા નીકળી પડ્યો. છેવટે ધારામાં મલ્લિકાનું દર્શન કરવાનું સુભાગ્ય તેને પ્રાપ્ત થયું હતું.

(૩)

જેના પુનર્મિલન અને દર્શનને કૌશિક રાતદિવસ ઝંખ્યા કરતો હતો તે નર્તિકા મલ્લિકાનું સાંનિધ્ય કૌશિકને આનંદમાં ગરકાવ બનાવી રહ્યું હતું. માત્ર એક રાત્રિ જ આડી હતી અને તે તેને મળી પોતાનું ચિત્ર બતાવવાનો હતો તથા પોતાની ઝંખના અને અભિલાષા વ્યક્ત કરવાનો હતો. એ આનંદાવેશમાં તેણે સુખસ્વપ્નો-ભરી નિદ્રા માણી.

પ્રભાત થયું એટલે નિત્યકર્મથી પરવારી કૌશિક મલ્લિકાની સમીપે ઉપસ્થિત થયો. મલ્લિકાએ તેને આંખોથી આવકાર્યો અને પોતાની સમીપે પડેલા એક દર્ભાસન પર બેસવા ઇશારત કરી. એ આવકાર અને એ ઇશારતમાંય એનાં નેત્રાના સૌંદર્યનો જાણે ધોધ વહી નીકળ્યો.

"દેવિ!" કૌશિકે શરુઆત કરી: "મેં તમારું એક ચિત્ર દોર્યું છે."

"હું એમ ધારતી જ હતી." મલ્લિકાએ સસ્મિત કહ્યું.

ખડિયામાંથી કૌશિકે વસ્ત્રમાં કાળજીથી લપેટેલું એક ટીપણું કાઢયું, તે છોડયું, ચિત્રપટ ઉખેળ્યું અને મલ્લિકાના હાથમાં આપ્યું.

મલ્લિકાની આંખો એ ચિત્ર જોતાં જ પ્રશંસાથી હસી રહી. જે ક્ષણે પોતા પર પુષ્પની અંજલિ ફેંકાઇ તે ક્ષણે પોતે જે નૃત્ય કરી રહી હતી, તે સમયનો જ અંગમરોડ, તે જ સમયની કરાંગુલિઓની મુદ્રા, તે જ ભાવ દર્શાવનારી વદનરેખાઓ, અને તે જ મુદ્રા દાખવતાં નેત્રોને તે પિછાણી ગઇ અને મુગ્ધ ભાવે ચિત્રને જોઇ જ રહી.

મલ્લિકાએ ધારણ કરેલો પુષ્પશણગાર ચિત્રમાં જરાએ ક્ષતિ વિના પૂરેપૂરો આલેખાયો હતો. પહેરેલા વસ્ત્રનું આંદોલન યથાર્થ રીતે અંકિત થયું હતું. વસ્ત્રોનો રંગ પૂરવામાં જરાએ ત્રુટિ રહેવા પામી નહોતી.

પોતાની તે સમયની છબીને ચિત્તમાં છાપી લઇ, એકેકેએક ભાવસૂચક રેખાને સંગ્રહી રાખી, તેને ચિત્રમાં હુબહૂ રીતે ઉતારનાર એ જુવાન ચિત્રકાર કોઇ સાધારણ કલાકાર ન હોય, એવી પ્રતીતિ ઉપજતાં મલ્લિકાને વિચાર થઇ પડ્યો કે "હું કયા શબ્દોમાં આ ચિત્રની અને તેના કલાકારની પ્રશંસા કરું?"

ચિત્રના દર્શનમાં, તેની ખૂબી વિચારવામાં અને કૃતજ્ઞતાસૂચક શબ્દોની શોધમાં મલ્લિકા કેટલોય વખત દત્તચિત્ત બનીને મૂગી બેસી રહી. ચિત્રને હાથમાંથી હેઠું મૂકવાનું તેને મન થતું નહોતું. આ

કલાકારને કાંઇ પુરસ્કાર આપવા જેવું પોતા પાસે કશું નથી એ વિચાર તેને મૂંઝવતો હતો.

છેવટે ચિત્ર પરથી દૃષ્ટિને પાછી ખેંચી તેણે કૌશિકની સામે જોયું. તે આશ્ચર્યથી જોઇ રહી કે કૌશિક તે ક્ષણની પોતાની આકૃતિને બીજા કોરા વસ્ત્રપટમાં ઉતારી રહ્યો છે!

મલ્લિકા જોઇ રહી કે કૌશિકની આંખોમાંથી ફૂટતા તેજનાં ચંચલ કિરણો પોતાના દેહ અને વસ્ત્રપટની વચ્ચે દોડાદોડી કરી રહ્યાં છે. બહારની દુનિયાના સ્વલ્પ પણ ભાન વિના તે રેખાઓ દોરી રહ્યો છે. કૌશિકની કલાસમાધિ જોઇને મલ્લિકા ઉન્મત્તશી બની ગઇ અને પોતાના હાથમાંનું ચિત્ર બાજુએ ફેંકી દેતાં ઊછળીને તેણે કૌશિકને બાથમાં લેતાં તેનાં નેત્રોને ચુંબનથી વધાવ્યાં!

કૌશિક સ્તબ્ધ બની ગયો. તેનો હાથ સ્થિર થઇ ગયો. વદનને પાછું લેતી મલ્લિકાની આંખોમાંથી તેણે અમૃત દ્રવતું જોયું.

"કૌશિક!"

"દેવિ!"

"તારી કલા ઉપર પ્રસન્ન થએલી મારા જેવી દીન નર્તિકા તને બીજું કશું આપવા અસમર્થ છે."

"એમ ન કહે મલ્લિકા! તારી પાસે અખૂટ ભંડાર ભર્યો છે."

"તને કઇ અભિલાષા અહીંસુધી દોરી લાવી છે, કૌશિક?"

"માત્ર એક જ અભિલાષા આ જીવનની છે: તારો દાસ બનીને તારી સમીપે નિત્યમેવ રહેવાની."

"ચિત્રકાર! હું મહાકાળેશ્વરની નર્તિકા છું તે તું જાણે છે?"

"હા, જાણું છું: એ નર્તિકાનું દાસ્ય મારી પ્રતિષ્ઠાની હાનિ કરશે તેની મને ખબર છે: પરન્તુ મારી કલાને નિત્ય-નિત્ય નવું ભોજન આપવાની અખૂટ સામગ્રી તારી પાસે જ છે. દેવિ! પ્રસન્ન થઇને મારી એ અભિલાષા તું પૂરી કર!"

મલ્લિકા ઊંડા વિચારમાં પડી ગઇ. તે અનિમેષ નયને કૌશિકને નિહાળી રહી. તેની આંખોમાં વિકારનો અણુ પણ નહોતો, તૃપ્તિને ઝંખી રહેલું આર્જવ માત્ર હતું. પોતાની પ્રસન્નતા માટેની આશાથી આતુર બનેલી કૌશિકની આંખો મલ્લિકા કેટલીય ક્ષણો સુધી નિહાળી રહી અને તેણે એક ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

"મલ્લિકા! તારો નિઃશ્વાસ મારી આશાને ભડભડ બાળી રહ્યો છે......તારી પ્રસન્નતાના અમૃતબિંદુ માટે હું તલસી રહ્યો છું......કલાસાધના દ્વારા જે મુક્તિની પ્રાપ્તિને હું ઝંખી રહ્યો છું તેનું અધિષ્ઠાન તું જ છે, દેવિ!"

"કૌશિક! મારા જેવી ક્ષુદ્ર માનવનર્તિકામાં તું એવું શું જોઇ રહ્યો છે? મારી પ્રત્યેની તારી ભક્તિથી તારું શું કલ્યાણ થવાનું છે! તારા જેવા અલૌકિક કલાકારને દાસ તરીકે સ્વીકારી હું પાપમાં કેમ પડું?"

"એ પાપ હોય, તોય મારા ઉદ્ધાર માટે તે કરવાની હું તને વિનંતિ કરું છું. પરન્તુ એ પાપ નથી, હું તને પાપની દિશામાં દોરવાની ભાવનાથી તારું દાસ્ય ગ્રહણ કરવા ઇચ્છતો નથી. મારું કલ્પનાજીવન તારા સાંનિધ્યને શોધતું આવ્યું છે, તેને તું તુચ્છકાર નહિ!"

મલ્લિકા પુનઃ વિચારમાં પડી ગઇ. તેને પોતાની જાત ઉપર જાણે તિરસ્કાર આવતો હોય તેમ કેટલીય વાર તેની ભ્રૂકુટી સંકોચાઇ. કેટલીક વારે તે વિચાર કરીને બોલી: "કૌશિક! થોડા દિવસ ભલે તું અહીં રહે. હું મહાકાળેશ્વર પાછી જવાની છું, ત્યારે તું મારી સાથે આવજે......પછી......હા, પછી હું તારી માંગણીનો છેલ્લો જવાબ આપીશ."

"અસ્તુ! તારી એટલી પ્રસન્નતાથીય હું કૃતાર્થ છું."

પ્રકરણ ૩

▲ ▲

ભોજરાજા અને ચંડશર્મા

▲

(૧)

પુરાણકથાન્તર્ગત ચંદ્રસેન રાજા પાસે જેવું નીલકંઠનું બાણ હતું, તેવું જ બાણ પોતા પાસે આવ્યા પછી જે ચમત્કારો એ બાણના પ્રભાવથી થએલા ચંડશર્માએ જોયા હતા તેથી તેના ઉત્સાહ અને આનંદનો પાર રહ્યો નહોતો.

એ બાણ મહાદેવના મંદિરમાંથી મલ્લિકાએ ઉપાડી લાવીને તેને આપ્યું, તે ક્ષણથી ચંડશર્માએ ચમત્કારો જોવા માંડ્યા હતા. પહેલાં તો ચોરીની રાત્રિએ જ સહીસલામત રીતે પાટણમાંથી તે નીકળી ગયો, કોઇને ખબર પડી નહિ, એટલું જ નહિ પણ પોતાની પાછળ પડવાની કોઇને મતિ સૂઝી નહિ, સૂઝી હોય તો કોઇ આવી શક્યું નહિ અને પોતે માળવાની હદમાં સલામત પહોંચી ગયો, એવા પોતાના વિજયમાં એ નીલકંઠના બાણનો કાંઇ ઓછો પ્રાભાવિક હિસ્સો નહોતો!

ચંડશર્માનો બીજો વિજય થયો હતો ચામુંડને લૂંટીને પાછો કાઢવામાં. ચામુંડને મળ્યા પછી સિંધુરાજ સમીપે એ પ્રસંગનું જે નિવેદન ચંડશર્માએ કર્યું હતું અને પછી જે સલાહ આપી હતી તેને અનુસરીને સિંધુરાજે ચામુંડની સામે સેના મોકલવાની આજ્ઞા કરી હતી; એ સેનાએ ચામુંડને લૂંટી, તેનાં રાજચિહ્નો કબજે કરી, તેને હાડ-હાડ થતો પાછો કાઢ્યો હતો; એ વિજયમાં પણ નીલકંઠના બાણનો પ્રભાવ હતો, એ વિષે ચંડશર્માને જરાએ શંકા નહોતી.

અને ત્યારપછીના નીલકંઠના બાણના પ્રભાવની કથા ભોજ-રાજા સમીપે કહી સંભળાવવાને ચંડશર્મા કેવો આતુર બની ગયો

હતો ! જ્યાંસુધી રાજા પોતાને બોલાવે નહિ ત્યાંસુધી પોતે તેની પાસે જઈ શકે કેવી રીતે ? આજે ભોજરાજાએ તેને બોલાવ્યો હતો અને તે રાજમહાલયમાં આવીને રાજાના મંત્રણાખંડની બહાર અંગરક્ષકની પાસે બેઠોબેઠો નીલકંઠના પ્રભાવે નિકટ આવી રહેલા પોતાના ઉજ્જવલ ભાવિના મનોરથો દોડાવી રહ્યો હતો.

મંત્રણાખંડમાંથી સાંધિવિગ્રહિક સોમશર્માને બહાર નીકળતા જોઇને ચંડશર્માએ કતરાતી દૃષ્ટિ કરી. એ વૃદ્ધ બ્રાહ્મણને હવે ઘેર બેસાડીને રાજા પોતાને તેની પદવી આપે એવી આકાંક્ષા તે કેટલાક વખતથી સેવ્યા કરતો હતો. સિંધુરાજના સમયમાં તેની આશા ફળી નહોતી, પરન્તુ નવા રાજાના સમયમાં એ તક હવે આવી છે એમ તેને લાગતું હતું. અને નીલકંઠના પ્રભાવથી પોતાની એ આશા ફળશે એ વિષે ચંડશર્માને ખાત્રી હતી.

(૨)

પછી કેટલીક વારે રાજાની આજ્ઞા થઇ ત્યારે અંગરક્ષકે ચંડશર્માને મંત્રણાખંડમાં પ્રવેશ કરાવ્યો. તે આનંદભરિત વદને રાજાને પ્રણિપાત કરી, હાથ જોડી, બોલ્યો : “ શી આજ્ઞા છે કૃપાસિંધુ ?”

“ચંડશર્મા ! તમે તો રાજદૂત છો એટલે રાજસેવક જ લેખાઓ, અને તમને આ શું સૂઝ્યું ?” ભોજે પૂછ્યું.

“ સેવકનો શો અપરાધ છે મહારાજ ?” ચંડશર્માએ સવિનય પ્રશ્ન કર્યો.

“ તમે પાટણમાંથી નીલકંઠનું બાણ મેળવી લાવ્યા છો, એ ખરી વાત ને ?”

“ હા, મહારાજ ! આપે હવે એ પૂછ્યું એટલે હું સ્પષ્ટતાથી જ બધું કહું. મહાકાળેશ્વરની નર્તિકા મલ્લિકાને પોતાની માતાના ઋણમાંથી મુક્ત થવા માટે નીલકંઠ સમીપે જઇને નૃત્યપૂજા કરવી હતી, સિંધુરાજ મહારાજે તે માટે બધી સગવડ કરી આપી હતી અને મને સાથે મોકલ્યો હતો. એ નર્તિકાએ નીલકંઠના બાણને

સ્થાને કાચનો તેવો જ પિંડ મૂકી દઇને બાણુ ઉઠાવી લઇ મને આપ્યું હતું તે હજી મારી પાસે જ છે."

"એ ચૌર્યકર્મ નર્તિકાએ કર્યું અને તમે તેમાં સહાય કરી. અસ્તુ, માની લઇએ કે શત્રુના ઘરમાં જઇને એ કર્મ કરવામાં તમે કૌટિલ્યની એક પ્રકારની નીતિનું જ અવલંબન કર્યું; પરન્તુ એ બાણુ લાવીને તમારે તુરત જ રાજાની સમીપે હાજર કરવું જોઇએ એ સેવકધર્મ તમે કેમ ભૂલ્યા ?"

"મારો ધર્મ હું ભૂલ્યો નથી, મહારાજ...."

ભોજ આશ્ચર્યથી ચંડની સામે જોઇ રહ્યો. તેને કાંઇક વધુ કહેવું છે એમ જોઇને તે ચૂપ રહ્યો.

ચંડે આગળ કહેવા માંડયું: "મહારાજ! જે વાત આજ-સુધી કોઇ જ નથી જાણતું તે વાત મારે આપને કહેવી જ હતી, પરન્તુ કહેવાની તક મળી શકતી નહોતી તે અત્યારે કહું છું.... મહારાજ! આપણા પ્રબળ શત્રુ વલ્લભરાજને ઓચિંતો ભયંકર રોગ થયો અને તેનું એકાએક મૃત્યુ થયું, તત્ક્ષણ શત્રુને ઘેરો ઉઠાવીને નાસવું પડયું, એ બધું મેં બજાવેલી રાજસેવાનું જ ફળ છે, મહારાજ!"

ભોજ વિશેષ આશ્ચર્યથી આંખો વિસ્ફારતો ચંડના વદન સામે જોઇ રહ્યો. તેણે કહ્યું: "તમે જે કહો છો તે મારાથી સમજાતું નથી."

"મહારાજ!" ચંડ વિજયના આનંદથી સહજ સ્મિત કરીને બોલ્યો: "જ્યારથી એ નીલકંઠનું બાણુ મારા હાથમાં આવ્યું ત્યારથી જ હું તેનો પરમ ઉપાસક બન્યો હોઉં એ તો આપ સમજી શકો છો. એ ઉપાસના મારા દેશના રાજાના કલ્યાણાર્થે જ હોય એ વાત મારા કહેવાથી કદાચ કોઇ ન માને. પણ મહારાજ! શત્રુએ ધારાને ઘેરો ઘાલ્યો ત્યારથી મેં જે અનુષ્ઠાન પ્રારંભ્યું હતું તેને જ પરિણામે શત્રુની ઓચિંતી દુર્દશા થઇ છે અને એ અનુષ્ઠાનનો સાક્ષી...."

"અનુષ્ઠાન ? શાનું અનુષ્ઠાન ?"

"શત્રુના ઉચ્ચાટનનું ! નીલકંઠનું અનુષ્ઠાન ધારી સિદ્ધિ આપે છે; અને એ સિદ્ધિ માટે મેં થોડું કષ્ટ વેઠયું નથી. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી નિરાહારી રહી માંડુ પહાડમાંની એક નિર્જન ગુફામાં વસીને મેં એક સહસ્ર પાર્થિવલિંગોની સ્થાપના કરી, મધ્યમાં નીલકંઠને સ્થાપી તેની પૂજા કરી, મંત્રજાપ કરી મેં એ ઉચ્ચાટનની સિદ્ધિ કરી, તે જ મારી રાજસેવા, મહારાજ!" સાફલ્યના આનંદથી ચંડના વદન પર તેજ સ્ફુરી રહ્યું અને તે આગળ બોલ્યો: "મહારાજ! અનુષ્ઠાનને છેલ્લે દિવસે તો એવું બન્યું કે વલ્લભરાજ પોતે કેટલાક સૈનિકો સાથે માંડુ પરના કોઇ માર્ગો શોધવા નીકળેલો, તે જ એ ગુફામાં આવી પહોંચ્યો અને તેણે પાર્થિવોની સ્થાપના નજરોનજર જોઇ! મધ્યમાં નીલકંઠની જ સ્થાપના હતી તે જો તેણે જોઇ હોત તો નીલકંઠ ગુમાવવાનો જ સમય આવ્યો હતો, પરન્તુ જેની ઉપર નીલકંઠની જ કૃપા હોય તેનો વાંકો વાળ કોણ કરી શકે? બીલીપત્રોના ઢગલા હેઠળ નીલકંઠનું બાણુ અદશ્ય રહ્યું, વલ્લભરાજ શિવભક્ત હોવાથી તેણે એકકે પાર્થિવને કે નીલકંઠને સ્પર્શ કરવા જેવું હીણું કાર્ય કર્યું નહિ કે સૈનિકોને કરવા દીધું નહિ, અને એ રીતે મારું અનુષ્ઠાન પૂર્ણ રીતે સિદ્ધિને પામ્યું. હું ગુફાની અંદરના એક સાંકડા-છૂપા માર્ગમાં એવી રીતે છુપાઇ ગયો હતો કે મને કોઇ જોઇ શકે નહિ, એટલે હું સલામત પણ રહ્યો. કોઇ સેનાપતિઓ અને સૈનિકો માને કે શત્રુ આપણું બળ જોઇને નાસી ગયો, રાજ્યરક્ષકો સમજે કે વલ્લભરાજનું ઓચિંતું મૃત્યુ થવાથી પાટણની રાજગાદીનું રક્ષણ કરવા માટે દુર્લભરાજ એકદમ પાછો ફરી ગયો, પરન્તુ ખરી વાત એ છે કે મહારાજ સિંધુરાજ પર મારા અનુષ્ઠાને કરીને નીલકંઠની કૃપા થઇ, શત્રુને ઓચિંતો મહારોગ થઇ આવ્યો અને તેનો નાશ તેમ જ પરાજય પણ થયો! દષ્ટિથી અગોચર વસ્તુઓને નાસ્તિકો માનતા નથી, પરન્તુ મહાકાળેશ્વરનો

ભક્ત એવો પરમાર રાજવંશ ભગવાન રુદ્રની શક્તિનો ચમત્કાર સમજતો આવ્યો છે, એટલે જ આપની સમક્ષ હું આ વાત યથાર્થ રીતે નિવેદન કરું છું."

આ બધી વાત સાંભળીને ભોજના નીચા ઢળેલા વદન પર અકલિત ભાવરેખાઓ ઊપસી આવી. કદાપિ નહિ કલ્પેલી વાત તે આ બ્રાહ્મણને મુખેથી સાંભળી રહ્યો હતો અને તેનું મગજ ગૂંચવાઈ જતું હતું. પોતાના નિવેદનનો અદ્‌ભુત પ્રભાવ રાજા ઉપર પડી રહેલો જોઈને ચંડશર્મા આનંદપુલકિત થતો હતો અને રાજાની પ્રસન્નતાના ઉદ્‌ગાર શ્રવણ કરવાની આશામાં હાથ જોડીને ઊભો હતો.

વિચારમૂઢ બની ગએલા ભોજે કેટલીક વારે દૃષ્ટિ ઊંચી કરીને ચંડશર્માની સામે જોયું. એની ગંભીર વદનચર્યા જોતાં ચંડશર્માનો આનંદ ઊડી ગયો.

ભોજે કઠોર સ્વરે પૂછ્યું: "ચંડશર્મા! તમે એક સહસ્ર પાર્થિવોની સ્થાપના કરીને નીલકંઠને મધ્યમાં સ્થાપી અનુષ્ઠાનનું કષ્ટ ઉઠાવ્યું તે વાત તો હું સાચી માનું છું, પરન્તુ એ અનુષ્ઠાનથી વલ્લભરાજનું મૃત્યુ થયું કે ત્યારપછી બીજે દિવસે મહારાજ સિંધુરાજનું મૃત્યુ થયું, તેની પ્રતીતિ તમારે આપવી પડશે!"

"હેં હેં મહારાજ!" ભયભીત થતો ચંડ બોલ્યો: "કૃપાસિંધુ! મારા જેવો રાજસેવક મહારાજ સિંધુરાજના અનિષ્ટની કામના કરે ખરો? એ શંકા મારા જેવા રાજભક્ત રુદ્રોપાસક માટે નિરર્થક છે, મહારાજ!"

"તમારી કામનાની ઇષ્ટાનિષ્ટતા મારે જોવી નથી; મારે એ અનુષ્ઠાનના ફળની પ્રતીતિ જોઈએ છે. ભગવાન રુદ્ર અનુષ્ઠાન કરનારની આજ્ઞાને અનુસરીને જ ફળ આપે છે, અન્યથા ફળ આપતા નથી, એ મારે પ્રત્યક્ષ જોવું છે."

ચંડ ગભરાતો અને થરથરતો બોલ્યો: "એ તો હું કેવી રીતે પ્રત્યક્ષ બતાવી શકું, મહારાજ? ભગવાન રુદ્ર ઉપાસકની કામના

પૂરી કરે છે એવું શાસ્ત્રમાં કહ્યું છે, ઉચ્ચાટનની કામનાવાળાએ હજાર પાર્થિવોનું અનુષ્ઠાન કરવું એમ પણ કહ્યું છે, કામનાને અનુસરતું ફળ ભગવાન આપે એવુંય શાસ્ત્રકથન છે, તેની વિરુદ્ધ ભગવાન કશું કરે એમ કોઈ શાસ્ત્રમાં કહ્યું નથી…"

"એટલે ભક્તોએ રચેલા શાસ્ત્રમાંના કાયદા પ્રમાણે જ ભગવાન કરી શકે—અન્યથા નહિ, એમ ને? ભગવાનના બાણને ચોરી લઇને પાસે રાખનાર એવા તેના નવા માલીકની આજ્ઞા પ્રમાણે જ ભગવાને વર્તવું પડે, જાણે ભગવાન પાળેલા કૂતરા જેવા હોય, ખરું ને? પણ પોતા પ્રત્યે દુર્વર્તન કરનાર નવા માલીક ઉપર કૂતરો પણ છંછેડાય છે ત્યારે તેને કરડચા વિના છોડતો નથી: ભગવાન નીલકંઠને તમે કપટથી ચોરી લાવ્યા તેથી તે અપ્રસન્ન થયા હોય અને તમારું અનુષ્ઠાન અવળું પડચું હોય એમ મને તો લાગે છે…"

ભોજના શબ્દો સાંભળતાં ચંડ પ્રતિક્ષણે વધુ ને વધુ ભય પામતો હતો. ભોજની તર્કપરંપરાનો જવાબ આપવાને તેનું વાણી-ચાતુર્ય પણ અત્યારે ઉપયોગી બનતું નહોતું. તેણે ભોજને પગે પડીને કહ્યું: "મહારાજ! આપના ચરણના શપથ લઇને હું કહું છું કે મેં સ્વપ્ને પણ મહારાજ સિંધુરાજનું અનિષ્ટ ચિંતવ્યું નથી; અને આજસુધી નીલકંઠના બાણના પ્રભાવે કરીને મેં જે કાંઇ ચિંતવ્યું તેમાં મને ઇષ્ટ ફળ જ મળ્યું છે, કદાપિ અનિષ્ટ ફળ મળ્યું નથી; એટલે એ અનુષ્ઠાનમાં પણ ભગવાન નીલકંઠ અન્યથા કેમ કરે?"

"ઓહો!" ભોજ બોલ્યો: "જો એમ જ છે તો પછી પ્રત્યક્ષ પ્રતીતિનો માર્ગ ખુલ્લો છે. ચંડશર્મા! જો કોઇ શિવભક્ત બંધનમાં પડે તો તેમાંથી છૂટવા માટે તેણે કેટલાં પાર્થિવોનું અનુષ્ઠાન કરવું જોઇએ?"

"દોઢ હજારનું, મહારાજ!"

"તો અત્યારથી તમે ધારાનરેશના બંધનમાં છો! તમને તુરંગમાં રાખવામાં આવશે, ત્યાં તમારે ઘેરથી નીલકંઠનું બાણ લાવી

તમને સોંપવામાં આવશે અને પાર્થિવોની સ્થાપના, પૂજા, ઇત્યાદિની જે જોઇએ તે સામગ્રી આપવામાં આવશે; તમારા અનુષ્ઠાન દ્વારા જ તમે બંધનમાંથી છૂટો એવી મારી આજ્ઞા છે !"

"મહારાજ ! કૃપાસિંધુ ! મારા જેવા રાજસેવક ઉપર આવું બંધન હોય ? કૃપા કરો, દયાસાગર..."

પરન્તુ ચંડ બોલતો જ રહ્યો અને ભોજે બહારથી સેવકને બોલાવી ચંડને તેની સાથે તુરંગમાં મોકલી દીધો.

▲ ▲ ▲

પ્રકરણ ૪

▲ ▲

મલ્લિકા અને સંન્યાસી

▲

(૧)

પોતાની સાથે કૌશિકને મહાકાળેશ્વર લઈ જવાનું મલ્લિકાએ વચન આપ્યું હતું તેથી પોતાને કૃતાર્થ માની કૌશિક ખૂબ ઉલ્લસિત થયો હતો. મલ્લિકાને મળતાંસુધી જે અધીરાઇ તેનામાં હતી તે હવે દૂર થઇ હતી અને તે એક પ્રકારની નિરાંત અનુભવી રહ્યો હતો. ધર્મશાળાની પરશાળને ખૂણે તે સ્વયંપાક કરીને પેટ ભરીને જમ્યો, પછી તેણે થોડી ઊંઘ લીધી અને દિવસને છેલ્લે પહોરે તે નગર જોવાને ફરવા નીકળી પડ્યો.

સંધ્યાકાળે તે ધર્મશાળામાં પાછો ફર્યો ત્યારે તેણે પરશાળની થાંભલી સાથે એક દૂબળો ઘોડો બાંધેલો જોયો. ઘોડા પરથી છોડેલો સામાન, દંડ-કમંડલ અને બે-ત્રણ પોટલાં પરશાળમાં પડ્યાં હતાં. ઘોડા પરની ગાદી અને પોટલાંમાંથી ડોકિયાં કરતાં ભગવાં વસ્ત્રો ઉપરથી તેણે અનુમાન કર્યું કે કોઇ સંન્યાસી ત્યાં ઊતર્યો હોવો જોઇએ; પરન્તુ એ સંન્યાસી આસપાસમાં ક્યાંય દેખાતો નહોતો.

એટલામાં ધારેશ્વરની આરતી થવાનો ઘંટારવ તેને કાને પડ્યો અને તે તુરત શિવાલય તરફ ચાલ્યો.

કૌશિકનું અનુમાન સાચું હતું. સંન્યાસી થએલો ચામુંડ જ ત્યાં આવ્યો હતો અને મેડા પરના મલ્લિકાના નિવાસના ઓરડામાં તેની સાથે વાતો કરી રહ્યો હતો!

"જય સચ્ચિદાનંદ! મલ્લિકાદેવિ!" એવા ઉલ્લાસભર્યાં સંબોધન સાથે સંન્યાસી ચામુંડ જ્યારે મલ્લિકા સમીપે જઇને ઊભો, ત્યારે મલ્લિકા પોતાનું નામ એક અજાણ્યા સંન્યાસીના મુખમાંથી નીકળતું સાંભળીને ચોંકી ગઇ, પરન્તુ થોડું ધારીને જોતાં જ તે ચામુંડને ઓળખી શકી અને એનું અણચિંતવ્યું આગમન થએલું જોતાં તે ભયભીત બની ગઈ.

ચામુંડ તેની ભીતિને તુરત પિછાણી ગયો અને ભીતિનું કારણ પણ તે સમજી ગયો. ભીતિથી કરમાયલું રૂપાળું વદન તેની સુકોમળ લાગણીને ઉશ્કેરી રહ્યું. તેણે તત્ક્ષણ કહ્યું: "મલ્લિકા! તું જરાએ ગભરાઇશ નહિ; તારી સમીપે ઊભેલો ચામુંડ આજે ગુર્જરેશ્વર નથી, માત્ર એક ભટકતો સંન્યાસી છે. તે છદ્મવેશી સંન્યાસી નથી પણ સાચો સંન્યાસી છે અને રાજપાટ સાથે કે સંસાર–વ્યવહાર સાથે હવે તેને કશા લેવા–દેવા નથી. તે કોઇનો શત્રુ નથી, તેને મન બધાં પ્રાણી પ્રભુનાં જ સંતાનો છે. તેનાથી તારે ડરવાનું કશું જ કારણ નથી..."

મલ્લિકા તેને મૂગી મૂગી સાંભળી રહી અને સ્તબ્ધતાથી નિહાળી રહી. નીલકંઠનું ધ્યાન ધરવાનું બ્હાનું કરીને એ બાણ ચોરી જવાનો અને એ રીતે ચામુંડને ઠગવાનો ભયંકર અપરાધ પોતે કર્યો હતો તે વાત ચામુંડના આવા શબ્દો છતાં, મલ્લિકાથી કેમ એકદમ ભૂલી જવાય? એ અપરાધી માનસથી ચામુંડ સમક્ષ માત્ર હાથ જોડી જવાયા, પણ તેના મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ.

તેની મનઃસ્થિતિને સમજી ચૂકેલો ચામુંડ સહજ હસ્યો અને બોલ્યો : "ભય ન પામીશ, મલ્લિકા! તારા અપરાધની ક્ષમા આપવા અને તારા કલ્યાણનો માર્ગ તને ચીંધવા જ હું ખૂબ ભટકી –ભટકીને છેવટે તારી પાસે પહોંચ્યો છું."

"પરમ કૃપા મહારાજ!" મલ્લિકાનું હૈયું જરા હેઠું બેઠું. તે આગળ બોલી : "અને મહારાજ! નીલકંઠના બાણની ચોરી તો મેં કરી હતી ખરી, પરન્તુ તે અત્યારે મારી પાસે નથી."

"તે હું જાણું છું, મલ્લિકા! ધારામાં આવતાં જ મેં જાણ્યું કે એ નીલકંઠ પેલા રાજદૂત ચંડશર્મા પાસે છે, અને આજે જ ભોજરાજાએ તેને એ માટે તુરંગમાં પૂર્યો છે!"

"હેં! સાચી વાત?! આપે એ ક્યાંથી જાણ્યું મહારાજ?" મલ્લિકાના વદનને પુનઃ ભયાતુરતા ઘેરી વળી.

"મેં તો નગરની વસતીને મોઢેથી સાંભળ્યું કે નીલકંઠનું બાણ તારી પાસે ચોરાવીને તેણે રાજાથી પણ છૂપું રાખેલું તેથી ભોજરાજા ક્રુદ્ધ થયા છે. વધારે વાત તો મારા જેવો વટેમાર્ગુ ક્યાંથી જાણી શકે?"

મલ્લિકાની છાતી ભયથી ધડકવા લાગી. રાજાની પ્રસન્નતા પ્રાપ્ત કરીને ઉચ્ચ પદવી લેવાની અભિલાષા ધરાવનાર ચંડ ઉપર રાજાનો કોપ ઊતર્યો, તો પોતા પર પણ એ કોપના છાંટા થોડા–વધુ ઊડશે એવી શંકા તેના ચિત્તને ઘેરી વળી. રાજાની આજ્ઞા વિના ધારા નહિ છોડવાની ભોજની આજ્ઞાનો મર્મ પોતાને પણ દંડવાનો હોય એ મલ્લિકાને હવે અસંભવિત ન લાગ્યું.

ચામુંડે જોયું કે મલ્લિકાનું સુંદર વદન ચિંતાથી ઘેરાઇ રહ્યું છે, અને એ ચિંતા ચંડની જે સ્થિતિ થવા પામી હતી તેમાંથી જન્મ પામી છે.

ચામુંડે તેને આશ્વાસન આપતાં કહ્યું : "મલ્લિકા! ભોજ-રાજાનો કોપ ચંડ ઉપર ઊતર્યો તે યથાર્થ જ છે; પરન્તુ એ દુર્જનનો

સંગ કરવા જેટલી તું સરલ બની ગઇ એટલો જ માત્ર તારો ક્ષુલ્લક અપરાધ લેખાય, એટલે એવા કોઇ આકરા દંડની ચિંતા તારે કરવી ઘટતી નથી. છતાં ભગવાન દયાળુ છે, તેની ભક્તિ કરનાર તરફ તે પોતાનો હાથ લંબાવે છે; તું આજે મધરાત સુધી 'શિવાય નમઃ' નો મંત્રજાપ કરજે અને ભગવાન રુદ્રની કૃપા તારા પર અવશ્ય ઊતરશે."

"હું એ આપનો આશીર્વાદ માનું છું, દેવ!" મલ્લિકા કૃતજ્ઞતાથી મસ્તક નમાવતી બોલી.

"અત્યારે સંધ્યાકાળ થયો છે, ધારેશ્વરની આરતી પણ શરુ થઇ ગઈ છે, એટલે હું જઉં છું. નીચે પરશાળમાં જ હું ઊતર્યો છું. કાલે ફરીથી હું તારી પાસે આવીશ. પણ ધ્યાનમાં રાખજે, હું ચામુંડ તરીકે ઓળખાવા ઇચ્છતો નથી, એટલે તારે એ વાત કોઇને કહેવી નહિ."

એટલી સૂચના કરી ચામુંડ નીચે ઊતરી ગયો.

(૨)

ધારેશ્વરના મંદિરમાં આરતી પતી ગયા પછી કૌશિકે લોકોને જે વાતો કરતા સાંભળ્યા તેથી તે ખૂબ ચકિત થઈ ગયો. તેણે ત્યાં રાજદૂત ચંડશર્માને ભોજરાજાએ તુરંગમાં પૂર્યો હોવાની વાત સાંભળી. ચંડ ઉપર રાજાનો કોપ ઊતર્યો હોવાનાં કાંઇકાંઇ કારણો પણ તેણે લોકોને મ્હોંએથી સાંભળ્યાં.

કોઈ કહેતા કે મલ્લિકા પાસે પાટણમાંથી ચોરાવેલું નીલકંઠનું બાણુ ચંડે રાજાને સોંપવાની ના કહી તેથી તેને તુરંગમાં પૂરવામાં આવ્યો હતો. કેટલાકો ચંડ ઉપર એવા આરોપની વાત કરતા હતા કે તેણે વલ્લભરાજ ઉપર અને સિંધુરાજ ઉપર એ નીલકંઠના અનુષ્ઠાન દ્વારા મારણનો પ્રયોગ કર્યો હતો, ત્યારે કોઇ એમ માનતા હતા કે ચંડે કરેલું અનુષ્ઠાન અવળું ઊડવાથી વલ્લભરાજ સાથે સિંધુરાજનો પણ ઘાત નીપજ્યો હતો, તેથી ભોજરાજાએ ચંડને

તુરંગમાં પૂર્યો હતો. જો જરાક ભૂલ થાય તો રુદ્રનું અનુષ્ઠાન કેવું વિપરીત ફળ આપનારું બને છે તેની વાતો ગંભીર તથા ભયગ્રસ્ત વદને કરનારાઓ પણ કૌશિકના જોવા–સાંભળવામાં આવ્યા. બિચારી મહાકાળેશ્વરની નર્તિકા ભોળવાઈ ગઇ અને ચંડનાં કુટિલ કારસ્તાનોનું સાધન બની એ માટે કેટલાકો તેની દયા ખાતા હતા એ કૌશિકે જોયું. પરન્તુ એ બધી લોકવાયકા અંકોડાબંધ મળતી નહોતી.

કૌશિકે એમ પણ સાંભળ્યું કે ભોજરાજાએ ચંડને તુરંગમાં પૂરવાની સાથે જ તેને ઘેરથી નીલકંઠનું બાણ મંગાવીને તેને સોંપ્યું હતું અને તે માંગે તે પૂજાસામગ્રી લાવી આપવા તથા માંગે તે અનુકૂળતા આપવા પહેરેગીરોને રાજાએ આજ્ઞા આપી હતી. કોઈ એમ કહેતું કે રાજાએ ચંડને હાથેપગે લોહશૃંખલાઓ પહેરાવી છે, કોઈ કહેતું કે તેને માત્ર હેડમાં પૂર્યો છે, તો કોઇ એ બધી વાતને ખોટી માનતું હતું.

રાજદૂત ચંડના આ પ્રકરણને પોતાની મનોમૂર્તિ મલ્લિકાની સાથે સંબંધ હોવાથી કૌશિકે આ બધી વાતો ખૂબ કાળજીથી સાંભળી લીધી અને જ્યારે મંદિર તદ્દન ખાલી થઈ ગયું ત્યારે જ તે પોતાના સ્થાન પ્રતિ પાછો ફર્યો.

કલાના પાવિત્ર્ય ઉપર દુર્જનની છાપ પડે છે ત્યારે એ કલામાં પણ વિકાર જન્મે છે: એ જ પ્રકાર તેને મલ્લિકા જેવી કલાવતી સુંદરીના સંબંધમાં પણ બનેલો હોય એમ જણાયું. એ જ વિચારોમાં કૌશિક પથારી કરીને સૂઇ ગયો. પરશાળને ખૂણે અંધારામાં સંન્યાસીને પણ તેણે સૂઇ રહેલો જોયો.

કૌશિક સવારમાં ઊઠીને જ્યારે મલ્લિકાની સમીપે ગયો ત્યારે તેણે તેને એકધ્યાને મંત્રજાપ કરવામાં લીન થએલી જોઇ. તેના સુંદર વદન પરનું ગાંભીર્ય તથા ભક્તિવશતા કૌશિકને ખરેખર આકર્ષક લાગ્યાં. આ દૈવી સુંદરતાએ વિકૃતબુદ્ધિપૂર્વક નીલકંઠની ચોરી કરી હોય એમ માનવાની તેના હૃદયે ના પાડી.

કૌશિકને જોઇને માળાને બાજુએ મૂકી મલ્લિકાએ કહ્યું : "કૌશિક! હું એક મોટી ચિંતામાં આવી પડી છું. મારાથી તત્કાળમાં કે કયારે પણ મહાકાળેશ્વરની સેવામાં પહોંચી શકાશે કે કેમ તે માટે મને શંકા છે."

"દેવિ! કોઇ રાજદૂત ચંડ તુરંગમાં પુરાગો છે, તે ઉપરથી તું ચિંતામાં પડી છે?"

"તે તેં જાણ્યું છે?" મલ્લિકાએ ઉત્સુકતાથી પૂછયું.

"હા, મેં ગઇ રાત્રે જ બધી લોકવાયકા સાંભળી છે." એમ કહેતાં કૌશિકે પોતે સાંભળેલી બધી વાત મલ્લિકાને કહી.

ચામુંડ પાસેથી તેણે જે કાંઇ સાંભળ્યું હતું તે કરતાં ઘણી વધુ વાતની માહિતી મલ્લિકાને કૌશિક પાસેથી જાણવા મળી. ચંડે જે વાત મલ્લિકાથી છુપાવી હતી તે વાત–નીલકંઠના અનુષ્ઠાન દ્વારા મારણ-ઉચ્ચાટનનો પ્રયોગ કરવાની વાત–સાંભળીને તો મલ્લિકા ખરેખર રોઇ પડી.

કલાપાવિત્ર્યમાં ઊપજેલો ક્ષણિક વિકાર જાણે પીગળી જઇને અત્યારે મલ્લિકાની આંખો વાટે વહી જતો હોય, અને મલ્લિકા વધુ નિર્મળ–વધુ પવિત્ર બની રહી હોય એમ કૌશિક જોઇ રહ્યો.

તે બોલ્યોઃ "દેવિ! તને શું એવી શંકા છે કે રાજા તને પણ ચંડની પેઠે તુરંગમાં પૂરશે?"

"હા, કૌશિક! અને તો પછી..."

કૌશિક વચ્ચે બોલ્યોઃ "તો તુરંગમાં પણ કૌશિક તારો દાસ બનીને રહેવા તૈયાર છે."

મલ્લિકાનાં અશ્રુભરિત નયનોમાં તે ક્ષણે દયાર્દ્રતા પ્રકટી અને હોલવાઈ ગઈ.

મલ્લિકા આંસુ લૂછતાં બોલીઃ "કૌશિક! તુરંગમાં તને મારી પાસે કોઈ રહેવા નહિ દે; તો મારી સૂચના છે કે તું ઉજ્જન જા,

જો તું જાણે કે હું પાછી ઉજ્જનમાં આવી છું, તો ત્યાં તું મને મળજે."

"નહિ, દેવિ! હું તારાથી દૂર નહિ રહું. તારી પાસે તુરંગમાં રહેવાની પરવાનગી આપવા માટે હું રાજાને વિનંતિ કરીશ, તે વિનંતિ નહિ સ્વીકારાય તો તુરંગના પહેરેગીરનો દાસ બનીને હું તેની પાસે રહીશ અને એ રીતે હું તારા દર્શનથી વંચિત નહિ રહેવા પામું !"

એટલું કહી મલ્લિકાને વિચારવિવશ છોડીને કૌશિક ચાલ્યો ગયો.

(૩)

કૌશિક પાસેથી મલ્લિકાએ ધારામાં પ્રસરેલી જે લોકવાયકા સાંભળી હતી તેથી તેની ભૂખ-તરસ જાણે ઊડી ગઈ હતી. લોકોના આંગળાચીંધણાનો વિષય પોતે બની હતી એવો ખ્યાલ આવતાં તેને પોતાના નિવાસખંડમાંથી બહાર નીકળતાં ય હવે ક્ષોભ થતો હતો. રોજ એ વખત ભોજન કરવાને તે ધારેશ્વરના મહંતને રસોડે જતી, પરન્તુ આજે તો તે ઉતાવળે ઉતાવળે નિત્યકર્મથી પરવારીને પાછી પોતાના નિવાસખંડમાં ભરાઈ ગઈ હતી, તે ભોજન નિમિત્તે રસોડે ગઈ નહિ કે બહાર પણ નીકળી નહિ.

ક્ષમા તથા આશ્વાસન આપીને ચામુંડે તેને નિર્ભય કરી હતી, પરન્તુ હવે નવી જ ભીતિ તેના અંતરમાં જન્મી હતી. પોતે ચોરેલા નીલકંઠના બાણની ઉપાસના અને અનુષ્ઠાન વડે જ વલ્લભરાજનું મૃત્યુ થયું હતું એ વાત હજી ચામુંડ જાણતો નહોતો; તે એ જાણશે ત્યારે શું મ્હોં લઈને પોતે તેની સાથે વાત કરી શકશે એ વિચારથી મલ્લિકા ડઘાઈ ગઈ હતી.

સર્વ પ્રકારના ભયોને દૂર રાખવાનો એક જ માર્ગ હવે તેના હાથમાં હતો : ચામુંડે સૂચવેલો 'શિવાય નમઃ' નો મંત્રજાપ. તે પથારીમાં પડી પડી જાપ કરતી ઊંઘી ગઈ.

મધ્યાહ્ન પછી જ્યારે ચામુંડ તેની સમક્ષ આવ્યો ત્યારે મલ્લિકા નિદ્રાવશ હતી. તેના હાથમાંની માળા સ્થિર હતી. તેના ઊંઘતા વદનને

અને આંગળીઓમાં ભેરવાઈને પડેલી માળાને ચામુંડ પ્રસન્નતાથી જોઇ રહ્યો. તેને જાગ્રત કરવાની ઇચ્છા ચામુંડને થઈ નહિ. નિદ્રામાં એ વદન કેટલું સરલ–સુંદર દેખાય છે, એ કલ્પના ચિત્તમાં આવતાં જ ચામુંડે દષ્ટિને પાછી બોલાવી યત્નપૂર્વક આડું જોયું.

તે ક્ષણે તેની દષ્ટિ બાજુએ પડેલા ચિત્રપટના અધો ખુલ્લા ટીપણા પર પડી. તુરત તેણે ચિત્રપટ હાથમાં લીધું, ઉખાળ્યું અને તે જોઇ રહ્યો.

ચિત્રમાંની મલ્લિકાની આકૃતિને તેણે ઓળખી અને એ પણ જોઈ લીધું કે પાટણમાં તેણે કરેલા નૃત્યસમયનું જ એ યથાર્થ આલેખન છે...અને હા, જે ક્ષણે તેની ઉપર કોઇએ પુષ્પ ફેંક્યાં હતાં તે ક્ષણે જ જે ભાવમાં તેની દેહયષ્ટિ નર્તતી હતી તે જ ભાવ તેમાં ઉતારેલો હતો.

તેણે એ દેહસૌંદર્યનું અને ભાવસૌંદર્યનું નેત્રો વડે પાન કરવા માંડયું. ચિત્રમાં આલેખેલાં એકેકએક અંગ ઉપર તેની દષ્ટિ ફરી વળી. એકેકએક ભાવરેખાનું આકલન કરતી તેની ચિત્તવૃત્તિ પણ નર્તન કરવા લાગી ગઈ. એ ચિત્રમાંની સુંદરી જ પોતાની સામે સુંદરતા, સરલતા અને નિર્દોષતાની પ્રભાને પ્રકટાવતી નિદ્રા લઈ રહી છે એવી કલ્પના આવતાં તેણે મલ્લિકાના ઊંઘતા વદન સામે જોયું અને તત્ક્ષણ તે ખમચ્યો; ચિત્તવૃત્તિ ઉપર દમનના કોરડાનો પ્રહાર કરતો અને હાથમાંનું ચિત્ર ઘૃણાપૂર્વક ફેંકી દેતો તે ત્યાંથી સત્વર ચાલ્યો ગયો.

નીચે ઊતરીને તે એક ખૂણામાં આસન પાથરીને બેઠો અને ધ્યાન કરવા લાગ્યો. ધ્યાનમાં સ્થિરતા આવતી નથી એમ લાગતાં તે ઊઠ્યો ત્યારે સામે બાંધેલો ઘોડો તેની નજરે પડ્યો. ઘોડાને ભૂખ અને તરસથી હાંફતો જોઇને પોતે તેને ઘાસ છેલ્લું ક્યારે નીર્યું હતું અને ક્યારે પાણી પાયું હતું તે તેને સાંભર્યું. તે ઘોડાને છોડીને બહાર લઇ ગયો. મંદિરની પાછળ થોડે દૂર ઘાસ ઊગેલું હતું તેમાં તેને

ચરતો મૂકીને પોતે એક ઝાડને છાંયડે બેસી પાછો મલ્લિકાને વિચારે ચઢ્યો.

છેલ્લે પહોરે જ્યારે તેને લાગ્યું કે હવે તો મલ્લિકા ઊંઘમાંથી ઊઠી હશે, ત્યારે તે ઘોડાને પાણી પાઇને પાછો ધર્મશાળામાં દોરી લાવ્યો અને તેને થાંભલી સાથે બાંધી પોતે મલ્લિકા પાસે જવાને સીઢી પર ચઢ્યો.

મલ્લિકાએ જાગીને મ્હોં ધોયું. પછી માળા લઇને મૌન મંત્ર-જાપ કરતી તે બેઠી. મુંઝાઇ રહેલી મલ્લિકાને એ મંત્રજાપ જ હવે તરણોપાય લાગતો હતો. એટલામાં ચામુંડ તેની સમીપે જઇને ઊભો.

ચામુંડને જોતાં જ મલ્લિકાનું હૃદય ભરાઈ આવ્યું અને તે ઊછળીને ચામુંડના પગમાં પડી. ચંડનાં દુષ્કર્મોનું સાધન પોતે બની હતી, એ દુષ્કર્મોથી ચામુંડનું અનેક પ્રકારે અનિષ્ટ થયું હતું, તે વિષેના પસ્તાવાથી તેનું હૃદય બળી રહ્યું હતું. એ બળતે હૃદયે તે એ રાજવી સંન્યાસીના પગ પોતાનાં ગમે તેટલાં આંસુથી ધુએ તોપણ એ પાપકર્મ હવે કેમ ધોવાય!

ચામુંડ નીચે બેસી ગયો અને તેણે સ્વહસ્તે મલ્લિકાને પોતાના પગ પાસેથી ઉઠાડીને આશ્વાસન આપવા માંડ્યું: "મલ્લિકા! દુર્જનની છાયામાં રહીને તેં ગમે તેટલાં પાપ કર્યાં હોય, ગમે તેવું જીવન આજસુધી ગુજાર્યું હોય, પરન્તુ પશ્ચાત્તાપના જળ વડે તારું હૃદય પવિત્ર થઇ રહ્યું છે અને તેમાં ભગવાન રુદ્ર સ્વયં વસી રહ્યા છે એ હું અત્યારે જોઇ શકું છું. શાન્ત થા, મલ્લિકા! મેં તો તને ક્ષમા આપી છે જ, અને ભગવાન પણ તને ક્ષમા આપશે એમાં મને શંકા નથી. આજથી જ તું તારી જીવનસરણી બદલાવ, પ્રભુ તને બળ આપશે."

"દેવ! મારા અપરાધોનો પાર નથી; હું હવે શું કરું તે મને સમજાતું નથી!" આંખોમાંનું જળ લૂછતી મલ્લિકા આગળ બોલી:

"મારી કલા વડે મેં ભગવાનને માત્ર પૂજ્યા છે, પરન્તુ દિલમાં ભગવાન વસ્યા નથી, તે કેવી રીતે વસે ?"

"બસ, એ ઝંખના જ એટલી ઉત્તમ છે કે હવે ભગવાનની કૃપા થવાને વાર નહિ લાગે, પુત્રી ! નિરાશ ન થા, હજી કશું બગડી ગયું નથી; તારા જીવનની બગડેલી બાજી સુધારવાને તો હું અહીં આવ્યો છું."

"એ પરમ કૃપા થઇ, પ્રભો ! પણ મારે શું કરવું તે માર્ગ આપ સૂચવો."

"તારે દુર્જનનો સંપર્ક ત્યજી દેવો એ પ્રભુની કૃપાપ્રાપ્તિનું પહેલું પગથિયું છે." ચામુંડે આગળ સૂચવ્યું: "અને સંતોના સહવાસમાં વસવું એ બીજું પગથિયું છે."

"હું સજ્જન–દુર્જનને ઓળખી શકતી નથી. એક વાર હું જેમને સજ્જન સમજતી હોઉં છું, તે વખત જતાં દુર્જન નીવડે છે, દેવ ! તેથી હું મુંઝાઉં છું."

"ચંડ જેવો દુર્જન તુરંગમાં પુરાયો એટલે એનો સંપર્ક તો હવે છૂટયો જ, પરંતુ તારા પર કોઇ બીજા દુર્જનના ઓળા પડી રહ્યા હોય એવો મને ભાસ થાય છે...પેલું ચિત્ર કોણે દોર્યું છે અને તે તારી પાસે ક્યાંથી આવ્યું તે કહે જોઇએ !"

મલ્લિકા ચોંકીને બોલી: "એ ચિત્ર આપે ક્યારે જોયું ?"

"બપોરે તું નિદ્રામાં હતી ત્યારે હું આવ્યો હતો; મેં તને જગાડી નહિ, પરન્તુ એ ચિત્ર મેં જોયું છે. કોઇ કામુકની જ એ કૃતિ છે, એમાં મને શંકા નથી."

મલ્લિકા દ્વિધામાં પડી ગઇ. કલાભક્ત કૌશિક શું કામુક હતો ? દાસ થઇને પોતાની પાસે રહેવાની અભિલાષાવાળો એ જુવાન શું પોતા પર મુગ્ધ થયો હતો ? પોતા પરના તેના ભક્તિભાવમાં શું દુર્વાસના હતી ? ઘણાય વાસનાલોલુપોને જીવનમાં તેણે જોયા હતા

અને એક ચંડ સિવાયના બધાને તેણે ઠોકરે માર્યો હતા, પરન્તુ કૌશિકમાં તે વાસનાની ગંધ તેને જરાય આવી નહોતી.

ચામુંડ બોલ્યો: "મલ્લિકા ! તું સ્વભાવની સરલ છે એટલે સજ્જન અને દુર્જન વચ્ચેનો ભેદ પારખી શકતી નથી. મનુષ્યની **आकृतिर्गुणान् कथयति** તે સાચું છે, પરન્તુ તે તો મનુષ્યના સ્થૂળ ગુણોની વાત છે; આત્માનો ગુણ આકૃતિ પરથી ઓળખાતો નથી. આત્મગુણમાં ઉત્તમ તો સંતજનો જ હોય છે, અને તેથી મેં તને હમણાં કહ્યું કે તારે દુર્જનની છાયા છોડીને સંતોના નિર્મળ સંપર્કમાં રહેવું જોઇએ."

"એવા સંતો ક્યાં સાંપડે, મહારાજ ?"

"જગત સંતવિહોણું નથી, મલ્લિકા ! જગતમાં સંતો છે, તેઓ અરણ્યોમાં અને ગુફાઓમાં વસીને સ્વાત્માનું કલ્યાણ કરી, મુમુક્ષુ આશ્રિતોનાં પાપ ધોઈ તેમને નિર્મળ કરે છે અને મુક્તિના અધિકારી બનાવે છે."

"ત્યારે હું મારી માતાની પેઠે હિમાલયમાં જઉં ? ત્યાં અનેક સંતો વસે છે એમ મેં સાંભળ્યું છે. તેમના સંપર્કમાં રહીને હું મારાં પાપ ધોઈ શકીશ અને આત્માને નિર્મળ કરી શકીશ એમ તમને લાગે છે ?" મલ્લિકા આતુરતાપૂર્વક પૂછીને ચામુંડના વદન સામે જોઈ રહી.

"હિમાલયમાં સંતો વસે છે, પણ ત્યાંય આત્મગુણે કરીને નિર્મળ બધા સંતો વસતા નથી. એમ તો મહાકાળેશ્વરમાં પણ ક્યાં સંતો નથી ?"

"ત્યારે હું સાચા સંતોને ક્યાં શોધું દેવ ? હું મુંઝાઉં છું.... પાપનો ભાર મારાથી હવે વધુ વખત વેંઢારી શકાય તેમ નથી.... આ જ દશામાં મારું મૃત્યુ થશે તો હું દુર્ગતિમાં પડીશ...." એમ કહેતાં મલ્લિકા રડવા લાગી.

" મુંઝાઈશ નહિ, પુત્રી ! તારે સહવસવાયોગ્ય સંતજનો હું તને શોધી આપીશ."

ચામુંડ મલ્લિકાને ધીરજ આપતાં તેના બરડા પર હાથ ફેરવતો બોલ્યો : " તારા આત્મકલ્યાણનો માર્ગ ચીંધવાના હેતુથી તો હું તારી પાસે આવ્યો છું અને હું તને શું મુંઝાવા દઈશ ? "

" અહો ! આપ કેવા દયાળુ છો ! " મલ્લિકા સંતોષનો ઉચ્છ્વાસ લેતી બોલી : " મેં આપનું અનિષ્ટ કર્યું છે, છતાં તે માટે આપે મને ક્ષમા આપી અને ઉપરથી મારા કલ્યાણ માટે કષ્ટ ઉઠાવવા તૈયાર થાઓ છો. આપના એ ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ? "

" આ જગતમાં કોઈ કોઈ ઉપર ઉપકાર કરતું જ નથી, મલ્લિકા ! તું પ્રભુકૃપાની અધિકારિણી છે, એ અધિકારપ્રાપ્તિની આડે તારા માર્ગમાં માત્ર થોડાં વિઘ્નો જ છે તે મેં જ્યારથી જોયું છે ત્યારથી એ વિઘ્નો વિદારવાનું કાર્ય મને સત્કર્મરૂપ લાગ્યું છે; તેમાં પણ એક રીતે સ્વાત્મકલ્યાણની જ સાધના હું કરી રહ્યો છું એમ હું જોઉં છું."

" એ આપની દયા છે, પ્રભો ! મારા જેવી પાપિણીનો ઉદ્ધાર કરવા આપ ઉદ્યુક્ત થયા છો, તો પ્રભુ આપના આત્માનું કલ્યાણ જ કરશે એવો આશીર્વાદ ઉચ્ચાર્યા વિના મારું હૃદય રહી શકતું નથી. ત્યારે મહારાજ ! આપ મને હિમાલય ભણી લઈ ચાલો."

" અધીરી ન થા, મલ્લિકા ! તારા શરીર પરનાં આ વસ્ત્રો અને અલંકારો માનવની સંસારી દૃષ્ટિએ સુંદર છે, પરન્તુ સંસારત્યાગીની દૃષ્ટિએ અસુંદર છે, તેનો પહેલાં તારે ત્યાગ કરવો જોઇએ. ત્યાગદૃષ્ટિએ સુંદર એવાં ભગવાં વસ્ત્રો મારી પાસે છે તે હું તને આપીશ. વળી સંસારીનો દિવસ તે ત્યાગીની રાત્રિ છે અને સંસારીની રાત્રિ પડતાં ત્યાગીનો દિવસ ઊગે છે, એટલે આજે રાત્રે જ આપણે અહીંથી ચાલી નીકળીશું. પરન્તુ ત્યાગીઓના જીવનમર્મને સમજવા તથા પચાવવા સ્થૂળ દૃષ્ટિનો માનવી અશક્ત હોય છે, એટલે

તું જે માર્ગ અંગીકારવા તત્પર થઇ છે તે માર્ગની વાત તું કોઇને કહીશ નહિ કે જાણવા દઇશ નહિ."

"આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે, દેવ!"

"હવે રાત પડવા આવી છે. હું તને મારી પાસેનાં વસ્ત્રો આપી જઉં છું, તે તું રાત્રિનો ત્રીજો પ્રહર થતાં પહેરીને તૈયાર રહેજે. તારાં બધાં વસ્ત્રો અને અલંકારો અહીં જ પડ્યાં રહેવા દેજે, તેની જરૂર નથી, બલ્કે તે માર્ગમાં ઉપદ્રવકારક બનવાનો સંભવ છે. હું તને બ્રાહ્મમુહૂર્ત થતાં લેવા આવીશ અને પછી આપણે સાથે ચાલી નીકળીશું."

(૪)

મલ્લિકાનું મન સંતોના સંપર્કમાં વસીને પાપોનું પ્રક્ષાલન કરવા અને પોતાની માતાને પગલે ચાલીને આત્માનુ કલ્યાણ કરવા ઉત્સુક બની રહ્યું હતું, અને સંન્યાસી બનેલો એક તપસ્વી રાજવી જ્યારે તેને એ કલ્યાણકારક માર્ગે દોરી જવા તત્પર હતો, ત્યારે એ તક જવા ન દેવી એમ તેને લાગતું હતું. ચંડનાં દુષ્કૃત્યોની જાણ થયા પછી તેના ઉપર હવે તેને ઘૃણા ઊપજતી હતી. પોતે તેના પર મુગ્ધ થઇને દુરાચાર આચર્યો હતો તે માટે તે હવે પસ્તાઇ રહી હતી; છતાં અંતરને એક ખૂણે લપાઈ રહેલો એક ભય પણ હતો કે ભોજરાજા ચંડની પેઠે પોતાને પણ લોહશૃંખલા પહેરાવીને તુરંગમાં પૂરશે તો એ કષ્ટપ્રદ સ્થિતિમાં પોતાનું જીવન કેમ જશે?

એક વાર તેને નીલકંઠની ચોરીને અંગે ભોજરાજા તરફનો જે ભય ચિંતાતુર બનાવી રહ્યો હતો તે ભય ચંડે નિર્મૂળ કર્યો હતો અને તે પાછી ઉલ્લાસમાં આવી ગઇ હતી. ચંડને તે વખતે પોતાનાં પરાક્રમો દ્વારા રાજાની પ્રસન્નતા પ્રાપ્ત કરી ઉચ્ચ પદે ચડવાની આશા હતી, તે આશા આજે ભસ્મીભૂત બની ગએલી મલ્લિકાએ જોઇ હતી, અને તેથી તેનો પહેલાંનો ભય નવે સ્વરૂપે પ્રકટ થયો હતો. એ ભયે ત્યાગવૃત્તિને અગોચર રીતે પોષી હતી. ભયના તાપ હેઠળ

તેને શીતળ છાયા પહોંચાડે તેવો તો સંતજનોનો સંપર્ક જ હોઇ શકે એમાં શંકા શી ? સંન્યાસી ચામુંડ તેને એ દિશા બતાવતો હતો એટલું જ નહિ, પણ મલ્લિકાની માતા પણ પોતાના જીવનદૃષ્ટાંત વડે તેને એ જ દિશા દર્શાવી ગઇ હતી ને ? આજસુધી પોતે દુર્ભાગિની એ દિશાને ઓળખી શકી નહિ, તેથી વિપરીત દિશામાં જ રમ્યા કર્યું, અને હવે જ્યારે સંકટ શિર પર ઝઝૂમી રહ્યું હતું ત્યારે જ જાણે તેનાં અંતશ્ચક્ષુઓ ઊઘડ્યાં હોય એમ તેને લાગતું હતું.

વિશેષ વિચાર કરતાં મલ્લિકાને એમ પણ લાગતું હતું કે રાજા તરફના સંકટનો ભય તો શી વિસાતમાં છે ! એવાં અનેક સંકટોના ભયોથી ભરેલું જ આ સંસારી જગત છે, અને તેની વચ્ચે રહીને ત્યાગ કે પ્રભુભક્તિ દ્વારા આત્માનું કલ્યાણ કરવું એ અશક્ય છે : જો શક્ય હોત તો પોતાની માતાએ પણ તેમ કર્યું હોત. તે હિમાલયમાં ભટકી, તાપસીઓના મઠમાં જઇને વસી, અનેક પ્રકારની તપસ્યાઓ કરી, તે બધું શું તેણે વ્યર્થ કર્યું હતું ? ના, ના, જીવનના બધા ભયો નિવારવાનો તે જ સાચો માર્ગ હતો,* અને તે માર્ગે દોરી જનાર પોતાને સાંપડ્યો હતો તે જ પોતાનું અહોભાગ્ય હતું.

એ રીતે મલ્લિકાની વિચારસરણી આગળ વધી રહી હતી, અને તેને એ માર્ગેથી પાછા વળવાની જરાય ઇચ્છા થતી નહોતી. રાત્રિના ત્રણે પ્રહરો તેણે એ પ્રકારના જ વિચારોમાં ગાળ્યા, અને એ વિચારોને અંતે તે માતાનું અનુકરણ કરી નર્મદાકિનારે આવેલા તાપસીઓના મઠમાં જઇને જ જીવન ગાળવાના નિશ્ચય પર આવી. હિમાલય તરફ જવાનો વિચાર તેણે ચામુંડને જણાવ્યો હતો, પરન્તુ હવે તેનો વિચાર થોડો બદલાયો હતો, છતાં જીવનદિશાનો તેનો સંકલ્પ તો તેનો તે જ રહ્યો હતો.

પરોઢ થતાં પૂર્વે તેણે પોતાનાં જૂનાં વસ્ત્રો ઉતારી નાંખ્યાં અને ચામુંડે પહોંચાડેલાં ભગવાં વસ્ત્રો પહેરી લીધાં. હાથ–પગ–કાન –કંઠમાંના અલંકારો કાઢી નાંખતાં તેને દેહ પરનો ભાર ઓછો થએલો

લાગ્યો, એટલું જ નહિ પણ તે માયાવી શૃંખલાઓમાંથી પોતાનો આત્મા મુક્ત થઇ રહ્યો હોય એવો આનંદાનુભવ પણ તેને થવા લાગ્યો.

અને પછી જ્યારે ચામુંડ પોતાના ઘોડાને છોડી, ધર્મશાળાની બહાર કાઢી, ધીરે પગલે મલ્લિકાને તેડી જવા આવ્યો ત્યારે તે એ સંન્યાસીની સાથે ચાલી નીકળી.

પ્રકરણ ૫

મલ્લિકાની પાછળ

(૧)

કોઇ બાઇ બહાવરી–બહાવરી દોડી જાય છે. તેની પાછળ કીકિયારીઓ કરતું લોકોનું ટોળું પડ્યું છે. લોકો તેની ઉપર ઇંટાળા-ઢેખાળા ફેંકે છે તે એ બાઇને વાગે છે. બાઇ દોડતાં દોડતાં ઠેશ ખાય છે, પછડાય છે અને પાછી ઊઠીને દોડે છે. લોહીના રેલા તેના અંગો પરથી ચાલી રહ્યા છે. લોકોનું ટોળું તેની વધુ ને વધુ નજીક પહોંચે છે. બાઇને મારનું ભાન નથી, દેહનું ભાન નથી, વસ્ત્રોનું પણ ભાન નથી. ઓઢણી માથા પરથી ખસી ગઇ છે અને તેના વાળની લટો વીખરાઇ ગઇ છે. ‘ મારો, મારો, એ ચુડેલ નર્તિકાને જીવતી જવા ન દો ! ’ એવા ઉદ્ગાર લોકોના મુખમાંથી બહાર પડે છે. બાઇ વધારે જોરથી દોડે છે અને નગરમાંથી બહાર નીકળે છે, પરન્તુ લોકો તેની પૂંઠ છોડતા નથી. નગરની સામે જ આવેલા વનમાં દાવાનળ લાગ્યો છે. વૃક્ષો ભડભડાટ સળગી રહ્યાં છે અને કડકડાટ તૂટી પડે છે. બાઇ દોડતી એ દાવાનળમાં પેસે છે અને લોકો ત્યાં જ અટકીને ઊભા રહે છે......એ ભભૂકતી જ્વાળાઓમાં

અગ્નિસ્નાન કરી સામે છેડે તે બહાર નીકળે છે અને તે વખતે તે સર્વાંગસુંદરી બની ગઇ હોય છે! તેના અંગેઅંગમાંથી તેજનાં કિરણો પ્રકટી રહ્યાં છે. તેની રેખા–રેખામાંથી પવિત્ર મધુરિમા સ્ફુરી રહી છે......' ઓ દેવિ ! તે તું જ છે, મલ્લિકા ! તું જ છે !' કહેતો કૌશિક તેના ચરણમાં પડે છે અને તેની આંખો ઊઘડી જાય છે.

ભયનો કંપ અનુભવીને પછી આનંદફુવારાથી ભીંજાતો સ્વપ્નસ્થ કૌશિક જ્યારે ઊંઘમાંથી ઊઠ્યો ત્યારે પ્રભાત થવાને બહુ વાર નહોતી.

એ વિલક્ષણ સ્વપ્નાનુભવની કથા મલ્લિકાને કહેવા તે ઉત્સાહભેર મલ્લિકાના ખંડમાં ગયો તો તે આશ્ચર્યથી મૂઢ બની ગયો.

મલ્લિકાની પથારી ખાલી પડી છે. તેનાં વસ્ત્રો તે પર વેર–વિખેર પડ્યાં છે. તેનાં ઘરેણાં પણ ત્યાં જ પડ્યાં છે.

કૌશિક ઊંડા વિચારમાં પડી ગયો. મલ્લિકા ક્યાં ગઇ ? રાજાનાં માણસો તેને પકડી ગયાં ? કે તેને કોઇ ઉપાડી ગયું ?

તેના અંતરમાં આશ્ચર્ય જ નહોતું; ખેદ હતો, ભય હતો, મૂંઝવણ હતી, નિરાશા હતી. જાણે પોતાની જ અમૂલ્ય સમૃદ્ધિ ખોવાઇ ગઇ હોય તેમ તે બહાવરો બની ગયો.

નીચે ઊતરીને તેણે ચોપાસ શૂન્ય દૃષ્ટિ ફેંકી. તે મંદિરમાં ગયો, ત્યાંથી નીકળીને ધર્મશાળાને ઓરડે ઓરડે ફરી વળ્યો. કોને પૂછવું તેની તેને ગમ પડી નહિ. પરશાળમાં તેણે દૃષ્ટિ કરી અને જોયું કે પેલો સંન્યાસી નથી, તેનો ઘોડો પણ નથી.

એ સંન્યાસી કોણ હશે તે જાણવાની તેણે અત્યારસુધી ઇચ્છા જ કરી નહોતી. મલ્લિકા સાથે એ સંન્યાસીને પરિચય થયો હોય એવું કૌશિકે જોયું–જાણ્યું નહોતું. સંન્યાસી એક નર્તિકાને ઉપાડી કે ફોસલાવી જાય ખરો ? તેનું દિલ માનતું નહોતું. મલ્લિકાને ફોસલાવી શકાય ખરી ? તેને ખાત્રી નહોતી.

મહાદેવની પૂજા માટે બીલીપત્રો ઉતારતા એક સેવકને તેણે પૂછ્યું: " પેલા સંન્યાસી મહારાજ ક્યાં ગયા ? "

"શી ખબર !" એવો લુખ્ખો જવાબ તેને મળ્યો.

"અને પેલાં નર્તિકા બાઇ અહીં હતાં ને ?"

"હશે મેડા ઉપર."

સંન્યાસી અને મલ્લિકા બેઉ ચાલ્યાં ગયાં હતાં એ વિષેની પણ તે સેવકને ખબર નહોતી, પછી તે ક્યાં અને ક્યારે ગયાં એ વિષે તો તે કશું જાણતો જ ક્યાંથી હોય ? રાજાનાં માણસો મલ્લિકાને પકડી ગયાં હોય તો તે કાંઇ મંદિરના સેવકની જાણ બહાર હોય ?

કૌશિકે એક વાર ફરીથી શૂન્ય દૃષ્ટિએ ચોપાસ જોયું. પાથરેલી પથારી વાળતાં અને માથા પર ફેંટો વીંટતાં તે ખૂબ બુદ્ધિ દોડાવવા મથ્યો પણ તે દોડી શકી નહિ. તે પગરખાં પહેરીને ધર્મશાળાની બહાર પૃચ્છા કરવા નીકળ્યો ત્યારે તેણે ઘોડાનાં તાજાં પડેલાં પગલાં જોયાં. એ પગલાંની સાથેસાથે માણસોનાં પગલાં પડેલાં હતાં તેમાં તેણે સંન્યાસીનાં પગલાંની કલ્પના કરી અને પછી તે આગળ વધ્યો. કેટલેક દૂર જતાં તેને પગલાં ઉપરથી ખ્યાલ આવ્યો કે ઘોડાને દોરી જનાર પગલાંની સાથેસાથે કોઇ નાજૂક ખુલ્લા પગનાં પગલાં પણ પડેલાં હતાં.

હવે તેને ખ્યાલમાં આવ્યું કે મલ્લિકાને એ સંન્યાસી જ પોતાની સાથે ઉપાડી ગયો હોવો જોઇએ.

તે એ પગલાંની દિશામાં જ દ્રુતગતિએ આગળ વધ્યો. માર્ગ પથરાળ આવતો ત્યાં પગલાં અદૃશ્ય થતાં, વળી જરા આગળ ધૂળવાળો માર્ગ આવતો ત્યાં પગલાં પુનઃ દેખાતાં, પણ હવે તો તે સંન્યાસી અને મલ્લિકાનાં જ અણીશુદ્ધ પગલાં હતાં તેમાં કૌશિકને શંકા નહોતી.

કેટલેક છેટે નીકળી ગયા પછી તેણે એક સ્થળે મલ્લિકાનાં પગલાં અદૃશ્ય થઇ ગએલાં જોયાં. કૌશિક સમજી ગયો કે ત્યાં આગળથી સંન્યાસીએ મલ્લિકાને ઘોડા પર બેસાડી હોવી જોઇએ અને પોતે ઘોડાને દોરતો આગળ ચાલતો હોવો જોઇએ.

જે માર્ગે કૌશિક આગળ વધી રહ્યો હતો તે માર્ગ નર્મદા નદીના ઉપકંઠ તરફ જતો હતો. માર્ગ કેવળ ખડબચડો, પત્થરના ખડકોવાળો અને કોઇ સ્થળે ખડકોમાંથી ઝમતાં ઝરણાંનું તથા તેને કાંઠેકાંઠે ઊગી નીકળેલા ઝાડપાલાનું દર્શન કરાવતો હતો. એ પ્રકૃતિસૌંદર્ય ઉપર કૌશિકનું જરાએ લક્ષ નહોતું. તે તો પોતાની આગળ ચાલ્યા જતાં સંન્યાસી તથા મલ્લિકાને પકડી પાડવા આગળ વધ્યે જતો હતો.

ચાલતાં ચાલતાં તેણે જોયું કે ધારાને ઘેરી રહેલી ખાઇનો માર્ગ ન પકડતાં પહાડી માર્ગે તેઓ વળ્યાં હતાં, એટલે કૌશિક પણ તે માર્ગે વધ્યો અને માર્ગમાં આવતી ટેકરીઓ ચડતો તથા ઊતરતો તે આગળ ચાલ્યો.

માર્ગમાં મળતા વટેમાર્ગુઓને તે પૂછતો: “આગળ જતા કોઇ સંન્યાસી મહારાજને ઘોડા સાથે તમે જોયા?”

પણ એ કાંઇ રાજમાર્ગ નહોતો કે બધા વટેમાર્ગુઓ એ જ માર્ગે આવે અને જાય. પહાડ પર આડીઅવળી જતી કેડીઓને આધારે લોકો પગપાળા જતા–આવતા. કોઇ પણ વટેમાર્ગુએ સંન્યાસીને જતો જોયો હોવાની ખબર કૌશિકને આપી નહિ. ઘોડાનાં પગલાંનો આધાર હજીસુધી તેને મળ્યા કર્યો હતો, પરન્તુ પોતે તેનાથી કેટલો દૂર છે તે તે જાણી શકતો નહોતો.

પોતે એમની પાછળ કેટલા વખત પછી નીકળ્યો હતો તેની કૌશિકને ખબર નહોતી. પોતાની અને સંન્યાસીની વચ્ચેનું અંતર વધતું હતું કે ઘટતું હતું તે પણ તે કળી શકતો નહોતો. તેઓ ક્યાંક આરામ માટે થોભ્યાં હોય ખરાં, પણ પોતે થોભે તો અંતર વધી જાય, એટલે પોતાની બધી શક્તિ એકઠી કરીને તે આગળ ધપ્યે જતો હતો.

માર્ગમાં કોઇ પણ ચિહ્‌ન એવું નજરે પડતું નહોતું કે જેથી જેમની શોધમાં પોતે જતો હતો તેઓ એ જ માર્ગે આગળ વધતાં

હોવાની પૂરેપૂરી પ્રતીતિ ઊપજે. ઘોડાનાં અને વટેમાર્ગુઓનાં પગલાં તો બીજાંઓનાં પણ કેમ ન હોય?

છતાં તેનો અંતરાત્મા તેને જે માર્ગે ઉત્સાહભેર દોરી રહ્યો હતો તે માર્ગે કૌશિક તન કે મનથી જરાએ થાકયા વિના ચાલ્યો જતો હતો.

એક નાની ટેકરી ઊતરતાં તેણે ખીણમાં ગબડીને મૃત્યુ પામેલા એક ઘોડાનું મુડદું જોયું. એ જ પેલા સંન્યાસીનો દૂબળો ઘોડો!

કૌશિકનાં પગમાં હવે જોર આવ્યું. પોતે જે માર્ગે આગળ જતો હતો તે માર્ગ સાચો છે તેની હવે તેને પ્રતીતિ આવી. હવે મલ્લિકાને સંન્યાસી સાથે પગપાળા જવું પડતું હશે અને તેથી તેઓ ધીરેધીરે ચાલતાં હશે એવા અનુમાને તેના પગમાં વધારે બળ પૂર્યું.

'સામેની ટેકરીની પેલે પાર કદાચ તેઓ નજરે પડશે' એમ માનીને કૌશિક દૃષ્ટિ સમીપેની ટેકરી વટાવી જવાને ઉતાવળે ચાલતો, પરન્તુ ટેકરી પર ચડીને જોતાં કોઇ દેખાતું નહિ; એટલે પુનઃ તે દૃષ્ટિ સમીપે આવેલી બીજી ટેકરીની પેલે પાર તેઓ ચાલ્યાં જતાં હશે એમ માનતો.

એ રીતે એક પછી એક ટેકરી ચડતો અને ઊતરતો, ભૂખની દરકાર ન કરતાં માત્ર ઝરણાંનાં પાણીથી પેટ ભરતો, હવે વધુ માર્ગ કાપવો નહિ પડે એવી આશામાં રાચતો કૌશિક મલ્લિકા અને પોતાની વચ્ચેનું અંતર ઓછું ને ઓછું થતું જતું હોવા વિષે તો નિઃશંક હતો.

અને જ્યારે સૂર્ય બરાબર માથે આવ્યો ત્યારે કૌશિકે એક ઊંચી પહાડીની ટોચે પહોંચતાં જોયું કે એ સંન્યાસી અને તેની સાથે ધીરે ડગલે ચાલી રહેલી સંન્યાસિનીના વેશમાં મલ્લિકા સામેની ટેકરીનો ઢોળાવ ઊતરી રહ્યાં છે!

તેણે બૂમ મારી,–ના, ઉત્સાહભેર ત્રાડ નાંખીઃ "મ...લ્લિ...કા!"

તત્ક્ષણ મલ્લિકા અને ચામુંડ થોભ્યાં અને તેમણે પાછું વાળીને જોયું.

કૌશિક જે પહાડીની ટોચ પર ઊભો હતો તેની અને જે ટેકરીનો ઢોળાવ મલ્લિકા વટાવતી હતી તેની વચ્ચે સાંકડું પણ લાંબું અને ઊંડું કોતર હતું.

કૌશિક બોલ્યો : " મલ્લિકા ! ઊભી રહે, જરા થોભ, હું આવું છું......"

સંન્યાસી મલ્લિકાનો હાથ પકડીને આગળ જવા માંગતો હતો એમ કૌશિકે જોયું અને તેણે કહ્યું : " મલ્લિકા ! થોભ, મારી વાત સાંભળ......"

કૌશિક સાંભળી શકે તેવા ઉચ્ચ સ્વરે મલ્લિકા બોલી: " કૌશિક ! તું હવે પાછો જા, મારી પાછળ ન આવ. સાંભળ, મેં નૃત્યકળાનો ત્યાગ કર્યો છે......"

" ભલે તેં નૃત્યકળાનો ત્યાગ કર્યો, ભલે તું સાધ્વી બની, મને તો તારું નિત્યમેવ દર્શન જોઇએ છે, મલ્લિકા ! "

" કૌશિક ! એ પણ હવે તો શક્ય નથી, હું તાપસીઓના મઠમાં વસવા જઉં છું. "

" તું ભલે ગમે ત્યાં જાય; તું તાપસીઓના મઠમાં વસીશ, તો હું એ મઠનો ચાકર બનીશ ! પણ મને તારો સાથ તો કરવા દે, દેવિ !"

" કૌશિક ! કૌશિક ! હેરાન ન થા ! તું તારે માર્ગે જા, મને મારા માર્ગે જવા દે ! " મલ્લિકાના સ્વરમાં આર્દ્રતા પ્રકટી.

" હું તારા માર્ગમાં વિઘ્નરૂપ નહિ બનું, મલ્લિકા !......"

એ જ ક્ષણે સંન્યાસીએ મલ્લિકાનો હાથ પુનઃ પકડ્યો અને તેને ખેંચી ચાલવા માંડ્યું.

કૌશિક તેને ખેંચાઈ જતી જોઇને અધીરો બન્યો અને બોલ્યો: " એક ક્ષણ થોભી જા, મલ્લિકા ! હું આવું છું......"

અને કૌશિકે મલ્લિકા ભણી ડગલું ભર્યું !

પરન્તુ તેણે ભાન ગુમાવ્યું હતું. મલ્લિકા પોતાની સામે કેટલા અંતરે હતી, વચ્ચે કોતર હતું, તેનો ખ્યાલ તેને રહ્યો જ નહિ અને તે ડગલું ભરતાંની સાથે કોતરમાં ગબડી પડ્યો......

મલ્લિકાએ ચિત્કાર કર્યો...તેણે ચામુંડના હાથમાંથી હાથ છોડાવી કોતરની નજીક જઈ અંદર દૃષ્ટિપાત કર્યો.

કોતરને તળિયે કૌશિક ચત્તોપાટ પડ્યો હતો. તેના અંગેઅંગમાંથી લોહીના ફુવારા ઊડી રહ્યા હતા. આત્મા ઊડી જવાને હાથ–પગની શિરાઓને ખેંચી રહ્યો હતો, તેથી હાથ–પગ તરફડતા હતા.

પાંચ–દસ ક્ષણોમાં એ ખેંચાણ–એ તરફડાટ પણ બંધ પડી ગયો અને મલ્લિકાએ આંસુભરી આંખે ચામુંડ સામે જોયું.

પહાડી ટટ્ટાર બેઠી હતી, કોતર શાન્ત સૂતું હતું, ચામુંડ સ્તબ્ધ ઊભો હતો.

(૨)

"એ કૌશિક કોણ હતો, મલ્લિકા ?"

"પાટણનો ચિત્રકાર."

"એ જ આ કૌશિક ? તને એ કયાંથી પિછાણે ?"

"આપે જોયું તે એનું જ દોરેલું ચિત્ર છે. નીલકંઠ સમીપેના મારા નૃત્યસમયે જેણે પુષ્પની અંજલિ ફેંકી હતી તે જ એ કૌશિક."

"તે જ કામુક આ કૌશિક !" ચામુંડ વિજયથી ચમકતી આંખો વિસ્ફારતો બોલ્યોઃ "જોયું એ કામુકતાનું ફળ ! એ જ કામુકતાએ તેની પાસે ચિત્ર દોરાવ્યું, તેને તારી પાસી ખેંચી આણ્યો, અને છેવટે આવા અપમૃત્યુનો સ્વાદ ચખાડચો !"

"તે કામુક નહોતો, મહારાજ !"

"શું તે કામુક નહોતો ?" ચામુંડ આશ્ચર્ય અને રોષથી બોલ્યોઃ "આગમાં પડીને પતંગ બળી મરે તેમ તે તારી પાછળ મરી ગયો ! **कामान्धो नैव पश्यति**, તેમ તેની કામનાએ તેને કેવો અંધ બનાવ્યો હતો તે તેં ન જોયું ? તેને ઊંડું કોતર પણ દેખાયું નહિ !"

"પણ કોઇ વાર તેણે મારી પાસે પોતાની મલિન વાસના પ્રકટ કરી નહોતી, દેવ!"

"તે પ્રકટ કરવા માટે તો એને તારો સાથ જોઇતો હતો... પણ મલ્લિકા! એવા દુર્જનને નિર્દોષ માનીને તું વધુ પાપ બાંધે તે ઠીક નથી; જેવું મોત તેને ઘટતું હતું તેવું જ મોત તે પામ્યો છે. તેની પાછળ આંખોમાં આ આંસુ શાં!" એમ કહેતાં ચામુંડે પોતાના વસ્ત્ર વડે મલ્લિકાનાં આંસુ લૂછ્યાં અને તેને હાથ પકડીને આગળ દોરવા માંડી.

"પ્રભુ! મને એવી ઇચ્છા થાય છે કે આવા ઉત્તમ કલાકારનું મુડદું રાની જાનવરોનો ખોરાક ન બને તો ઠીક......આપણે તેને અગ્નિદાહ આપવા રોકાઈ જઇએ તો કેવું સારું!"

"મલ્લિકા!" ચામુંડ ઘૃણાથી બોલ્યો: "પ્રભુ દુર્જનોને જ આવાં મોત આપે છે, તે અન્યથા કરવા ઇચ્છનારી તું કોણ? મને લાગે છે કે એ કૌશિકે તારા મનમાં પણ મલિનતાનો લેપ કર્યો હોવો જોઇએ અને એ જ મલિનતા અત્યારે તારી આવી વિચિત્ર ઇચ્છા દ્વારા ઊભરાઈ રહી છે."

"કૌશિકે મારા મનમાં જરાએ મલિનતા રોપી નથી, મહારાજ!"

"તને એ નહિ દેખાય, પરન્તુ મારી ઇચ્છાની વિચિત્રતા તે કહી આપે છે, અને તારા મનની નિર્બળતાને પણ છતી કરે છે."

તે ક્ષણે મલ્લિકાને સાંભર્યું કે એક વાર પોતે કૌશિકની કલા-સમાધિ પર પ્રસન્ન થઇને તેને આવેશપૂર્વક ચુંબન લીધું હતું; તે વખતે તો તેને એ મલિનતા નહોતી લાગી, તો પછી એ મનોભાવનું મૂળ શું હતું?

"ક્ષમા કરો, મહારાજ!" મલ્લિકા નમ્રતાથી બોલી: "મારું નિર્બળ મન ઘણી વાર વિચિત્ર ઇચ્છાઓ કરે છે, એ તો ખરું."

"એ વિચિત્ર ઇચ્છાઓનો ભાર હજી પણ તારે વેંઢાર્યા કરવો છે?"

"તો મારે શું કરવું ?"

"નિર્બળ મનથી થઇ ગએલાં પાપોનું સ્વમુખે પ્રકાશન : એ પ્રકાશન પાપોનું પ્રક્ષાલન બને છે...એ પ્રકાશન જ મનની સબળતા સાધવાનું પહેલું સોપાન છે."

"મને ક્ષોભ થાય છે એવી વાત કહેતાં, મહારાજ !"

"એ જ નિર્બળતા; નહિતો પિતા પાસે આત્મનિવેદન કરતાં પુત્રીને ક્ષોભ કેમ થાય ?"

નજર સમીપે કૌશિકનું મુડદું પડયું હતું; મલ્લિકાનું હૃદય આ કારમા પ્રસંગથી આર્દ્ર બની ગયું હતું; એ વખતે તેને વધુ ક્ષુબ્ધ થવા દેવી એ ચામુંડને ઈષ્ટ લાગ્યું નહિ, એટલે તેણે મૂગાં મૂગાં જ ડગલાં ભરીને મલ્લિકાને આગળ દોરી.

▲ ▲ ▲

પ્રકરણ ૬

▲ ▲

તાપસીઓના મઠમાં

▲

(૧)

ઊતરતા જેઠ માસનો તાપ કેવો આકરો હોય છે તે નહોતો જાણતો ચામુંડ કે નહોતી જાણતી મલ્લિકા. એક રાજા હતો, બીજી કોમલાંગિની નર્તિકા હતી. ઘોડો હતો ત્યાંસુધી તો ચામુંડને ઉનાળાના તાપમાં પ્રવાસ કરવાનું બહુ આકરું લાગ્યું નહોતું, પરન્તુ અધીર–ઉત્સાહી ચામુંડના સતત પ્રવાસને લીધે તથા પોષણ અને કાળજીની ઊણપને લીધે ઘોડો બિચારો મૃત્યુ પામ્યો અને તેથી ચામુંડને અત્યારે પહાડી પ્રદેશમાં, સખ્ત તાપમાં, પગપાળો પ્રવાસ કરવો પડતો હતો. પ્રવાસ ખરેખર વસમો હતો. પ્રવાસ વધુ વસમો તો મલ્લિકાને લાગતો હતો, પરન્તુ જે કષ્ટ રાજા ભોગવી રહ્યો

હતો તે કષ્ટ પોતે ભોગવી શકતી નથી એમ જોઇને એ કષ્ટ પ્રકટ કરતાં મલ્લિકાને ક્ષોભ થતો હતો.

શરીર પરસેવાથી નીતરી રહ્યું હતું. સાવધાન રહીને ધીરેધીરે ચાલવાથી તેને પગમાં કાંટા તો વાગ્યા નહોતા, પરન્તુ કાંકરા બહુ વાગ્યા હતા અને તેથી અડવાણા પગનાં તળિયાં પાકાં ગૂમડાંની જેમ દર્દ કરી રહ્યાં હતાં. ઝાંખરાંથી પગ કેટલેય સ્થળે ઉઝરડાયા હતા. ટેકરીનો ઢોળાવ ઊતરી ગયા પછી તો મલ્લિકામાં આગળ ચાલવાની બિલકુલ આય રહી નહિ. ધૂળવાળી ટેકરી પર જ બેસી જતી મલ્લિકા બોલી : "મહારાજ ! અહીં આપણે વિસામો લઇએ, મારામાં આગળ ચાલવાનું જોમ રહ્યું નથી."

ચામુંડ બોલ્યો : "લે, થોડું પાણી પી, મ્હોં પાણીથી ધોઇને જરા ઠંડી થા; પેલું ઘટાદાર વૃક્ષ દેખાય છે ને, ત્યાં પહોંચીને આપણે તેની છાયામાં વિસામો લઇશું."

મલ્લિકાએ ચામુંડના હાથમાંથી પાણીનો કટોરો લઇ તેમાંથી બે ઘૂંટડા પાણી પીધું, મ્હોં પર થોડું પાણી છાંટ્યું અને પછી વૃક્ષ તરફ દૃષ્ટિપાત કરતાં કહ્યું : "એટલે દૂરસુધી હું નહિ ચાલી શકું. વધારે નહિ, પણ બેએક ઘડી તો આપણે અહીં બેસીએ !"

"પણ મલ્લિકા ! આ તપેલી ભોંય પર આપણે બેસીશું તો આરામ શી રીતે મળશે ? ચાલ, ઊભી થા, જરા કઠણ બની જા, આમ પોચાં થવાથી–સુંવાળાં થવાથી તાપસીનું જીવન તું કેવી રીતે જીવી શકીશ ?" ચામુંડે તેને સમજાવવા માંડી.

"મહારાજ ! આ તાપથી તપેલી ભોંય પર બેસવું એ જ શું તપસ્યા નથી ? આપ પણ બેસો, આપને પણ થાક તો લાગ્યો જ હશે ને !"

ચામુંડે સ્મિત કર્યું. તેને આનંદ થતો હતો કે મલ્લિકા તપસ્યાભિમુખ બની રહી છે અને આ પ્રવાસનાં કષ્ટોને પણ આત્માને નિર્મળ કરનારી તપસ્યા રૂપે જ જુએ છે. તે એના વદન બણી

જોઈ રહ્યો અને બોલ્યો : " તપસ્વિની મલ્લિકા ! મારા શરીરને થાક લાગ્યો છે, પણ મારું મન નિસ્થાક રહ્યું છે અને તે પગને આગળ ચાલવાની આજ્ઞા કરે છે, એટલું જ નહિ પણ તે આ તનને વધુ તપસ્યા કરવા ફરમાવે છે કે આ અંગારા વરસાવી રહેલા તાપમાં તું તારા બીજા બોજા ઉપરાંત મલ્લિકાના દેહના બોજાને પણ ઊંચકી લે, અને તેને પેલા ઘટાદાર વૃક્ષસુધી પહોંચાડી કૃતાર્થ થા ! "

" નહિ, નહિ, મહારાજ !... " એમ મલ્લિકા બોલતી જ રહી અને ચામુંડે તેને ઊંચકીને પોતાની ખાંધ પર બેસાડી ચડપ ચડપ આગળ ચાલવા માંડયું !

જાણે પગમાં નવું જોમ આવ્યું હોય તેમ તે ચાલતો હતો. મલ્લિકા પોતાની જાતને ધિક્કારી રહી હતી અને ચામુંડને વિનંતિ કરી રહી હતી : " પ્રભુ ! જરા થોભો, મને નીચે ઊતરવા દો, હું હવે ચાલીશ—ચાલી શકીશ, આપ મારે માટે કષ્ટ ઉઠાવી તપસ્યા કરી માનો છો, પણ હું તો એક રાજવી સંન્યાસીની ખાંધ પર બોજારૂપ બનીને પાપમાં પડું છું : થોભો, મહારાજ ! મને ઊતરવા દો ! "

પરન્તુ ચામુંડ તો જાણે સાંભળતો જ ન હોય તેમ ચાલ્યો જતો હતો. એક ભીલનો છોકરો માર્ગમાં સામો મળ્યો તે આ દૃશ્ય જોઈને અચરજ પામતો ઊભો રહ્યો, ફાટી આંખે જોઈ રહ્યો, અને કટાક્ષમાં ખડખડ હસી દોડી ગયો. ચામુંડે તેનું હાસ્ય સાંભળ્યું અને તેને શરમ આવી. પગનું કૌવત ઘટતું હોય તેમ તેને લાગ્યું, પરન્તુ ' આ તો તપસ્યા છે ને ! દેહકષ્ટ વિના તપસ્યા ન હોય અને તપસ્યા વિનાનો તપસ્વી... ' એ વિચારસરણીએ ખાંધ પરના એ સુંવાળા બોજાને વૃક્ષસુધી પહોંચતો કરતાંસુધી ચામુંડના બળને ટકાવી રાખ્યું.

(૨)

ચામુંડ મલ્લિકાને ઊંચકીને ચાલવાથી હાંફી ગયો હતો, તેથી કેટલીક વારસુધી કશું ય બોલ્યા વિના તે વૃક્ષની છાયામાં પિછોડી પાથરીને આળોટચો ત્યારે તેની હાંફ મટી. મલ્લિકા છાયામાં ચત્તી પડીને પવનની ઊની લહરિઓમાંથી આરામના ઉચ્છ્વાસ ભરી રહી. કેટલીક વારસુધી બેઉ મૂગાં જ પડી રહ્યાં.

બેએક ઘડી એવી રીતે વીતી ગઈ એટલે ચામુંડે સ્વસ્થ થઈને પાણી પીધું. મલ્લિકા માટે પાણીનો કટોરો ભરીને તેણે તેને બોલાવી પણ તે ઊંઘી ગઈ હતી.

" ભલે તે ઊંઘે...રાત્રે તેને ઊંઘ નહિ આવી હોય...પ્રવાસ પણ પરોઢમાં જ શરુ કરવો પડચો હતો...હે ભગવન્! પાપીનો ઉદ્ધાર કરવા તારા સિવાય બીજું કોણ સમર્થ છે? નહિતો ક્યાં મહાકાળેશ્વરની રૂપસુંદરી નર્તિકા અને ક્યાં તેનો આ ભગવો વેશ!"

એ ભગવા વેશમાં પાસું ફેરવીને સૂતેલી મલ્લિકા ચામુંડને વધુ સુંદર લાગી. તેના વક્ષને ઢાંકતું પડેલું નાનું સરખું એક પોટલું તેણે આસ્તેથી બાજુએ ખસેડયું, તે વખતે એ પોટલામાં ચોવડું વાળેલું કૌશિકે દોરેલું પેલું ચિત્ર તેની નજરે પડયું. જે દૃષ્ટિ મલ્લિકાની આકૃતિના સૌંદર્યનું પાન કરવા ઉત્સુક બની હતી તે દૃષ્ટિ તે ચિત્રને જોતાં જ ક્રોધથી સળગી ઊઠી અને ચામુંડે હાક મારી: " મલ્લિકા! મલ્લિકા!"

મલ્લિકા બેબાકળી જાગી ઊઠી અને બોલી : " શું છે મહારાજ?"

" આ તેં શું સાથે લીધું છે, પાપિણી?"

શું જવાબ આપવો તે મલ્લિકાને નહિ સૂઝવાથી તે ચિત્રને ટગરટગર જોઈ રહી.

" એ દુષ્ટ ચિત્રકારે તારા મનમાં મલિનતાનો લેપ કર્યો હતો તેની પ્રતીતિ શું આ નથી?"

મલ્લિકાની આંખોમાં આંસુ ચમક્યાં અને તે બોલી: "ક્ષમા કરો, મહારાજ! એ સુંદર ચિત્રનો મોહ હું છોડી શકી નહિ અને મેં તે સાથે લીધું."

"એ ચિત્ર તારું પોતાનું છે, તારો દેહ તારી સાથે જ છે, છતાં આ ચિત્ર ઉપર તારો મોહ હોઈ શકે નહિ; એ ચિત્રકાર ઉપર જ તારો મોહ હોવો જોઈએ, પૂછી જો તારા અંતરાત્માને."

મલ્લિકા અંતરની ગવેષણા કરતી હોય તેમ જરા વિચાર કરીને બોલી: "સાચું છે મહારાજ! મારા અંતરમાં જ મલિનતા લેપાઈ હતી."

ચામુંડે ક્રોધાવેશમાં ચિત્રને ચરડ–ચરડ કરતું ફાડયું અને ફેંકી દીધું; પછી તે બોલ્યો: "આવા મલિન અંતરવાળી તું તાપસીઓના મઠમાં વસીને ગમે તેટલી તપસ્યા કરશે તોપણ ભગવાનની કૃપા તારા પર કેવી રીતે ઊતરશે?"

મલ્લિકાની આંખોમાંથી હવે અશ્રુની ધારાઓ વહેવા લાગી. તેના મુખમાંથી કશો ઉદ્ગાર નીકળી શક્યો નહિ.

"બોલ, બોલ! પાપોની કરંડિકા! મનમાં હજી કેટલાંક પાપો ભરી રાખ્યાં છે?"

"મેં ઘણાં પાપો કર્યાં છે, પ્રભુ!"

"તો એ પાપોને પ્રકટ કરીને આત્માનો ભાર ઓછો કરવામાં તું હજી કેમ વિલંબ કરી રહી છે?"

અને પછી મલ્લિકાએ હૃદયનો ભાર ઓછો કરવા માંડ્યો. ચામુંડ નહોતો જાણતો તે પહેલી વાત તેણે કહી ચંડે કરેલા નીલકંઠના અનુષ્ઠાનની, અને તેના એ મેલા અનુષ્ઠાનથી વલ્લભરાજના થએલા મૃત્યુની.

ચામુંડ મનને અંકુશમાં રાખીને, એ અત્યંત અપ્રિય અને હૃદયને ઉદ્વિગ્ન કરે તેવી વાત સાંભળી રહ્યો. જે નીલકંઠનું બાણ મહારાજ મૂળરાજદેવને માટે મંગલકારી હતું તે જ બાણની ઉપા-

સના દ્વારા એક દુષ્ટ મનુષ્યે પોતાના પુત્રનું મૃત્યુ નીપજાવ્યું એ વાત જાણીને તે પોતાની જાત ઉપર ગુસ્સે થયો. એ બાણુ પોતે જ ગુમાવ્યું હતું, તે ગુમાવવા માટે પોતે જ અપરાધી હતો અને તે અપરાધનું ફળ પ્રભુએ પોતાને આપ્યું હોય એમ માનીને તે મૂગો રહી મલ્લિકાના રડતા વદનને નિહાળી રહ્યો.

મલ્લિકા આગળ બોલી: "મહારાજ! એ બાણુ મેં ચોર્યું હતું ચંડના કહેવાથી, તેને જ માટે...."

"સરળ સ્વભાવની મલ્લિકા! એક દૂત જેવા તુચ્છ માણસથી તું ભોળવાઈ ગઈ અને તેં એ ચોરી કરી. ચંડના દુષ્કૃત્યથી મારા પુત્રનું મૃત્યુ થયું તે માટે હું તને અપરાધી નથી માનતો, તારા દિલમાં એ પાપ નહોતું, પણ તું પાપના નિમિત્તરૂપ તો બની જ. ખેર, પણ એ ચોરીના બદલામાં ચંડે તને શું આપ્યું હતું વારુ?"

મલ્લિકાએ ગભરાઇને બેઉ હાથથી પોતાના મ્હોંને ઢાંકી દીધું અને બોલી: "ઓ દેવ! ચંડ...એ પાપી પુરુષ સાથે મારો મલિન સંબંધ હતો!"

ચામુંડે ક્રોધાવેશથી એકદમ ઊઠી મલ્લિકાની છાતીમાં લાત મારી, અને તે જાણે ઘેલો બની ગયો હોય તેમ બરાડી ઉઠ્યો: "ધિક્કાર છે તને! તું મહાકાળેશ્વરની સેવિકા, પરમ બ્રહ્મચારિણી, અને તેં એવા પાપી માણસને તારા સૌંદર્યનો ભોક્તા–તારો જાર બનાવ્યો?"

ચામુંડ રોમેરોમે સળગી ઊઠ્યો હતો. તેની છાતી ફાટફાટ થતી હોય તેમ તે જોરથી ઉચ્છ્વાસ ભરતો હતો. તેની આંખો ક્રોધથી લાલઘૂમ બની ગઈ હતી.

લાત વાગવાથી ભોંયે ચત્તી પછડાતી મલ્લિકા બેઠી થઈ. તેની આંખોમાંથી આંસુની ધારાઓ સતત વહ્યા કરતી હતી. એ આંસુની આરપાર ચામુંડનું સ્વરૂપ તેની આંખોને વિકરાળ ભાસ્યું અને તેણે પોતાના વસ્ત્રથી પુનઃ મ્હોં છુપાવી દીધું.

ચામુંડ આવેશમાં ને આવેશમાં વૃક્ષ હેઠળ આમથી તેમ ફર્યો. કેટલીક વારે આવેશ ઊતર્યો, ત્યારે તેને શરીરમાં અશક્તિ ઊભરાતી લાગી અને તે એકદમ નીચે બેસી ગયો. બેઠાં રહેવાયું નહિ એટલે તે સૂઇ ગયો. સૂતાં સૂતાં તે ધૂળમાં આળોટવા લાગ્યો.

મલ્લિકા તેની એ ચેષ્ટા જોઇને ભયભીત બની ગઇ. તે ઊઠીને તેની પાસે ગઈ. તેની આંખો બંધ હતી. ધૂળમાં આળોટતા ચામુંડનો હાથ પકડી મલ્લિકા બોલી: "મહારાજ! મહારાજ! આપને શું થાય છે?"

ચામુંડ કશું બોલી શક્યો નહિ. તે આળોટતો બંધ થઈ ગયો અને અચેતન માનવીની પેઠે સ્થિર પડયો રહ્યો. મલ્લિકાએ અમંગળ કલ્પના કરતાં ઊઠીને તેના મુખ પર પાણી છાંટયું, ત્યારે તેનામાં ચૈતન્ય પ્રકટતું દેખાયું.

કેટલીક વારે ચામુંડ સ્વસ્થ થયો અને ઊઠીને બેઠો. સામે બેઠેલી મલ્લિકાની કરુણામૂર્તિને તે જોઇ રહ્યો. તપસ્યા આદરીને જીવનને પવિત્ર રીતે નિર્વહવાની જેની પ્રતિજ્ઞા હતી એવી મલ્લિકાને લાત મારી પોતે તેનો તિરસ્કાર કર્યો હતો એ તેને સાંભર્યું અને તે મલ્લિકાના પગે દંડવત્ પડતો બોલ્યો: "મને ક્ષમા કર, ઓ માતા!"

આર્દ્ર હૃદયે મલ્લિકાએ ચામુંડનો હાથ પકડી તેને બેઠો કર્યો.

દિવસ સારી પેઠે નમ્યો અને તાપ ઓછો થયો એટલે તેમણે પાછો આગળ પ્રવાસ આરંભ્યો, અને છેક સાંઝે તેઓ પહાડની તળેટીમાં આવેલા એક ગામડાની ધર્મશાળામાં આવી પહોંચ્યાં. ત્યાં નર્મદાની પરિક્રમા કરનારાં—પરકમ્માવાસીઓ ઊતર્યાં હતાં, તેમની સાથે ચામુંડ અને મલ્લિકાએ પણ એક ખૂણે ઉતારો કર્યો.

બીજે દિવસે તેમણે પ્રવાસ આગળ લંબાવ્યો. આખો દિવસ પગપાળો પ્રવાસ કરીને તેઓ નર્મદાકાંઠે પહોંચ્યાં.

અહીંથી શૂળપાણેશ્વર, ચાણોદ, શુક્લતીર્થ, ભૃગુકચ્છ, ઇત્યાદિ સ્થાનો પર જવાનાં નાવ છૂટતાં હતાં. નાવ વહેલી સવારે ઊપડતાં

એટલે આગલી સાંઝે આવીને ઉતારુઓ કાંઠા પરની ધર્મશાળામાં આવીને પડ્યાં રહેતાં હતાં. ચામુંડ અને મલ્લિકાએ પણ તેમની સાથે પડાવ નાંખ્યો.

ચામુંડ પાસે ચણાનો સાથવો હતો તે ખાઇને અત્યારસુધી તેમણે ચલાવ્યું હતું; પણ હવે એ ખૂટી જવા આવ્યો હતો, એટલે ચામુંડે સીધું-સામાન લાવી આપ્યાં અને મલ્લિકાએ ત્રણ-ચાર દિવસ ચાલે એટલી દૂધની ભાખરીઓ બનાવી. અને પરોઢમાં નર્મદામાં સ્નાન કરી તેઓ શુકલતીર્થ જતા એક નાવમાં ચડી બેઠાં.

(૩)

શુકલતીર્થ પાસે નર્મદાના વહનથી અર્ધોએક કોસ જેટલે દૂર, વૃક્ષોથી ઘેરાયેલા એક રમ્ય સ્થાન પર તાપસીઓનો મઠ આવી રહેલો હતો. મઠમાં ઇંટોથી બાંધેલાં નાનાં ધાટીલાં મકાનો હતાં, પર્ણકુટીઓ હતી, કૂવો હતો, ઉદ્યાન હતું અને એક નાનું શિવમંદિર પણ હતું.

લોકો કહેતા કે પહેલાં એ બૌદ્ધ તાપસીઓનો મઠ હતો, પરન્તુ ગુજરાતમાં બૌદ્ધોનું જોર ઘટવા લાગ્યું ત્યારે એક તેલંગી શૈવે ત્યાં આવીને રહી-સહી તાપસીઓને શૈવ ધર્મની દીક્ષા આપી હતી અને ત્યારથી એ શૈવ તાપસીઓનો મઠ બન્યો હતો. લાટના ચાલુક્ય તથા રાષ્ટ્રકુટ રાજાઓ તરફથી મઠને આશ્રય મળ્યા કર્યો હતો અને તેથી તાપસીઓનો એ મધપૂડો નર્મદેશ્વરના મહંતની દેખરેખ હેઠળ ગુંજી રહેતો હતો. ત્યાં તેઓ પવિત્ર જીવન ગાળી આયુષ્ય પૂરું કરતી.

બહુધા વૃદ્ધાઓ જ ત્યાં શેષજીવન ગાળવા આવીને વસતી. માત્ર થોડી પ્રૌઢાઓ હતી. તેઓ ત્યાં આખો દિવસ મઠનું અનેકવિધ કામ કર્યા કરતી અને પ્રભુભક્તિ કરતી. મઠનું કામ એટલે બધેય સાફસુફી રાખવાનું, ઉદ્યાન ઉછેરવાનું, ગાયો દોહવાનું, રાંધવાનું, ખાંડવા-ભરડવાનું, લીંપવા-ગુંપવાનું, કપડાં સીવવાનું અને અશક્ત તાપસીઓની સેવા કરવાનું, ઇત્યાદિ બધુંય કામ તેઓ કરતી, શ્રમયુક્ત જીવન ગાળતી અને રાત્રિમાં બે પહોરની નિદ્રા સિવાય

સૂવામાં કે આળસમાં બિલકુલ સમય ગાળતી નહિ. બપોરનો આરામનો સમય કથા-વાર્તાઓમાં અને જ્ઞાનચર્ચામાં જતો.

ત્યાંની વિદુષીઓ બીજી તાપસીઓને ભણાવતી, જ્ઞાનદાન કરતી, ભજનો શીખવતી, કથા-વાર્તા સંભળાવતી અને જિજ્ઞાસુઓનું યથાશક્તિ શંકાસમાધાન કરતી. સંસારમાં બળેલી-જળેલી સ્ત્રીઓને ત્યાં ઠીક મનોવિરામ પણ મળતો. એ રીતે તેઓ શાન્ત, નિરુપદ્રવી, શ્રમશીલ અને પવિત્ર જીવન જીવીને તન-મનનું કલ્યાણ કરતી અને મૃત્યુ આવતાં તેને સમભાવે ભેટીને કૃતાર્થતા અનુભવતી.

મઠમાં પુરુષો માત્ર બે જ હતા: એક વૃદ્ધ તાપસ અખિલેશ્વર અને બીજો ઘરડો ગોવાળ ગોવિંદ. અખિલેશ્વર એક પર્ણકુટીમાં વસીને મઠમાંની તાપસીઓનાં સંયમ-નિયમ-તપાદિમાં યથાશક્તિ દોરવણી આપતો અને ગોવિંદ ગાયો ચરાવતો તથા વન્ય પશુઓના ઉપદ્રવમાંથી મઠ મુક્ત રહે તે માટે દેખરેખ રાખતો. ચોર-લુંટારાઓનો ઉપદ્રવ મઠને કોઇ વાર નડ્યો નહોતો એટલે રક્ષણની કશી વ્યવસ્થાની જરૂર જણાઈ નહોતી.

એ રીતે વર્ષોથી એ તાપસીઓનો મઠ અનેક તાપસીઓનાં અંતિમ જીવનને સુખ-શાન્તિમાં પૂરાં કરવાનો સાક્ષી બનીને કોઇ સૌમ્યદષ્ટિ ઋષિવર્યની પેઠે નર્મદાના ઉપકંઠમાં ઊભો હતો.

સંન્યાસી ચામુંડની સાથે મલ્લિકા મઠમાં દાખલ થઇ અને સંન્યાસીએ કહ્યું કે તેને મઠમાં સ્થાન જોઇએ છે, ત્યારે અખિલેશ્વર તથા તાપસીઓને ખૂબ આશ્ચર્ય થયું. આટલી નાની વયની તાપસી આજસુધી કોઇ જ ત્યાં આવીને રહી નહોતી.

ચામુંડે પોતાની ઓળખ આપી નહિ, પણ તેણે મહાકાળેશ્વરની નર્તિકા તરીકે મલ્લિકાની ઓળખ આપી અને વિશેષમાં કહ્યું કે ત્રણેક વર્ષ પૂર્વે એની માતા શિવા આ જ મઠમાં વસીને તપસ્યા તથા પ્રભુભક્તિમાં પોતાનું જીવન પૂરું કરી ગઇ હતી, ત્યારે સૌને આનંદ થયો. શિવાનું પવિત્ર મૃત્યુ જેમણે જોયું હતું તેઓ તો તેની જ

પુત્રીને મઠમાં તાપસી તરીકે રહેવા આવેલી જોઇને તેની પ્રત્યે મમતા દાખવી રહી અને આટલી નાની વયમાં તેને તપ–સંયમને માર્ગે વળેલી જોઇને તેના અભિલાષને તથા જીવનને ધન્ય માની રહી.

ચામુંડે અખિલેશ્વરને કહ્યું: "વૃદ્ધ તાપસ! તપસ્યાથી દેહના વિકારો શિથિલ બને છે અને તે સાથે મનના વિકારો શમીને આત્મા નિર્મળ થાય છે. મલ્લિકા તપસ્યામાં આજે પહેલું પગલું ભરે છે. દેહનાં કષ્ટો તેણે ભોગવ્યાં નથી પણ તે ભોગવવા તત્પર છે, અને એ માર્ગે તેના મનની મલિનતાને દૂર કરી આત્માને નિર્મળ કરવા તે અત્યંત ઉત્સુક છે. પૂરા વિલાસી જીવનમાંથી તે તપસ્યાના અગ્નિમાં કૂદે છે તેથી તે ઘૃણા કરતાં વિશેષ તો દયાને પાત્ર છે, પરન્તુ સાંભળો, તેને તપસ્યામાં દોરતાં તમે જરાએ દયા રાખશો નહિ. પહેલાં તો તેને ત્રણ ઉપવાસ કરાવજો, પછી રોજ એક જ અન્નનું લવણરહિત ભોજન આપજો અને જેમજેમ તેના મનની નિર્મળતાની પ્રતીતિ આવતી જાય તેમતેમ તેને બીજી તાપસીઓની દિનચર્યામાં દાખલ કરવાનો ક્રમ ગોઠવજો."

અખિલેશ્વરે કહ્યું: "એમ જ કરીશું, સંન્યાસી મહારાજ!"

ચામુંડે આગળ કહ્યું: "પાપોનું પ્રક્ષાલન કરી આત્માને મલરહિત કરવા મલ્લિકા અહીં આવી છે. એ પ્રક્ષાલન પશ્ચાત્તાપથી અને આત્મનિવેદન દ્વારા પાપોના પ્રકાશનથી થાય છે એ તો તપસ્વીઓ સારી પેઠે સમજે છે. મલ્લિકાએ પ્રકાશન તથા પશ્ચાત્તાપ મારી સમક્ષ કરેલાં છે, એટલે હવે તેને એ વિષે તમે કશું પૂછશો નહિ."

અખિલેશ્વરે કહ્યું: "પરન્તુ સંન્યાસી મહારાજ! આપ તો અહીંથી ચાલ્યા જવાના એટલે એ રીતે અમારી સમક્ષ તેના પ્રાયશ્ચિત્તનો નિર્વાહ નહિ થઈ શકે, તેનું શું?"

ચામુંડ વિચારમાં પડ્યો અને થોડી વારે બોલ્યો: "તો તે સ્વયમેવ જે કાંઈ નિવેદન કરવું હોય તે ભલે કરે, પણ તેને ક્ષોભ

ન થાય તે માટે તેને કશું પૂછવું એ ઠીક નથી, એવો મારો અભિપ્રાય છે."

અખિલેશ્વરે કચવાતા મને કહ્યું: "તો ભલે તેમ કરીશું."

"પણ તમે તેને રાખશો ક્યાં?" ચામુંડે પૂછ્યું.

"બીજી તાપસીઓની સાથે જ."

"એમ નહિ, તેને આત્મસંશોધન કરવાને પૂરતો અવકાશ મળે તે માટે એકાદ એકાન્ત પર્ણકુટીમાં રાખજો." ચામુંડે સૂચવ્યું.

અખિલેશ્વરે જવાબ આપ્યો: "એકલતા સંયમમાં વિઘ્નરૂપ બને છે, નિરુદ્યમ ગત કાળનાં સ્મરણોને જાગ્રત કરે છે, એવાં સ્મરણ જડ મનના વિકારોને જાગ્રત કરી સંયમમાં બાધા ઉત્પન્ન કરે છે અને તેથી તપોનિર્વાહ થતો નથી; એટલે અહીંની બીજી તાપસીઓના જેવી જ દિનચર્યા મલ્લિકાની પણ રહેશે."

ચામુંડે અખિલેશ્વરના કથનને મનમાં ઘૂંટતાં કહ્યું: "તો ભલે તેમ કરજો, પરંતુ ઉપવાસકાળમાં..."

અખિલેશ્વર વચ્ચે બોલ્યો: "હા, હા, બરાબર, તેનું શરીર અશક્ત ન થઈ જાય તે માટે વધુ ઉપવાસ કે આહારનો સંયમ અમે નહિ કરાવીએ. સશક્ત શરીર અને સતત ઉદ્યમ એ જ મઠનો સામાન્ય નિયમ છે."

"તથાસ્તુ...ત્યારે મલ્લિકા! હવે હું જઉં છું." એમ કહી ચામુંડે મલ્લિકાની ઉપર દૃષ્ટિપાત કર્યો. મલ્લિકાની આંખોમાંથી અશ્રુધારાઓ વહી નીકળેલી તેણે જોઈ.

"રડે છે શાને, પુત્રી?" ચામુંડ તેને આશ્વાસન આપતો બોલ્યો: "હું તો તારો એક કલ્યાણવાંછુ પિતા છું, પરન્તુ જો! તારાં માતા–પિતારૂપ આ વૃદ્ધ તાપસ અને અનેક તાપસીઓ તને કલ્યાણમાર્ગે દોરનારાં અહીં ઊભાં છે, પછી તારે રડવું શામાટે જોઈએ?"

મલ્લિકા ચામુંડ સમીપે દંડવત્ પડીને પછી ઊભી થઈ.

ચામુંડ હવે ત્યાંથી વિદાય થવા ઊભો થયો. તેણે જોયું કે મલ્લિકાનું આંસુભર્યું વદન પણ સંતોષની રેખાઓથી ધીર–ગંભીર દેખાય છે. પોતાને જે જોઈતું હતું તે પ્રાપ્ત થવાથી પ્રકટેલો આનંદ તેના વદન પરની રેખાઓમાં અને આંખોનાં આંસુમાં પ્રતીતિ આપતો હતો.

ત્યાંથી ડગલાં ભર્યાં પૂર્વે ચામુંડે પુનઃ મલ્લિકાની દેહયષ્ટિ ઉપર દૃષ્ટિપાત કર્યો.

"નૃત્ય કરતી વખતે ગતિ કરતા આ સુંદર ચરણ હવે તપસ્યાની કેડી પર પ્રયાણ કરશે, અભિનય કરતા આ કરકમળ હવે ઉદ્યાનના ક્યારાઓની માટી ચૂંથશે, ગાન આલાપતા આ ઓષ્ઠ-પ્રવાલ પર હવે ભગવાન રુદ્રનું નામ વિરાજશે, અને ચંડ જેવા દુર્જનના ચુંબનથી કલંકિત આ વદનચંદ્ર હવે..."

પરન્તુ એ વિચારમાળાને યત્નપૂર્વક ખંડિત કરીને ચામુંડે મલ્લિકા પરથી દૃષ્ટિને પાછી બોલાવી મઠના પ્રવેશદ્વાર ભણી સત્વર પાછાં પગલાં ભર્યાં.

પ્રકરણ ૭

ચિત્તશાન્તિની શોધમાં

(૧)

બેસતી વર્ષાઋતુમાં ગાઢ કાળાં વાદળાંનો ઘેરો આકાશમાં જામ્યો હતો. સૂર્ય ઢંકાઇ ગયો હતો, તાપ દેખાતો નહોતો, પણ ઊકળાટ એટલો સખત હતો કે મઠ છોડીને અર્ધો ગાઉ ભોં કાપતાં તો ચામુંડનાં કપડાં પ્રસ્વેદથી તરબોળ થઇ ગયાં. તેને ઇચ્છા થઇ કે એકાદ વૃક્ષ હેઠળ અધઘડી થોભું, શરીરનો પરસેવો લૂછીને જરા

સ્વસ્થ થઉં; પરન્તુ પાછું વાળીને જોતાં મઠમાંના શિવાલયનું શિખર હજી દેખાતું હતું એટલે તેણે થોભ્યા વિના જ આગળ ચાલવા માંડયું.

તેના ચિત્તમાં તોફાન જાગ્યું હતું. મલ્લિકાને છોડી, મલ્લિકાનું નિવાસસ્થાન છોડયું, છતાં મલ્લિકા તેનાથી જરાય દૂર ખસતી નહોતી! તેનાથી પોતે દૂર ને દૂર નાસી જતો હતો, તેનું સ્મરણ મિટાવવા પોતે મથી રહ્યો હતો, મન ઉપર બળાત્કાર કરીને તે મલ્લિકાને ભૂલવા ઇચ્છતો હતો, પરન્તુ મન કહ્યું કરતું નહોતું.

મઠ સંપૂર્ણ રીતે દૃષ્ટિથી અગોચર થઇ ગયો એટલે તે એક ઘટાદાર વૃક્ષ હેઠળ થોભ્યો અને કામળી પાથરીને તે ઉપર બેઠો. વસ્ત્રો ઉતારી નાંખી પરસેવો લૂછી નાંખ્યો અને વડનાં પાંદડાંનો પંખો બનાવીને ઉત્તમ શરીર પર તે વાયુ ઢોળવા લાગ્યો.

"મલ્લિકાને કલ્યાણને માર્ગે દોરીને મેં મારું કર્તવ્ય પૂરું કર્યું છે. તેને ને મારે હવે શો સંબંધ! શામાટે તે મને વારંવાર યાદ આવે છે! હે ભગવન્! મારા સત્કર્મથી પ્રસન્ન થઇને તું તેને મારા ચિત્તમાં રમવા મોકલે છે કે શું? પરન્તુ હું તો છું ત્યાગી, સંન્યાસી; એને તું મારાં સૂક્ષ્મ ચક્ષુઓની સમીપે વારંવાર રમવા ન મોકલીશ!"

એવી પ્રાર્થનાઓ અનેક વાર કર્યા છતાં પ્રભુએ તે સ્વીકારી નહોતી.

અત્યારે ચામુંડને હસવું આવ્યું: "હં, હં, પ્રભુ! તું મારી કસોટી કરે છે, ખરું ને? ભક્તની કસોટી કરવાનો તને બહુ શોખ હોય છે, તે હું જાણું છું તો! ભલે, જેવી તારી મરજી હોય તેમ કર, પરન્તુ હું એ કસોટીમાં પાર જ ઊતરવાનો છું. મારી એ કસોટી જ હોય તો મારે તે સામે કશી ફરિયાદ કરવાની નથી."

એટલામાં ગાજવીજ થયાં, ધીરો વરસાદ વરસવા લાગ્યો, પૃથ્વી ભીંજાઇ અને તેમાંથી નીકળતી નૈસર્ગિક સુગંધથી ચામુંડની ઘ્રાણેન્દ્રિય આહ્‌લાદ પામી. શીતળતાથી શરીરે પણ શાન્તિ વળી.

એટલામાં વરસાદ જોરથી તૂટી પડ્યો અને ચોમેર પાણીના ધોધ વહી નીકળ્યા. વનમાં વસતાં પશુઓ આશ્રય માટે દોડાદોડ

કરવા લાગી ગયાં. ચામુંડે આસપાસ જોયું પણ માનવી માટેનું કોઈ આશ્રયસ્થાન જણાયું નહિ. વડના વૃક્ષ હેઠળ પણ તે જાણે સચૈલ સ્નાન કરી રહ્યો હોય એવો અનુભવ થયો. જો વરસાદ એમ ને એમ સાંઝ સુધી પડયા કરે તો પોતે રાત્રિ કયાં ગાળવી તેની તેને ચિંતા થવા લાગી.

તે વખતે તેને મનમાં થયું કે વરસાદ જરા ધીમો પડે એટલે તાપસીઓના મઠમાં પાછા ફરીને રાત્રે ત્યાં જ આશ્રય લેવો એ ઠીક છે. મલ્લિકાનું પુનઃ દર્શન કરવાની કોઈ તેને ઇચ્છા નહોતી, પરન્તુ તે સિવાય બીજું કોઈ આશ્રયસ્થાન રાત ગાળવા માટે નિકટમાં દેખાતું જ નહોતું ને!

વરસાદ બંધ થયો ત્યારે ઊઠીને તેણે ચોગરદમ દૃષ્ટિ ફેંકી. ચોમેર પાણીના ધોધ વહી નીકળ્યા હતા અને નર્મદાના વહેણ તરફ ધસી જતા હતા. મઠ તરફ જવાના માર્ગની આડે પાણીનો એક વહેળો ધોધમાર વહી રહ્યો હતો.

હવે તો રાત્રિ એ વડના વૃક્ષ હેઠળ જ ગાળવી પડે એવી સ્થિતિ આવીને ઊભી હતી. સાંઝ પડવાને વાર નહોતી. વરસાદ ધીરો પડ્યો હતો પરન્તુ પ્રવાસ અશકય હતો. વૃક્ષ ઘટાદાર હતું એટલે ધીરા વરસાદમાં તે રક્ષણ આપી શકે તેમ હતું, પરંતુ સખ્ત વરસાદમાં તો ભીંજાતાં બેસી રહ્યા વિના છૂટકો નહોતો. રાત ભીંજાયલાં કપડાંમાં જ ગાળવી પડે તેમ હતું. શરદી લાગુ પડી જવાની કલ્પના તેને આવી. મઠમાં જઈ શકાય તેમ હોત તો ઠીક હતું એમ તેના મનમાં આવ્યું, પણ તે વખતે તેણે વિચાર્યું: "ટાઢ અને તાપની તપસ્યા તો આ દેહે બહુ વાર કરી, વૃષ્ટિની વચ્ચે વડની હેઠળ વસવું એવી દુર્લભ તપસ્યા બીજે કયાં મળત? એ પણ કસોટી જ છે ને!"

અને તેણે ઉલ્લાસભેર ત્યાં જ રાત્રિ ગાળવાનો નિશ્ચય કર્યો.

વડની ડાળીઓ પરથી તેણે પુષ્કળ પાંદડાં તોડી લીધાં અને થડથી કેટલેક દૂર ગીચ ઘટા જોઈને તેની હેઠળ તેણે પાંદડાંની

પથારી કરી–જાણે લીલી જાજમ બિછાવી; અને પછી તે ઉપર કામળી પાથરીને તે બેઠો. બાજુએ તેણે પોતા સાથેની સામગ્રીનાં બે નાનાં પોટલાં તથા જળપાત્ર મૂકી દીધાં.

આખી રાત વરસાદ બંધ રહ્યો એટલે ચામુંડ એ પથારી પર ઊંઘ તો લઈ શકે તેમ હતું, પરન્તુ સ્વપ્નોએ તેની ઊંઘને ચૂંથી નાંખી.

સ્વપ્નમાં કોઈ વાર મલ્લિકાનું નૃત્ય કરતું રમણીય શરીર ચામુંડના અંતરને પુલકિત કરતું, તો કોઈ વાર ઉપવાસોથી કરમાઇ ગએલું તેનું વદન ચામુંડની કરુણા જગાડતું. એક વાર મલ્લિકાના ફૂલ જેવા દેહને ખાંધ પર ઊંચકી ચાલતાં તેનો સુખદ સ્પર્શ ચામુંડમાં યૌવનસુલભ તરવરાટ આણતો, તો બીજી વાર મલ્લિકાના વદન ઉપર જ્યાં જ્યાં ચંડે ચુંબનો લીધાં હતાં ત્યાં ત્યાં ગંધાતાં ધારાં પડી ગએલાં જોતાં તે કમકમી જતો હતો.

એક વાર તેણે આકાશમાંથી ઊડી આવતું વિમાન જોયું. તેમાં ભગવાન શંકર તથા પાર્વતી હશે અને પોતાને તેમનાં દર્શન થશે એવી ઉત્કંઠાથી તે નિહાળી રહ્યો. વિમાન તેની પાસે જ આવ્યું, પરન્તુ તેમાં શંકર–પાર્વતી નહોતાં. વિમાનમાંથી તો એક સૌંદર્યસંપન્ન અપ્સરા ઊતરી પડી કે તુરત ચામુંડે દૃષ્ટિને નીચી ઢાળી દીધી.

અપ્સરા–રૂપલાવણ્યના અંબાર સમી અપ્સરા ચામુંડની સમીપે આવી. ચામુંડને મેનકા સાંભરી, વિશ્વામિત્ર સાંભર્યા; તેણે અપ્સરાની સામે ઊંચી આંખે જોયું પણ નહિ.

અપ્સરા બોલીઃ "ચામુંડ ! આંખો ઉઘાડ અને મને જોઇ લે !"

"નહિ, હું તને જોવા ઇચ્છતો નથી. હું તારાથી લલચાતો નથી. હું ત્યાગવ્રતી છું, તપસ્વી છું, સંયમી છું; તારા રૂપનું દર્શન મારે કરવું નથી."

"ચામુંડ ! હું શિવા છું."

"તું શિવા ?" કહેતાં ચામુંડે દૃષ્ટિ ઊંચી કરી.

"હા, હું શિવા છું–મલ્લિકાની માતા છું કે જેના રૂપલાવણ્યથી તથા નૃત્યથી મુગ્ધ થઈ તેં મને પાટણમાં આવવા આમંત્રણ આપ્યું હતું, તે યાદ છે? એક વખત હું મેનકા હતી, બીજી વખતે હું શિવા હતી, માન કે આજે હું જ મલ્લિકા છું: સાક્ષાત્ સાૈંદર્યમૂર્તિ છું. તું આંખો મીંચીને મારાથી દૂર રહેવા શાને નકામાં ફાંફાં મારે છે? મારાથી દૂર નાસીને પણ તું ક્યાં જવાનો છે? જગતમાં જ્યાંજ્યાં સૌંદર્ય છે ત્યાંત્યાં હું વસી રહેલી છું. તારી આંખોને ઉપવનમાં ડોલતાં પુષ્પો સુંદર દેખાય તો ત્યાં હું છું, નિર્મળ જળનાં ઝરણાંનાં વહેણ સુંદર દેખાય તો ત્યાં મારો નિવાસ છે, વૃષ્ટિથી છંટાયલી પૃથ્વી સુંદર તથા આહ્લાદક લાગે તો તેમાં મારો પ્રભાવ છે, નર્તિકાની નૃત્યપૂજા સુંદર જણાય તો તેમાં મારો ચમત્કાર છે, હિમતનયાના શ્વેત સાળુમાં સુંદરતા ભાસે તો માની લે કે હું સૌંદર્યમૂર્તિ જ ત્યાં વસી રહી છું: અરે, એટલું જ શાને, તું આંખો મીંચી જા, તોપણ તારા અંતરના અણુએ અણુમાં વ્યાપી ગએલી તું મને જોઇશ, સમજ્યો? બહુવિધ સ્વરૂપે સૌંદર્ય જગતમાં વિલસી રહ્યું છે અને જેવું જગત અનાદિ ને અનંત છે તેવું સૌંદર્ય પણ અનાદિ ને અનંત છે. તેનાં તરેહવાર રૂપોને માનવીએ જોયાં છે, જાણ્યાં છે, માણ્યાં છે, ઝંખ્યાં છે અને નૈસર્ગિક તૃષાને છિપાવી છે. ...એક, બે, ચાર, દસ, સો, હજાર અને લાખ અવતારો લઇને પણ એ તૃષાને છિપાવીને જ માનવાત્મા તૃપ્ત થઇ શક્યો છે...તું હજી તૃપ્ત નથી થયો, તો શાને તેનો ત્યાગ કરવાનાં ફાંફાં મારતો ભટકે છે? ઊઠ, મને જોઈ લે, મને ચુંબન લે, અને વર્ષો પહેલાં જાગેલી તારી ક્ષુધાને આજે તૃપ્ત કર! પછી તને કોઇની પણ પાછળ ભટકવાની આસક્તિ નહિ રહે, તારાં ત્યાગ–તપ–સંયમ વિનાઆયાસે-આપોઆપ નિર્વહ્યા કરશે અને તારા ચિત્તને શાંતિ સહજ ઉપલબ્ધ થશે..."

ચામુંડ બેબાકળો જાગી ઊઠ્યો અને તેણે આંખો ચોળી

દૃષ્ટિપાત કર્યો. ત્યાં નહોતું વિમાન કે નહોતી શિવા, પરન્તુ રાત્રિનો અંધકાર વ્યાપેલો હતો અને તમરાં તથા દેડકાંના ગુંજારસંભળાતા હતા.

એ સ્વપ્નદર્શને તેને ઊંડા વિચારમાં પાડી દીધો. એ સ્વપ્ન જો ભગવાન રુદ્રની પ્રેરણા હોય તો શું સૌંદર્યોપભોગથી અતૃપ્ત અને આસક્તિવાળો હજી પોતે હતો! નહિ, નહિ, આ સ્વપ્ન પણ પોતાની કસોટી જ છે, ઊંઘમાં પણ પોતાને લોભાવવાની એ ચેષ્ટા કેમ ન હોય?

તે પાછો પથારીમાં પડ્યો પણ તેને ઊંઘ આવી નહિ. પુનઃ પુનઃ શિવા અને મલ્લિકા તેની દૃષ્ટિ સમીપે આવવા લાગી અને પુનઃપુનઃ તે યત્નપૂર્વક તેમને ચિત્તમાંથી હાંકી કાઢવા મથવા લાગ્યો. ચિત્તની એ સ્થિતિ જોઇને તે વિમાસવા લાગ્યો, તેને રડવાની ઇચ્છા પણ થઇ આવી. હૃદયનો ઊભરો ખાલી કરવાને તેણે પથારીમાં બેસી ગદ્‌ગદ્ કંઠે અને પ્રકટ સ્વરે શિવસ્તોત્ર ગાવા માંડ્યું. વાણીએ ચિત્તને રોકતાંની સાથે ચિત્તનું ભ્રમણ અટક્યું અને પછી તો પ્રભાત થતાંસુધી તેણે એક પછી એક સ્તોત્રો જ ગાવા ચાલુ રાખ્યાં.

પ્રભાત થતાં તેણે જોયું કે કેટલાક વગડાઉ ઘોડાઓ રાત્રે વરસાદમાંથી બચવાને એ વડ તરફ ખેંચાઈ આશ્રય માટે આવ્યા હતા અને છૂટાછવાયા ઊભા હતા.

ચામુંડ અશ્વપરીક્ષામાં નિપુણ હતો. જુવાનીમાં તેણે અનેક તોખમના અશ્વો ઉપર સવારી કરી હતી અને તેમને કેળવ્યા હતા. પોતે ઘોડો ગુમાવી બેઠો હતો એટલે આમાંનો એકાદ ઘોડો પકડીને સાથે લેવાની તેને ઇચ્છા થઇ. તેણે આમતેમ ફરીને ઘોડાને જોઈ લીધા. પોતાની પાસે ઘોડાનો સામાન, લગામ કે ચોકડું–કશું નહોતું, એટલે એકાદ સોજા મિજાજના દેખાતા ઘોડાને તેણે પંપાળ્યો અને પછી તુરત તેને ગળે દોરડાનો ગાળો ભેરવી દીધો. દોરી–લોટામાંનું દોરડું આવા ઉપયોગમાં આવશે એવી તેને કલ્પના પણ નહોતી, પરન્તુ અત્યારે તો તે મૂલ્યવાન થઇ પડ્યું.

પોતાના એક સાથીને માણુસને હાથે પકડાયલો જોઇને બીજા ઘોડા નાસી ગયા. પકડાયલા ઘોડાએ નાસવા બહુએ યત્ન કર્યો, પણ ચામુંડે મમતાભર્યા હાથથી અને સાથવાના મીઠા લાડુની લાલચથી તેને વશ કર્યો તથા દોરવા માંડયો.

મલ્લિકાને પુનઃપુંન: યાદ કરતા ચિત્ત ઉપર હવે તેને તિરસ્કાર આવ્યો હતો. મલ્લિકાનું કલ્યાણુ કરવાની આસક્તિથી તો પોતાના ચિત્તની એવી સ્થિતિ નહિ થઇ હોય એવો પ્રશ્ન તેના અંતરમાં ઉદ્ભવ્યો અને પેલા ઉદ્યાનવાસી ઋષિનું તેને સ્મરણુ થયું.

હા, એ ઋષિએ જ તેને કોઈ પવિત્ર ધ્યેયની પણુ આસક્તિથી નિવૃત્ત રહેવાનો આશીર્વાદ આપ્યો હતો.

શું કોઇ પવિત્ર કાર્યની આસક્તિ પણુ અનિષ્ટ હશે ? એ શંકા ઉપર જેમ જેમ ચામુંડને વિચાર થવા લાગ્યો તેમ તેમ તેને આશ્ચર્ય ઊપજવા લાગ્યું. પોતે એ ઋષિને પ્રભુના ચરણુનું ધ્યેય ધારણુ કરવા કહ્યું હતું અને તેનીય એ ઋષિએ અનિચ્છા દર્શાવી હતી. શું તેથી જ ચિત્તની શાન્તિનો લોપ થતો હશે ? પોતાને આવો અનુભવ કરાવનારી શું કોઈ પ્રકારની આસક્તિ જ હશે ?

પોતે કોઇ જાતની મલિન વાસનાથી મલ્લિકા પર આસક્તિ ધરાવતો નથી ને, એવો પ્રશ્ન પોતાના મનને પૂછીને તેણે મનનો ખૂણેખૂણો તપાસી જોયો. તેને લાગ્યું કે મલ્લિકાના કલ્યાણુ વિના પોતાની બીજી કોઇ ઇચ્છા જ નહોતી, પરન્તુ એ ઇચ્છા પણુ જો આસક્તિ હોય તો તેથીય છૂટયા વિના ચિત્તશાન્તિનો લાભ થઈ શકશે નહિ.

હવે તો મલ્લિકાને તાપસીઓના આશ્રમમાં મૂકી હતી, ત્યાં તે પોતાના આત્માની નિર્મળતા પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરી રહી હશે, તેનું કલ્યાણુ સધાઇ રહ્યું હશે, એમ તે મનને મનાવવા લાગ્યો. પણુ ના, તપસ્યાના સોપાને ચડતાં ઘણુાય માનવીઓ નીચે પછડાય છે, તેમ મલ્લિકાનુંય બને ખરું; અને તેમ થાય તો કલ્યાણુસાધના માટેનો તેનો ઉદ્યમ અધવચ અટકી જાય; પછી તે બિચારીનું શું થાય ?

ચામુંડને લાગ્યું કે એવી વચ્ચિના પણ જો આસક્તિ હોય તો તે છોડવાયોગ્ય છે. મલ્લિકાને સદંતર ભૂલવી જોઈએ, તેના સ્મરણને ચિત્તમાં જરાય સ્થાન ન હોવું જોઈએ, એમ સમજવા છતાં સ્મરણ થયા કરતું હતું: એ સ્થિતિના નિવારણ માટેનો માર્ગ એ ઋષિવર્યને પૂછી જોવાની જ ચામુંડને ઈચ્છા થઈ.

જે એક વાર ચામુંડને અજ્ઞાની લાગ્યો હતો, તે ઋષિની ચિત્ત-શાન્તિ અને મસ્ત દશાની ચામુંડને ઈર્ષા થવા લાગી.

હવે ચામુંડ તાપસીઓના મઠ તરફ પાછો ફર્યો નહિ, પણ એ ઋષિવર્યની પાસે જઈને ચિત્તશાન્તિનો મહામંત્ર શીખવાના આશયથી તે ઉત્તર દિશામાં આગળ વધવા લાગ્યો.

(૨)

ઘોડાની પસંદગીમાં ચામુંડ ઠીક સફળ થયો હતો. ઘોડો સોજો નીવડ્યો હતો અને માર્ગમાંથી ચોકડું-લગામ મેળવીને ચામુંડે તેને પહેરાવ્યાં એટલે સવારી માટે પણ તેને બે દિવસમાં જ પળોટી શકાયો.

કેટલેક દિવસે તે ઋષિવર્યના આશ્રમમાં પહોંચ્યો. ઋષિ તે વખતે કેળના ગર્ભમાંથી કાઢેલા તારનું વસ્ત્ર વણવાનું કામ કરતા હતા.

"જય સચ્ચિદાનંદ પ્રભો!" કહી ચામુંડે ઋષિ સમક્ષ હાથ જોડ્યા.

"જય સચ્ચિદાનંદ!" નો વળતો ઉદ્‌ગાર કાઢી ઋષિએ આંખો ઊંચી કરી. તે ક્ષણભર ચામુંડને જોઈ રહ્યા અને પછી બોલ્યા: "કઈ દિશાએથી આવ્યા છો, સંન્યાસી મહારાજ?"

"દેવ! આપે મને ઓળખ્યો નહિ?"

"ના! પૂર્વે કોઈ વાર તમારો પરિચય થયો હોય એમ યાદ આવતું નથી."

"હું એક વારનો ગુર્જરેશ્વર ચામુંડ અત્યારે સંન્યાસી દશામાં છું તેથી જ કાં તો આપ મને પિછાણી શક્યા નહિ."

"ગુર્જરેશ્વર ચામુંડરાજને મેં અહીં આશ્રમમાં જ એક વાર જોએલા, પણ તે ચામુંડરાજ આપ લાગતા નથી."

ચામુંડ હસ્યો અને બોલ્યો : "કદાચ હું આપને વિસ્મૃત થયો હોઇશ."

"ના, મને ચામુંડરાજની વદનરેખાઓનું બરાબર સ્મરણ છે, અને જો તમે જ ચામુંડરાજ હો તો તમે બહુ બદલાઇ ગયા છો એમાં શંકા નથી." ઋષિવર્ય બોલ્યા.

ચામુંડનું વદન પડી ગયું. તેને શંકા પડી કે શું પોતાની વદનચર્યા કેવળ બદલાઇ ગઇ હશે ?

ઋષિ આગળ બોલ્યા : "કશી ફીકર નહિ, તમારા કથન ઉપરથી હું માનું છું કે તમે ચામુંડરાજ છો. પણ તમે સંન્યાસી થયા છો એ તો કોઇ જ જાણતું નથી—તમારા એક વારના મહામંત્રી સ્વામી માધવાનંદજી પણ એ જાણતા નથી."

ચામુંડે પૂછ્યું : "ત્યારે માધવાનંદજી અહીં આવેલા ?"

"હા, તમારી શોધમાં જ એ અહીં આવેલા; પણ તેને તો બહુ દિવસો થઇ ગયા."

ચામુંડને એ જૂનું સ્મરણ તાજું થયું. કોઇને ય કહ્યા વિના પોતે એકદમ શ્રીસ્થળ છોડી ગયો હતો, પરન્તુ પાછળ પોતાની શોધ માટે કોણ શું કરશે તેનો વિચાર પણ પોતે કર્યો નહોતો તે તેને યાદ આવ્યું.

ઋષિએ કહ્યું : "અસ્તુ, આજે તો અહીં વિશ્રાંતિ લેશો કે કે બીજે ક્યાંય જવાના છો ?"

"ના, પ્રભુ ! ચિત્તની શાન્તિ શોધતો હું અહીં—આપની પાસે જ ખાસ આવ્યો છું."

"ખૂબ તીર્થાટન કર્યું ?"

"ખૂબ તો નહિ પણ થોડું તીર્થાટન કર્યું, પરન્તુ ચિત્તને શાન્તિ મળી નહિ."

"ઠી...ક, આ વસ્ત્ર વણતાં આવડશે ?"

"ના, દેવ !"

"તો ઊઠો, પેલા કૂવામાંથી પાણી કાઢી કાઢીને ફૂલરોપના ક્યારા ભરી દો."

ચામુંડ આશ્ચર્ય પામ્યો આતિથ્યની વાત તો દૂર રહી, પણ પોતાની વાત જરાએ સાંભળ્યા વિના ઋષિએ એકદમ કામ કરવાની આજ્ઞા કરી તેથી ચામુંડને આશ્ચર્ય થયું, પણ ઋષિની આજ્ઞાનો અનાદર તેનાથી કરાયો નહિ. તે ઊઠચો અને ઋષિએ સૂચવ્યા મુજબ કૂવામાંથી પાણી ખેંચી ખેંચીને ફૂલરોપના ક્યારામાં રેડવા લાગ્યો.

કેટલીક વારે એ કામથી ચામુંડને થાકેલો જોઇને ઋષિએ કહ્યું : "હવે એ બંધ રાખો, અને આ ફળ પડચાં છે તેને સમારી નાંખો."

ચામુંડ ફળ સમારવા બેઠો, એટલે ઋષિએ ઊઠીને ફૂલરોપને પાણી પાવાનું અધૂરું રહેલું કામ પોતે પૂરુ કરવા માંડયું.

ચામુંડ ફળ સમારી રહ્યો એટલી વારમાં ઋષિએ કેળના બે સ્થંભ લાવીને ચામુંડની સામે મૂકયા અને તેની છાલ ઉતારી રેસા કાઢવાની રીત તેને બતાવી.

છેક સંધ્યાકાળ સુધી એક પછી એક કામ કરીને ચામુંડ થાકી ગયો. કોઇ દિવસ નહિ કરેલું એવું કામ કરતાં આજે તેને વસમું લાગ્યું હતું પણ ઋષિની આજ્ઞાની અવગણના કેમ કરી શકાય ?

સંધ્યાકાળે ફળ અને દૂધનું ભોજન કરીને ચામુંડ સૂતો અને તેને એવી શાન્ત તથા નિઃસ્વપ્ન ઊંઘ આવી ગઇ કે છેક પ્રાતઃકાળે જ તે ઊઠચો.

બીજે દિવસે પુનઃ ઋષિની અને તેની એવી જ દિનચર્યા શરુ થઇ અને છેક સાંજે વિરમી. તે વખતે ઋષિએ પૂછયું : "ચામુંડરાજ ! હવે કહો, તમારી ચિત્તશાન્તિનો નાશ થવાનાં શાં કારણો છે ?"

ચામુંડે પોતાની તપશ્ચર્યા, વ્રતચર્યા, સંયમસાધના, સેવાભક્તિ, ઇત્યાદિની વાત કરી; પછી મલ્લિકાનો પ્રસંગ કહ્યો; મલ્લિકાના કલ્યાણ માટેના પોતાના મથનની અને તેને તાપસીઓના મઠમાં મૂકી આવ્યાની વાત કહી : છતાં ચિત્ત પુનઃપુનઃ મલ્લિકા તરફ વળે છે અને અનિચ્છાએ કાંઈકાંઈ વૃત્તિઓ તોફાન મચાવે છે, કુટિલ સ્વપ્નો આવ્યાં કરે છે, એ બધું તેણે કહ્યું; અને છેવટે મલ્લિકાના કલ્યાણની વાંચ્છના એ કોઈ પ્રકારની અનિચ્છનીય આસક્તિ હશે શું, એવો પ્રશ્ન મૂક્યો.

ઋષિ બોલ્યા : "નિઃસંશય એ આસક્તિ છે અને તે જ તમને અશાન્ત કરી રહી હશે."

"એક પાપાત્મા સ્ત્રીને કલ્યાણમાર્ગે વાળવાના શુભ કાર્યમાં ય આસક્તિદોષ કેમ હોઈ શકે?"

"રાજન્! એ શુભ કાર્યની આસક્તિ નથી, વિષયાસક્તિ છે!"

"હેં હેં! એ આપ શું કહો છો? ઋષિવર્ય! આપ ભૂલો છો...."

"એમ પણ હોઈ શકે; છતાં એ આસક્તિ તમને પીડે છે ખરી...."

"જી હા, તેથી જ હું આપને પૂછું છું કે એનું શું કારણ હશે અને તે કેમ વિદારી શકાય?"

"રાજન્!" ઋષિ બોલ્યા : "વિલાસી રાજવી તરીકેના જીવનમાંથી એકદમ પલટો લઈને ત્યાગવ્રતી તપસ્વી બની જવાનો માર્ગ તમે ગ્રહણ કર્યો એ જ મોટી ભૂલ થઈ હોય એમ મને લાગે છે. એવો ઉતાવળો પલટો ઘણી વાર આત્માને માટે કુપથ્યકર નીવડે છે. તીવ્ર તાપ અને તીવ્ર શૈત્ય એ બેઉનો એકી સાથે અનુભવ કરનાર મનુષ્ય રોગિષ્ઠ બની જાય તેમાં નવાઈ નથી. તપસ્યા, વ્રતાચરણ એ બધાં માનસને નીરોગી બનાવનારાં સાધનો છે ખરાં,

પણ તે અપકવ સ્થિતિમાં પથ્ય પડતાં નથી. કોઈ વાર તો એથી રોગ ઘટવાને બદલે વધે છે, રોગનું આવિષ્કરણ વધી ગએલું દેખાય છે. એટલે તપસ્યાને અનુકૂળ માનસ ભૂમિકા જોઈએ અને માનસ-ભૂમિકાની અનુકૂળતા માટે બાહ્ય વાતાવરણની નિર્મળતા જોઈએ. એવા વાતાવરણમાં રહીને તપસ્યા કરી હોય તો માનસનો આવેગ શાન્ત થવા લાગે ખરો. એવા વાતાવરણ વિના, માનસ ભૂમિકાની અનુકૂળતા વિના, એકદમ વ્રત–તપ–સંયમ–દમનની ઊંચી સીઢીના સોપાને ચડવા જનાર જરૂર નીચે જ પછડાય."

ચામુંડ એ બધું સાંભળી રહ્યો. આવું જ કાંઈક માધવાનંદજીએ પણ પોતાને કહ્યું હતું પણ તે વખતે પોતે તેની અવગણના કરી હતી. તે દીનતાથી ઋષિને પૂછવા લાગ્યો: "ત્યારે આપ મને હવે કયો માર્ગ સૂચવો છો, ઋષિવર્ય?"

"માર્ગ તો તપસ્યાનો જ, પરન્તુ તમે પૂર્વે કરી છે તેવી તપસ્યા મને તો નકામી લાગે છે."

"કેમ વારુ?"

"તે તપસ્યા શારીરિક હશે, માનસિક નહિ હોય..."

"નહિ, હું માનસિક તપસ્યા પણ કરતો અને કરું છું. મન વિકારયુક્ત ન બને તે માટે વિકારજનક વસ્તુઓનું દર્શન પણ ન કરવાને હું સદા સભાન રહેતો અને રહું છું."

"અને એ માટે ખાસ યત્નશીલ પણ રહેતા ને?"

"હા, જરૂર."

"તપસ્યાના ભાનપૂર્વક અને યત્નપૂર્વક કરેલી તપસ્યા અહંતાના વિકારની જનેતા બનતાં વાર ન લાગે: એ સહજસિદ્ધ તપસ્યા ન બને."

ચામુંડ કશું બોલી શકયો નહિ. અહંતાના આવિષ્કારના તો અનેક પ્રસંગો તેને સાંભર્યા વિના રહ્યા નહિ. અહો! એવા આવિ-ષ્કારનો પ્રસંગ વીતી ગયા પછી તે કેટલી બધી વાર પસ્તાયો હતો!

"ત્યારે હવે હું શું કરું?"

"તપસ્યા જ, પરન્તુ આજસુધી કરી છે તેથી જુદા જ પ્રકારની તપસ્યાનો પ્રારંભ કરો. મનને વૃત્તિઓના પાશમાં રમવા જતું અટકાવવા માટે પથ્ય તપસ્યારૂપ ઉદ્યમ કરો. મનને નવરું પડવા ન દો. મેં તમારી પાસે બે દિવસ સુધી જે ઉદ્યમ કરાવ્યો છે તેને તપસ્યાની એક વાનગી જ સમજો, તેમાં રસ કેળવો અને મનમાં જડાઈ ગએલો જૂનો રસ વિખેરાઈ જશે, એટલે તમને જરૂર ચિત્તશાન્તિનો લાભ થશે."

ચામુંડ વિચારમાં પડી ગયો. ઉદ્યાનમાં રહીને સતત વૈતરું કરવું એ જ જો તપસ્યા હોય તો આ ઋષિ પોતે હજી આવી પ્રાથમિક તપસ્યા જ કેમ કર્યા કરે છે? ઉચ્ચ તપસ્યાની સીઢી પર તે પોતે પણ હજીસુધી ચઢી શક્યા નથી, તો આજે એકડે એક ઘૂંટવાથી શરૂઆત કરનાર પોતે કેવી રીતે ઇષ્ટસિદ્ધિ કરવાનો હતો?

ચામુંડ બોલ્યો: "ઋષિવર્ય! મારાં ત્યાગ–તપ–વ્રત–સંયમ એ બધાં રાજમહાલયના વિલાસી વાતાવરણની વચ્ચે આચરાયાં હોવાથી તે નિષ્ફળ ગયાં હોય એ વાત મને હવે સાચી લાગે છે. અહીં નિર્દોષ–શાન્ત–નૈસર્ગિક રમ્ય વાતાવરણની પૂરી અનુકૂળતા છે. અહીં જ હું તપસ્યા કરું તો ચિત્તશાન્તિ પ્રાપ્ત થાય ને?"

ઋષિએ જોયું કે ચામુંડને પોતે બતાવેલા માર્ગની કાર્યસાધકતા વિષે શંકા ઊપજી છે, પરન્તુ તેમણે તેનામાં સાચી જિજ્ઞાસુતા જોઈ. કોઈ પણ રીતે એ જિજ્ઞાસુને પોતે ઇષ્ટસિદ્ધિ માટે સહાયક બની છૂટે તો એ પણ એક પરોપકાર છે એવા સદ્ભાવપૂર્વક ઋષિએ પ્રત્યુત્તર આપ્યો: "એ પણ બનવાજોગ છે."

▲ ▲ ▲

પ્રકરણ ૮

તપોભ્રષ્ટતા

(૧)

ચામુંડ કોઇને ખબર કર્યા વિના શ્રીસ્થળમાંથી એકલો ચાલી નીકળ્યો તેથી સૌમાં આશ્ચર્ય ફેલાયું હતું, પરન્તુ સ્વામી માધવાનંદજીને આશ્ચર્ય થયું નહોતું. તેના મનની સ્થિતિ સ્વામીજી સારી પેઠે જાણતા હતા. કેટલાકોને ચિંતા પણ થવા લાગી, તેમણે ચામુંડને શોધીને પાછો લાવવા માટે ઇચ્છા પ્રદર્શિત કરી, પરન્તુ માધવાનંદજીએ કોઇને તેમ કરવાની હા કહી નહિ. સાંજે પાટણથી દુર્લભરાજ આવ્યો તે પણ અંગરક્ષકો સાથે પિતાને શોધવા જવા આતુર બન્યો પણ તેનેય માધવાનંદજીએ તેમ કરવા ના કહી. તેમણે કહ્યું: " હું જ તેમની પાછળ જઇશ અને તેમને શોધી તેમની સેવા ઉઠાવીશ, તથા તેમના ચિત્તને શાન્તિ મળે ને આત્માનું કલ્યાણ થાય તેમ કરીશ. "

અને બીજા દિવસની સવારે માધવાનંદજી ઘોડો તથા પ્રવાસ માટેની જરૂરી સામગ્રી લઇને ચાલી નીકળ્યા.

તેમણે સૌથી પહેલાં ઋષિવર્યના આશ્રમમાં તપાસ કરી, પરન્તુ ત્યાં ચામુંડ ગયો જ નહોતો તેમ જણાયું. ચિત્તની શાન્તિને માટે ચામુંડ મથતો હશે એવી તેમને ખાત્રી હતી, પરન્તુ એ શાન્તિ તે કોઇ ત્યાગીના સમાગમ દ્વારા શોધશે કે મલ્લિકાના પુનઃદર્શનમાં તેનો તે નિશ્ચય કરી શક્યા નહોતા. ઋષિવર્ય ચામુંડના પૂર્વપરિચિત હતા એટલે માધવાનંદજીએ માન્યું કે ચામુંડ કદાચ ત્યાં હોય પરન્તુ તે ત્યાં નહોતો એટલે તેમણે મલ્લિકાને શોધી કાઢવા ઉજ્જનનો માર્ગ લીધો.

પણ મલ્લિકા ઉજ્જનમાં નહોતી. તે ત્યાં આવવાની હતી એવી વાત સાંભળીને થોડા દિવસ તેમણે ઉજ્જનમાં તેની રાહ જોઇ પણ તે આવી નહિ. તે ધારામાં હતી તો હવે ત્યાં જ જવું જોઇએ અને ત્યાંથી જ ચામુંડનો પત્તો મળશે એવી ગણતરી સાથે તે ધારા ગયા, તો ત્યાં તેમણે અદ્ભુત વાતો સાંભળી.

તેમણે સાંભળ્યું કે નીલકંઠની ચોરીમાં મલ્લિકાનો સાથી બનેલો અને પછી નીલકંઠના અનુષ્ઠાન દ્વારા મારણ–ઉચ્ચાટનના મેલા પ્રયોગો કરનારો રાજદૂત ચંડ તુરંગમાં પુરાયો હતો.

તેમણે સાંભળ્યું કે મલ્લિકા તુરંગમાં પુરાવાના ભયથી કોઇ અજાણ્યા સંન્યાસીની સાથે નાસી ગઇ હતી. ભોજની આજ્ઞાથી એ સંન્યાસી અને મલ્લિકાની તપાસ કરવામાં આવતાં છેવટે શુકલતીર્થ પાસેના તાપસીઓના મઠમાંથી મલ્લિકાનો પત્તો મળ્યો હતો, પરન્તુ સંન્યાસી ત્યાં નહોતો.

તેમણે વધુ સાંભળ્યું કે મલ્લિકા મઠમાં રહીને તપસ્યા કરતી હતી તથા ત્યાગી જીવન ગાળતી હતી એવું જાણીને ભોજરાજાએ તેને પકડીને પાછી ધારામાં લાવવાની પોતાની આજ્ઞા પાછળથી દયાપૂર્વક રદ કરી હતી.

એ અજાણ્યો સંન્યાસી ચામુંડ સિવાય બીજો કોઇ જ નહિ હોય એ તો માધવાનંદજીને ખાત્રી જ હતી; પણ ચામુંડ ક્યાં ગયો હતો તે વિષેની ખબર મલ્લિકા સિવાય બીજું કોઇ આપી શકે તેમ નહોતું, એટલે ધારાથી તેમણે શુકલતીર્થનો રસ્તો પકડ્યો. તેમનું એ અનુમાન હતું કે તાપસીઓના મઠમાં ચામુંડ નહિ હોય, તોપણ નજીકમાં તો ક્યાંક તે હોવો જ જોઇએ અને મલ્લિકાની જાણમાં પણ તેનું નિવાસસ્થાન હોવું જોઇએ.

તાપસીઓના મઠમાં જઈ પહોંચતાં માધવાનંદજીએ મલ્લિકાની કાંઈક જુદી જ દશા જોઇ.

પોતાની ઝૂંપડીની અંદર મલ્લિકા એક દર્ભશય્યા પર સૂતી હતી. અખિલેશ્વર માધવાનંદજીને ઝૂંપડીમાં લઈ ગયો કે તુરત મલ્લિકા બેઠી થઈ અને તેણે પરિચય વિના પણ પોતાની સમીપે કોઈ વૃદ્ધ સંન્યાસીને આવેલો જોઈ તેને પ્રણિપાત કર્યો.

તીવ્ર તપસ્યાથી મલ્લિકાનાં અંગોપાંગ સુકાઈ ગયાં હતાં. તેના વદન પર પહેલાંનું સૌંદર્ય ન દેખાવા છતાં અસાધારણ તેજ વિલસતું હતું. તેની આંખોમાં સંતોષની દીપ્તિ હતી, જોકે અંગોપાંગની અશક્તિ આંખો ઉઘાડવા–મીંચવામાં ય દશ્યમાન થતી હતી.

ન માની શકાય તેવું એ દશ્ય હતું. નીલકંઠની ચોરી કરનારી એક નર્તિકા આવી તપસ્યા કરે અને આટલો ભક્તિભાવ ઉપાર્જન કરે એ પ્રથમ દૃષ્ટિએ તો માધવાનંદજીને અશક્ય લાગ્યું; પરન્તુ અખિલેશ્વરે તેમને મલ્લિકાની આત્મનિર્મળતાની સાધનાની જે વાતો કહી તે ઉપરથી તેમને એક સમયની એ પાપાત્મા યુવતી ઉપર પણ સદ્‌ભાવ પ્રકટચો.

મલ્લિકાએ મઠમાં આવ્યા પછી પહેલા ત્રણ દિવસ તો નિરાહારી રહી ઉપવાસ કર્યો હતા, અને ઉપવાસના દિવસોમાં પણ બીજી તાપસીઓની સાથે રહીને મઠનું મહેનત–મજૂરીનું કામકાજ કર્યું હતું. ચોથે દિવસે લવણરહિત અન્નના માત્ર સાત કોળિયા ખાઇને તેણે પારણું કર્યું હતું, અને ત્યારપછી પણ તે રોજ સાત કોળિયાથી વધુ ખોરાક લેતી નહિ. દિવસે–દિવસે તે અશક્ત થતી જતી હતી, તેથી અખિલેશ્વરે તેને મઠના કામકાજમાંથી નિવૃત્ત કરીને એક અલગ ઝૂંપડીમાં રાખી હતી જ્યાં તે પ્રભુસ્મરણ કર્યાં કરતી, અને રાતદિવસ મૌનવ્રતમાં પસાર કરતી. ત્રણેક દિવસથી તો મલ્લિકાની વધતી જતી અશક્તિને લીધે એક બીજી તાપસીને અખિલેશ્વરે તેની સેવામાં મૂકી હતી, પરન્તુ મલ્લિકા તેને જરાએ તસ્દી આપ્યા વિના પોતાનું બધું કામકાજ પોતે જ કરતી. તે શીતળ જળથી સ્નાન કરતી, પોતાનાં વસ્ત્રો ધોતી, પોતાની ઝૂંપડી

સ્વચ્છ રાખતી, પોતાની મેળે ભોજન આરોગતી અને ધ્યાન તથા જાપમાં સમય ગાળતી.

અખિલેશ્વરે કહ્યું : "સ્વામીજી ! આ મલ્લિકાની માતાએ પણ આ જ મઠમાં રહીને જેવી તપસ્યા કરી કૈલાસવાસ કર્યો હતો તેવી જ તપસ્યાને માર્ગે આજે આ તેની પુત્રી પણ વળી છે. મેં તેને બહુએ સમજાવી, પરન્તુ તે ઉલ્લાસપૂર્વક કઠીન તપસ્યા કરી રહી છે, અને જોકે તે કહેતી નથી, તોપણ તે આ રીતે જ મૃત્યુ પામીને માતાનો માર્ગ ગ્રહણ કરી રહી છે."

ન માની શકાય એવી વાત માધવાનંદજીએ સાંભળી અને ન કલ્પી શકાય એવું દૃશ્ય જોયું. તે વખતે મલ્લિકાનાં દુષ્કૃત્ય પ્રત્યેની તેમની આગલી ઘૃણા નાશ પામી અને તપસ્વિની મલ્લિકા પ્રતિ સદ્‌ભાવ પ્રકટ થયા વિના રહ્યો નહિ.

તેમણે મલ્લિકાને કહ્યું : "હે તપસ્વિનિ ! તમારા આ પુનિત જીવનને જોઇને હું પ્રસન્ન થયો છું અને તમારા કલ્યાણનો જ મારો આશીર્વાદ છે."

મલ્લિકાના વદન ઉપર દીપ્તિ પ્રકટી અને તેણે માધવાનંદજીને પુનઃ પ્રણિપાત કર્યો.

તેમણે પૂછ્યું : "દેવિ ! મને ઓળખો છો ?"

મલ્લિકાએ માધવાનંદજીના વદન ઉપર જાણે ત્રાટક કર્યું પણ તેને પિછાણ પડી નહિ. તેણે માથું હલાવી નકાર સૂચવ્યો.

માધવાનંદજીએ કહ્યું : "પાટણના એક વારના મહામંત્રી માધવ ભટ્ટનો મેળાપ તમને થએલો ?"

મલ્લિકાએ આંખો વિસ્ફારી. તેને આગલી સ્મૃતિએ ટેકો આપ્યો અને તેણે હવે માધવ ભટ્ટને ઓળખ્યા. એ મહામંત્રી આજે સંન્યાસી છે એવું જોઇને મલ્લિકાએ આનંદોત્સાહપૂર્વક તેમને ત્રીજી વાર પ્રણિપાત કર્યો.

માધવાનંદજીએ પૂછ્યું : "તમે આ મઠમાં આવ્યાં ત્યારે તમારી સાથે એક સંન્યાસી હતા, ખરું ?"

મલ્લિકાએ માથું ધુણાવી હા કહી.

માધવાનંદજીએ આગળ કહ્યું : "એ સંન્યાસી તો મહારાજ ચામુંડરાજ હશે એવું હું અનુમાન કરું છું."

જે વાત મલ્લિકાએ મઠમાં કોઈની સમક્ષ પ્રકટ કરી નહોતી તે વાત હવે તેણે માથું ધુણાવીને પ્રકટ કરી. અખિલેશ્વરે ચમકીને પહેલાં મલ્લિકા ભણી અને પછી માધવાનંદજી ભણી આશ્ચર્યથી જોયું.

"તો હે દેવિ ! હું તેમની શોધમાં ભટકું છું. તેમની સેવામાં ઉપસ્થિત થવાને હું અત્યંત ઉત્સુક છું, તો તે અત્યારે ક્યાં છે તે કહો."

મલ્લિકાએ ઈશારતથી કહ્યું કે પોતે તે વિષે કશું જાણતી નથી.

માધવાનંદજીને એ જાણીને ખૂબ નિરાશા થઈ. મલ્લિકા જૂઠું બોલતી નહોતી એ વિષે તો તેમની ખાત્રી જ હતી; એક પાપાત્મા નર્તિકા ઉપર પ્રભાવ પાડીને આવા પવિત્ર તપસ્વી જીવન ભણી દોરનાર ચામુંડને મળવાની માધવાનંદજીની ઇચ્છા હવે એટલી ઉત્કટ બની કે તેમને એનો વિરહ સાલવા લાગ્યો. મુમુક્ષુ શિષ્યનો ત્યાગ કરીને કોઈ ગુરુ ચાલ્યા જાય અને પાછળ શિષ્ય ગુરુના વિયોગથી તરફડે એવો તરફડાટ, એવી ઉત્સુકતા, એવી અધીરાઈ તેમના અંતરમાં જાગી. ચામુંડે શ્રીસ્થળ છોડી જઇને સંન્યાસ લીધો, મલ્લિકા પાસે જઇને તેને આત્મકલ્યાણને માર્ગે આકર્ષી અને પોતે અંધકારમાં અંતર્ધાન થઇ જવાનું પસંદ કર્યું, એટલી અનાસક્તિ અને આત્મનિર્મળતા સાધનાર ચામુંડનું દર્શન કરવાની તાલાવેલી હવે તેમને પીડવા લાગી.

ચામુંડના માનસિક રોગની આશંકા તેમના મનમાં જાગી હતી, તે આશંકાથી પ્રેરાઇને તેમણે માન્યું હતું કે મલ્લિકા પાસે જ ચામુંડ હોવો જોઇએ : એ માન્યતા એક રીતે સાચી હતી પરન્તુ બીજી રીતે ખોટી પડી હતી. મલ્લિકાના મોહથી મુગ્ધ થએલો

ચામુંડ પોતાના સંયમ–ત્યાગને વિસરીને અપમાર્ગે જતો હશે એવી તેમની શંકા હતી, પરન્તુ અહીં તો તેમણે જોયું હતું કે મલ્લિકા પાસે ચામુંડ ગયો હતો ખરો, પણ તેનો સંસારમોહ ઉતારી નાંખીને ચામુંડે તેનું કલ્યાણ કર્યું હતું અને પોતાના ત્યાગવ્રતને એ અપૂર્વ સિદ્ધિથી ઓપ્યું હતું.

વાવિણી કહેતી હતી કે ચામુંડ પોતાની વિષયવાસનાને ગોપવીને–પ્રચ્છન્ન રાખીને દંભાચરણ કરે છે, માધવાનંદજીને તેમ લાગતું નહોતું. ચામુંડનું આચરણ ભાનરહિતપણાને લીધે દૂષિત બનતું હતું એમ તેમણે અનેક વાર જોયું તથા માન્યું હતું. પરન્તુ અત્યારે તો તેમણે જોયું હતું કે મલ્લિકા પાસે જઇને ચામુંડે એક એવું પવિત્ર કાર્ય કર્યું હતું કે જેની પાછળ પ્રચ્છન્ન વાસનાની, દંભની, રોગિષ્ઠ માનસની કે ભાનરહિતપણાની ગંધ પણ જણાતી નહોતી.

ચામુંડને મળવાની–તેનું દર્શન કરવાની માધવાનંદજીની ક્ષુધા પ્રતિક્ષણે વધવા લાગી : " એ પરમ ત્યાગવતી સંન્યાસી ક્યાં હશે? તેમને હું ક્યાં મળી શકીશ? ક્યારે હું મારાં વૃદ્ધ નેત્રોને તેમના દર્શન વડે પવિત્ર કરી શકીશ?"

(૨)

અખિલેશ્વરે માધવાનંદજીને મઠમાં એકાદ દિવસ થોભીને આરામ લેવા ઘણો ય આગ્રહ કર્યો પણ ચામુંડને શોધી કાઢીને મળવા આતુર થએલું તેમનું મન તેમને ત્યાં થોભવા દે તેમ નહોતું.

હવે તેમણે ત્યાંથી વિનાવિલંબે નીકળી જવાની જ તૈયારી કરી. એક વાર ફરીથી મલ્લિકા પાસે તે ગયા અને ચામુંડનો કઇ દિશા તરફ જવાનો ઇરાદો હતો તે વિષે જો મલ્લિકા કાંઇ જાણતી હોય તો તે કહેવા તેમણે તેને કહ્યું; પરન્તુ તેય મલ્લિકા જાણતી નહોતી, પછી કેવી રીતે કહે?

છેવટે તે મલ્લિકાને "દેવિ! તમને સંપૂર્ણ સમાધિદશાની પ્રાપ્તિ હો!" એવો આશીર્વાદ આપીને તુરત મઠમાંથી વિદાય થઇ ગયા.

વરસાદની ઋતુ હોવાને લીધે માર્ગો કીચડથી ભરપૂર બની ગયા હતા અને નદીનાળાં પાણીથી ઊભરાતાં હતાં. પ્રવાસ કષ્ટપ્રદ હતો. ચામુંડ ક્યાં હતો તેની કશીય માહિતી વિના તેની શોધને માટે એવી ઋતુમાં ભટકવું એ તો એ વૃદ્ધ શરીરને માટે વિશેષ કષ્ટપ્રદ હતું.

ચામુંડના સ્થાન સંબંધે માધવાનંદજીએ અનેક અનુમાનો કર્યાં. મલ્લિકાને તાપસીઓના મઠમાં મૂકીને તે હવે કાશીમાં નિવાસ કરવાનો પોતાનો પહેલાંનો સંકલ્પ પૂરો કરવા તે તરફ ચાલ્યો ગયો હોય એ બનવાજોગ હતું. પરન્તુ બીજી રીતે વિચારતાં તેમને એમ પણ લાગતું હતું કે ભરવરસાદની ઋતુમાં એટલો લાંબો પંથ આદરવાનું ચામુંડ પસંદ કરે નહિ; ચાતુર્માસ ગાળવા તો તેણે કોઇ સ્થાને સ્થિર રહેવાનું જ પસંદ કર્યું હોય.

માળવામાં અનેક તીર્થસ્થાનો હતાં અને સંન્યાસીઓ ચાતુર્માસ ગાળી શકે તેવાં મઠ-મંદિરો પણ હતાં. એમાંના કોઇમાં રહેવાનું તેણે પસંદ કર્યું હોય ખરું ? માળવા એ શત્રુનો પ્રદેશ હતો. ચામુંડે સંન્યાસી દશામાં મલ્લિકા સિવાય અન્ય કોઇને પોતાની પિછાણ થવા દીધી નહોતી, અખિલેશ્વર પણ અત્યારે જ તેને ઓળખી શક્યો હતો; એટલે માળવામાં તો ચામુંડ કોઇ સ્થળે હોવાનો સંભવ માધવાનંદજીને દેખાયો નહિ.

ચામુંડ શુક્લતીર્થથી નીકળીને ગુજરાતમાં જ પાછો ફર્યો હોય ખરો, પરન્તુ તે ક્યાં રહ્યો હોય ? અનેક તીર્થો, આશ્રમો, મઠો અને મંદિરોમાં ક્યાં તેની શોધ કરવી ? નર્મદાના તીરઃપ્રદેશમાં સંખ્યાબંધ સ્થાનો એવાં હતાં કે જ્યાં સંન્યાસીઓ અને વૈરાગીઓ નિરાંતે ચાતુર્માસ રહેતા હતા; એવા કોઇ વૃંદમાં તે ભળ્યો હોય ખરો ?

આમ અનેક સંકલ્પો તથા વિકલ્પો માધવાનંદજીને મૂંઝવતા હતા; પરંતુ મહિને, બે મહિને, છ મહિને, વર્ષે, બે વર્ષે કે પાંચ-દસ વર્ષે પણ ચામુંડને શોધીને તેની સેવામાં ઉપસ્થિત થવાની હામ તેમણે છોડી નહિ.

તાપસીઓના મઠમાંથી નીકળીને તેમણે ઉત્તર તરફ પ્રવાસ આદર્યો. વરસાદને કારણે તેમને અનેક સ્થળે રોકાઇ રહેવું પડ્યું. પાવાગઢમાં તો તેમને પંદર દિવસ થોભવું પડ્યું. જ્યાં જ્યાં બાવા–સંન્યાસી મળતા ત્યાં ત્યાં તે પૃચ્છા કરતા, પણ કોઇ ચામુંડની ખબર આપતું નહિ.

પાવાગઢ ઊતરીને ચાંપાનેર આવતાં ઓચિંતી માધવાનંદજીને ખબર પડી કે ત્યાંથી કેટલાક ગાઉ દૂર આવેલા એક આશ્રમ નજીક એક સંન્યાસી તીવ્ર તપસ્યા કરી રહ્યો હતો અને એ જ સંન્યાસી એક વાર પાટણનો રાજા હતો. લોકો ગામેગામથી ઊંટ પર, ઘોડા પર કે ગાડાં જોડીને એ તપસ્વીનાં દર્શન કરવાને ટોળાબંધ જતા હતા.

માધવાનંદજીએ તુરત એ આશ્રમ તરફનો અવિરામ પ્રવાસ આરંભ્યો અને ત્રીજે દિવસે તે ત્યાં પહોંચ્યા.

(૩)

માધવાનંદજીએ જોયું કે ઋષિવર્યના આશ્રમની નજીકના નાના શિવાલયની સમીપે એક વિશાળ ખાડો ખોદવામાં આવ્યો છે. ખાડાની એક બાજુએ માણસ બરાબર બેસી શકે એટલી ભોંય કોચીને બનાવેલા કોતરમાં ચામુંડ હાથમાં જપમાળા લઇને આંખો મીંચી બેઠો છે. જપમાળા તેના હાથમાં ફર્યે જાય છે.

આસપાસ હજારો દર્શનાર્થી લોકોનો મેળો જામ્યો છે જેમને ખાડાની બહારથી જ દર્શન કરવા દેવામાં આવે છે. ખાડામાં કોઇ પ્રવેશ કરે નહિ તે માટે ચોકિયાતો ગોઠવાઇ ગયા છે. વરસાદનું પાણી ખાડામાં ન ભરાય તે માટે ઉપર ઘાસ–પાંદડાંનું વિશાળ છાપરું ય ભક્તોએ બાંધી દીધું છે.

ખાડામાં દર્શનાર્થીઓએ ધરેલી તરેહવાર ભેટોના ઢગલા પડ્યા છે. તેમાં દોકડા છે, દ્રમ્મ છે, ફળો છે, સાકર છે, લાડુ છે, પૂરી છે, અને ભાતભાતનાં મેવા–મિઠાઇ પણ છે.

આસપાસની કેટલીય ભૂમિ વાહનનાં જાનવરોથી, ગાડાંથી, તંબૂ-રાવટીઓથી અને જામી પડેલાં હાટોની હારોથી છવાઇ ગઇ હતી. જાણે ભૂમિમાંથી એકાએક ગંગા પ્રકટી હોય અને અકળ રીતે પાછી ભૂમિની અંદર સમાઇ જવાની હોય, માટે જેમ બને તેમ ઉતાવળે એ ગંગામાં સ્નાન કરી લઇને જીવતર સફળ કરવાનું માની લોકો ઉપરાઉપરી આવ્યે જતા હતા, મેળો વિસ્તરતો જતો હતો, ઘોંઘાટ અને કકળાટ વધ્યે જતાં હતાં; અને ચામુંડની તપસ્યા પણ ચાલ્યે જતી હતી.

માધવાનંદજીએ લોકોને પૂછીને જાણ્યું કે ચામુંડની આ તપસ્યાને એક સપ્તાહ પૂરું થયું હતું અને બીજું સપ્તાહ ચાલતું હતું.

રોજ મધ્યાહ્ને એક વાર ઋષિવર્ય ત્યાં આવતા, એક ઘૂંટડો દૂધ અને એક ફળ એટલું ભોજન તે ચામુંડને પોતાને હાથે કરાવતા અને પછી ચાલ્યા જતા. ચામુંડ રાત ને દિવસ એક જ આસને બેસી રહેતો, નિદ્રા આવે તો એ જ આસને ઊંઘતો અને પુનઃ એ જ સ્થિતિમાં જાગ્રત થઇને માળા ફેરવ્યે જતો.

પહેલું સપ્તાહ પૂરું થતાં તે આસનેથી ઊઠીને સ્નાન કરી એક ઘટિકાસુધી આમતેમ હર્યો ફર્યો હતો અને પાછો યથાસ્થિત રીતે ગોઠવાઇ બીજા સપ્તાહની તપસ્યા તેણે શરુ કરી દીધી હતી.

ઋષિવર્ય તપસ્વીને ભોજન કરાવવા આવતા ત્યારે લોકો પોતાનું જ અર્પેલું ફળ તપસ્વી આરોગે એવી આશાથી પડાપડી કરતા અને ઋષિવર્ય સમીપે ફળોનો ઢગલો થઇ જતો. ઋષિવર્ય તેમાંથી પોતાને યોગ્ય લાગે તે એક ફળ ઉપાડીને ચામુંડને ભોજન કરાવતા અને બાકીનાં ફળો લોકોમાં વહેંચવા માટે આપી દેતા. લોકો તેને પ્રસાદી ગણીને ખૂબ પ્રસન્ન થતા.

પહેલા સપ્તાહમાં બે ત્રણ દિવસ સુધી તો ચામુંડની તપસ્યાની ઋષિવર્ય સિવાય બીજા કોઇને ખબર નહોતી, પરન્તુ આવજા કરતા વટેમાર્ગુઓએ ધીરે ધીરે એ જાણ્યું એટલે પછી તો એ વાત દૂર-

દૂરનાં શહેર–ગામડાં સુધી પહોંચતાં વાર લાગી નહિ, અને દર્શનાર્થીઓ ટોળાબંધ આવવા લાગ્યા.

આ તપસ્યા આમ એક મોટા સમારંભરૂપ બની જશે એવી ઋષિવર્યને કલ્પના પણ નહોતી. તેમણે ચામુંડની તપઃસાધનામાં સહાયભૂત થવા વચન આપ્યું હતું, એટલે તે પોતાના વચનનું પાલન એકનિષ્ઠાથી કર્યે જતા હતા, પરંતુ મોટા સમારંભરૂપ બની ગએલું એ તપોનુષ્ઠાન શાંતિ તથા એકલતા ચાહતા એ ઋષિવર્યને એક રીતે ત્રાસરૂપ બનતું જતું હતું; છતાં તેમના મનઃસંયમે તેમને તપસ્વી તરફ કે દર્શનાર્થીઓ તરફ જરાએ અવગણના કે ધૃણાભાવ ધારણ કરવા દીધાં નહોતાં. સમારંભથી અસ્પૃષ્ટ રહીને–અલિપ્ત ભાવે તે આ લોકચર્યાને અવલોકી રહ્યા હતા અને જનતામાંથી પ્રકટેલા પ્રકૃતિવૈવિધ્યનો જાણે પરિચય કરી રહ્યા હતા.

લોકો ભક્તિભાવથી દર્શને આવતા હતા, ભક્તિભાવથી ભેટ ધરતા હતા, અને ભક્તિભાવથી તપસ્વીનું સંરક્ષણ કરવા માટેની વ્યવસ્થા જાળવતા હતા. ધર્મ અને ભક્તિનાં કાર્યોમાં સ્વયંસેવકોનો તોટો પડતો નહિ અને તેઓ તપસ્વીના તપોનિર્વાહમાં ભાગ લેવા જેવું પુણ્ય ઉપાર્જન કરવા માટે પોતાને ભાગ્યશાળી માનતા હતા.

લોકો વાતો કરતા હતા કે ઠેઠ પાટણથી કેટલાક દર્શનાર્થીઓ આવ્યા હતા અને રાજા દુર્લભરાજ તથા રાજકુટુંબ મોટી સવારી લઇને તપસ્વી રાજાનાં દર્શન કરવા આવવાનાં હતાં.

આ બધું જોઇ–સાંભળીને આનંદ પામવો કે ખેદ તે માધવાનંદજીને સમજાતું નહોતું. આ સ્વલ્પાહાર અને આવી આકરી તપસ્યા ચામુંડ ક્યાંસુધી લંબાવશે તે કોઇ જાણતું નહોતું. આથી કદાચ કોઇ મોટા શારીરિક વ્યાધિથી ચામુંડ ગ્રસ્ત થઇ જાય એ જેમ અસંભવિત નહોતું તેમ તપસ્યા દરમિયાન જ તે મૃત્યુ પામી જાય એ પણ અસંભવિત નહોતું.

માધવાનંદજી આ બધું જોતા, સાંભળતા, વિચારતા ઊભા હતા, એટલામાં સમય થયો એટલે ઋષિવર્ય આવ્યા, તેમણે ચામુંડને સ્વલ્પ

ભોજન આરોગાવ્યું તે માધવાનંદજીએ જોયું, ખાડાની આસપાસ ટોળાંનો ભક્તિભાવ નજરોનજર નિહાળ્યો, અને પછી ઋષિવર્ય પોતાના આશ્રમમાં ચાલ્યા ગયા એટલે પોતે પણ તેમની પાછળ પાછળ આશ્રમમાં ગયા.

ઋષિવર્યે માધવાનંદજીનો સત્કાર કર્યો અને માધવાનંદજીએ ચામુંડે આવી તપસ્યા કેમ આદરી છે તે વિષે પૃચ્છા કરી.

પ્રત્યુત્તરમાં ઋષિવર્યે જે કાંઈ કહ્યું તે ઉપરથી માધવાનંદજીએ જાણ્યું કે ચામુંડને હજી ચિત્તશાન્તિ પ્રાપ્ત થઈ નથી. મલ્લિકાને સ્વહસ્તે તાપસીઓના મઠમાં મૂકયા છતાં ચામુંડનું ચિત્ત તેની તરફ વળ્યાં કરે છે, તેની વૃત્તિઓ તોફાન મચાવે છે, કુટિલ સ્વપ્નો આવે છે: એ બધું સાંભળ્યા પછી માધવાનંદજીના અંતરમાં નિરાશા તથા આશ્ચર્ય છવાઈ ગયાં. ચામુંડ હવે પોતાના સાચા કલ્યાણને માર્ગે વળી ચૂકયો છે એમ તાપસીઓના મઠમાં હતા ત્યારે માની રહેલા માધવાનંદજી ચામુંડ પ્રતિ અનન્ય ભક્તિભાવ ધરાવવા લાગ્યા હતા, તે હવે ચામુંડની તપસ્યા અને તેની પાછળનું કારણ જાણીને હતબુદ્ધ જેવા બની ગયા.

ચામુંડ સંબંધી વિચારોમાં માધવાનંદજીને નિદ્રા આવી નહિ. મલ્લિકા પ્રત્યે પોતે જરાય વાસનાવૃત્તિ ધરાવતો નથી એમ પુનઃ પુનઃ અને પ્રકટ રીતે કહેનાર ચામુંડે ઋષિવર્ય પાસે એટલું સ્વીકાર્યું હતું કે પોતાનું ચિત્ત મલ્લિકા તરફ વારંવાર વળે છે, એટલી ઋજુતા તેણે પ્રાપ્ત કરી હતી એમ તો માધવાનંદજી જોઇ શકયા; પરન્તુ એ વૃત્તિ તિરોધાન પામતી નથી, એટલે સંયમ સધાયો નથી, ચિત્તનું કલુષ નિવારણ પામતું નથી, એટલી આત્મપરીક્ષા કરનાર ચામુંડને હજીય આવી તપસ્યા કરવી પડતી હતી. આવા દેહકષ્ટની તપસ્યા તેને ઇષ્ટ ફળ આપનારી નીવડે તે વિષે ઋષિવર્યને સંશય હતો જ અને માધવાનંદજીને પણ સંશય હતો.

આ વિચારથી અનિદ્રામાં મધરાત વીતી ગઈ ત્યારે માધવા-નંદજીને લાગ્યું કે જે મલ્લિકાનું સ્મરણ ચામુંડના મનને કલુષિત

કરી રહ્યું છે તે મલ્લિકા અત્યારે મૃત્યુ તરફ દોડી રહી છે, એ વાત ચામુંડ જાણી લે તો તેના ચિત્તમાંથી એ કલુષ એકદમ ચાલ્યું જાય.

માધવાનંદજી તુરત ઊઠ્યા. શ્રાવણ માણસનો ધીરો વરસાદ પડી રહ્યો હતો, તેમાં પલળતા તે ચામુંડના તપઃસ્થાને ગયા. દર્શનાર્થીઓ રાવટીઓમાં, ગાડાં હેઠળ કે વૃક્ષો હેઠળ સૂઇ રહેલાં હતાં. માધવાનંદજી એકદમ ખાડામાં ઊતર્યા અને ચામુંડની સમીપે જઇને બેઠા.

અંધકારમાં કેટલીક વારે તેમને સૂઝયું કે ચામુંડની આંખો મીંચેલી હતી, પણ તેના હાથમાંની માળા ફરતી હતી, એટલે તે જાગ્રત હતો. તેમણે ધીરે સ્વરે કહ્યું: "મહારાજ ચામુંડરાજ! હું તમારો અનુચર અને ભક્ત માધવાનંદ છું, તે તમારી પાછળ પાછળ ભટકતો અહીં આવ્યો છું. કૃપા કરીને નેત્રો ખોલો!"

ચામુંડના હાથમાં માળા ફરતી બંધ થઈ અને તેણે નેત્રો ખોલ્યાં.

માધવાનંદજીએ કહ્યું: "મહારાજ! આ આકરી તપસ્યા હવે પૂરી કરો. ચિત્તની જે ચંચળતાના નિવારણ માટે આપ તપસ્યા કરો છો, તે ચંચળતાનું નિમિત્ત, એવી મલ્લિકાદેવી તાપસીઓના મઠમાં મૃત્યુકાંઠે બેઠી છે એમ હું તેને નજરોનજર જોઇ આવીને કહું છું....તે કાં તો આજે નહિ હોય, કે થોડા દિવસમાં નહિ હોય."

ચામુંડે એ સાંભળ્યું અને તેણે ઊંડો ઉચ્છ્વાસ ભર્યો; તેણે તત્ક્ષણ આંખો મીંચી દીધી.

ચામુંડના કર્ણપુટમાં એ વાત ગઈ તથા તેણે આંખો મીંચી, એટલે માધવાનંદજી તેની સમીપેથી ઊઠીને પાછા આશ્રમમાં આવ્યા. હવે ચામુંડ તપસ્યા છોડશે, તેને ચિત્તશાન્તિ મળશે, એવી આશાથી ભરેલે અંતઃકરણે તે પથારીમાં સૂઈ ગયા અને તત્ક્ષણ તેમને ઊંઘ આવી ગઈ.

પરન્તુ બીજા દિવસના પ્રભાતમાં ઋષિવર્યે, માધવાનંદજીએ અને એકત્ર થએલા લોકસમુદાયે જોયું કે ચામુંડ તપઃસ્થાનમાં નહોતો!

ઋષિવર્યે એ તપોભ્રષ્ટતા ઉપર મૌન સ્મિત કર્યું, માધવાનંદજી સખેદાશ્ચર્ય પામ્યા અને લોકોમાં કોલાહલ મચી ગયો.

પ્રકરણ ૯

આત્મભાન

(૧)

"મલ્લિકાદેવી...મૃત્યુકાંઠે બેઠી છે....તે કાં તો આજે નહિ હોય કે થોડા દિવસમાં નહિ હોય...." એ શબ્દો ચામુંડના કર્ણમાં પડતાં જ તેની નાસિકામાંથી નિઃશ્વાસ ન સ્ફુર્યો પણ તેણે ઉચ્છ્‌વાસ લીધો; તે ક્ષણે તેની વૃત્તિ સળવળી, ચિત્તમાં તુમુલયુદ્ધ જાગી ઊઠયું.

ચામુંડે સ્વપ્નામાં ય કલ્પ્યું નહોતું કે મલ્લિકા મૃત્યુવશ થશે, તેની આંખો સદાને માટે મીંચાઈ જશે, તેનું સૌંદર્ય સર્વથા વિલાઇ જશે. આશ્ચર્ય, અતૃપ્તિ અને ઉત્કંઠાએ જાણે તેના ચિત્તનો કબજો લીધો.

મલ્લિકા મૃત્યુ પામે : કેવી ભયંકર વાત! મલ્લિકા મૃત્યુ પામવાની હોય તો તેની પૂર્વે મૃત્યુ પામવાયોગ્ય ઘણું બધું આ જગતમાં છે! શામાટે માત્ર મલ્લિકા જ મૃત્યુ પામે?

ચામુંડથી આસન પર સ્થિર રહી શકાયું નહિ. સ્વલ્પાહારથી તેના દેહમાં અશક્તિ આવી હતી, એક ને એક સ્થિતિથી તેનાં અંગોપાંગ જકડાઈ ગયાં હતાં, અનિયમિત નિદ્રાથી તે શ્રાન્ત હતો, પરન્તુ તે ક્ષણે તેની અશક્તિ, અસ્વસ્થતા અને શ્રમ એકદમ અળપાઈ ગયાં અને તે આસન છોડી ઊઠયો.

"હું તેની પાસે જઉં, એક વાર વધુ હું તેને મળી લઉં, તે મૃત્યુ પામે તે પહેલાં હું તેને ફરી જોઈ લઉં!" એવી ઇચ્છા તેના ચિત્તમાં વિપ્લવ મચાવતી ઊઠી અને ઝંઝા જગાડી રહી.

આછી વૃષ્ટિ પડી રહી હતી. ચોમેર અંધકાર પથરાઈ ગયો હતો. નીરવતા વ્યાપી રહી હતી. ચામુંડ સત્વર ખાડામાંથી બહાર નીકળ્યો. તેને દોડવાનું મન થયું પરન્તુ અશક્ત પગ ના પાડવા લાગ્યા. તેને ઘોડાની જરૂર જણાઈ અને થોડાં ડગલાં પાછો ફરી તે

આશ્રમમાં પેઠો. મોખરે જ માધવાનંદજીનો ઘોડો બાંધેલો તેની નજરે પડચો. જે ઘોડો લઇને પોતે આશ્રમમાં આવ્યો હતો તે જ ઘોડો એ છે કે નહિ, તે જોયા–વિચાર્યા વિના, કોઇને પૂછ્યા, કહ્યા કે સૂચવ્યા વિના, ચોરની પેઠે જ તે ઘોડે બેસી નાસી છૂટચો !

"મૂર્ખ ચામુંડ ! જ્યારે ખરેખરો વખત હતો, ત્યારે તેં મલ્લિકાને પોતાની ન કરી લીધી; તે વખતે એ દૈવી સુંદરીને બદલે તપ ને વ્રત, આત્મા ને તેનું કલ્યાણ, ભગવાન ને તેનો મંત્રજાપ, એવી વસ્તુઓને તેં મૂલ્યવાન માની, એ શું તારી મૂર્ખતા નહિ ? દૃષ્ટિ સમીપેના સૌંદર્ય–માધુર્યને છોડીને કલ્પનાના કૈલાસના સૌંદર્ય–માધુર્યમાં રાચતો, ઓ બેવકૂફ ચામુંડ ! તું શું બુદ્ધિ જ ગુમાવી બેઠો નહોતો ? ભગવાનની ભક્તિ કરી–કરીને કષ્ટો વેઠચાં, તપસ્યા કરી–કરીને દેહને દમ્યો, ઇચ્છાનો નિરોધ કરી–કરીને નિદ્રા ગુમાવી, એ અધરામૃતનું પાન કરવાની ઝંખનાને દબાવી–દબાવીને તેં ઝાંઝવાનું જળપાન કરવાને દોડચા કર્યું ! ખુલ્લી આંખે અંધ બનેલા ચામુંડ ! તું એ સૌંદર્યને આંખોથી જોઇને જ કેમ બેસી રહી શક્યો ? તારી પ્રત્યેના તેના અપણુભાવને અન્યાય કરીને તેને તાપસીઓના મઠમાં મરવા માટે જ સોંપી આવવાની નિર્દયતા તું કેમ આચરી શક્યો ?"

એ વિચારના ઝંઝાવાતમાં ચામુંડ અંધારામાં પણ ઘોડાને દોડાવી–દોડાવીને માર્ગ કાપી રહ્યો. પોતાની ગંભીરમાં ગંભીર ભૂલ થઇ હોવાનું માનીને તે પસ્તાવાની આગમાં બળી રહ્યો. મલ્લિકાને મરણુકાંઠેથી ખસેડી લઇને પોતાના હૃદયની ફૂંકથી ચૈતન્યમય બનાવી દેવાની કામનાથી પ્રેરાઇ તે શુક્લતીર્થને માર્ગે દોડી રહ્યો.

"મલ્લિકા નહિ મરે, હું નહિ મરવા દઉં, તેને હું મરણુકાંઠેથી પાછી ખેંચી લઇને મારા હૃદય પર સ્થાન આપીશ; ત્યાં તે નૃત્ય કરશે અને હું તેના કોમળ પગના પ્રહાર ઝીલીશ ! તે વખતે જ ભગવાન રુદ્ર પ્રસન્ન થશે ! અરે, મલ્લિકાને મારા હૃદય પર સ્થાન મળે, એ જ ભગવાનની પ્રસન્નતા નથી શું ?"

મલ્લિકાનું પુનઃપુનઃ સ્મરણ થવાથી એક વાર ક્ષોભ પામતો ચામુંડ હવે મલ્લિકાના એકેએક અંગ, અભિનય, ચેષ્ટા અને ઉદ્ગારના સ્મરણમાં ચિત્તની પ્રસન્નતા અનુભવતો હતો.

પરન્તુ એ પ્રસન્નતામાંય કાળી રેખાઓ ખેંચાતી. ચંડ જેવા દુષ્ટે તેને ભ્રષ્ટ કરી હતી, કામુક કૌશિકે તેના ચિત્તને આકર્ષ્યું હતું, એ તેનાથી ભુલાતું નહોતું! જો પોતાને પહેલાં ખબર હોત કે પોતાની હૃદયદેવી મલ્લિકાના સૌંદર્યરસને પીનાર ભ્રમર એ ચંડ હતો, તો જે વખતે સિંધુરાજનો દૂત બનીને તે પોતાના શિબિરમાં આવ્યો હતો તે વખતે જ પોતે તેને ઠાર કર્યો હોત એ વિચાર ચામુંડને આવ્યા વિના રહ્યો નહિ. હજી પણ ભોજના તુરંગમાં એ સડતો હતો–જીવતો હતો, એ ચામુંડને અસહ્ય લાગતું હતું. એને ઠાર કરવાને જીવતો પકડવા માટે ભોજ સાથે યુદ્ધ કરવાને પણ તે હજી તૈયાર હતો! કૌશિક કમોતે મૂઓ એ તો તેને ખૂબ જ આશ્વાસનદાયક લાગ્યું! પોતાની હૃદયદેવી પર બીજાઓની કલુષિત દૃષ્ટિ પડે જ કેમ?

"મલ્લિકા મૃત્યુ પામી રહી છે. માધવાનંદજીએ શું કહ્યું હતું: મલ્લિકા મૃત્યુકાંઠે બેઠી છે. શું તે મૃત્યુકુંડમાં હોમાઇ ચૂકી હશે? માધવાનંદજીએ તેને કેટલા દિવસ પૂર્વે મૃત્યુકાંઠે બેઠેલી જોઈ હશે? મેં તેમને તે વિષે પૂછ્યું હોત તો કેવું સારું થાત! પણ...પણ એ ન પૂછ્યું, તે જ ઠીક કર્યું. મેં પૂછ્યું હોત અને અનુમાનથી તેમણે કહ્યું હોત કે હવે તો તે મૃત્યુ પામી ચૂકી હશે, તો મારું શું થાત? ભગવન્! મારી પ્રત્યે તું ઘણી વાર નિર્દય થયો છે, પરન્તુ અત્યારે તો હું મલ્લિકાને માટે તારી દયા યાચું છું! હે વૃક્ષો! તમે તમારો ઔષધિગુણ વાયુમાં વહાવીને મલ્લિકાને બચાવજો! પક્ષીઓ! તમે વેગથી ઊડીને તાપસીઓના મઠમાં જાઓ, ત્યાં મલ્લિકાને કહેજો કે તું નિરાશ ન થઇશ, મૃત્યુની ચિંતાથી ન તરફડીશ, ચામુંડ તારી પાસે આવી રહ્યો છે, તે તને પોતાના હૈયાની હૂંફમાં રાખીને નવું જીવન આપશે, આત્માના કલ્યાણ કરતાંય ઊંચાં એવાં શાશ્વત સુખોનો ભંડાર તારી સમીપે ખુલ્લો મૂકી દેશે!"

કાદવ ખૂંદતો, નદી–નાળાંનાં પાણી ડખોળતો, દોડી–દોડીને ફીણના ફુંફાડા નાંખતો ઘોડો આગળ ને આગળ ચાલ્યો જતો હતો, પરન્તુ ચામુંડ નિરાશ થતો હતો કે તેને પાંખો નહોતી–તે ઊડીને તાપસીઓના મઠમાં પહોંચી શકે તેમ નહોતું.

પોતે જે ઘોડા પર બેસીને આશ્રમમાં ગયો હતો તે ઘોડો આ નહોતો, એટલે તે માધવાનંદજીનો જ ઘોડો હશે એમ ચામુંડને મોડો–મોડો ખ્યાલ આવ્યો હતો. એ તો પાટણનો જ ઘોડો. ચામુંડે તેને કહ્યું: "ઘોડા! તું ગુર્જરેશ્વરની અશ્વશાળાનો ઘોડો છે, અને તારા પર આજે ચામુંડ પોતે સવાર થયો છે. ભલા પ્રાણી! તારાથી ઊડી શકાતું નથી, પરન્તુ દોડવામાં ય તું ખંધાઈ કેમ કરે છે? જાણતો નથી કે મલ્લિકા મૃત્યુકાંઠે બેઠી છે? યાદ રાખ, જો મલ્લિકાને મૃત્યુકાંઠેથી પાછી ખેંચી લેવાને તું મને ત્યાં સમયસર નહિ પહોંચાડે તો મારા મૃત્યુને તારે નજરોનજર જોવું પડશે..."

(૨)

ત્રીજા દિવસના પ્રભાતે ચામુંડ તાપસીઓના મઠમાં જઈ પહોંચ્યો.

અખિલેશ્વરે તેને જોયો અને તે આશ્ચર્ય પામ્યો. પહેલી વાર તેણે તેને કોઈ સંન્યાસી માન્યો હતો, પરન્તુ હવે તો માધવાનંદજીએ કહ્યા પછી તે તેને ઓળખી શકયો હતો. ચામુંડના દેહની દશા જોઈને અખિલેશ્વર સ્તબ્ધ બની ગયો.

માત્ર લંગોટી અને ઓઢવાની એક કામળી સિવાય બીજું કોઈ વસ્ત્ર તેના શરીર પર નહોતું. તપસ્યાથી ક્ષીણ થઈ ગએલું, ટાઢ–તાપ–વરસાદ વેઠીને કાળું પડી ગએલું, હજામત વિના મસ્તક–દાઢી–મૂછના વધી ગએલા કાબરચીતરા વાળથી કૂબડા દેખાતા વદનવાળું, ચામુંડનું એ વિલક્ષણ ભાસતું શરીર જોઈને અખિલેશ્વર આશ્ચર્ય પામતો આગળ આવ્યો અને તેણે ચામુંડનો ભાવભીનો સત્કાર કર્યો: "પધારો મહારાજ! આપના પવિત્ર હાથથી દીક્ષા પામેલી મલ્લિકાદેવી..."

અખિલેશ્વરની વાતને કાપી નાખતાં ચામુંડે એકદમ પ્રશ્ન કર્યો: "ક્યાં છે?"

"અહીં છે, આ કુટીમાં છે..." એમ કહેતો અખિલેશ્વર આગળ ચાલ્યો, ચામુંડ તેની પાછળ દોરાયો.

મલ્લિકા દર્ભની પથારી પર આંખો મીંચીને ચત્તી સૂતી હતી. બે તાપસીઓ તેની સેવામાં હતી. એક તેને કમળપત્રથી વાયુ ઢોળતી હતી, બીજી કમળનાળના ચમચા વડે તેના મુખમાં પાણી મૂકતી હતી.

"મલ્લિકા!" ચામુંડે ઉદ્ગાર કાઢ્યો.

મલ્લિકાએ આંખનાં પોપચાં ઉઘાડયાં અને ફિક્કી તગતગતી આંખોએ તે પોતાની સામે ઊભેલા ચામુંડને જોઈ રહી.

"મલ્લિકા!" ચામુંડે તેને પુનઃ બોલાવી.

મલ્લિકાએ ઓસીકા પરથી મસ્તક ઊંચું કર્યું. તાપસીએ તેને ટેકો આપ્યો અને તે પથારીમાં બેઠી થઈ. તેણે ધીરેથી હાથ જોડયા અને પછી તેણે ઉચ્ચાર કર્યો: "દેવ! તમે પધાર્યા છો? મારી આંખોને છેલ્લી ઘડીએ પવિત્ર કરનાર ગુરુદેવ! મારી કલ્યાણસાધનાના અધિષ્ઠાતા! મારા કૈલાસવાસના માર્ગદર્શક પ્રભો! આપને વંદન..."

તે આગળ બોલી શકી નહિ. તેનું મસ્તક પાછળ ઢળી પડવા લાગ્યું. તાપસીએ તેને આસ્તેથી પાછી સુવાડી અને તેના કપાળ પર પરસેવો વળી ગયો હતો તે લૂછી નાંખ્યો.

તાપસીઓ અને અખિલેશ્વરના હોઠ 'નમઃ શિવાય'ના મૌન રટનથી હાલવા ચાલ્યા. પાસેના વૃક્ષ પર હોલો ઘુઘવાટ કરતો એ શાન્તિનો ભંગ કરવા લાગ્યો.

ચામુંડની અધીય આતુરતા જાણે ઠરી જતી હોય તેમ તે સ્થિર—સ્તબ્ધ ઊભો. મલ્લિકાની દશા જોઇને તેને પરસેવો વળી રહ્યો.

બે ચાર ક્ષણ પછી મલ્લિકામાં જાણે અદ્ભુત જોમ આવ્યું હોય તેમ તે એકાએક પથારીમાં બેઠી થઇ ગઈ. તેની આંખો ખુલ્લી હતી. પોતાની સમીપે કોઈ દિવ્ય દશ્ય આવી ઊભું હોય તેમ તે

એએક ક્ષણુ ટગરટગર જોઈ રહી અને પછી તુરત હાથ જોડીને બોલી: “કૈલાસનાથ ! આવું છું, આવું છું; એક ક્ષણુ થોભો ! મને છૂટવા દો, કોઈ પાશ મને વળગી રહ્યો છે તેમાંથી હું છૂટું ત્યાંસુધી થોભો !......હું આવું છું......આપની સેવામાં......મારી માતાની સેવામાં......હું આ......”

ચામુંડ એકદમ નીચે બેસી ગયો અને પોતાના બેઉ બાહુથી મલ્લિકાને બાથમાં લેતો, તેની આંખોમાં પોતાની આંખો પરોવતો, વિલક્ષણુ ઘોર સ્વરે બોલ્યો: “મલ્લિકા ! મલ્લિકા ! ક્યાં જાય છે ? નહિ, તું મરીશ નહિ, હું તને મરવા દઇશ નહિ ! મલ્લિકા ! સાંભળ, મેં તને છેતરી છે ! આત્મકલ્યાણુની, સંતોના સમાગમની, પ્રભુભક્તિ કરવાની, તપસ્યાથી પાપોનું પ્રક્ષાલન કરવાની, અને એવી બીજી વાતો કહીને મેં તને ઠગી છે...એ બધી જૂઠી વાતો છે, માયાવી વલ્ગનાઓ છે, તે કેવળ મિથ્યા છે...મારો તારા પર પ્રેમ છે, તારા સૌંદર્યનો હું પિપાસુ છું ! જગતમાં માત્ર ઐહિક જીવન અને માનવીનો પરસ્પર પ્રેમ, એ બે સિવાયનું બીજું બધું ક્ષુલ્લક છે, ખોટું છે, પ્રપંચ છે...તું જીવતી રહે, મૃત્યુ ન પામીશ, તું મરવાયોગ્ય નથી, તું જગતનું મૂલ્યવાન રત્ન છે; તારા જેવા રત્નનું જીવન અકાળે કરમાવા દેવાય નહિ...ધૈર્ય રાખ, મલ્લિકા ! તું મરવાની નથી, મારા પ્રેમને માટે તું જીવવાની છે; ચાલ, ઊઠ, આપણે બેઉ પાંખોમાં પાંખો ભેરવીને ઊડવાને અહીંથી ચાલ્યાં જઇએ ! સાંભળ્યું મલ્લિકા ? મનમાં દૃઢ સંકલ્પ કર કે ‘હું જીવીશ, મારે જીવવું છે’ અને પછી ચાલ, ઊઠ, આપણે જઇએ !”

પણુ મલ્લિકાએ ચામુંડના એ ઉદ્દગારો સાંભળ્યા હોય એવી કાંઇ જ ચેષ્ટા કરી નહિ. તે તો પોતાની સામેના અદૃષ્ટ—દિવ્ય દર્શનમાં જ લીન હોય તેમ ફાટી આંખે જોતી ત્રુટક—ત્રુટક બોલી રહી: “છૂટું છું, પ્રભો !...ઊઠું છું, આવું છું...થોભો ! માતા ! તારો ઉપકાર...તેં જ મને બોલાવી લીધી...ચાલો, દોડો...ઊડો...”

ઓઠ પર સ્મિતનો એકાદ ફરકાટ થયો અને મલ્લિકાનું મસ્તક ઢળ્યું. તાપસીઓએ તેના ઢળતા મસ્તકને ટેકો આપ્યો, પરન્તુ મસ્તક અચેતન હતું; આત્મા ઊડી ગયો હતો.

એક તાપસીએ મલ્લિકાની ફાટી રહેલી આંખોનાં પોપચાં પોતાના હાથની આંગળીઓ વડે બીડી દીધાં.

ચામુંડ તેને બાહુઓમાં રાખીને આતુર નયને નિરખતો, નિરખીને ઉશ્કેરાતો, ઉશ્કેરાઇને તેને વધુ ને વધુ બાથમાં ભીડતો બેસી જ રહ્યો : મલ્લિકા મૃત્યુ પામી હતી તે સમજવાની સંજ્ઞા જ જાણે તેનામાં ન હોય !

અખિલેશ્વરે ચામુંડને કહ્યું: "હવે દૂર ખસી જાઓ, મહારાજ !"

પણ ચામુંડે મલ્લિકાના મૃતદેહને બાથમાંથી છોડ્યો નહિ. તે એના સૌંદર્યનું પોતાનાં નેત્રો વડે જાણે ભક્ષણ કરી રહ્યો હતો ! ભૂખ્યા રાક્ષસની વદનરેખાઓ તેના વદન ઉપર આલેખાઈ હતી.

ચામુંડનું એવું વદન જોતાં અખિલેશ્વર પણ ચમકી ગયો. તેણે ચામુંડનો ખભો પકડીને પુનઃ કહ્યું : "મહારાજ ! હું કહું છું તે તમે હજી સાંભળ્યું નહિ ?"

ચામુંડ જાણે સંજ્ઞારહિત હોય તેમ કશું બોલ્યો નહિ, તેણે મલ્લિકાને બાથમાંથી છોડી નહિ, તેના વદન પરથી પોતાનાં નેત્રોને ખસેડયાં નહિ...અને ક્ષણિક ઉગ્ર આવેશમાં આવી જતાં મલ્લિકાને ચુંબન લેવા તેણે પોતાના ઓઠ મલ્લિકાના ઓઠ પર ચોડ્યા...

"હઠી જા, રાક્ષસ !" બોલતાં જ અખિલેશ્વરે એક આંચકો મારી ચામુંડના બાહુમાંથી મલ્લિકાના મૃતદેહને છોડાવ્યો અને તેને જોરથી પાછો હડસેલી દીધો.

ચામુંડ ચત્તો પછડાયો. પછડાતાં જ તેના મસ્તકને ચોટ વાગી અને તે બેભાન બની ગયો.

(૩)

અખિલેશ્વરની શુશ્રૂષાથી જ્યારે ચામુંડ ભાનમાં આવ્યો ત્યારે તેણે જોયું કે મલ્લિકાના મૃતદેહને કુટીની વચમાં સુવાડયો છે અને

મઠની તાપસીઓ ઉદ્યાનમાંથી પુષ્પો લાવી લાવીને તે વડે તેને ઢાંકી રહી છે. સુકોમળ પુષ્પોની વચ્ચે પોઢી રહેલા એ તપઃતેજસ્વી વદન ઉપર નિર્વ્યાજ આનંદ તથા સંતૃપ્તિની રેખાઓ આલેખાઇ ગઇ છે. એ વદન સુંદર છે, પરન્તુ ચામુંડને જણાયું કે જીવતી મલ્લિકાના વદન પરની સુંદરતાથી અનેરી જ એ સુંદરતા છે. એક સમયની ચંચલ સુંદરતા અત્યારે દિવ્ય-અમર સુંદરતામાં જાણે પલટાઇ ગઈ હોય એમ ચામુંડે જોયું...અને પોતે?

પોતે પેલી ચંચલ સુંદરતાથી મુગ્ધ બનેલો એક ભ્રમર હતો, એક વાસનાલોલુપ કીડો હતો, નહિ,–અખિલેશ્વરે કહ્યું તેમ એક રાક્ષસ હતો...છતાં માનતો હતો કે પોતે પ્રભુભક્ત હતો, ત્યાગવ્રતી રાજવી હતો, સંયમી હતો, તપસ્વી હતો, સંન્યાસી હતો, મુમુક્ષુને મુક્તિમાર્ગ દેખાડનાર પરમહંસ હતો...

મુગ્ધ દશામાં ચિત્તશાંતિને પોતે ગુમાવી હતી, અને ચિત્તશાંતિને શોધતાં પણ ભક્તિ, ત્યાગ, સંયમ, તપનું અહંત્વ ઓગળવા પામ્યું નહોતું.

"મન વાસનાભૂખ્યું હતું, પરન્તુ હું તેને ફોસલાવતો હતો. તપ, ત્યાગ, વ્રત, સંયમની આડચ બાંધીને હું વાસનાને દૂર રાખવા મથતો હતો, પરન્તુ એ આડચમાંથી ધસી આવતી વાસનાને હું તેના ખરા સ્વરૂપમાં પિછાણી શક્યો નહિ! એવી આડચોની પાછળ જ હું સલામત રહીશ એમ સમજીને હું નવી નવી આડચો ઊભી કરતો, એ આડચો મલિનતાને આત્માથી દૂર રાખનારી વાડો છે એમ હું લોકોને મનાવતો અને પોતે માનતો; એ વાડો કેટલી તુચ્છ હતી, છિદ્રયુક્ત હતી, તે હું જોતો નહોતો; બીજાઓ છિદ્રો તરફ આંગળી ચીંધતા, પણ હું તે જોઇ શકતો નહિ અને એ છિદ્રો વાટે જ સતત વહી આવતી મલિનતાએ મને અત્યારની ક્ષણ સુધી ભ્રમાવ્યો!

"ચામુંડ! તું કેવો અજ્ઞાની? તારા દોષોનું દર્શન કરાવનારને તું મૂર્ખ માનતો, અને તને મૂર્ખ બનાવનારને તારી વાસનાયુક્ત દૃષ્ટિ વિશિષ્ટગુણયુક્ત માનતી! તારા દોષોને તું દિવ્ય સદ્‌ગુણો કે

દૈવી ચમત્કારો માનતો-મનાવતો અને તે માનવાની ના કહેનાર તરફ તું તુચ્છકારથી હસતો! ચામુંડ! તું દીવાનો તો બની ગયો નહોતો? તારા ચિત્તની પિછાણ તને થવા લાગી, ત્યારે પણ તેનું કારણ નહિ શોધી શકનાર તું કેવો મૂર્ખ!

"અને તેં જ દોરેલી મલ્લિકા આત્મકલ્યાણની સિદ્ધિ કરી અહીં સૂતી છે...પણ તું પાપના પંકમાં કીટકવત્ રગદોળાઇ રહ્યો છે.

"ચામુંડ! તું આત્મવંચક હતો! વંચનાએ કરીને તું અત્યાર-સુધી આત્માનું વિડંબન જ કરી રહ્યો હતો...તને તેનું ભાન પણ ન થયું?

"અને આ નર્તિકા નિર્મલચિત્તા બની તેથી તરી ગઇ... મલ્લિકા! ઓ મલ્લિકા! હું તારો ગુરુ નહિ, તું જ મારો સદ્‌ગુરુ!"

એ વિચારધારાને અંતે ચામુંડ મલ્લિકાના મૃતદેહ સમીપે દંડ-વત્ પ્રણામ કરતો પડયો.

આકાશમાં વિજળીનો ઝબકારો થયો, પછી ગંભીર મેઘગર્જના થઈ અને વરસાદ પડવા લાગ્યો.

(૪)

ઋષિવર્યના આશ્રમમાંથી પોતાનો ઘોડો લઇને ચામુંડ એકદમ નીકળી ગયો છે એમ માલૂમ પડતાં માધવાનંદજીએ જરાય વિલંબ કર્યો વિના ચામુંડના ઘોડા પર પલાણ કરી તાપસીઓના મઠનો માર્ગ પકડયો હતો. ચામુંડે જેમ અવિશ્રાન્ત પ્રવાસ કર્યો હતો તેમ માધવા-નંદજીએ પણ કયાંય થોભ્યા વિના ચામુંડની સાથે થઈ જવાને ઘોડા પર દોડયા કર્યું હતું. પરન્તુ માર્ગમાં તે ચામુંડના ભેગા થઇ જઈ શકયા નહિ.

મલ્લિકા મૃત્યુ પામી, ચામુંડનું આત્મભાન જાગ્રત થયું અને તે મલ્લિકાના મૃતદેહને પ્રણામ કરતો દંડવત્ પડયો, તે જ ક્ષણે માધવાનંદજી ત્યાં આવી પહોંચ્યા, અને કોઇએ કશું કહ્યા વિના માત્ર એ દશ્ય જોઈને જ વસ્તુસ્થિતિ પામી ગયા.

માધવાનંદજીએ ચામુંડને ઉઠાડવા યત્ન કર્યો, પણ તે ઊઠયો નહિ. તેને સંજ્ઞારહિત જોઇને માધવાનંદજીને મૃત્યુની શંકા ઊપજી,

પણ તે મૃત્યુ પામ્યો નહોતો. તેના વિગતકામ તથા સંતૃપ્ત ચિત્તની સમાધિએ તેના દેહને નિશ્ચલ બનાવ્યો હતો.

કેટલાક યત્નો પછી માધવાનંદજી ચામુંડને સંજ્ઞામાં લાવી શક્યા. સંજ્ઞામાં આવતાં જ ચામુંડ માધવાનંદજીના ખોળામાં મસ્તક મૂકી બાળકવત્ ખૂબ રડ્યો. એક વારના ગુર્જરેશ્વર અને તેના મહામંત્રી—બેઉ સંન્યાસી દશામાં પરસ્પરને ભેટીને અશ્રુવહન દ્વારા આત્માની નિર્મળતા સાધી રહ્યા.

જે આત્મવંચના અત્યારસુધી ચામુંડના હૃદયનાં દ્વાર બંધ રાખી રહી હતી તે દ્વાર હવે ઊઘડી ગયાં અને ચામુંડે માધવાનંદજી સમક્ષ જ નહિ પણ અખિલેશ્વર તથા તાપસીઓના વૃંદની સમક્ષ—મલ્લિકાના અમર આત્મા તથા જડ દેહની સાક્ષીએ—આત્મનિવેદન કર્યું: બહિરાત્માએ અંતરાત્મા ઉપર અંધ છાયા ઢાળીને—તેને સુપ્તાવસ્થામાં રાખીને જે પાપી પરાક્રમો આચર્યાં હતાં, તેની બધી કથા તેણે કહી.

અનેક વર્ષો પૂર્વે—પોતાના યૌવનકાળમાં શિવાને પોતે પહેલી જ વાર રુદ્રમહાલયમાં જોઇ અને તેના સૌંદર્યથી મુગ્ધ થઇને તેને પાટણ આવવા આમંત્રી, તે આવી શકી નહિ પણ તેના જ સૌંદર્યની પ્રતિકૃતિ સમી મલ્લિકા આવી, ત્યારથી માંડીને એ સૌંદર્ય પાછળ ઘેલા બની ગએલા પોતાના ચિત્તે કેવી કેવી ચેષ્ટાઓ કરી હતી, એ ચેષ્ટાઓ મલિન ન હોવાનું ભાનરહિતપણે માન્યા કરીને બીજાંઓને પણ તેમ મનાવવા મથ્યા કર્યું હતું, પોતાની દેવસેવા, જપ—તપ, ત્યાગવ્રત, ઇત્યાદિને શાશ્વત સમજીને તે દ્વારા આત્મનિર્મળતા સધાતી હોવાનો પૂર્વગ્રહ ધારણ કરી રાખ્યો હતો, ઇચ્છાને અનુકૂળ જ વિચારધારા વહ્યા કરતી હતી પણ એ વિચારોનું સંશોધન કરવાની ઇચ્છા જ પ્રકટતી નહિ, એ વિષેની ચામુંડની આખી કહાણી સાંભળીને સૌનાં હૃદય ફફડી ગયાં, આશ્ચર્યથી તેઓ દિગ્મૂઢ બની બની ગયાં, અને આ ક્ષણે એ ચેષ્ટાઓને પાપરૂપ જાણી, સત્ય-

ભાનપૂર્વક ચિત્તના દોષને પિછાણી, સ્વાત્માની નિર્મળતા સાધી રહેલા ચામુંડને જોઇને બધાંની આંખોમાં કરુણા તથા આનંદનાં આંસુ આવ્યાં.

ચિત્ત રાજ્ય ભોગવવાના લોભથી મુક્ત થયું અને રાજધાનીનો ત્યાગ કર્યો, રાજવીપદના અહંત્વથી મુક્ત થયું અને સંન્યાસ ધારણ કર્યો, અને હવે દૈહિક વાસનાઓના ભારથી પણ મુક્ત થયું, એટલે ચામુંડનું દેહમમત્વ પણ વિસર્જન પામી ગયું.

તેણે આ પવિત્ર ક્ષેત્રમાં સમાધિસ્થ થવાનો મનોભાવ માધવાનંદજી સમક્ષ પ્રકટ કર્યો. નર્મદાના ઉપકંઠ પર શુકલતીર્થના પુણ્ય ક્ષેત્રમાં પૂર્વે અનેક ત્યાગીઓએ દેહોત્સર્ગ કર્યો હતા. મંત્રી ચાણક્યે પણ આ જ ક્ષેત્રમાં દેહત્યાગ કર્યો હતો. જે સ્થાને પોતાને સત્યભાન પ્રકટયું, જે સ્થાને એ ભાન પ્રકટવાનું નિમિત્ત બનનાર મલ્લિકાનું મૃત્યુ થયું, તે સ્થાન કરતાં વધુ પવિત્ર બીજી કઇ ભૂમિ પોતાનાં અસ્થિને ધારણ કરવાયોગ્ય હોઇ શકે ?

ચામુંડનો એ મનોભાવ સ્વાભાવિક હતો, સુયોગ્ય હતો, પુણ્યપ્રદ હતો, એટલે માધવાનંદજી તેનો પ્રતિકાર કરી શકયા નહિ; પરન્તુ દીર્ઘ કાળના સ્નેહબંધને તેમની આંખોમાં વિયોગનાં આંસુ પ્રકટાવ્યાં. તેમણે કહ્યું: "મહારાજ ! તો આપણે બેઉ સાથે જ સમાધિસ્થ થઈએ."

ચામુંડે સ્વહસ્તે માધવાનંદજીનાં આંસુ લૂછતાં કહ્યું: "સ્વામીજી ! હું તો દેહને વિસર્જન કરીને આત્માને મુક્ત કરવા ઇચ્છું છું, એટલીય હજી કામના છે, પરન્તુ આપ તો જીવન્મુકત છો. મહારાજ મૂળરાજદેવના આપ મિત્ર અને મારા વડીલ, પિતાએ મને આપની છાયામાં મૂકયો અને અત્યારસુધી આપે રાજધર્મનાં દુ:સાધ્ય કર્તવ્યોમાં, સંસારધર્મના અટપટા માર્ગોમાં અને ત્યાગધર્મના વિષમ પંથમાં મારા પર શીળી છાયા ઢાળી મારું કલ્યાણ જ કર્યું છે; એ પરમ માનવધર્મ બજાવતાં આપની સમભાવશીલતા–સમાધિદશાને ખંડિત થએલી મેં કદાપિ જોઇ નથી. જેને આઠે પહોર સમાધિદશા જ વર્તે છે, તેણે ભૂમિમાં પ્રવેશીને સમાધસ્થ થવાની શી જરૂર ?"

"મહારાજ! જીવનક્ષિતિજનો અંત દૃષ્ટિસમીપે દેખાતાં અને ઐહિક કર્તવ્યો પૂરાં થતાં આત્મા તુષ્ટિ અનુભવે તે જ કાળે જીવન પૂરું થાય એ માનવનું અહોભાગ્ય. પછી તો જીવન ભારરૂપ લાગે. એ ભાર આપ ત્યજો છો અને મને તે વેંઢારવાનું કહો છો, તો ભલે હું વેંઢારીશ, પરન્તુ વેંઢારી શકીશ કે કેમ અને ક્યાંસુધી તેનો નિશ્ચય હું કરી શકતો નથી."

(૫)

નર્મદાના જળપ્રવાહથી થોડે દૂર—નદીના કાંઠા પર એક બાજુએ મલ્લિકાના દેહને અગ્નિદાહ દેવાની ચિતા રચવામાં આવી અને તે જ સ્થાનની બાજુએ ચામુંડના સમાધિગ્રહણને માટે ભોંય ખોદીને વેદિકા રચવામાં આવી.

અગ્નિદાહની અને સમાધિગ્રહણની એ બેઉ ક્રિયાઓ માંગલિક હતી એ નિઃસંશય હતું. બેઉના આત્માઓ કલ્યાણમાર્ગના પ્રવાસી હતા એ સૌ જાણતાં હતાં: છતાં જ્યારે મલ્લિકાના મૃતદેહને ચિતામાં અને વાયુનિરોધ કરેલા ચામુંડના દેહને સમાધિની વેદિકામાં પધરાવવામાં આવ્યો ત્યારે બધાંની આંખોમાં આંસુ ધસી આવ્યાં.

ચિતાને અગ્નિ લગાડવામાં આવ્યો અને સમાધિની વેદીને માટીથી બંધ કરી દેવામાં આવી. કરુણાનું પૂર વધુ ઊભરાયું અને પછી ધીરે ધીરે ઓસરવા લાગ્યું.

છેક સંધ્યાકાળ સુધી તાપસીઓએ ત્યાં જ બેસી રહીને સ્તોત્ર-ગાન કર્યાં અને ભજનો લલકાર્યાં.

મલ્લિકાની ચિતાભસ્મને જાણે પોતાના જ પાલવમાં સ્થાન આપવાનો નર્મદા મૈયાનો સંકલ્પ હોય તેમ સાંઝે મૂશળધાર વરસાદ પડ્યો અને તેથી વહી નીકળેલાં જળનાં સ્રોતો એ ભસ્મને ધારણ કરીકરીને નર્મદામાં ખેંચી ગયાં.

તાપસીઓ રાત પડ્યા પહેલાં મઠમાં ચાલી ગઈ. વરસાદ હજી ચાલુ જ હતો એટલે અખિલેશ્વરે માધવાનંદજીને કહ્યું: " સ્વામીજી!

સમાધિસ્થાનની રક્ષા કરવા હું ગોવાળને મોકલું છું; જાનવરો વેદિકાને ખોદી નાંખે નહિ તે માટે તે બરાબર સંભાળ રાખશે. તે અહીં આવે એટલે આપ મઠમાં પાછા આવી જજો."

"નહિ, નહિ, હું પોતે જ તેનું રક્ષણ કરતો અહીં બેસી રહીશ."

"વરસાદ બહુ છે, એટલે ગોવિંદને આખી રાત ધાબળો ઓઢીને બેસી રહેતાં જેવું ફાવશે તેવું આપને નહિ ફાવે. સવારે ભલે આપ પાછા અહીં આવજો, પણ રાત્રે......"

"રાત્રિ છે, પરન્તુ જુઓ, વાદળાં વીખરાય છે એટલે હવે વરસાદ વધુ પડે તેમ નથી લાગતું."

માધવાનંદજીએ સમાધિસ્થાનથી દૂર ખસવાની અનિચ્છા બતાવી એટલે અખિલેશ્વરને પણ તેમની સાથે ત્યાં જ રાત્રિ ગાળવાનો પોતાનો ધર્મ સમજાયો. માધવાનંદજીના આગ્રહ છતાં અખિલેશ્વરે મઠમાં પાછા ફરવાની ના કહી અને બેઉ વાદળઘેર્યાં આકાશની હેઠળ સમાધિસ્થાન પર બેસી રહ્યા.

કોઈ વાર આછો વરસાદ પડતો અને થોડી વારે બંધ થઈ જતો. વરસાદથી બેઉનાં કપડાં ભીંજાતાં અને વરસાદ બંધ થઇ જતાં પવનની લહરિયો આવીને કપડાં સૂકવતી.

મધરાત થતાં વન્ય પશુઓની તરેહવાર ચીસો સંભળાવા લાગી અને બેઉ ચોંકી ઊઠ્યા. થોડી ક્ષણોમાં તો કૂતરાં, શિયાળ, વરુ, હરણાં, રોઝ, ઘોડાં અને બીજાં જાનવરો ચોમેર દોડતાં અને ખળભળાટ મચાવતાં જણાયાં. માધવાનંદજીએ અખિલેશ્વરને પૂછ્યું: "કાંઇ ઉપદ્રવ મચ્યો છે કે શું?"

અખિલેશ્વરે અંધકારમાં ચોપાસ દૃષ્ટિપાત કર્યો અને નર્મદાનાં નીર ઉપર દૃષ્ટિ ફેરવતાં કહ્યું: "સ્વામીજી! નદીમાં પાણી વધ્યાં છે, પૂર આવતું હોય એમ લાગે છે."

"આપણે તો કાંઠાથી સારી પેઠે દૂર છીએ."

"ના, જુઓ! પાણી નજીક આવ્યું; ઊઠો, ચાલો, હવે અહીં

બેસી રહેવામાં સલામતી નથી.” અખિલેશ્વરે ભયસૂચક મુખમુદ્રા કરીને કહ્યું.

“પાણી નજીક આવીને કેટલુંક આવશે? આવશે તો આપણે જરા દૂર ખસીને બેસીશું.” માધવાનંદજીએ કહ્યું.

પરન્તુ બે–ચાર ક્ષણમાં તો હડૂડાટ કરતું પૂર આવ્યું અને સમાધિને ઘેરી વળ્યું. માધવાનંદજી અને અખિલેશ્વર ઊભા થઇ ગયા તોપણ પાણી ઘૂંટણપૂર થઇ ગયું.

“સ્વામીજી! ચાલો, હવે રોકાવામાં સાર નથી!”

એમ કહેતાં જ અખિલેશ્વરે ડગલાં ભર્યાં, પરન્તુ માધવાનંદજી તો પૂરને નિહાળતાં મૂઢવત્ ત્યાં જ ઊભા રહ્યા.

પાણી ચડતું હતું. અખિલેશ્વર ક્ષણભર થોભ્યો, બે ડગલાં પાછાં ફરી તેણે માધવાનંદજીનો હાથ પકડ્યો, ત્યાં તો પાણી કમરપૂર થઇ ગયાં.

“સ્વામીજી! જુઓ છો શું? ચાલો, પાણી વધુ આવશે તો તણાઇ જશો, હીંડો, વાર ન કરો!”

ત્યાં તો પાણી છાતીસમાણું થઇ ગયું, અખિલેશ્વરના હાથમાંથી સ્વામીજીનો હાથ છૂટી ગયો અને તે તણાવા લાગ્યા. અખિલેશ્વરે ઝાવું માર્યું પણ ફરીથી સ્વામીજીનો હાથ તેના હાથમાં ન આવ્યો.

અખિલેશ્વરે ત્રાડ નાંખી: “સ્વામીજી! જમણા હાથ તરફ–જુઓ, હું જઉં છું તે તરફ–વળો, વાર ન કરો......”

પણ પૂરના જોસની વચ્ચે સ્વામીજીના પગ સ્થિર રહી શક્યા નહિ. તેમણે લથડિયું ખાધું અને તત્ક્ષણ પાણીમાં અદ્દશ્ય થઇ ગયા!

ફીણના ગોટને અંધકારમાં સ્વામીજીનું પાણી બહાર દેખાતું મસ્તક માની રહેલા અખિલેશ્વરે સૂચવ્યા કર્યું: “હાં, એ જ દિશા તરફ ચાલો, ભેખડ વચમાં આવે તો સાચવી લેજો, અધધધ! હજી પણ પાણી વધે છે...સ્વામીજી! આપ તરી શકશો ને?...”

એમ પૂછતો અખિલેશ્વર હવે તરતો–તરતો કિનારા તરફ વહેવા લાગ્યો અને કેટલીક વારે કિનારે પહોંચ્યો.

પણ ત્યાં તેણે સ્વામીજીને આવી પહોંચેલા ન જોયા. અંધકારમાં દોડી શકે તેટલી દૃષ્ટિ દોડાવતાં તેણે બૂમો મારવા માંડી: "સ્વામીજી! સ્વામીજી! તમે ક્યાં છો! તરો છો? આવો છો? સ્વામીજી!" પણ કોણ જવાબ આપે?

સ્વામીજીને શોધવા એ ઊભરાતા પૂરમાં પડવાનું ધૈર્ય અખિલેશ્વર દાખવી શક્યો નહિ...સ્વામીજી ડૂબી ગયા હોવાની અમંગળ માન્યતાએ તેના ચિત્તને ઘેરી લીધું. તે નિરાશ થઇને મઠમાં ગયો ત્યારે પરોઢ થઇ ગયું હતું. પ્રભાતમાં તે પાછો નર્મદાકિનારે ગોવિંદ ગોવાળને સાથે લઇને આવ્યો. હજી પાણી ઊતર્યાં નહોતાં. સ્વામીજીનું ક્યાંય નામનિશાન જણાતું નહોતું.

તેઓ આખો દિવસ ત્યાં બેસી રહ્યા. છેલ્લે પહોરે પાણી ધીમે ધીમે ઊતરતું જણાયું.

(૬)

છેક સંધ્યાકાળે ગુર્જરેશ્વર દુર્લભરાજ, વાવિણીદેવી અને કુમાર ભીમદેવ કેટલાક અંગરક્ષકો સાથે મઠમાં આવી પહોંચ્યાં.

તેઓ પાટણથી નીકળેલા ઋષિવર્યના આશ્રમ પર જવાને—તીવ્ર તપસ્યા કરી રહેલા ચામુંડનાં દર્શન કરવાને, પરન્તુ આશ્રમ પર પહોંચ્યાં ત્યારે તેમને વિચિત્ર સમાચાર સાંપડ્યા હતા. ચામુંડ એકદમ તપઃસ્થાન છોડીને કોઇને કહ્યા વિના ચાલ્યો ગયો હતો, પાછળ માધવાનંદજી પણ ચાલી નીકળ્યા હતા, અને તેઓ બેઉ શુક્લતીર્થના તાપસીઓના મઠ તરફ જ ગયા હોવાનો સંભવ હતો, એમ જાણીને સાથેનાં બીજાં રાજકુટુંબીઓ તથા માણસોને ત્યાંથી પાટણ તરફ પાછાં રવાના કરીને આ ત્રણ જણાં જ થોડાં માણસોને સાથે રાખી ઝડપભેર મઠમાં આવી પહોંચ્યાં હતાં.

પરન્તુ ત્યાં પહોંચ્યા પછી તેઓએ જે કાંઇ સાંભળ્યું અને જોયું તે પરથી તેઓ દિગ્મૂઢ બની ગયાં. તેમાંના કોઇએ કલ્પ્યું પણ નહોતું એ પ્રકારના એ સમાચાર હતા.

પુનિતાત્મા ચામુંડ તથા માધવાનંદજીનાં દર્શન થઇ શક્યાં નહિ તેથી તેઓ ખૂબ રડ્યાં. વરસાદે તેઓની દોડ ધીમી પાડી દીધી ન હોત તો પોતે ચેળાસર જ આવી પહોંચ્યાં હોત એવી ગણત્રી કરી કરીને તેઓ ખેદ તથા નિરાશા અનુભવી રહ્યાં.

પ્રભાતમાં બધાં નદીકાંઠે ગયાં. પાણી સારી પેઠે ઊતરી ગયું હતું. ચામુંડના સમાધિસ્થાનથી દસ-પંદરેક ડગલાં દૂર સ્વામીજીના મૃતદેહને પડેલો તેમણે જોયો. દુર્લભરાજ, વાવિણી અને ભીમદેવે એ પવિત્ર બ્રાહ્મણે આચરેલા સ્વધર્મનિષ્ઠ જીવનનું સ્મરણ કરતાં તેમના મૃતદેહના પગે મસ્તક અડાડી વંદન કર્યાં.

ચામુંડના સમાધિસ્થાનની બાજુમાં જ માધવાનંદજીના મૃતદેહને દુર્લભરાજે સમાધિસ્થ કરાવ્યો.

તે જ સમયે તેણે બેઉ સમાધિસ્થાનો પર દહેરીઓ બંધાવવાનો પ્રારંભ કર્યો. અઠવાડિયામાં દહેરીઓ બંધાઇને તૈયાર થઇ ગઇ, ત્યાં-સુધી તે મઠમાં જ થોભ્યો. એક દહેરીમાં ચામુંડનાં અને બીજી દહેરીમાં માધવાનંદજીનાં પગલાં વિધિસર પધરાવવામાં આવ્યાં.

વાવિણીના અંતરમાં ઊંડેઊંડે એક અસંતોષનો અગ્નિ જળી રહ્યો હતો. પોતાનો ભાઈ જ્યારે સાચેસાચ પવિત્રાત્મા તથા વંદનીય બન્યો, ત્યારે પોતે તેના દર્શનાર્થે દોડી આવી પણ દર્શન ન થયાં. માધવાનંદજી ચામુંડના આત્માની સાચી પરીક્ષા કરી રહ્યા હતા, પોતે ભૂલ કરી રહી હતી : માધવાનંદજી સમક્ષ પોતાની એ ભૂલ અને અજ્ઞાન સ્વીકારીને તેમની ક્ષમા યાચવાનો પોતા માટે સમય આવ્યો, ત્યારે સ્વામીજી પણ ચાલ્યા ગયા.

એ અસંતોષાગ્નિથી તપ્ત બનેલા પોતાના અશ્રુજળનો વાવિણીએ બેઉનાં પગલાં પર અભિષેક કર્યો, અને દુર્લભરાજે એ પગલાં પર પુષ્પો ચડાવ્યાં.

▲ ▲ ▲

ઉપસંહાર

ઇતિહાસ કહે છે કે શુક્લતીર્થના પુણ્યક્ષેત્રમાં નર્મદા મૈયાના ઉપકંઠમાં ચામુંડ દેહમમત્વ ત્યજીને સમાધિસ્થ થયો હતો; પરન્તુ કાળચક્રે તેના સમાધિસ્થાન પરની દહેરીને વર્તમાન કાળને માટે ઊભી રહેવા દીધી નથી.

અને ઇતિહાસ કહે છે કે 'નીલકંઠનું બાણ' એક વખતે ગુર્જરેશ્વરનું હતું, બીજે વખતે તે માળવાધીશ ભોજરાજાનું હતું, ત્રીજે વખતે ચેદીનો રાજા કર્ણ ધારાને લૂંટીને એ બાણ ઉપાડી ગયો હતો અને ચોથે વખતે એ જ નીલકંઠનું બાણ ગુર્જરેશ્વર ભીમદેવનો સાંધિવિગ્રહિક ડામર મહેતો ચેદીરાજ પાસેથી છોડાવીને પાટણમાં પાછું લાવ્યો હતો; પરન્તુ કાળચક્રે વર્તમાન કાળને માટે એ બાણનો પત્તો લાગવા દીધો નથી.

સમાપ્ત

હસાહસ

માટે

શ્રી જ્યોતીન્દ્ર દવે કૃત

રંગતરંગ

(પાંચ ભાગ)

જરૂર વસાવો

